# સ્વાધ્યાય

દીપોત્સવી પુસ્તક ૧૦
વિ. સં. ૨૦૨૮ અંક ૧



(ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી રાંકાનો લેખ (પૃષ્ઠ ૪)

માણિક્કવાચ્ચકર, નટરાજમંડપ, રામલિંગેશ્વર, તિરુરામેશ્વરમ
( આશરે ૧૨મી સદીનો પૂર્વાર્ધ )

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
**ભોગીલાલ જ. સાંડેસરા**
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મહારાજા સયાજીરાવ
વિશ્વવિદ્યાલય,
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટયુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, ૧૯૭૨.

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૨૮ પુસ્તક ૧૦

નવેમ્બર, ૧૯૭૨ અંક ૧

# રામવનવાસની ભૂગોળ અને લંકા

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

વાલ્મીકિકૃત રામાયણમાં દંડકારણ્ય, કિષ્કિંધા અને લંકા વિષે જે ઉલ્લેખો આવે છે તેનો ઝીણવટથી અભ્યાસ કરતાં એ સ્થાનોની ભૌગોલિક સ્થિતિ હાલ જે માનવામાં આવે છે તે જ કે બીજી એ બાબત કેટલાંક વર્ષોથી જૂજ વિદ્વાનોએ શંકા ઉઠાવી છે. છેલ્લાં ચારેક વર્ષથી ડૉ. હસમુખ ધી. સાંકળિયા જેવા પ્રખ્યાત પુરાતત્ત્વવિદે પણ લંકા તે હાલની લંકા ઉર્ફે સીલોન નહિ પણ મધ્યપ્રદેશમાં અમરકંટક પર્વત પાસેનો કોઈ પ્રદેશ એવું પ્રતિપાદન કરવા માંડયું છે, અને પોતાનાં મન્તવ્યો જુદે જુદે વખતે છાપાંઓમાં તેમ જ જુદે જુદે સ્થળે ભાષણોમાં રજૂ કર્યાં છે. પુસ્તકરૂપે કે વિસ્તૃત ચર્ચારૂપે હવે છપાશે.

એઓશ્રી રામાયણની લંકા બાબત જે મન્તવ્ય રજૂ કરી રહ્યા છે તેવું મન્તવ્ય ઈ. સ. ૧૯૪૦-માં શ્રી ટી. પરમશિવ આયરે "રામાયણ ઍન્ડ લંકા" નામક અંગ્રેજી પુસ્તકમાં નકશાઓ સાથે રજૂ કર્યું હતું. ત્યાર પછી શ્રી સરદાર કિબેએ ઈ. સ. ૧૯૪૭માં "લોકેશન ઑફ લંકા" એ નામક અંગ્રેજી પુસ્તકમાં આવી જ વાત લખી હતી. સં. ૨૦૦૪ અને સં. ૨૦૦૬માં નાગરી પ્રચારિણી પત્રિકાના અનુક્રમે વર્ષ ૫૨ અંક ૪ તથા વર્ષ ૫૪ અંક ૧, ૨–૩માં બનારસના વિખ્યાત કલાવિદ્ શ્રી રાયકૃષ્ણદાસજીએ આને મળતાં જ અનુમાનો દોર્યાં છે. પણ એમના એ લેખોમાં એમણે મૂળ ગ્રન્થનાં કેટલાંક સુંદર અવતરણો સાથે જે ચર્ચા કરી છે તે જોઈએ તેટલી પ્રસિદ્ધિ પામી નથી. વાસ્તવિક રીતે તો પરમશિવ આયરે કે સરદાર કિબેએ એટલી સૂક્ષ્મ અને સંતોષકારક છણાવટ કરી નહોતી જેટલી રાયકૃષ્ણદાસજીએ કરી છે. શ્રી રાયકૃષ્ણદાસજીનાં આ લખાણો એમની સંશોધક દૃષ્ટિ કેટલી સૂક્ષ્મ અને સારી છે તે બતાવે છે. શ્રી સાંકળિયા પોતાનાં મન્તવ્યો ગુજરાતની જનતા સમક્ષ ગુજરાતીમાં રજૂ કરે ત્યારે શ્રી રાયકૃષ્ણદાસજીનાં લખાણોનો અહીં રજૂ કરેલો સાર અભ્યાસીઓએ વાંચ્યો હશે તો તેમાં વધુ રસ પડશે.

સિંહલ અને લંકા બે ભિન્ન છે. આ બાબત અગાઉ પણ વિદ્વાનોએ ચર્ચા કરેલી છે. છતાં અહીં શરૂઆતમાં જ એ બાબતનાં કેટલાંક પ્રમાણો ફરી ગણાવી જવાં જોઈએ. શ્રી રાયકૃષ્ણદાસજીએ ખાસ કરીને નીચેની બાબતો નોંધી છે :—

( ૧ ) રાજશેખરકૃત બાલરામાયણમાં સીતા-સ્વયંવરના અવસર પર સિંહલ-નરેશ રાજશેખર અને લંકાપતિ રાવણનો સંવાદ આપ્યો છે, જે બતાવે છે કે લંકા અને સિંહલ અલગ અલગ પ્રદેશો છે. રાવણ કહે છે : " सिंहलपते, किमिदं संदेहदेहो वीरवृत्तनिर्वाहः । "

( ૨ ) ભાગવતમાં શુકદેવજી જમ્બૂદ્વીપના આઠ ઉપદ્વીપ ગણાવે છે ત્યાં પણ લંકા અને સિંહલ અલગ અલગ જણાવ્યા છે ( ભાગવત, ૫.૧૯.૨૯-૩૦ ).

( ૩ ) માર્કણ્ડેય પુરાણમાં દક્ષિણ ભારતના દેશોની ગણનામાં સિંહલ અને લંકાને જુદા જુદા ગણાવ્યા છે. વરાહમિહિર પણ બૃહત્સંહિતા ( ૧૪.૧૧-૧૫; ૧૧.૬૦ )માં લંકા તથા સિંહલનો અલગ નિર્દેશ કરે છે.

( ૪ ) મહાભારતમાં રાજસૂય યજ્ઞમાં પધારેલા રાજાઓનાં નામ ગણાવતી વખતે સિંહલ અને લંકાનો અલગ અલગ ઉલ્લેખ છે ( सिंहलान् बर्बरान् म्लेच्छान् ये च लंकानिवासिनः । મહાભારત, ૩.૫૧.૨૩ ).

શ્રી રાયકૃષ્ણદાસજી લખે છે : " આ પ્રમાણોથી એ વાત ચોક્કસ છે કે સિંહલ એ લંકા નથી. સાથે સાથે, લંકા એ ભારતની બહાર કોઈ અલગ–બીજો દ્વીપ પણ નથી. કારણ એ છે કે જ્યાં ભારતના નવ ભેદ ગણાવ્યા છે, જે સમુદ્રદ્વારા એકબીજાથી અલગ છે, ત્યાં લંકાનું નામ નથી આવતું. (માર્કં., પુ. ૫૪.૫) જો લંકા ભારતની બહાર હોત તો લંકાનું નામ અવશ્ય ગણાવાત. એટલે લંકા એ ભારત ભૂમિની અંદરનું સ્થળ ઠરે છે. વળી, વાનરદલે સીતાની ખોજ વિન્ધ્યમાં જ કરી હતી. એ વિન્ધ્યકુલપર્વતને જ આજે પણ આપણે વિન્ધ્યપર્વત તરીકે ઓળખીએ છીએ. લંકા અને સિંહલ અલગ હોવાની પરંપરા જે મધ્યયુગની શરૂઆત સુધી ચાલુ હતી તે પાછળથી પણ સંપૂર્ણ તો ભુલાઈ જ નહોતી. અઢારમી સદીમાં લખાયેલા અવધી કથા-કાવ્ય ચિત્રાવલીમાં એનો ઈશારો મળે છે :—

देखेसि लंका कंचन केरा । सरन दीप सब घर घर हेरा ।
सिंहल दीप दीप उजियारा । जो देखा सो मनि मनियारा ॥

ચિત્રાવલી, જોગી-ઢૂંઢન ખંડ.

આગળ આપણે જોઈશું કે કિષ્કિંધા વિન્ધ્ય-પૃષ્ઠ પર હતી અને રાક્ષસોનું ખૂબ મોટું જનપદ જે ' જનસ્થાન ' કહેવાયું છે તે તેની ઉત્તર દિશામાં પડતું હતું. આ બે સ્થાનો અનુક્રમે હાલની પંચમઢી અને તેની ઉત્તરનો પ્રદેશ છે. જ્યાં મલય પર્વતનો ઉલ્લેખ છે તેથી ગૂંચવાઈને કિષ્કિંધાને તેના વાસ્તવિક સ્થાનથી દૂર દક્ષિણમાં અને લંકાને પણ એથી દૂર હાલના સીલોનને ગણવાનો રિવાજ પડ્યો. પ્રાચીન દ્રાવિડી મલૈ = ઊંચું સ્થાન, પર્વત, એ અર્થમાં વપરાયેલો શબ્દ મલય એને હાલના મલય-ગિરિ તરીકે ગણવાની ભૂલ થઈ હશે.

શ્રી રાયકૃષ્ણદાસજી લખે છે : " વાસ્તવમાં લંકા શબ્દ પણ અનાર્ય ભાષા, સંભવતઃ ગોંડ ભાષાની ટાપૂ-વાચી જાતિવાચક સંજ્ઞા છે. શબરોની ભાષામાં લંકાનો અર્થ " ટીલા, " " ટેકરો, " " ટીંબો " છે ( જુઓ, ' ધી આર્યન ઍન્ડ ધી દ્રાવિડિયન ઇન ઇન્ડિયા, જર્નલ ઑફ ધી બિહાર ઍન્ડ ઓરિસા રિસર્ચ સોસાયટી, વૉ. ૧૧, પૃ. ૪૧-૫૩ ). અને આ

અર્થમાં લંકા શબ્દનો પ્રયોગ થતો ઈ.સ. ૧૯૨૬માં પણ અમરકંટકની ઉત્તરમાં નર્મદાના કાંઠાના પ્રદેશના કિસાનને મુખેથી ડૉ. હીરાલાલે સાંભળેલો તેનો આધાર પણ રાયકૃષ્ણદાસજીએ ડૉ. હીરાલાલના લખાણ ( **अवधी हिंदी प्रान्तमें राम–रावण युद्ध, कोशोत्सव स्मारक ग्रंथ, पृ०२६-२७**) માંથી ટાંકયો છે.

શ્રી પરમશિવ આયર, સરદાર કિબે તેમ જ સ્વ. ડૉ. હીરાલાલે લંકાને અમરકંટક પ્રદેશમાં હોવાનું માન્યું છે. તેમનાં મુખ્ય પ્રમાણો આ પ્રમાણે છે :—

(૧) આખા યે ભારતમાં એક ગોંડ જાતિ જ એવી છે જે પોતાને રાવણની વંશજ માને છે. રાવણ કોણ હતો તે તો એ લોકો ભૂલી ગયા છે પણ પરંપરાગત રૂઢિ મુજબ આજે યે પોતાને આ લોકો રાવણ-વંશી હોવાનું માને છે. તેરમા-ચૌદમા સૈકાથી માંડીને ત્રણચારસો વર્ષ સુધી આ ગોંડ જાતિનું મધ્યપ્રદેશના વિભાગો પર આધિપત્ય રહ્યું હતું. આ રાજઘરાણાના સૌથી વધુ પ્રતાપી રાજા સંગ્રામશાહના સોનાના સિક્કા પર રાજાના નામ સાથે **"पौलस्त्य–वंश"** એવું લખાણ મળે છે. અમરકંટક પ્રદેશમાં આ ગોંડ જાતિની વસ્તી સારા પ્રમાણમાં છે.

(૨) આ ગોંડ લોકોના પડોશી, પણ શત્રુ, ઉરાઁવ અને શબર જાતિના લોકો છે. રામાયણમાં આ પ્રદેશમાં શબરીનો ઉલ્લેખ છે જ. અને "ઉરાઁવ"નો સંબંધ "વાનર" સાથે છે. ઊરાઁવ એટલે વનરાજ અને રામાયણમાં વાનરો માટે વનચર શબ્દ પણ પ્રયોજાયેલો છે. આ લોકોનું ગોંડો સાથેનું જાતિગત વૈર સૂચવે છે કે રાવણ પર વિજય પ્રાપ્ત કરવામાં શ્રીરામે આ ગોંડશત્રુ **ઉરાઁવો–વાનરો**–વનેચરો–ની સહાય લીધી હતી.

(૩) અમરકંટકની તળેટીમાં આજે પણ એક મોટું "दलदल" સરોવર છે જેને પાર તરવું મુશ્કેલ છે. શ્રીરામના સમયમાં અહીં જબરો વારિ-સંચય હશે જેને માટે સમુદ્ર શબ્દ વપરાયો છે. આવા મોટા સરોવર માટે લાક્ષણિક અર્થમાં સમુદ્ર શબ્દનો પ્રયોગ કરવો એ ભારતીય સાહિત્યનો સ્વભાવ સમજી શકાય તેમ છે. દાખલા તરીકે અજમેરનું મોટું તળાવ આનાસાગર તરીકે ઓળખાય છે. મહોબાના ચંદેલ રાજાઓએ કિરાતસાગર બંધાવેલું, બિલ્હારીમાં લછમન-સાગર એક કલચુરી રાજાએ બંધાવેલું.

(૪) અમરકંટકની દક્ષિણમાં આજ સુધી એક લવણ નામનું પરગણું છે, જેની ભૂમિ આજુબાજુની ભૂમિથી નીચી છે. પ્રાચીન કાલમાં આ નીચાણ વધુ હશે, પાણીથી ભરેલું હશે અને સમય જતાં પાણી સુકાઈ જતાં પાણી ઓછું થઈ, સુકાઈ, આ ભાગ કંઈક પુરાઈ ઊંચો આવ્યો હશે. આ જલરાશિ ને "લવણાંભસ્" અથવા "લવણાર્ણવ"નામથી ઓળખાવામાં આવી છે.

હવે રામવનવાસની ભૂગોળ તપાસીએ. (૧) અયોધ્યાથી રથમાં નીકળેલા શ્રીરામના પહેલા બે પડાવોની ભૌમિક સ્થિતિ સ્પષ્ટ છે. અયોધ્યાથી નીકળી લગભગ બાર માઈલ દૂર આવેલી તમસા (હાલની ટાંસ) નદીના તટ પર તેઓ રોકાઈ ગયા. સાથે નગરજનોની સારી સંખ્યા હતી એટલે રાતોરાત અયોધ્યાવાસીને છોડી તેઓ આગળ નીકળી ગયા. રથ ચાલતો રહ્યો. રસ્તામાં વેદશ્રુતિ ( = બિસુઈ, ટાંસથી લગભગ ૧૦ માઈલ ), ગોમતી ( વેદશ્રુતિથી ૧૫ માઈલ ) અને સ્યંદિકા ( = સઈ, ગોમતીથી ૨૦ માઈલ ) નદીઓ પાર કરી. આ સ્યંદિકા એ પરતાપગઢ




નકશો. ૧

રામવનવાસની ભૂગોળ.

જિલ્લાના હાલના બેલા વિભાગમાં કોસલ જનપદની કુદરતી દક્ષિણી સીમારુપ હતી. ત્યાં ગદ્‌ગદ્‌ કંઠે કોસલ દેશની વિદાય લઈ રોકાયા વિના બપોરે શૃંગવેરપુર (= હાલનું સિંગરૌર, અલાહાબાદ જિલ્લામાં) પહોંચ્યા જે બેલાથી લગભગ ૩૫ માઈલ દક્ષિણમાં, પ્રયાગને પેલે પાર, ગંગાના ઉત્તરી ઉન્નત કાંઠા પર હતું. આજે પણ અહીં પ્રાચીન વસ્તીના અવશેષ મળે છે.

(૨) પણ શૃંગવેરપુરમાં રામ દાખલ ના થયા. એટલે જ વાલ્મીકિએ "શૃંગવેરપુરમ્ પ્રતિ" એવો પ્રયોગ કર્યો છે. વનવાસનાં વર્ષોમાં શ્રારામે કદિ નગરપ્રવેશ નથી કર્યો. એ જ રીતે તેઓ કિષ્કિન્ધાપુરી અને લંકાપુરીની પણ બહાર જ રહ્યા. શૃંગવેરપુરના સ્વામી નિષાદરાજ ગુહ જેઓ રામના મિત્ર હતા તેઓ તરફથી આતિથ્યરૂપે તેમના સ્નેહને સ્વીકાર્યો. બીજે દિવસે સુમન્ત્રને રથ સાથે અયોધ્યા જવા વિદાય દીધી અને ગુહરાજની પણ વિદાય લઇ નમતે પહોરે ગંગા પાર કરી. અહીંથી પ્રયાગવન શરૂ થાય છે. આશરે છએક માઈલ ચાલી, સાંજ પડતાં,

વૃક્ષ નીચે પડાવ નાખી, સવારે ભરદ્વાજ-આશ્રમ માટે રવાના થયા. આ જ વનમાં, ગંગા-યમુના સંગમ પાસે આ આશ્રમ હતો. બપોરે તેઓ ભરદ્વાજ-આશ્રમ પહોંચ્યા.

(૩) શ્રી રાયકૃષ્ણદાસજી લખે છે: "આજકાલ ભરદ્વાજ-આશ્રમ પ્રયાગમાં આનંદ-ભવન-સ્વરાજ્ય ભવનની સામે હોવાનું મનાય છે. અકબરના સમય સુધી ગંગા એની નીચે વહેતી હતી, પણ અકબરે પોતાનો કિલ્લો બનાવવા માટે બંધ બાંધી ગંગાની ધારા માઈલો સુધી પૂર્વમાં હટાવી દીધી. આ ભરદ્વાજ-આશ્રમ શૃંગવેરપુરથી બાવીસ-તેવીસ માઈલ દૂર છે.

"પહેલે દિવસે છસાત માઈલ જઈ બીજે દિવસે સોળસત્તર માઈલ કાપી ત્રીજા પહોરે ભરદ્વાજ–આશ્રમ પહોંચવું એ ગણત્રી આ આશ્રમનું અન્તર જોતાં બંધબેસતી લાગે, પણ આ સ્થાનને ભરદ્વાજ-આશ્રમ માનવામાં એક ભારી અડચણ છે, જે તરફ ડૉ. કાટજૂએ ઈ.સ. ૧૯૪૫માં પહેલી વાર વર્તમાનપત્રોદ્વારા ધ્યાન ખેંચ્યું. એમનું કહેવું એમ હતું કે રામાયણ મુજબ ભરદ્વાજનો આશ્રમ અને ગંગા-યમુના સંગમ ચિત્રકૂટથી વીસ માઈલ દૂર હતાં. આ ગંભીર બાબત છે. આજકાલ સડક રસ્તે પ્રયાગથી ચિત્રકૂટ સિત્તેર માઇલથી કંઈક ઉપર છે. અને સીધી દિશામાં પંખી ઊડે એ રીતે ગણીએ તોપણ સાઠ માઈલથી ઓછું અન્તર ના થાય. ચિત્રકૂટ એક પર્વત છે, અચલ છે, એનું સ્થાન બદલાય નહિ અને એટલામાં પ્રયાગની દિશામાં બીજો કોઈ પર્વત નથી જેને પ્રાચીન ચિત્રકૂટ હોવાનું ધારી શકાય; અને વાલ્મીકિએ આ લગભગ વીસ માઈલના અન્તરનો ઉલ્લેખ એક નહિ પણ બે વખત કર્યો છે. (રામાયણ, ગુજરાતી પ્રેસ આવૃત્તિ, અયોધ્યા કાંડ, ૫૪, ૨૮ અને અયોધ્યા., ૯૨, ૧૦. પ્રયાગથી ચિત્રકૂટના માર્ગના વર્ણન માટે જુઓ, કાંડ ૨, ૫૫, ૫-૧૦.)

જ્યાં ભરતને આ અન્તર જણાવવામાં આવે છે ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે કે અન્તર સાડાત્રણ યોજનહતું.

આનું સમાધાન કરતાં શ્રી રાયકૃષ્ણદાસજી કહે છે:—

"ऐसी दशा में इस समस्या का सीधा हल यह है कि उन दिनों गंगा श्रृंगवेरपुर के पास से धनुषाकार पश्चिम को घूम गई थीं और राजापुर के आसपास यमुना में मिली थीं क्योंकि वहासे चित्रकूट की दूरी बाईस मील है। इधर श्रृंगवेरपुर भी वहाँ से वही बाईस–तेईस मील पड़ता है, जितना-आधुनिक प्रयाग से।"

"यह बात लक्ष्य करने की है कि वाल्मीकि ने गंगा को यमुना से मिलने के लिये पश्चिम घूमी हुई अथवा यमुना को गंगा के वेग से पश्चिम घूम गई लिखा है। (रामायण, काण्ड २, ५५. ४) परिणामतः दोनों स्थितियाँ एक है जो राजापुर में ही संभव है। यह संभावना रामायण के इस स्पष्ट उल्लेख से सर्वथा प्रमाणित हो जाती है कि गंगा के मिलने से परिपूर्ण होकर यमुना समुद्र को जाती है। आज सागरंगमा पूर्व-वाहिनी यमुना पश्चिम-वाहिनी गंगा में नहीं मिलती, आज तो पूरब-दक्खिन जाती हुई गंगा में यमुना, जो इलाहाबाद पहुँचकर संगम-स्थल पर नितांत मंथर हो गई है, मिलती हैं और गंगा के आग्नेयाभिमुख प्रवाह में घुल जाती हैं।"

(૪) આમ રાયકૃષ્ણદાસજી જણાવે છે કે રામાયણ અનુસાર એ સમયનાં પ્રયાગ વન, ભરદ્વાજ-આશ્રમ અને ગંગા-યમુના-સંગમ રાજાપુર આસપાસ હોવા જોઈએ. એમનું આ વિધાન

અગત્યનું વિચારણીય હોઈ ઉપર એમના શબ્દો મૂળમાં જ ટાંકયા છે. નદીઓનાં વહેણ અને સંગમ બદલાતાં રહે છે એ જાણીતી વાત છે. ગંગા અને શોણનો સંગમ અજાતશત્રુના સમયમાં (ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં) પાટલિપુત્ર પાસે હતો ત્યાંથી આજે લગભગ બાર માઈલ પશ્ચિમમાં હટી ગયો છે; પણ જ્યાં ગંગા-યમુના મળશે તે સ્થળ સંગમ-તીર્થ કહેવાશે, તે તીર્થરાજ પ્રયાગ થશે. એટલે વાલ્મીકિના સમયનું સંગમ-તીર્થ અને હાલનું સંગમ-સ્થાન એક જ સ્થળ પર હોય એ જરૂરી નથી.

(૫) ભરદ્વાજે રામનો આદર-સત્કાર કરી એમને સંગમ પર રહેવાનું સૂચન કર્યું, પણ રામે કહ્યું કે અયોધ્યાવાસી અહીં હંમેશાં આવતા રહેશે એટલે એ ઠીક નથી. આથી મહર્ષિ ભરદ્વાજે કહ્યું કે અહીંથી દશ કોશ પર ચિત્રકૂટ નામનો પહાડ છે જે નયનાભિરામ રમણીય છે, ત્યાં વસો.

(૬) બીજે દિવસે મહર્ષિએ રજા આપી કહ્યું કે પશ્ચિમ-વાહિની ગંગાને મળેલી અથવા બીજા અર્થમાં, ગંગાના વેગને લીધે પશ્ચિમ તરફ ઘૂમેલી, યમુનાને કિનારે કિનારે ધારાથી પ્રતિકૂલ પશ્ચિમાભિમુખ જાઓ. આગળ તમને એક ઘાટ મળશે ત્યાંથી નાવ લેઈ યમુના પાર કરો. યમુના પાર કરી રામ સામે કિનારે થોડે સુધી પશ્ચિમમાં ગયા. ત્યાં નીલવટ પહોંચ્યા, જેની વાત મહર્ષિએ કહી હતી. આ નીલવટની પ્રદક્ષિણા કરી સીતા-રામ-લક્ષ્મણ થોભ્યા વિના કિનારે કિનારે પશ્ચિમ તરફ ચાલતાં રહ્યાં. થોડા કોસ ચાલી એક વાલુકામયી સજલ નદીની રેતીમાં રાત ગુજારી. સવારે યમુના-સ્નાન કરી સૃષ્ટિસૌંદર્ય નીરખતાં નીરખતાં તેઓ ચિત્રકૂટ પહોંચ્યાં (રામાયણ, ગુજરાતી પ્રેસ આવૃત્તિ, અયોધ્યા કાંડ, સર્ગ ૫૬).

(૭) આપણે જેને હાલ ચિત્રકૂટ તરીકે માનીએ છીએ એ જ રામવનવાસનો પહેલો આવાસ બનેલો ચિત્રકૂટ હશે, કેમ કે વર્ણન મુજબ એ રમણીય છે, હાલના પ્રયાગથી નિકટ છે, એને માટેની અનુશ્રુતિ નિર્વિવાદ ચાલી આવે છે, અને આજુબાજુ એવું બીજું કોઈ રમણીય સ્થાન નથી જેને મૂળ ચિત્રકૂટ તરીકે માની શકાય. મંદાકિની (હાલની पइसुनी)ને કિનારે એક અભિરામ સ્થળ ખોળી કુટી બનાવી (રામાયણ, મુંબાઈ આવૃત્તિ, અયોધ્યાકાંડ, સર્ગ ૫૬). પણ અહીં તેઓ વધુ રહી શકયા નહિ. એકાદ માસમાં તો એમને પાછા તેડી જવા ભરતજી આવ્યા. જોકે ભરતને એકલા જ પાછા જવું પડયુ તોપણ અયોધ્યાવાસીઓ અહીં પણ આવતા-જતા રહેશે એ ડરથી રામે નક્કી કર્યું કે હવે ગાઢ જંગલમાં પ્રવેશ કરવો પડશે.

(૮) ચિત્રકૂટથી તેઓ અત્રિ મુનિના આશ્રમમાં ગયા. અહીંથી દંડકારણ્યનો દુર્ગમ ભાગ શરૂ થતો, પણ આમાં પણ ઋષિઓના આવાસ હતા(રામાયણ, ૨.૧૧૭.૪.૫) **ચિત્રકૂટથી માંડીને પંપા સુધી ઋષિઓના આવાસ હતા. પંપા સંભવત: ઋષિ-નિવાસની દક્ષિણી પરિસીમા હતી** (રામાયણ, ૩.૬.૧૭). આ ઋષિઓનો આવવા-જવાનો રસ્તો હતો. એ રસ્તો જ રામે પણ લીધો(અયોધ્યા કાંડ, સર્ગ ૧૧૯). અત્રિના આશ્રમમાં પણ રામ રહ્યા નહિ. આગળ જતાં દુર્ગમ વનમાં વિરાધ નામનો રાક્ષસ મળ્યો. તેને મારીને તેઓ શરભંગ ઋષિના આશ્રમમાં પહોંચ્યા (અરણ્યકાંડ, સર્ગ ૨ તથા ૫). આ ત્રણે સ્થળ ચિત્રકૂટ નજીક આજે પણ બતાવવામાં આવે છે. ચિત્રકૂટથી લગભગ દસ માઈલ દક્ષિણમાં

અત્રિ (—અનસૂયા)નો આશ્રમ છે. ત્યાંથી ત્રણ માઈલ દક્ષિણે વિરાધ-કુંડ, જ્યાં શ્રીરામે વિરાધને માર્યો, ત્યાંથી પાંચ માઈલ પર દક્ષિણ દિશામાં શરભંગનો આશ્રમ છે. રામાયણમાં શરભંગ આશ્રમ અને વિરાધકુંડ વચ્ચેનું અંતર દોઢ યોજન આપ્યું છે આ વાત અંદાજે બરાબર ગણાય. કેમ કે દોઢયોજન = ૧૨ માઈલ અથવા આશરે દસ માઈલ ગણાય. વળી આ આશ્રમમાં દક્ષિણ-પૂર્વથી આવી એક નદી મંદાકિનીને મળે છે જેનું નામ આજે પણ શરભંગા એવું ચાલ્યું આવે છે.

શરભંગ આશ્રમમાં પણ ન રહેતાં શ્રીરામ આગળ ચાલ્યા, કારણ બાબતમાં શ્રીરાય-કૃષ્ણદાસજી પોતાનું મન્તવ્ય જણાવે છે. તે એમના જ શબ્દોમાં રજૂ કરવું યોગ્ય ગણાય :

" बुंदेलखंड का जो भाग युक्तप्रांत(હાલનો ઉત્તર प्रदेश)में पडता है उसके पूरवी अंश को तथा उसके नीचे दक्खिन में सागर-दमोहवाले भूभाग को (जो भौतिक दृष्टि से मालवे का बढ़ाव है) एवं मैहर को लपेटता हुआ एक लंबोतरा भूभाग है। इसकी प्राकृतिक परिसीमा कुछ कुछ इस प्रकार निर्दिष्ट की जा सकती है कि उत्तर–दक्खिन दंडायमान पन्ना की ऊँची गिरिश्रृंखला और उसकी पूरबी गोंट केन नदी, इसकी पूरबी सीमा है। प्रायः उसकी समान्तर रेखा में चलनेवाली विंध्य की वह शाखा जो धसान नदीका पूरबी कगार बनती है, इस भूभाग की पश्चिमी सीमा है। विन्ध्यवाली इस भुजा की ऊँचाई प्रायः वही हैं जो पन्ना के पहाड़ों की—कोई पंद्रह सौ, दो हजार फूट। इन दोनों श्रृंखलाओ के ऊपरी अंश एक होकर एक उर्वर पटार बनाते है। यही पठार आसपास के सिवानों को लेकर किसी समय दंडक वन के नाम से प्रसिद्ध था—सम्भवतः अपने याम्योत्तर लंबेपन के कारण। रामायण में भी इसकी यही परिसीमा दी है; वहाँ पन्ना श्रृंखला का नाम शैवल है। यह बात लक्ष्य करने की है कि पन्ना (स्थानिक रूप परना)और शैवल, दोनों ही नाम जो इस पहाड़ने समय समय पर पाए हैं, इसकी सघन स्निग्ध हरीतिमा के द्योतक है। *

दंडक वन की उक्त प्राकृतिक परिसीमा के अतिरिक्त उसके निकटवर्ती चित्रकूट आदि के वन भी दंडक में परिगणित हैं। इसी कारण अपने प्राचीन साहित्य में दंडक शब्द का प्रयोग इस अर्थ में बहुवचन में भी हुआ है।

આગળ ચાલતાં શ્રી રાયકૃષ્ણદાસજી કહે છે કે આ દંડકવનની ભૂમિની માટીમાં એક પ્રકારની કાળા-કાબર (સંસ્કૃત-कर्बुर) રંગની પણ હતી અને એવા રંગની આ મિટ્ટીનાં સંતાન શરીરના રંગસામ્યના કારણે કર્બુર કહેવાતાં, જેનું અધિક પ્રચલિત નામ રાક્ષસ-જાતિ છે.

" दंडकवन का दक्खिनी छोर, दमोह-मैहर वाला अंश, इन राक्षसों का प्रधान जनपद था। इस का तत्कालीन नाम जनस्थान था। राक्षसों का एक नाम पुण्यजन भी है। संभवतः जनस्थान शब्द

---

* અહિં એ નોંધવું જોઈએ કે રામાયણની ઉપલબ્ધ જૂનામાં જૂની ટીકા (જે ઉદારી વરદરાજે લખેલી, હજુ અપ્રસિદ્ધ છે, જે થોડા સમયમાં ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝમાં પ્રસિદ્ધ થનાર છે, તે) માં, ઉત્તરકાંડની ટીકામાં શૈવલને વિન્ધ્યગિરિ સમીપનો પર્વત તરીકે ઓળખાવ્યો છે. આ શૈવલનો ઉલ્લેખ પુરાણોમાં પણ છે. કાલક્રમે દક્ષિણ ભારતની કેટલીક હસ્તપ્રતોમાં, શૈવલ પર્વતનહિ ઓળખાવાના કારણે અથવા લંકા તે હાલનું સીલોન હોવાની માન્યતા થવાના કારણે શૈવલને બદલે મલય એવો પાઠ પણ મળ્યો છે.

उसी से संबंधित है—पुण्यजन-स्थान का लघुरूप है। जनस्थान के आगे दक्षिण में क्रौंचालय तथा अंशतः किष्किधा और मतंगवन पडता था जो पंपा तक जाकर समाप्त होता था। समूचा दंडकारण्य, कहीं कम कहीं अधिक, राक्षसों से गछा हुआ था जो उसमें बसे हुए ऋषियों को निरंतर मारते खाते रहते।...अतएव राम-वनवास को ऋषि-मुनियों ने अपना अहोभाग्य माना। आरंभ से ही वे राम से बिनती करने लगे कि उनको निष्कंटक कर दें।...राम ऐसा करना चाहते थे ( રામાયણ, અરણ્ય., ૬, ૨૨-૨૫ ) यद्यपि आरंभ से ही सीता इसकी विरोधिनी थी ( અરણ્ય., ૯, ૨૪-૨૫ )। निदान, वे शरभंग आश्रम में भी न बसे; उन्होंने सुतीक्ष्ण आश्रम में जाना निश्चित किया।"

એટલા માટે, શ્રીરામ મંદાકિનીના ઉપરવાસ ( Upstream ) તરફ ગયા અને આગળ જઈ એમણે એક વેગથી વહેનારી નદી પાર કરી. પછી એમણે એક ઉન્નત પર્વત પર વિપુલ વન જોયું જેમાં સુતીક્ષ્ણનો નિવાસ હતો ( અરણ્ય., ૫, ૩૫-૩૭ ).

આ વેગીલી નદી તે "કેન" ( = શુક્તિમતી ) જે મંદાકિનીના ઉદ્‌ગમથી લગભગ ૩૫-૩૬ માઈલ છેટે છે. મંદાકિનીની લગભગ સમાન્તર વહેતી એ પણ મંદાકિનીની માફક યમુનાને મળી જાય છે. આ કેનની પશ્ચિમ તરફ પન્નાના ઊંચા પહાડ છે.

કેન પાર કરીને શ્રીરામ જ્યાં પન્નાના પહાડો પર સુતીક્ષ્ણ આશ્રમમાં પહોંચ્યા હશે તે સ્થાન બિજાવર રાજ્યમાં ( એક વખતની બિજાવર રિયાસતમાં ) લગભગ બિજાવર શહેરની સીધાણમાં કોઈ સ્થાન હશે. સુતીક્ષ્ણ-આશ્રમમાં એક રાત રહી, આગળ વધતાં, વન, પહાડો, નદીઓ પાછળ છોડતાં તેઓ એક યોજન વિસ્તારના પંચાપ્સર નામના સરોવર પાસે પહોંચ્યા જ્યાં ઋષિઓના અનેક આશ્રમો હતા. અહીં જુદાં જુદાં સ્થાનોમાં રહી વનવાસનાં દશવર્ષ શ્રીરામે પૂરાં કર્યાં અને પછી સુતીક્ષ્ણના આશ્રમમાં પાછા ફર્યા. આ દશ વર્ષોમાં એઓએ પંચાપ્સર-પ્રદેશમાં થતો રાક્ષસોનો ઉપદ્રવ મટાડ્યો હતો છતાં હજુ એ નિર્મૂલ થયો ન હતો.

આ પંચાપ્સર સરોવર દંડકારણ્યની દક્ષિણ-પશ્ચિમ સીમા પર હતું. એની પૂર્વમાં દમોહથી જનસ્થાન શરૂ થતું જે મૈહર રાજ્ય સુધી લંબાયેલું હતું. એમાં હજુ રાક્ષસોનો ઉપદ્રવ રહ્યો હતો જેની સફાઈ કરવી આવશ્યક હતી. જનસ્થાનમાં ચૌદ હજાર રાક્ષસોને રામે માર્યાની વાત રામાયણમાં વારે વારે કહી છે ( અરણ્ય., ૨૬, ૩૫; તથા ૨૯, ૨૪; બંગાળી રામાયણ–ગોરેશિઓ આવૃત્તિ, અરણ્ય., ૩૨, ૩૪; ૩૩, ૪૦; ૩૫, ૨૯; ૩૬, ૧; ૩૭, ૧૨; ૩૮, ૯ ). આમ સીતા-હરણ પહેલાં આટલા રાક્ષસોનો શ્રીરામે વધ કર્યાની વાત સ્પષ્ટ છે.

દંડકના નૈઋત્ય છેડે જેમાં પંચાપ્સર સરોવર હતું તે હાલનો સાગર જિલ્લો (મધ્યપ્રદેશમાં) છે જેની પશ્ચિમી સીમા પર યામ્યોત્તર વહેતી ધસાન (દશાર્ણા) નદી આ "પઠાર" ( Plateau-પહાડી ઇલાકો )ને માલવાથી જુદો પાડે છે. આ જિલ્લાનું નામ સાગર પડ્યું છે તે જે વિશાળ કુદરતી સરોવર પર સાગર શહેર વસ્યું છે તેના ઉપરથી પડ્યું હશે. ઇમ્પીરીઅલ ગેઝેટીઅર, વૉ. ૨૨, પૃ. ૧૪૮ પર જણાવ્યા મુજબ સાગર તે ટૉલેમીનું Sageda હશે. આ સાગર તે રામાયણનું પંચાપ્સર–સર જેની આજુબાજુ ઋષિમુનિઓનાં ઘણા આશ્રમો હતા.

સુતીક્ષ્ણના આશ્રમમાં થોડા દિવસ રહી શ્રીરામે અગસ્ત્ય મુનિના દર્શને અગસ્ત્ય-આશ્રમ જવા વિચાર્યું. સુતીક્ષ્ણે કહ્યું કે અહીંથી ચાર યોજન દક્ષિણમાં પિપ્પલી-વનમાં અગસ્ત્યના ભાઈનો આશ્રમ છે અને ત્યાંથી એક યોજન દૂર દક્ષિણમાં અગસ્ત્ય-આશ્રમ છે ( અરણ્ય., ૧૧, ૩૭-૩૮,૪૧ ).

દક્ષિણમાં જઈ વસનારા ઋષિઓમાં આ અગસ્ત્યઋષિનો વંશ મુખ્ય હતો. એમણે રાક્ષસો સામે ટક્કર ઝીલી દક્ષિણ પ્રદેશને રહેવા લાયક બનાવ્યો. આ માટે તેમણે અસ્ત્રોનો ઉપયોગ કર્યો હશે. રામાયણ મુજબ અગસ્ત્ય મુનિ શ્રીરામને પોતાની કુટીમાંથી લાવી દિવ્યાસ્ત્રો આપે છે. હાથથી ફેંકવાના શસ્ત્રોનો ઉપયોગ રાક્ષસો જાણતા હતા પણ આ અસ્ત્રો અથવા દિવ્યાસ્ત્રો તે શસ્ત્રોની સરખામણીમાં વધારે યાન્ત્રિક પ્રકારનાં, વિકસિત, વધુ જોરદાર હથિયારો હશે, જે રાક્ષસોનાં હથિયારો કરતાં ઊંચી કક્ષાનાં હોવાથી રાક્ષસો પર વિજય મેળવવામાં કામયાબ નીવડતાં.

રામના પૂછવાથી અગસ્ત્ય ઋષિએ રહેવાલાયક સ્થાન સૂચવ્યું જે અગસ્ત્યનાં કહેવા મુજબ, તેમના આશ્રમથી બે યોજન દૂર હતું; શ્રીરામને જોઈતું હતું તેવું જંગલ પણ હતું અને નજીકમાં જ જલ પણ ઉપલબ્ધ હતું. એ પંચવટી પ્રદેશ હતો જેની પાસે ગોદાવરી વહેતી હતી. ( અરણ્ય., સર્ગ ૧૩ તથા ૧૫ ).

આ પંચવટી તે જનસ્થાનનો અગ્નિકોણનો ભાગ, જેમાં જનસ્થાનની ભરી વસ્તી હતી, જેમાં એમના ( પુણ્યજનો—રાક્ષસોના ) ખર, દૂષણ અને ત્રિશિરા જેવા આગેવાનો રહેતા હતા. અગસ્ત્ય જેવા વીર ઋષિઓ સિવાય અન્ય ઋષિમુનિઓ રાક્ષસોના આ ગઢમાં વસવાની હિંમત નહોતા કરતા. શ્રીરામને આ ગઢ તોડવો હતો. તે વિના પંચાપ્સર પ્રદેશ પણ ઋષિઓ માટે નિષ્કંટક રહી ના શકે.

બિજાવરની આસપાસ નોનાપાનીમાં આપણે સુતીક્ષ્ણનો આશ્રમ માનીએ અને પંચવટી પહોંચવાં ૪ + ૨ + ૧ = ૭ યોજન = ૫૬ માઈલ દક્ષિણમાં જઈએ તો કેન—નદીના ઉદ્દગમ ( અક્ષાંસ ૨૩.૮' ઉ. રેખાંશ ૮૦" પૂ., જબલપુર જિલ્લામાં કટનીથી લગભગ દસ માઈલ દૂર ) પર પહોંચીએ તો રામાયણના પંચવટીવર્ણનનું બરાબર સમાધાન થાય, કેમ કે પંચવટીની નિકટમાં પ્રસ્રવણ ગિરિ કહ્યો છે. આપણા પ્રાચીન સાહિત્યમાં નદીના ઉદ્દગમ-પ્રપાતને પ્રસ્રવણ કહે છે. આ પ્રદેશ નજીક પિપ્પલ અને મહુવાના વનની વાત કહી હતી તે પિપ્પલ અને મહુવાના પુષ્કળ વૃક્ષો પણ અહીં જોવા મળે છે. આ સ્થાન છે કેનના ઉદ્દગમનો પ્રદેશ.

શ્રી રાયકૃષ્ણદાસજી કહે છે:—

" केन के निकट पंचवटी मानने में सबसे बड़ा अडंगा यह प्रतीत होता है कि अगस्त्यने उसे गोदावरी तीर पर बताया है परंतु यह अडंगा निस्सार है। गोदा[1], गोदारि[2] आदि शब्द अनार्य,

---

૧ જ્યાં નદી બે ધારાઓમાં વિભક્ત થઈ જાય અને વચમાં ટાપુ જેવું પડે એને બુંદેલખંડી ભાષામાં गोदा કહે છે.

૨ गोदारि = નદી, કાશી નાગરી પ્રચારિણી સભા દ્વારા પ્રકાશિત कोशोत्सव स्मारक ग्रन्थमां ડૉ. હીરાલાલનો अवधी हिंदी प्रांत में राम–रावण युद्ध એ શીર્ષક લેખ, પૃ. ૨૫-૨૬.




નકશો-૨

રામવનવાસની ભૂગોળ (ઋષ્યમૂક-કિષ્કિંધા.)

संभवतः द्रविड भाषा के हैं जो नदी वा जल की धाराओं के लिये जातिवाचक संज्ञा हैं। जान पड़ता है कि यहाँ यह शब्द (रामायण में प्रयुक्त लंका[3], मलय[4] आदि आदिम भाषा के जातिवाचक शब्दों की भाँति) इस कारण प्रयुक्त हुआ है कि संभवतः उस समय तक आर्यों ने केन का नामकरण नहीं किया था।

પંચવટીથી નીકળી શ્રીરામને ઋષ્યમૂક તરફ નિરન્તર પશ્ચિમ-દક્ષિણ જવું પડે છે (રામાયણ, અરણ્ય. ૬૯. ૧-૨, ૪), જે કેનના ઉદ્‌ગમથી ઠીક પંચમઢીની દિશામાં છે. સાથોસાથ આ બે સ્થાનોનું અંતર લથભગ ૧૪૫ માઈલ છે જે રામચંદ્રનો સાત દિવસનો રસ્તો હતો. રામચંદ્ર રોજ લગભગ વીસ માઈલ કાપતા.

પંચવટી પહોંચીને શ્રીરામે પર્ણશાલા બનાવી. આ સ્થાન જનસ્થાનમાં હતું (બંગાળી વાચના, રામાયણ., અરણ્ય, ૬૮. ૧, ૩૭; ૭૪. ૧, ૩, ૭; ૭૫. ૩૭). અહીંથી થોડા સમય પછી **સીતા-હરણ થયું, તે વખતે ભગવાન લક્ષ્મણ સાથે વન્ય (પદાર્થો આદિ) એકઠા કરવા ગયા હતા.** રાયકૃષ્ણદાસજી કહે છે કે સુવર્ણ-મૃગવાળી કથા પાછળથી ઉમેરાઈ છે એની

---

૩ લંકા = ટીલો અથવા ટાપુ, જુઓ, એજન પૃ. ૨૭.

૪ મલૈ (દ્રાવિડ) = મલય = ગિર્યેક દેશ, દેશી નામમાલા, ૬, ૧૪૪.




નકશો. ૩. રામવનવાસની ભૂગોળ (કિષ્કિંધા થી લંકા સુધી)

સાબિતીરૂપે એઓ રામાયણ (મુંબાઈ આવૃત્તિ, અરણ્ય., ૪૭.૨૩)નો નીચેનો શ્લોક ટાંકે છે. સીતા રાવણને સ્પષ્ટ કહે છે :

आगमिष्यति मे भर्ता वन्यमादाय पुष्कलम् ।
रुरून् गोधान् वराहाँश्च हत्वाऽदायामिषं बहु ॥

રામાયણ, ગુજરાતી પ્રેસ આવૃત્તિ, અરણ્ય, ૪૭. ૨૩.

શ્રી રાયકૃષ્ણદાસજીનું અનુમાન વિચારવા લાયક અને તર્કસંગત લાગે છે કેમ કે પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાએ પ્રસિદ્ધ કરેલી રામાયણની સમીક્ષિત આવૃત્તિમાં પણ આ શ્લોકનો પૂર્વાર્ધ સ્વીકૃત પાઠ હોવાથી લાગે છે કે મૂળ રામાયણમાં ફક્ત આટલી જ વાત હશે અને સુવર્ણમૃગવાળી કથા પાછળથી ઉમેરાઈ હશે.

પાછા ફરતાં સીતાને ના જોતાં લક્ષ્મણ સાથે રામ સીતાને ખોળવા નીકળી પડ્યા તો આશ્રમની દક્ષિણ તરફ મરવાની અણી પર એવો ઘાયલ જટાયુ જોયો જેણે મરતાં મરતાં રાવણનું નામ મહા-મહેનતે બોલી દક્ષિણ તરફ માથુ ઢાળ્યું, રાવણનું ઠેકાણું બતાવતા પહેલાં તો પ્રાણ ઊડી ગયા. એટલે સૂના આશ્રમમાં રાત વીતાવી બીજે દિવસે દક્ષિણ તરફ શોધમાં નીકળી પડ્યા. ત્રણ કોશ ગયા પછી ક્રૌંચાલય નામનું ઘન વન આવ્યું. ત્યાં કબંધનો ભેટો થયો. રામથી પરાસ્ત થયેલા કબંધે સીતાની ભાળ મેળવવાનો રસ્તો બતાવ્યો અને કહ્યું કે આગળ જતાં પંપા નામક વાપી આવશે. તેની પાસે જ ઋષ્યમૂક પર્વત છે જ્યાં પોતાના ભાઈથી ડરીને પોતાના ચાર સચિવો સાથે સુગ્રીવ

રહે છે. એની દોસ્તી કરો, એ સીતાની ભાળ મેળવી આપશે. આપ આજે આ રસ્તે ઉપડી જાઓ. પશ્ચિમ દિશામાં આ બિલ્વ (પાંઠાંતર જમ્બુ), વડ, તિંદુક, અશ્વત્થ, આંબા, પનસ આદિ વૃક્ષો છે તેના ફળ ખાતા ખાતા જાઓ. અનેક પ્રદેશ તથા વન પછી વન, પર્વત પછી પર્વત પાર કરી આપ પંપા પુષ્કરિણી[1] પહોંચશો. એની સ્વાદિષ્ટ માછલીઓ આપને લક્ષ્મણ ખવડાવશે. એની પશ્ચિમ તરફ મતંગ-વન નામક મતંગ ઋષિનો આશ્રમ છે ત્યાં એમની શિષ્યા આજે પણ રહે છે. તેમ જ અનેક ઋષિઓનાં સૂના આશ્રમો પણ છે. **આ પંપાની સામે ઋષ્યમૂક છે.** અહીં પિપ્પલનાં વન છે. આ પર્વત પર ચઢવું અઘરું છે. એની તળેટીમાં શિશુનાગ જાતિવાળા હાથી રહે છે જે પંપાનો આ જે ભાગ મતંગસર કહેવાય છે તેમાં પડી કિલ્લોલ કરે છે. આ પહાડ પર એક ગુફા છે જેથી સામે એક મહાન્ હ્રદ છે ત્યાં સુગ્રીવ રહે છે. એ કદી કદી પર્વતની ટોચ પર પણ જતો રહે છે. એની મારફત સીતાની ભાળ મળશે.

કબંધે બતાવેલા રસ્તે, રામલક્ષ્મણે, ઋષ્યમૂક તરફ, પશ્ચિમ દિશામાં પ્રસ્થાન કર્યું. રસ્તામાં પડાવ કરતા કરતા, પંપાને પશ્ચિમી કાંઠે શબરીના આશ્રમે પહોંચ્યા. શબરીએ સ્વાગત કરી સામેનો ઋષ્યમૂક પર્વત બતાવ્યો, પોતાનો આશ્રમ બતાવ્યો અને ત્યાંના સપ્તસાગર-તીર્થનો પરિચય આપ્યો. લાગે છે કે મતંગસરનું જ બીજું નામ સપ્ત-સાગર હશે કેમ કે મુંબાઈની આવૃત્તિમાં આ જ સ્થાનમાં સ્નાન કર્યાનો ઉલ્લેખ છે( બંગાળી વાચના અરણ્ય૰, ૭૭. ૨, ૬, ૧૯ આદિ; ૭૮. ૧, ૨, ૪ આદિ; મુંબાઈ આવૃત્તિ, અરણ્ય૰, ૭૪.૧-૪ આદિ ૭૫. ૧-૭ આદિ). સપ્તસાગરમાં સ્નાનાદિ પરવારી રામચંદ્ર ઋષ્યમૂક પહોંચ્યા, જે અહીંથી બહુ દૂર નહોતો. ત્યાં હનુમાન મળ્યા અને સુગ્રીવની મુલાકાત પણ થઈ. રાયકૃષ્ણદાસજી લખે છે : “यह ऋष्यमूक, वानरों की बस्ती—किष्किंधा—से मिला हुआ था.” આ કિષ્કિંધા કઈ તેની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે—આજ કાલ મૈસૂર રાજ્યના અનગુંડી નામક સ્થાનને કિષ્કિંધા માનવામાં આવે છે પણ પ્રાચીન ગ્રન્થો પ્રમાણે કિષ્કિંધાની ભૌગોલિક સ્થિતિ ત્યાં હોવાનું સિધ્ધ થતું નથી. મૂળ કિષ્કિંધા અનગુંડીથી સેંકડો માઈલ ઉત્તરમાં વિન્ધ્ય પર્વતમાં હતી. પણ વિન્ધ્યપર્વતમાળાની પરિભાષા આજ કાલ કરતાં ભિન્ન હતી. આજ કાલ જે પર્વતપરિવારને વિન્ધ્યશૃંખલા[2] કહે છે તેની પ્રાચીન કાળમાં જો કે લંબાઈ લગભગ એવી જ માનવામાં આવતી હતી (જે આજકાલ મનાય છે) તોપણ પહોળાઈ-ચોડાઈ ને ત્રણ સ્વતન્ત્ર કુલપર્વતો (પર્વત-પરિવારો)માં વહેંચેલી તે રીતે ઓળખવામાં આવતી હતી—(૧)બનાસ(પર્ણાશા)થી માંડી બેતવા (વેત્રવતી) સુધીની બધી નદીઓનો ઉદ્ગમ જે અંશમાંથી થાય છે તે ડુંગરમાળને **પારિયાત્ર પર્વત** કહેતા. પણ બેટવાની પાડોશી જંબુલા (જામનેર)ની જન્મભૂમિ વિન્ધ્યપર્વત છે. એટલે કે જંબૂલાના ઉદ્ગમ પાસેથી વિન્ધ્યની એક સાંકડી-નાની ડુંગરમાળ રૂપે શરૂ થઈ, પારિયાત્ર-અડાવલા-અરવલ્લીના વિસ્તૃત રૂપમાંપરિણુત થાય છે તેમાં જુદે જુદે સ્થળે વિન્ધ્યના ડુંગર પેઠેલા છે અને પારિયાત્રના નીચલા ભાગવાળા વીતિહોત્ર તથા

---

૧ पंपासर (= હ્રદ, પુષ્કરિણી, વાપી) તથા પંપા નદી એવા બેઉ ઉલ્લેખ મળે છે. सर માટે જુઓ, બંગાળી વાચના, અરણ્ય૰, ૭૫.૫૭; ૭૬.૫; ૭૭.૬; ૭૮.૧૧ અને એવી જ વાચના મુંબાઈ આવૃત્તિમાં પણ મળે છે. નદી તરીકેના ઉલ્લેખ માટે જુઓ મુંબાઇ આવૃત્તિ, અરણ્ય૰, ૬.૧૭; ૭૫.૧૪; કિષ્કિંધા; ૩.૬-૭ તથા બંગાળી વાચના, અરણ્ય૰, ૭૯.૪૯.

૨ જયચંદ્ર વિદ્યાલંકારકૃત, ‘ભારત ભૂમિ ઔર ઉનકે નિવાસી.’ પૃ. ૨૫-૨૬.

અવંતિપ્રદેશ વિન્ધ્યમાં ગણાયા છે, (૨) આ પર્વતમાળાનો પૂર્વી બઢાવ જેમાંથી જામનેર(જંબુલા), ધસાન (દશાર્ણ) કેન (શુક્તિમતી), ટોંસ (તમસા) આદિ નદીઓ નીકળી છે તેને વિન્ધ્યપર્વત કહેતા અને (૩) આ બેઉની દક્ષિણમાં જે પર્વત-હૃદયમાંથી તાપી અને પેનગંગાથી માંડી ઉડીસાની વૈતરણી સુધીની નદીઓ નીકળી છે તેને ઋક્ષ અથવા ઋક્ષવાન્ (અથવા ઋષ્યવાન) પર્વત કહેતા.

અર્થાત્ હાલના વિન્ધ્યની બેવડી પર્વતમાળના ઉત્તરી અંશનો પશ્ચિમી ભાગ પારિયાત્ર, પૂર્વી વિન્ધ્ય અને એનો અધિકાંશ દક્ષિણીઅંશ ઋક્ષવાન્ કહેવાતો, તેને સામાન્યપણે નર્મદાખીણ પારિયાત્રથી જુદો પાડે છે અને સોન-ઘાટી વિન્ધ્યથી. જોકે કહીં કહીં વિન્ધ્યની સીમા નર્મદા પાર ગયેલી છે અને ષટ્પુર(સાતપુડા)નિવાસી તથા નિષધવાસી આદિ વિન્ધ્યમાં ગણાયેલા છે. સાર એ કે હાલ વિન્ધ્ય ગણાતી પર્વતમાળની વચલી પર્વત-શૃંખલાનો અધિકાંશ ત્યારે પણ વિન્ધ્ય કહેવાતો પણ ઉત્તર-પશ્ચિમી અને દક્ષિણી અંશો પારિયાત્ર તથા ઋક્ષ કહેવાતા.

આ પ્રાસ્તાવિક પછી કિષ્કિંધા બાબત શ્રી રાયકૃષ્ણદાસજીએ રજૂ કરેલું પ્રમાણ બહુ જ અગત્યનું અને કિંમતી છે. તેઓ લખે છે કે પુરાણોના ભુવન-વિન્યાસ(ભૂગોળ)માં કિષ્કિંધક એટલે કે किष्किंधाના નિવાસીને વિન્ધ્યપૃષ્ઠનિવાસીઓમાં ગણાવ્યા છે.[1] પુરાણોના આ વિવરણોમાં દક્ષિણાપથવાસીઓ તથા અપરાંતો—અપરાન્તનિવાસીઓની સૂચી પણ આપી છે તેમાં પાંડ્ય, કેરલ, ચોલ, માહિષિક, વૈદર્ભ તથા આન્ધ્ર આદિ છે પણ તેમાં કિષ્કિંધકોનો ઉલ્લેખ નથી. આમ પુરાણોના ભાવાત્મક (positive) અને અભાવાત્મક (negative) પ્રમાણો—સાક્ષીઓ (evidences) મુજબ કિષ્કિંધા નિર્વિવાદ રીતે વિન્ધ્યમાં જ હતી અને ગણવી જોઈએ :—

......शृणुध्वं विन्ध्यवासिनः ॥
............किष्किन्धकैस्सह
एते जनपदा सर्वे विन्ध्य-पृष्ठ-निवासिनः ॥

—વાયુ. પૂર્વા. ૪૫. ૧૩૧-૩૪; બ્રહ્માંડ, પૂર્વા. ૨.૧૬.
૬૩-૬૬; માર્કણ્ડેય, ૫૪. ૫૩-૫૫; મત્સ્ય, ૧૧૪. ૫૧-૫૪

વરાહમિહિરે (બૃહત્સંહિતા, ૧૪. ૯-૧૦ માં) પણ કિષ્કિન્ધાનો ઉલ્લેખ વિન્ધ્યના જનપદોમાં કર્યો છે. એ જ રીતે कौमुदी महोत्सव नाटकમાં પણ પંપા-સર અને કિષ્કિધાની સ્થિતિ સ્પષ્ટરૂપે વિન્ધ્યમાં બતાવી છે. આ નાટક ઈ. સ. ૬ઠ્ઠી સદી આસપાસનું મનાય છે. પતંજલિના મહાભાષ્યમાં પારિયાત્ર પર્વતને આર્યાવર્તની દક્ષિણી સીમા બતાવેલ છે અને તેનો किष्किंध-गंधिक (અથવા गांधिक)નો ઉલ્લેખ એને પારિયાત્રની સીમા પર સૂચવે છે (અષ્ટાધ્યાયી, ૨.૪.૧૦ પર મહાભાષ્ય).

વાલ્મીકીય રામાયણના વર્તમાન સ્વરૂપમાં કિષ્કિન્ધાની ભૌગોલિક સ્થિતિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ લંકાકાંડમાં રાવણના પૂછવાથી, શુક સારણે વાનરસેનાનું જે વર્ણન કર્યું છે તેમાં,

---

૧ પૌરાણિક કથાકોશ (ગુજરાતી), પૃ. ૮૪.

જોકે હિમાલય જ નહીં, ઠેઠ સુમેરુ સુધીના વાનરોનો ઉલ્લેખ છે તોપણ, એમાં, અધિકાંશ વાનરોનું નિવાસ-સ્થાન વિન્ધ્ય-પર્વત ( મુંબાઈ આવૃત્તિ, લંકા; ૨૭.૪૭ ) તથા જાંબવાન્ અને એમનું ઋક્ષ-દલનું વાસ-સ્થલ નર્મદા તથા એનો અનુ-કૂલ ઋક્ષવાન પર્વત જણાવેલ છે ( લંકા., ૨૭-૬-૧૨ ).

કિષ્કિધાકાંડમાં ઋક્ષ અને વાનરોના જનપદ મળેલા વર્ણિત છે. એટલે ઋક્ષવાન્ પર્વત તથા કિષ્કિંધા નજીક નજીક જોડાજોડ જ હોવા જોઈએ. ઋષ્યમૂક શિખર એ આ ઋક્ષવાન્નો જ એક પર્વત–ડુંગર–લાગે છે કેમ કે ઋક્ષવાનનું એક નામ ઋષ્યવાન્ પણ મળે છે. ઋક્ષ જાતિના નિવાસ-સ્થાનનો પ્રદેશ હોવાથી આ પર્વતમાળાનું ઋક્ષવાન્ નામ પડયું હશે.

આમ પારિયાત્રની સીમા પર, વિન્ધ્યમાં અને ઋક્ષવાન્ પર્વતને મળેલી કિષ્કિંધા ખોળીએ તો એ ત્રણે શરતો પૂરી કરે તેવું સ્થાન ભોપાલથી નીચેથી મહાદેવ પહાડ સુધીનું છે જેમાં નર્મદા અને એનો હોશંગાબાદ જિલ્લાવાળો કાંઠો પણ આવે છે. પૂર્વમાં નર્મદાની સહાયક દૂધી નદી અને પશ્ચિમમાં તવા નદી સુધીની એની સીમા માની શકાય. રાયકૃષ્ણદાસજી કહે છે કે

“ साथ ही इसी घेरे के बरेली, बाँदराभान तथा बनखेड़ी नामक स्थानों के नामों में आज भी बानर क्षेत्र की स्मृति सजीव है । ”

એઓ કહે છે કે बरेली એ वानरपल्ली‌નો અપભ્રંશ હોઈ શકે, बांदराभानમાં भान શબ્દ भाल ( = भालू )નું રૂપાંતર હોઈ શકે, કેમ કે હિંદીમાં ल અને नનો વિનિમય થતો રહે છે. बनखेड़ी માટે કહે છે કે રામાયણમાં વાનરો માટે वनवासी, वनचर ( કિષ્કિંધા, ૧૭. ૩૦ ), वनचारी ( અરણ્ય., ૭૨. ૨૨., કિષ્કિંધા, ૧૯. ૧૬; ૨૫. ૩૮ ) તેમ જ वनौकस ( કિષ્કિંધા, ૨૨. ૫; ૪૯. ૭ ) એવા શબ્દો પણ મળે છે. આ શબ્દ ( બનખેડી ) પણ આ શબ્દોનો સંબંધિત લાગે છે, અને તપાસ કરતાં આ પરિમંડલમાં કિષ્કિંધાનું અપભ્રંશ પણ જડી આવે .

પંપાસર–નદી એ કિષ્કિંધાની કુદરતી દક્ષિણી સીમા હતી. એના પશ્ચિમી તટ પર મતંગાશ્રમ હતો, એનો ઉદ્ગમ ઋષ્યમૂકમાંથી, જે ઋક્ષવાનનો જ એક ભાગ છે તેમાંથી, હતો. અહીં વાલિ નહોતો આવી શકયો તેનું કારણ એ હતું કે આ પ્રદેશ ઋક્ષ-રાજ્યમાં હતો. ઋક્ષવાન્-પર્વતની જે લંબાઈ હોશંગાબાદ જિલ્લામાં પડે છે તેનો અધિકાંશ ઋક્ષોનો જનપદ હતો અને એનો એ ભાગ જેને ‘ મહાદેવ કા પહાડ ’ કહે છે તેમાં ઋષ્યમૂક શિખર હતું અને બાજુમાં કિષ્કિંધા-મંડલની રાજધાની કિષ્કિંધાપુરી હતી. મધ્યપ્રાન્તમાં પંચમઢી જ સંભવતઃ પ્રાચીન ઋષ્યમૂક છે.

રાયકૃષ્ણદાસજી લખે છે—‘ रामायण ’में ऋष्यमूक पर साल ( साखू ) वृक्षों की बहुतायत वर्णित है ( મુંબાઈ આવૃતિ, કિષ્કિંધા, ૫. ૧૮. ૧૯; ૮. ૧૨-૧૪ ) यह भी उसके पंचमढी होने का प्रमाण है, क्योंकि साल पंचमढ़ी का मुख्य ( लट्ठेवाला ) वृक्ष है । ( ઇમ્પીરીયલ ગેઝેટિયર, वॉ. ૧૯, પૃ. ૩૦૭ )। इतना ही नहीं, यह प्रमाण ऋष्यमूक के मलय में होने का विरोधी भी है, क्योंकि मलय साल का क्षेत्र है ही नहीं ।

इसी भाँति पंचमढ़ी में गुफाओं की बहुतायत है, जिनमें आदिम जातियों के निवास-चिह्न भरे पड़े हैं। यह बात भी उसके ऋष्यमूक होने के पक्ष में है, क्योंकि ऋक्षजाति बिल–निवासी थी ही। इन्हीं गुफाओमें से किसी एक में छिपकर सुग्रीव रहते रहे होंगे। ''

એમના મતે, રામાયણની પંપા (જેને સર તેમ જ નદી બેઉ રીતે ઓળખાવી છે) તે પંચમઢી પાસેની દેનવા નદી હોય એમ લાગે છે. એને સર તેમજ નદી બેઉ રીતે એ માટે ઓળખાવી છે કે ગરમીના દિવસોમાં એ સૂકાઈ ને અહીં તહીં "હ્રદો" (તળાવો) અને ઝીલો (સરોવર) રુપમાં જ રહે છે.

સીતાની ખોજમાં વાનર-દલોના જવા બાબત જે વર્ણનો કિષ્કિંધા–કાંડમાં છે તેમાં વાસ્તવિક તો ફક્ત એ જ છે કે જે દલનો પ્રમુખ અંગદ હતો અને જેના અનુયાયી-સાથિયોમાં હનુમાન મુખ્ય હતા. અંગદવાળા વાનર-દલ સિવાયની બીજી વાનર-ટોળીઓની કલ્પના પાછળથી ઉમેરાયલી છે અને એઓને સોંપાયેલા અન્વેષણના પ્રદેશોના વર્ણન પણ અત્યુક્તિવાળા, ઊલટા અને ગપ્પાંથી ભરેલાં છે. દાખલા તરીકે પ્રાગ્જ્યોતિષ(આસામ)ને પશ્ચિમમાં ગણાવેલ છે.

આ અંગદવાળા દલે વિંધ્યના વનમાં આવી ગુફાગહનોમાં ખોળવું શરૂ કર્યું જે કાંઈ સહેલું કામ નહોતું. આ ખોજમાં નિષ્ફળતા મળી પછી ત્યાંથી હટી એવા પ્રદેશમાં પહોંચ્યા જ્યાં ફળ, ફુલપત્તી પણ મળવાં કપરાં હતાં, નદીઓ સૂકી પડી હતી, પશુપંખીઓનું નામનિશાન પણ નહોતું (રામાયણ, મુંબાઈ આવૃતિ, કિષ્કિંધા, ૪૮મો સર્ગ). ત્યાંથી તેઓએ અનેક ગિરિ-કંદરા, નદીઓનાં મૂલ-સ્થાનો, પર્વતોની ગુફાઓ આદિમાં શોધ કરી. અસફલ થયા, નિરાશ થયા, અંગદે ફરી ઉત્સાહિત કર્યા, ફરી વિન્ધ્યના બીજા જંગલોવાળા પ્રદેશ ઢૂંઢયા, શરદ્ઘન અથવા રજત જેવા પર્વતો પર ચઢયા, લોધ (લોધ્ર) અને સપ્તપર્ણનાં વન ઢૂંઢયા, થાકીને નીચે ઊતર્યા, ફરી વિન્ધ્યમાં ખોજ કરવા લાગ્યા. ખોળતા ખોળતા વિન્ધ્યના દક્ષિણી-પશ્ચિમી ઢોળાવ સુધી પહોંચ્યા. ત્યાં પાણીની શોધમાં એક અંધારિયા બિલ (ગુફા)માં ફસાઈ ગયા. જેમ તેમ બીજી બાજુથી બહાર નીકળી વિન્ધ્યના એક એવા ભાગમાં પહોંચ્યા જયાં પ્રસ્રવણ-શૈલ હતો અને જેની પાસમાં 'લવણાંબુધિ' લહેરાતો હતો (કિષ્કિંધા, સર્ગ ૫૨). અહીં વિન્ધ્યગિરિ પાસે બેસી પોતાની અસફલતા પર પરતાવા લાગ્યા, કેમ કે સુગ્રીવે આપેલી એક મહિનાની મુદત પૂરી થઈ હતી. એટલે અનશન લઈ મરવા બેઠા.

ત્યાં જ પાસે વિન્ધ્યની ગુફામાં જટાયુનો ભાઈ સંપાતિ રહેતો હતો. તે આ લોકોને જોઈ બહાર આવ્યો. એ લોકો જટાયુની વાતો કરતા હતા તે સાંભળી સંપાતિએ કહ્યું મને આટલા દિવસ મારા ભાઈના સમાચાર જ નહોતા મળતા. જટાયુના મૃત્યુની બધી વાત સાંભળી દુઃખી થઈ એણે કહ્યું મેં અહીંથી રાવણને, એક તરુણીને લઈ જતો જોયો છે. આ તરુણી પોતાના શરીરને છોડાવવા તરફડિયાં મારતી હતી. એ જ ઘણુંખરુ સીતા હતી. હું તમને એ રાક્ષસનું રહેઠાણ બતાવું છું તે સાંભળો. આ સમુદ્રમાં જે દ્વીપ છે તેમાં ત્રિકૂટ પર્વતના શિખર પર એની રાજધાની લંકાપુરી છે ત્યાં એ રહે છે અને ત્યાં સીતાને લઈ ગયો છે. તમે જલદી ત્યાં જવા પ્રયત્ન કરો.

ખુશ થઈ વાનરો સમુદ્રતટ પર આવ્યા (કિષ્કિંધા, સર્ગ ૫૮).

આ બ્યાન પરથી સ્પષ્ટ થાય છે કે (૧) વાનર-દલે સીતાની ખોજ વિન્ધ્યમાં કરી અને વારંવાર એમાં જ ખોળતા રહ્યા. (૨) વિન્ધ્યની પાસે જ સમુદ્ર ટકરાતો ઉછળતો હતો. (૩) આ સમુદ્રમાં એક દ્વીપ હતો જેમાં ત્રિકૂટ પર લંકાપુરી હતી.

આ વિન્ધ્ય પાસે જ સમુદ્રની વાત મોટી વિકટ સમસ્યા ઊભી કરી બેઠી. રામાયણના ટીકાકાર ગોવિંદરાજે (ઈ. સ. પંદરમા સૈકા આસપાસ) આ ગૂંચ ઉકેલવા રસ્તો કાઢ્યો. ભેષજકલ્પ નામના (હાલ અનુપલબ્ધ અજ્ઞાત) ગ્રન્થનું વચન ટાંક્યું—हिमवद्-विन्ध्यशैलाभ्यां प्रायो व्याप्ता वसुन्धरा। અને ઘટાવ્યું કે રામેશ્વર પાસેના પર્વતને પણ વિન્ધ્યનો જ અંશ માનવો જોઈએ. વાસ્તવિક રીતે તો आर्यावर्तः पुण्यभूमिः मध्यं विन्ध्यहिमालयोः જેવી ઉક્તિનું જ એ બીજું રૂપ છે. કાલિદાસની ઉક્તિ पूर्वापरौ तोयनिधीवगाह्य स्थितः पृथिव्या इव मानदंडःમાં જેવો ભાવ તેવો ભાવ "प्रायो व्याप्ता वसुन्धरा" એમાં છે. ભાસની ઉક્તિમાં પણ विन्ध्यનો ઉલ્લેખ છે ત્યાં હાલનો વિન્ધ્ય તરીકે ઓળખાતો વિન્ધ્ય જ ગણવાનો છે—

> इमां सागरपर्यन्तां हिमवद्विन्ध्यकुण्डलाम् ।
> महीमेकातपत्राङ्कां राजसिंहः प्रशास्तु नः ॥

અહીં આર્યાવર્ત પ્રદેશની જ વાત છે. આખાયે પ્રાચીન ભારતીય વાङ्મય કે પરંપરામાં કોઈ સ્થળે પણ ગોવિન્દરાજે કરેલા અર્થઘટનને સહાયક પ્રમાણ મળતું નથી. આ ગરબડ થવાનું બીજું કારણ એ છે કે રામાયણમાં વિન્ધ્ય માટે કદિ કદિ મલય શબ્દ વપરાયો છે. વાસ્તવમાં એ શબ્દ મલય નામથી ઓળખીએ છીએ તે પર્વત માટે નહિ, પણ એ દ્રવિડભાષાની પર્વતની જાતિવાચક સંજ્ઞા છે. રાયકૃષ્ણદાસજી કહે છે हम देख चूके है कि रामायणमें अनार्यभाषा के कई शब्द दबे पड़े है जो रामायण की 'वस्तु' की सत्यता को प्रमाणित करते है। मलय शब्द भी उसमें से एक है। × × × ×

सीता-अन्वेषण के मार्ग के उक्त रामायणीय वर्णन में इस सम्बन्ध की एक लक्ष्य करने योग्य बात यह है कि वानर-मंडली अपने अन्वेषणकी आरंभिक मंजिलों में विन्ध्य के एक शरद्घन अथवा रजत सरीखे शुभ्र शिखर पर पहुचती है। पंचमढ़ी के पूरव की ओर जानेवाले दल को कुछ पड़ाव जाने पर ही जबलपुर का भेड़ाघाट (marble rocks) मिलता है। रामायण का रजत-शरद्घन-संनिभ शिखर इस मार्बल राक्स के अतिरिक्त और क्या हो सकता है ? फिर विन्ध्य का छोर आ जाने पर एक बड़ी झील का कंकाल आज भी विद्यमान है— × × अमरकंटककी तली में आज भी एक बड़ा भारी दलदल है जिसको कोई पार नहीं कर सकता। ब्रिटिश काल में मध्यप्रांतके प्रथम चीफ कमिश्नर ने प्रयत्न किया था, परंतु उसे बहुत कष्ट उठाकर असफल लौटना पड़ा।......राम के समय में वहाँ पानी का कितना भारी संचय रहा होगा ! ऐसी झील के लिये समुद्र शब्द का लाक्षणिक प्रयोग भारतीय भाषाओं का स्वभाव है।

અમરકંટક બાબત રાયકૃષ્ણદાસજી વધારામાં કહે છે કે વિન્ધ્યના આ છેડા ઉપર પ્રસ્રવણની વાત આવે છે. તેનું પણ સમાધાન એ છે કે અમરકંટક પણ નર્મદા અને શોણનું પ્રસ્રવણ (ઉદ્‌ગમ સ્થાન) છે. રામાયણ વાંચનાર સહુ કોઈ જાણે છે કે લંકાનગરી ત્રિકૂટપર્વત પર હતી. અમરકંટકનું પ્રાચીન નામ ત્રિકૂટ પણ છે. સ્કન્દપુરાણ, રેવાખંડ, ૫.માં નર્મદાનું એક નામ



ચિત્ર ૧

રાવણને ભિક્ષા આપતાં સીતાજી ( નાચના, મધ્યપ્રદેશમાંથી મળેલું ગુપ્તકાલીન શિલ્પ )

( કૉપીરાઈટ : આર્કયોલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા )



ચિત્ર ૨

સીતાને ઉપાડી જતો રાવણ

શુંગયુગની માટીકામની તકતી

( અલ્લાહાબાદ મ્યૂઝિયમના સૌજન્યથી )



ચિત્ર ૩

અશોક વાટિકામાં ચિંતામગ્ન સીતા

( મધ્યપ્રદેશમાં બનેહાટમાંથી મળેલી પકવેલી માટીની તકતી )

કૉપીરાઈટ, આર્કર્યોલૉજીકલ સર્વે ઑફ ઈન્ડિયા

" त्रिकूटा " પણ મળે છે. લાગે છે કે એ ત્રિકૂટ, જેમાંથી નર્મદા નીકળતી હોવાથી નર્મદાનું નામ ત્રિકૂટા પડયું હશે તે ત્રિકૂટ અમરકંટક જ હોઈ શકે.

રામ અને રાવણ અંગેની કિંવદંતીઓનો એક પ્રાચીન સંગ્રહ છે ઉત્તરકાંડ, જે નિદાન કાલિદાસના સમયમાં મોટે ભાગે મોજૂદ હતો કેમ કે રઘુવંશમાં વાલ્મીકિ-રામાયણના ઉત્તરકાંડ સહિતનો સારાંશ જોવા મળે છે. આમાંની કેટલીક કથાઓમાં ઐતિહાસિક બીજો—તત્ત્વો પણ હોય. ઉત્તરકાંડમાં આપણે હૈહયો તેમ જ બાણાસુર સાથે રાવણના સંઘર્ષની કથા જોઈએ છીએ. હૈહયોની રાજધાની માહિષ્મતી (હાલનું માંધાતા) અને બાણાસુરની રાજધાની ત્રિપુરી (જબલપુર પાસે તિવાર) હતી. આ હૈહય અને બાણાસુર રાજ્યો સાથે રાવણની નિરંતર શત્રુતા ત્યારે સંભવી શકે જ્યારે એ રાજ્યો રાવણના રાજ્યના પડોશી રાજ્યો હોય. અમરકંટકને લંકા ગણીએ તો આ શક્ય છે પણ સિલોનને લંકા માનીએ તો રાવણનાં સંઘર્ષ પાંડ્ય કે ચોલ રાજાઓ સાથે હોય તો જ વધુ તર્કસંમત થાય. અને વચમાં બાણાસુરનું શત્રુ-રાજ્ય પડતું હોવાથી જ રાવણ સીતાજીનું હરણ કરીને સીધો લંકા જવાને બદલે કિષ્કિંધાને રસ્તે ગયો હતો.

હનુમાને સમ્પાતિ પાસેથી સીતાનો પત્તો મેળવી સો યોજન વિસ્તીર્ણ **લવણાર્ણવને તરીને પાર કર્યો**—शतयोजनविस्तीर्णं पुप्लुवे लवणार्णवम् । જો હનુમાને સમુદ્ર કૂદી પાર જવાની વાત હોત તો पुप्लुवेને બદલે उत्प्लुत्य એવો પ્રયોગ કર્યો હોત. રઘુવંશમાં પણ આ પ્રસંગમાં मारुतिः सागरं तीर्णः ( રઘુ૦ ૧૨.૬ ) એમ છે. જો ઉડ્ડયનની વાત હોત તો तीर्णःને બદલે उत्तीर्णः એવું લખ્યું હોત. આઠમી સદીના જૈન કથાનક धूर्ताख्यानम्માં વાલ્મીકિનો હવાલો આપતા હનુમાને સમુદ્ર તરી પાર કર્યાની વાત છે. વાલ્મીકિના સુંદર–કાંડમાં પણ પહેલાં જ સર્ગમાં જ્યાં હનુમાનના આકાશ-માર્ગનું વિશદ વર્ણન છે. તેમાં પણ સમુદ્ર તરવાની વાતવાળા પણ શ્લોક છે. સુંદર કાંડ, ૩૭.૫માં જ્યાં રામના વિષયમાં સીતા હનુમાનને કહે છે કે प्लवमानः परिश्रान्तो हतनौः सागरे यथा । ત્યાં નિર્વિવાદરૂપે प्लवमानः શબ્દ તરવાના અર્થમાં જ પ્રયુક્ત છે. હનુમાન સીતાને લઈ જવાની વાત કરતાં પણ सन्तरिष्यामि सागरम् ( સુંદર કાંડ ૩૭.૨૨ ) કહી તરવાની જ વાત કહે છે.[૧]

પણ લંકા બાબત શ્રી પરમશિવ આયર, સરદાર કિબે અને શ્રી રાયકૃષ્ણદાસજી વગેરે સૌનાં મન્તવ્ય ગ્રાહ્ય ગણતાં પહેલાં બીજો પણ થોડો ખુલાસો મળવો જોઈએ. એમાં એક તો એ છે કે રામેશ્વર પાસે સેતુ બાંધ્યાની જે માન્યતા છે અને શ્રીરામે રામેશ્વરની સ્થાપના કર્યાની જે પરંપરા-માન્યતા ચાલી આવે છે તે બરાબર નથી. શ્રીરામે રામેશ્વરની કે એ સ્થળ પાસે કોઈ લિંગની સ્થાપના કર્યાની વાત વાલ્મીકીય રામાયણમાં મળતી જ નથી. આ વાત પર જોર દેવાની જરૂર છે કેમ કે આ પરંપરાને લીધે લંકાની ખોજ જુદા જુદા વિદ્વાનોએ સિલોન અને જાવા જેવા સ્થળો તરફ કરી છે.

---

૧ આ અને આ પ્રકારની બીજી ચર્ચા કરતો શ્રી રાયકૃષ્ણદાસજી બીજો એક લેખ—वाल्मीकिकृत आदि रामायण જે હિન્દી ભાષામાં, Bharati, Bulletin of the College of Indology, (Banaras Hindu University, Banaras), No. 6, Part I, 1962-63, પૃ. ૧૦૫-૧૩૧માં છે એ આખો લેખ વાંચવા જેવો છે.

બીજી વાત રહી રામે અને સુગ્રીવે નલ પાસે સેતુ બંધાવ્યાની, રામે સમુદ્રક્ષોભણ કર્યાની. આ બાબતમાં શ્રી રાયકૃષ્ણદાસજીએ સૌ પ્રથમ એક અગત્યના પાઠ તરફ ધ્યાન દોર્યું છે. ઈ. સ. ૧૯૬૨-૬૩માં બનારસથી પ્રસિદ્ધ થતા ભારતી નામક સામયિકમાં वाल्मीकि-कृत आदि रामायण એ લેખમાં પૃ. ૧૨૮-૧૨૯ પર આ બાબતનું એમનું લખાણ ખાસ પ્રસંશાપાત્ર છે કેમ કે એમની સૂક્ષ્મ દૃષ્ટિએ આ નલ-સેતુ તે નલે બાંધેલો સેતુ નહિ પણ કુદરતી માર્ગ જેને नलसेतु કહેતા, એવો અર્થ ખોળી, એને યોગ્ય પાઠાંતર પણ રજૂ કર્યાં છે. આ જ દૃષ્ટિબિંદુનું પોષક એવું પુરાતત્ત્વ-વિષયક પ્રમાણ હમણાં હમણાં ડૉ. સાંકળિયાએ શોધી કાઢ્યું છે જે તેઓના લખાણમાં પ્રસિદ્ધ થશે. પણ આ દિશામાં વિચારસરણી દોડાવી રામાયણના પાઠાન્તરોનો સૂક્ષ્મ વિચાર કરવાની શ્રી રાયકૃષ્ણદાસજીની દૃષ્ટિ પ્રશંસા અને ધન્યવાદને પાત્ર છે. શ્રી રાયકૃષ્ણદાસજીની આ ચર્ચા નીચે મુજબ છે—હનુમાન પાસેથી સીતાના સમાચાર મેળવી સુગ્રીવ અને તેની સેના સાથે રામ સમુદ્ર કિનારે ગયા અને રામના કહેવાથી સુગ્રીવે નલ-સેતુનું નિર્માણ કરાવ્યું. પ્રચલિત કથામાં અહીં રામ દ્વારા સમુદ્ર-ક્ષોભણ અને તેના કથનાનુસાર નલ દ્વારા સેતુનિર્માણની વાત છે. પણ રામયણની વડોદરા સંસ્કરણની સંશોધિત આવૃત્તિમાં બાલકાંડ, ફૂટનોટ ૬૫ બી જોતાં સમજાશે કે ૧૮ પ્રાચીન પ્રમાણિત પ્રતિઓમાં આ ઠેકાણે (સમુદ્ર નહિ પણ) राघवस्य च/तु वचनात्। એમ છે. આમાં નેપાલની ૧૦૨૦ ઈ. સ.ની લખેલી તેમ જ ૧૫૫૧, ૧૪૫૫, ઈ. આદિની પ્રતિઓ પણ સામેલ છે. એ જ રીતે હાલ મળતો પાઠ "नलं सेतुमकारयत्" અથવા "नलः सेतुमकारयत्"ને બદલે नलसेतुमकारयत् એવો પાઠ ચાર પાંચસો વર્ષ જૂની બે પ્રતિ અને સાડા ત્રણસો વર્ષ જૂની એક પ્રતિમાં બચી રહેલો છે. આ રીતે આ પંક્તિનો પાઠ राघवस्य च/तु वचनात् नलसेतुमकारयत् એમ હોવો જોઈએ.

અહીં नलसेतु શબ્દ ખૂબ મહત્ત્વનો છે. વાલ્મીકિ રામાયણમાં આ અહીં તેમ જ અન્ય સ્થળોએ વપરાએલો છે. એનો પ્રચલિત અર્થ છે નલ નામના વાનર દ્વારા નિર્મિત સેતુ જે માટે એક કથા પણ મળે છે કે નલ જે પથ્થર સમુદ્રમાં નાખતો તે તરતો અને એ રીતે એના હાથે સેતુ-કાર્ય સંપન્ન થયું. પણ વાલ્મીકીય રામાયણની ઉત્તરીય વાચના (લાહોર—હોશિયારપુરની આવૃત્તિ)માં સેતુ-નિર્માણનું જે વિશદ વર્ણન છે તેમાં સર્વ વાનરો અને સ્વયં રામ-લક્ષ્મણ પણ મળીને સેતુ-નિર્માણ કરે છે. આ સ્થિતિમાં નલવાળું ઉપાખ્યાન પાછળનો ઉમેરો ઠરે છે અને જો પ્રક્ષિપ્ત છે તો "નલ-સેતુ"નો પ્રચલિત અર્થ પણ અમાન્ય જ ઠરે છે અને તો એના વાસ્તવિક અર્થની શોધ આવશ્યક થઈ પડે છે. અહીં શ્રી રાયકૃષ્ણદાસજી લખે છે : "संयोगवश इसका वास्तविक अर्थ हमें जातक-साहित्य से प्राप्त होता है। सुप्पारख जातक में नल-माल की चर्चा है जो आज की स्वेज नहर है। इस स्वाभाविक जल-डमरु-मध्य को प्राचीन मानव ने बहुत पहले ठीक ठीक करके यातायात योग्य बना लिया था; स्वेज नामक व्यक्ति द्वारा तो उसका जीर्णोद्धार मात्र हुआ। जान पडता है, इसी प्रकार लंका को परिवेष्टित करने वाली महा जल-राशि (जिसने आर्ष रामायण में समुद्र का रूप प्राप्त कर लिया है) के अत्यन्त निकट कोई अन्य जल-राशि थी जो जल-डमरु-मध्य द्वारा मुख्य जलाशय से संबन्धित थी। इसका ही उपयोग राम—सेना ने सन्तरण के लिये किया; संभवतः बेड़ों से लंका पहुंची।*

---

* આ સંદર્ભમાં સંસ્કૃત नालि, તથા ગુજરાતી નાળી અને નેળ જેવા શબ્દો વિચારણીય છે.

આ ઉપપત્તિનું નિરાકરણ આમ છે. હનુમાન્ જ્યારે તરીને લંકા પહોંચ્યા ત્યારે એમની સામે ત્રિકૂટપર્વત પડેલો હતો જેના પર લંકાપુરી વસી હતી. પણ રામનું સૈન્ય જ્યારે લંકા પહોંચે છે ત્યારે એ સુવેલપર્વત પર સ્થિત હોય છે જે કહીં આડમાં પડવાથી રાક્ષસોને રામની ચઢાઈની ખબર ત્યારે જ પડે છે જ્યારે રામ લંકાને ઘેરી લે છે. આથી સ્પષ્ટ છે કે સુવેલપર્વત લંકાની પછવાડે હતો જ્યાંથી રામને નલ-સેતુ દ્વારા રાક્ષસોને ખબર પડ્યા વિના લંકા પહોંચી જવાનો સુંદર મોકો મળી ગયો.

" किन्तु इस विषय में हम अधिक ऊहापोह क्यों करें जब सौभाग्यवश, निम्नांकित वचन स्वयं वाल्मीकीय रामायण के बालकाण्ड-गत रामायण-अनुक्रमणी-सर्ग में प्राप्त है—

समुद्रागमनं चैव नलसेतोश्च दर्शनम् ॥ बाल. ३.२४

यह वचन निर्विवाद कर देता है कि जब राम समुद्र तट पर आया तो उसे नलसेतु दिखाई दिया। अर्थात् वह पहले से वहाँ विद्यमान था, न कि नल ने उसका निर्माण किया।

આ પાઠ ફક્ત બે પ્રાચીન પ્રતિઓમાં સુરક્ષિત છે જેમાંથી એક ૧૫૯૪ ઈ. સ.માં લખેલી છે જે પશ્ચિમી વાચનાની છે, બીજી ચારસો વર્ષ જૂની ઉત્તરી વાચનાની છે. પણ બે જ પ્રતિઓમાં મળવાથી આ પાઠ ખોટો ઠરતો નથી. ઘણી વખત આવું બને છે કે અર્થહીન કે ખોટો લાગતો પાઠ લહિયા કે કથાકારો સુધારે પણ કોઈક પોથીઓમાં જળવાઈ રહેલો એવો પાઠ જ ખરો હોય.

ઉપર જણાવેલાં શ્રી રાયકૃષ્ણદાસજીનાં રામવનવાસની ભૂગોળવિષયક મન્તવ્યો સહૃદયતાપૂર્વક વિચારણા માગી લે છે એટલું જ નહિ પણ જુદાં જુદાં સ્થાનોની ભૌગોલિક સ્થિતિ બાબત આખરી નિર્ણય કરવામાં મદદરૂપ થઈ પડે તેમ છે. આ પ્રદેશમાં જ સાલવૃક્ષો પ્રચુર પ્રમાણમાં છે એ પણ શ્રી રાયકૃષ્ણદાસજી તેમ જ અન્ય લેખકોનાધ્યાન બહાર નથી રહ્યું.

પાઠાન્તરો ભેગા કરી સમીક્ષિત આવૃત્તિ બનાવવાથી કેટલો બધો લાભ થાય છે તેની ખાત્રી આ જાતની ચર્ચા વાંચવાથી થશે, અને આ રામાયણની સમીક્ષિત આવૃત્તિ જે વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિર (ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ)માં તૈયાર થાય છે તેનાથી રામાયણ અને રામકથાની મૂળ સ્થિતિ તથા વસ્તુ સમજવામાં ઘણી મદદ મળે છે તે પણ સમજાશે. આ બાબતમાં અન્ય ઉદાહરણ આપી શકાય. રામાયણની સમીક્ષિત આવૃત્તિ જોતાં સમજાશે કે સીતાના અગ્નિપ્રવેશની વાત મૂળ રામકથામાં નહોતી એમાં પાછળથી ક્રમશઃ ઉમેરો થયો છે.

રામાયણની જુદી જુદી આવૃત્તિઓ અંગેનાં શ્રી રાયકૃષ્ણદાસજીના મન્તવ્યો તેમ જ અન્ય વિદ્વાનોનાં મન્તવ્યોની ચર્ચા ભવિષ્યમાં જુદા લેખદ્વારા જ કરવી ઠીક રહેશે. પણ અહીં પ્રસ્તુત રામવનવાસની ભૂગોળ અંગે થોડી વધુ ચર્ચા કરીશું.

એક વાત સ્પષ્ટ છે કે કિષ્કિન્ધાને મ્હૈસુર રાજ્યમાં ગણવાનું યોગ્ય નથી. પુરાણોના ભુવન-વિન્યાસનો ઉલ્લેખ શ્રી રાયકૃષ્ણદાસજીએ કર્યો છે. બધાં મુખ્ય પુરાણોની આ ભૂગોળ, જુદાં જુદાં પાઠાન્તરો સાથે, ડૉ. દિનેશચંદ્ર સરકારનું ૧૯૭૧માં પસિદ્ધ થયેલું પુસ્તક–સ્ટડીઝ ઇન ધ જ્યૉગ્રૉફી ઑફ એનશિઅન્ટ ઍન્ડ મીડીવલ ઇન્ડિયાના પ્રકરણ ૩માં, જોવાથી સુગમ થશે. એમાં વિન્ધ્ય-પૃષ્ટના જનપદોનું વર્ણન આમ છે—

मलदाश्च कारूषाश्च मेकलाश्चोत्कलैः सह ।
उत्तमर्णा (का ?) दशार्णाश्च भोजाः **किष्किन्धकै** सह ॥
तोशला कोशलाश्चैव त्रैपुरा वैदिशास्तथा ।
तुमुरास्तुम्बराश्चैव पटवो निषधैः सह ॥
अनूपास्तुण्डिकेराश्च वीतिहोत्रा अवन्तयः ।
एते जनपदाः सर्वे विन्ध्यपृष्ठनिवासिनः ॥

ડૉ. સરકાર ભોજ જનપદને મૂળ વરાડમાં હોવાનું ગણે છે. ભોજોએ પછીથી ગોવા તરફ રાજ્ય સ્થાપ્યું. એઓ લખે છે— [1]

"The Kiṣkindhakas may be the people of Kiṣkindha identified with modern Kalyanpur in the south of the Udaipur divison, Rajasthan, and not the well-known Kiṣkindha in Mysore state.[2]

હવે નાસિક પાસે પંચવટીની વાત વિચારવા જેવી છે. ગોદાવરીના ઉલ્લેખ પરથી નાસિક પાસે પંચવટીની માન્યતા ઊભી થઈ લાગે છે એ બાબતનું એક વિધાન તો આપણે આગળ જોઈ ગયા. હવે પુરાણોના ભુવનવિન્યાસની મદદ લઈ જોઈએ. આ પંચવટી દંડકારણ્યમાં હતી પણ દંડકની સીમા કઈ? એ કયાં હતું ? નાસિકના લોકો દંડકના જનપદો ગણાતા હતા ? એ જ પુરાણોના ભુવન-વિન્યાસમાં[3] અપરાન્તના લોકોની નોંધ જોતાં વાયુ, બ્રહ્માંડ, માર્કંડેય વગેરે પુરાણો લગભગ એકમતે નાસિકના લોકોને અપરાન્તમાં (પશ્ચાદ્ દેશ, પશ્ચિમી ભારતમાં) ગણાવે છેઃ—

शूर्पारकाः कोलवना दुर्गास्तालीकहैः सह ।
पुलेयाश्च सुरा (मुर ?) लाश्च रूपसास्तामहैः सह ॥
तथा तुरमिनश्चैव (तुम्बवनाश्चैव ?) सर्वे चैव कारस्कराः ।
**नासिक्याद्याश्च** ये चान्ये ये चैवोत्तरनर्मदाः ॥
भारुकच्छाः समाहेयाः सह सारस्वतैरपि ।
कच्छीयाश्च सुराष्ट्रश्च आनर्ताश्चार्बुदैः सह ॥
इत्येते अपरान्ताश्च श्रृणुध्वं विन्ध्यवासिनः ॥

બીજી બાજુ આ જ ભુવન-વિન્યાસમાં દંડકને દક્ષિણાપથમાં ગણાવ્યા છે. [4] તેમાં વિદર્ભો સાથે દંડકોનો ઉલ્લેખ કર્યો છે.—

1. Studies in the Geography of Ancient and Mediaeval India, પૃ. ૪૩

૨ ઉદેપુર જિલ્લાના આ કિષ્કિંધા અંગે વધુ માટે જુઓ, દિનેશચંદ્ર સરકાર કૃત, 'ધ ગુહિલોત્સ ઑફ કિષ્કિંધા', પૃ. ૩૪.

૩ જુઓ, સરકાર કૃત 'સ્ટડીઝ ઇન એનશિઅન્ટ ઍન્ડ મીડીવલ જ્યોગ્રોફી, પૃ. ૪૦-૪૨.

૪ જુઓ, એ જ, પૃ. ૩૮-૪૦.

अथापरे जनपदा दक्षिणापथवासिनः ।
पाण्डयाश्च केरलाश्चैव चोलाः कुल्यास्तथैव च ॥
सेतुका मुषिकाश्चैव कुमारा वनवासकाः ।
महाराष्ट्रा माहिषकाः कलिङ्गाश्चैव सर्व्वशः ॥
कावेराः सह चैषीका आटव्याः शबराश्च ये ॥
पुलिन्दा विन्ध्यमूलीका (या) विदर्भा दण्डकैः सह ।
पौरिका मौलिका (मौलका) श्चैव अश्मका भोगवर्द्धनाः ।
नै (ऋ) षिकाः कुन्तला अन्ध्रा उद्भिदा नलकालिकाः ।
दाक्षिणात्याश्च वैदेशा अपरान्तान् निबोधत ॥

આમ ઠેઠ દક્ષિણ ભારતમાં ચોલ, પાંડ્ય આદિથી શરૂ કરી આ યાદીમાં વૈદર્ભો સાથે દંડકોને ગણાવ્યા છે. ઋષિકો એ ઋષ્યવાન્ પર્વતવાસી હશે ? એ તો સ્પષ્ટ છે કે દંડકવાસીઓ નાસિકયોથી જુદા છે. તો પંચવટીને નાસિક પાસે ગણી શકાય ?

ઉત્તરકાંડનો ઘણો ભાગ મૂળ રામાયણમાં નહિ હોય, વાલ્મીકિએ પાછળથી ઉત્તરકાંડ રચ્યો એમ કહેવાયું છે. મૂળ રામાયણ રાવણવધ અને રામરાજ્યાભિષેકથી પૂરું થતું. રામનું ઉત્તરચરિત તે ઉત્તરકાંડનું મૂળ વસ્તુ, એ મૂળ વાલ્મીકિએ જ રચ્યું કે ઉત્તરકાંડ પાછળથી અમુક સમય પછી કોઈકે ઉમેર્યો તે નક્કી નથી. પણ એટલું તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે ભાષા વગેરેની દૃષ્ટિએ પણ ઉત્તરકાંડ પાછળની કૃતિ છે. એ ઉત્તરકાંડનો વિકાસ પણ ક્રમશઃ થયો લાગે છે. એનો વિસ્તાર ઉપાખ્યાનો આદિ જોડી મોટો કરવામાં આવ્યો છે. આવું એક ઉપાખ્યાન દંડ રાજાનું છે. ઇક્ષ્વાકુના એકસો પુત્રોમાં છેલ્લો એવો દંડ મંદ બુદ્ધિ હતો, એટલે એના પિતાએ રાજ્યની વહેંચણી કરતી વખતે વિન્ધ્ય અને શૈવલપર્વત વચ્ચેનો પ્રદેશ આ દંડને આપ્યો. તેણે પર્વત ઉપર મધુમન્ત નામની રાજધાની બનાવી ઉશનસ્‌ને પોતાના રાજપુરોહિત—કુલગુરુ સ્વીકારી રાજ કર્યું. પણ ઉશનસ્ ઋષિની અરજા નામની કન્યા પર મોહિત થઈ આ દંડે બળાત્કાર ગુજાર્યો તેથી બ્રહ્મવાદી ઋષિએ શાપ આપ્યો અને સાત દિવસમાં આખું રાજ્ય ભસ્મીભૂત થઈ ત્યાં આ જંગલ થયું જે દંડકારણ્ય નામથી ઓળખાય છે.

દંડકારણ્ય નામની ઉત્પતિ સૂચવતી આ કથા પાછળથી ઉમેરાઈ હોય તે સંભવે છે છતાં એ વાત તો સ્પષ્ટ છે કે આ વિભાગ કોશલાધિપતિ ઇક્ષ્વાકુના રાજ્યમાં હોવાથી કોસલથી ઘણે દૂર નહિ હોય અને ને વિન્ધ્ય અને શૈવલ પર્વત વચ્ચે હતો. શૈવલ પર્વત કયો ?

तस्याऽसौ दण्डविषयो विन्ध्यशैवलयोर्नृपः ॥ १८
शप्तो ब्रह्मर्षिणा तेन वैधर्म्ये सहिते कृते ।
ततः प्रभृति काकुत्स्थ दण्डकारण्यमुच्यते ॥ १९

રામાયણ, ઉત્તરકાંડ, ૮૧.૧૮-૧૯

આ વિષયમાં ઘણા વિદ્વાનોએ ચર્ચા કરી છે. તેમાં ખાસ કરીને પરમશિવ આયરે જે તે સ્થળ બાબત જે મન્તવ્ય રજૂ કર્યાં છે તે ભવિષ્યમાં અન્ય લેખદ્વારા રજૂ કરવા ધાર્યું છે. અહીં

ફક્ત એટલું જણાવવું બસ થશે કે શ્રી પરમશિવ આયરના મતે લંકા અમરકંટકના મુખ્ય પહાડ પર નહિ પણ એની બાજુમાં જ કંઈક નાના ઇન્દ્રાણુા ડુંગર પર હતી.

ગોદા અને ગોદારિ = નદી બાબત આપણે ઉપર જોઈ ગયા. આ અર્થમાં આ શબ્દો મધ્યપ્રદેશની કોઈક બોલીમાં વપરાતા હશે એ બાબત આપણે શંકા નથી કરતા પણ એટલું તો ચોક્કસ કે રામાયણમાં એ શબ્દ કોઈ નદીના નામ તરીકે વપરાયો હોય એ માનવું જ વધારે તર્ક-સંગત છે. કેમ કે તમસા વગેરે નદીઓનાં નામ વાપરવામાં આવ્યાં છે. જો આવું જ વધારે શકય હોય તો ગોદા સરિત્ ગોદાવરી નામની કોઈ અન્ય નદી હતી અથવા છે કે કેમ તે જોવું જોઈએ. એ શકય છે કે રામાયણ લખાયું ત્યારે અમુક પ્રકારની બેફાંટે વહેતી નદી કે કોઈ નદી જેને તત્કાલીન જાતિ ગોદા કહેતી તે નાની નદીનું નામ આજે લુપ્ત થયું હોય અથવા તેવી કોઈ નદીનું નામ આજે પણ ગોદા ચાલુ હોય. દાખલાતરીકે, મોંગોલ અથવા કિરાત ભાષામાં ગંગા જેવો શબ્દ સામાન્ય નામ, નદીવાચક હતો તે હાલની ગંગાના વિશેષ નામ તરીકે રૂઢ થયો. એટલે આ બધી શકયતાઓ ઊભી થાય છે.

પણ એનું એક સમાધાન કેટલાંક વર્ષો ઉપર સદ્ગત વિદ્વાન રાયબહાદુર ડૉ. હીરાલાલજીએ શોધ્યું હતું તે ઝા કોમેમોરેશન વૉલ્યુમ (પૂના, ૧૯૩૭)માં પૃ. ૧૫૧-૧૬૧ પર પ્રસિદ્ધ થયેલા તેમના એક લેખ "ધી સીચ્યુએશન ઑફ રાવણ્ઝ્ લંકા"માં રજૂ થયેલું છે. એમણે પણ પુરાણોના ભુવન-કોશવાળા શ્લોકોના આધાર લઈ કિષ્કિંધા અને મેકલ પર્વતમાળનો સંબંધ જોડયો છે. તેઓ કિષ્કિંધાને બિલાસપુર જિલ્લા, મધ્ય પ્રદેશમાં હોવાનું કહે છે અને ગોંડ જાતિને રાવણ અને તેના રાક્ષસો સાથે જોડી ગોંડ લોકો રાવણ-વંશી હોવાની પરંપરા રજૂ કરે છે. તેઓ લંકાને અમરકંટક પર હોવાનું ગણે છે. તેઓ કહે છે કે ચિત્રકૂટની દક્ષિણે દંડકારણ્ય હતું. એમાં દાખલ થઈ રામ જુદા જુદા ઋષિના આશ્રમોમાં જતા જતા સુતીક્ષ્ણના આશ્રમે પહોંચ્યા. પાંચ કે છ યોજન દૂર અગત્સ્યનો આશ્રમ હતો. તેનાથી બે યોજન દૂર ગોદાવરી કાંઠે પંચવટી હતી. રામાયણમાં આપેલાં બધાં અન્તરો પરથી તેઓ તારવે છે કે ચિત્રકૂટથી લગભગ ૩૦ માઇલ દૂર સુતીક્ષ્ણનો આશ્રમ હતો અને આ આશ્રમથી આગળ લગભગ ૪૮ માઇલ દૂર પંચવટી હતી. પંચવટીથી લગભગ ૧૮ માઈલ દૂર કિંષ્કિધા હતી. આમ એમના મતે ચિત્રકૂટ અને કિષ્કિંધા વચ્ચે સોએક માઈલથીવધુ અન્તર નહોતું.

એઓ લખે છે કે ખરી અડચણ એ આવતી હતી કે પંચવટી ગોદાવરી પર હોવાનું રામાયણ કહે છે. એટલે કેટલાક નાસિક પાસે ગણવા લાગ્યા, કેટલાકે બસ્તર (Bastar) રિયાસતમાં પર્ણશાલા નામનું સ્થળ જે ગોદાવરી કાંઠે છે ત્યાં ગણી. પણ આ બધુ બિનજરૂરી છે, કેમ કે ચિત્રકૂટથી અગિયાર માઇલ દૂર એક ગોદાવરી નદી છે જે હાલ જેમ સરસ્વતી રાજસ્થાનમાં લુપ્ત થાય છે તેમ એક કૂપમાં લુપ્ત થાય છે. પાંચ વડની વૃક્ષરાજિ પાસે પંચવટીમાં જ્યાં રામે પોતાની પર્ણશાલા બાંધી હતી ત્યાંથી આ નદી એક વખત વહેતી હશે. પછી કાલક્રમે એક મોટા ધરા અથવા કૂપમાં વહેણ બદલી લુપ્ત થઈ. આજે એને ગુપ્ત ગોદાવરી કહે છે. નાસિક કે બસ્તર જિલ્લાની પર્ણશાલા તો અગસ્ત્યના આશ્રમથી લગભગ ૪૦૦ માઈલ દૂર છે જ્યારે રામની પંચવટી તો અગસ્ત્યના આશ્રમથી દસેક માઈલના અન્તરે હતી.

શ્રી. રાયકૃષ્ણદાસજીએ જણાવ્યું છે કે વાલ્મીકિના હિસાબે એક યોજન=આઠ માઈલનું અન્તર હતું તે ઠીક નથી. ભરદ્વાજે ભરતને કહેલું કે એમના આશ્રમથી ચિત્રકૂટ સાડા ત્રણ યોજન છે અને રામને કહેલું કે દશ ક્રોશ દૂર છે એટલે દશક્રોશ=વીસમાઈલ=સાડા ત્રણ યોજન.

આમ એક યોજન બરાબર આશરે સાડા પાંચથી ૭ માઈલ ગણાય. પણ શ્રી રાયકૃષ્ણ-દાસજીએ તેમના લખાણમાં, ભરદ્વાજે ભરતને સાડા ત્રણ યોજનનું અંતર કહેલું તેને બદલે, ભૂલમાં અઢી યોજન ગણી લીધું છે. એટલે આ રીતે ઉપર પૃ. ૯ ઉપર જે સુતીક્ષ્ણ આશ્રમથી પંચવટી સુધીના ૭ યોજન=૫૬ માઈલની ગણત્રી એમણે આપી છે તે બરાબર નથી પણ એને બદલે લગભગ ૪૨ માઈલ ગણવા જોઈએ એ હિસાબે પંચવટી તથા સુતીક્ષ્ણ આશ્રમ કયાં આવે તે નકશામાં ફરીથી બરાબર ગણી ચોક્કસ કરવું જોઈએ. આ માટે સર્વેના નકશાની જ મદદ લઈ શકાય.

× × ×

રામાયણનો પ્રચાર ગુપ્તયુગમાં ઠીક ઠીક હતો અને કાલિદાસના રઘુવંશમાં આપેલી હકીકતો જોતાં ઉત્તરકાંડ પણ કોઈક સ્વરૂપે કાલિદાસના સમયમાં હતો જ. તત્કાલીન ભારતીય કલામાં પણ રામકથાના વિશિષ્ટ પ્રસંગો, ચિત્ર કે શિલ્પમાં, રજૂ થતાં. મધ્યપ્રદેશમાં ઝાંસી-લલિતપુર પાસે દેવગઢના સુપ્રસિદ્ધ ગુપ્તકાલીન દશાવતાર મંદિરના અવશેષોમાંથી અહલ્યોદ્ધાર, શૂર્પણખાનો પ્રસંગ વગેરેની કોતરેલી તક્તીઓ મળી છે. આ જ રીતે એ જ યુગની રામકથાના કેટલાક શિલ્પો મધ્યપ્રદેશમાં નાચનામાંથી પણ મળ્યા છે. આ લેખના વાચકોના રસ માટે આ લેખ સાથે રાવણ ભિક્ષા માગવા આવે છે તે પ્રસંગનું નાચનામાં મળેલું શિલ્પ ચિત્ર ૧ રૂપે રજૂ કર્યું છે. ચિત્ર ૩ માં મધ્યપ્રદેશમાં બનેહાટમાંથી મળેલી માટીકામની તકતી રજૂ કરી છે તેમાં એક વૃક્ષ( જે અશોક વાટિકાનું પ્રતીક છે )ની પાસે વિચારમગ્ન સીતાજી બેઠેલાં છે. ચિત્ર ૨ તરીકે રજૂ કરેલી માટી-કામની એક કલાકૃતિ, જે કોસમ( અલાહાબાદ પાસેની પ્રાચીન કૌસાંબી નગરી )માંથી મળેલી તે, શુંગકાલીન ઈ. સ. પૂર્વે બીજા કે પહેલા સૈકાની છે. કેટલાક તેને ઈ. સ.ની પહેલી સદીની પણ ગણાવે છે પણ તેથી અર્વાચીન તો નથી જ. આમાં એક ભીષણ-ક્રુદ્ધ મુખમુદ્રાવાળો પુરુષ એક સ્ત્રીને બળજબરીથી ઉપાડીને લઈ જતો બતાવ્યો છે. આ સીતાને હરી જતો રાવણ હોઈ શકે. રાવણને કેટલુંક અંતર પગપાળા કાપવું પડેલુ તે વાત રામાયણમાંથી પણ ફલિત થાય છે. કેટલુંક અંતર ગર્દભ જોડેલા રથ કે ગાડામાં કાપેલું. આકાશમાર્ગે રથ ઊડયાની વાત ચમત્કારયુક્ત હોઈ પાછળનો ઉમેરો લાગે છે. કેટલાકના મતે કોઈ સ્ત્રીને ઉપાડી જતા યક્ષની આ આકૃતિ છે. પણ કૌશાંબી જેવા પ્રાચીન સ્થળમાંથી રામકથાના પ્રસંગનું આવું શિલ્પ મળવું એ શકય અને સંભવિત છે. *

---

* આ ચિત્ર ૧ તથા ચિત્ર ૩ માટે આરકયૉલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિઆનો આભારી છું. ચિત્ર ૨ કૉપીરાઇટ અલાહબાદ મ્યુઝિઅમ છે. એ ચિત્ર માટે અલાહાબાદ મ્યુઝિઅમનો આભારી છું.

આ લેખ સાથે આપેલા નકશા સંપૂર્ણ માપસર નથી પણ ભૌગોલિક સ્થિતિના સૂચક છે. એ નકશાઓ શ્રી રાયકૃષ્ણદાસજીના લેખોમાંથી ઉતારી સ્થળ નામ દેવનાગરીને બદલે ગુજરાતી લિપિમાં આપ્યા છે. આ નકશા માટે શ્રી રાયકૃષ્ણદાસજીનો ઋણી છું.

# તિરુરામેશ્વરમ્

**મધુસૂદન ઢાંકી**

વારાણસી સ્થિત The American Academy of Benaras (હવે American Institute of Indian Studies)માં મારા હસ્તક થઈ રહેલા દેવાલય સ્થાપત્ય શબ્દકોશની પૂર્વતૈયારીના સિલસિલામાં તસ્વીરકાર શ્રી દયાશરણ અને રેખાકાર શ્રી ગંગાધર તેલંગની સાથે તામિળનાડુનાં દેવમન્દિરોની નિરીક્ષા અર્થે બીજી વારના પ્રવાસે નીકળ્યો હતો; તેમાં નાગપટ્ટીનમથી પાછા વળતાં મનારગુડી બાદ કુમ્ભકોણમ્ જવાનો રસ્તો ભૂલ્યા અને જુદી જ દિશામાં ચઢી ગયા. બપોર થવા લાગી હતી અને ક્યાં જવું તેની સૂઝ પડતી નહોતી. ત્યાં ઉત્તર તરફ જતાં, પૂર્વ બાજુએ કોશેક દૂર નાળિયેરીના ગીચ ઝુંડ વચ્ચે એક ગોપુરનું સ્તૂપિઓથી આભૂષિત શિખર ડોકિયાં કરતું દીઠું. અદ્યાપિ અજ્ઞાત એવું કોઈક મંદિર જોવા મળશે તેવી કંઈક આશાએ અને ખાનપાનની વ્યવસ્થા કરવા ગાડી તે બાજુએ જતા ગાડા રસ્તા ઉપર હંકારી. રસ્તો ભારે અટપટો નીકળ્યો અને પહોંચતાં પહોંચતાં કલાક થઈ ગયો. ત્યાં પહોંચ્યા પછી નવીન મળવાની આશા સાવ વ્યર્થ ન ગઈ; ધક્કો અમુક અંશે લેખે લાગ્યો.

ગોપુરે પહોંચી ગામનું અને શિવાલયનું નામ પૂછ્યું તો જવાબ મળ્યો : 'તિરુરામેશ્વરમ્' (ચિત્ર ક્રમાંક ૧). આ રામેશ્વર તે ભારતપ્રસિદ્ધ સેતુબન્ધ-રામેશ્વરથી જુદું સમજવાનું છે; પ્રમાણમાં ઘણું જ નાનું, પણ પ્રાચીન અલબત્ત ખરું, ગોપુરમાંથી અંદર પ્રવેશતાં પાછોતરા કાળે ઉમેરાયેલા બે અંધારિયા મણ્ડપો વટાવી છેક અંદર જતાં પુરાણું 'વિમાન' (નિજમન્દિર) અને 'અર્ધમણ્ડપ' જોવા મળ્યાં. મન્દિરના આ અસલ ભાગની શૈલી દશમા શતકના ઉત્તરાર્ધની લાગી. પછીથી મ્હૈસુરમાં દ્રાવિડી શાખાના અગ્રણી અભિલેખશાસ્ત્રી મિત્રવર્ય શ્રી કૃષ્ણન્ સાથે વાતચીત થતાં તેમણે સમયાંકન વિષેનો મારો તર્ક ખરો ઠરાવતાં જણાવેલું કે દેવાલયના 'અધિષ્ઠાન' (બેસણી, પીઠ) અને 'પાદ' (મંડોરો, દિવાલ) પરના મિતિ વિનાના પણ લિપિપરીક્ષણથી સૌથી પુરાણા જણાતા લેખ પરથી મન્દિર રાજા 'ઉત્તમ ચોળ'ના સમય (ઈ. સ. ૯૭૩-૯૮૫) પછીનું નથી જ. પણ ત્યાં સુન્દરચોળનો ૧૭મા વર્ષનો દાનલેખ (A R 138 of 1917) પણ મંદિરની ઉત્તરની ભીંત પર કોરેલો છે, જેથી મંદિર ઈ.સ. ૯૭૩માં અસ્તિત્વમાં હતું એવો નિર્ણય તો થઈ જાય છે જ. પ્રસ્તુત લેખમાં તિરુરામેશ્વરને 'મદનમઞ્જરીચતુર્વેદીમઙ્ગલમ્'માં આવેલું હોવાનું કહ્યું છે.[૧] દેવાલયની સ્થાપત્ય-મૂર્તિવિષયક વિગતો હું જાણું છું ત્યાં સુધી અપ્રકાશિત છે.[૨]

---

૧ માહિતી માટે શ્રી કે. જી. કૃષ્ણનનો આભારી છું.

૨ Douglas Barrett અને શ્રી એસ. આર. બાલસુબ્રહ્મણ્યમ્, કે જેઓ છેલ્લા દશકામાં તમિળનાડુનાં મન્દિરો વિષે વધુમાં વધુ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્વાન છે તેમના લેખોમાં પણ આ મન્દિર વિષેનો કોઈ ઉલ્લેખ જોવા મળ્યો નથી.



ચિત્ર ૧

તિરુરામેશ્વરમના રામલિંગ મન્દિરનું ગોપુર

( નીચેનો ભાગ ઈ. સ. ૯૭૨ આસપાસ; ઉપરનો ભાગ આશરે વિજયનગર યુગ )



ચિત્ર ૨

વિનાયક, અર્ધમંડપ, દક્ષિણ ભીંત રામલિંગેશ્વર, તિરુરામેશ્વરમ (આશરે ઈ. સ. ૯૭૨)

મૂલપ્રાસાદ-વિમાનનો તળવ્યાસ સાડાસોળ ફીટ છે. વિમાનનું 'અધિષ્ઠાન' (પીઠ : જુઓ રેખાંકન) **સુપ્રભેદાગમ**માં કહેલ **સુન્દરરાજ** જાતિની નજીકનું છે અને 'પાદ' (મંડોરો)માં આંતરે આંતરે 'બ્રહ્મકાન્ત' (ચતુરસ્ર) જાતિના કુડ્યસ્તમ્ભો (ભિત્તિસ્તમ્ભો) કાઢેલા છે. ભદ્રની ગુહાઓમાં અનુક્રમે ઉત્તરે બ્રહ્મા, પૂર્વે (ખાલી),[3] અને દક્ષિણે દક્ષિણામૂર્તિની પ્રથમાવરણની, દ્રાવિડી પરમ્પરાના શિવાલયમાં હોવી જોઈએ તે ક્રમાનુસારની, પ્રતિમાઓ સ્થિત થયેલી છે. ભીંત ઉપર 'પ્રસ્તર' (છાદ્યાદિ)ની નીચે 'ભૂતમાલા' અને મથાળે 'વ્યાલ-માલા' કાઢેલી છે. તે ઉપરનો ભાગ—શિખરાદિ—પાછલા કાળનો છે.

અર્ધમંડપનાં 'અધિષ્ઠાન' અને 'કુડ્ય' મૂળ વિમાનના તદ્દભાગો મુજબ જ કરેલાં છે. તેમાં ઓતરાદી ભિત્તિના 'દેવકોષ્ઠો' (ગોખલાઓ)માં ડાબી બાજુએ ભિક્ષાટન શિવ, વચ્ચે મહિષાનન પર સ્થિત દુર્ગા, અને જમણી બાજુએ અર્ધનારીશ્વરની મૂર્તિઓ છે. ઊલટ પક્ષે દક્ષિણવાળી ભીંતમાં ગણેશ (ચિત્ર ક્રમાંક ૨), વચ્ચે નટેશ અને ત્યારબાદ મુનિ અગસ્ત્યની (ચિત્ર ક્રમાંક ૩—જુઓ આ અંકના પાછલા પૂંઠા ઉપરનું ચિત્ર) પ્રતિમાઓ મૂકેલી છે. આ બધી જ મૂર્તિઓ મૌલિક અને એથી મંદિરની સમકાલીન છે. આ પ્રતિમાઓની, તેમ જ બ્રહ્મકાન્ત સ્તમ્ભો પરની કંડારિત ચિત્રણાની કલાકક્ષા આગળના સમયના—ચોળરાજ રાજકેસરીવર્મન્ 'આદિત્ય પ્રથમ' (ઈ. સ. ૮૭૧-૯૦૭) અને તેના પુત્ર મદુરાઈકોણ્ડ 'પરાન્તક પરમકેસરીવર્મન્' (ઈ. સ.૯૦૭-૯૪૫)ના કાળની કલાને મુકાબલે ઊતરતી કોટીની ગણાય.[4] પણ આ મન્દિરનું મહત્ત્વ તો એટલા માટે છે કે અર્ધમંડપની ભીંતમાં ભદ્રભાગના દેવકોષ્ઠ અતિરિક્ત આજુબાજુમાં પણ એક એક દેવકોષ્ઠની નિયોજના બતાવતું અને તેમાં સાર્વત્રિક થતી ઉત્તરે દુર્ગા અને દક્ષિણે ગણેશની મૂર્તિઓ ઉપરાંત નટેશ, ભિક્ષાટન, અર્ધનારીશ્વર અને અગસ્ત્ય મુનિ આદિની પ્રતિમાઓ ધરાવતું આ કદાચ સૌ પુરાણું દૃષ્ટાન્ત કે જૂનામાં જૂનાં ઉદાહરણો-માંહેનું છે. રાજા ઉત્તમ ચોળની માતા અને 'પરાન્તક પ્રથમ'ના અનુગામી રાજા ગણ્ડરાદિત્યની ધર્મિષ્ઠ રાણી (પછીથી રાજમાતા) શેમ્બિયન મહાદેવીએ ઈ. સ. ૯૭૦-૧૦૦૧ વચ્ચે બંધાવેલ સંખ્યાબંધ દેવાલયોમાં આવા પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે.[5] પણ રામેશ્વરમ્નું આ મંદિર શેમ્બિયન મહાદેવીનાં જાણીતાં મન્દિરોમાં સૌથી પુરાણા કોનેરિરાજપુરમ્ના ઉમામહેશ્વરના ઈ. સ. ૯૬૯ અને ૯૭૨ વચ્ચેના સમયમાં ક્યારેક બંધાયેલા દેવભવનની લગોલગનું હોઈ, ચોળ શિલ્પ સ્થાપત્યના વચલા તબક્કા તરફના સંક્રાન્તિકાળનું હોઈ, મહત્ત્વપૂર્ણ બની રહે છે.

દેવાલયને ફરતો પ્રાકાર છે. પ્રાકારમાં માળામાં પરોવેલ મણિપદક શું ગોપુર પશ્ચિમ બાજુએ 'સાલ' વચ્ચોવચ્ચ આવેલું છે (ચિત્ર. ૩). આ પઞ્ચતલ ગોપુરનો તળભાગ તો મન્દિર

---

૩ સામાન્ય રીતે પરાન્તકના સમયથી તદ્દેવકોષ્ઠમાં લિંગોદ્ભવ મૂર્તિ મૂકવાની પ્રથા હતી.

૪ ઈ. સ. ૮૮૦ થી ૯૫૦ સુધીનો ગાળો ચોળ કલાનો સુવર્ણયુગ હતો. તિરુરામેશ્વરની અગસ્ત્ય અને ગણેશની પ્રતિમાઓમાં પેટ કંઈક બેડોળ રીતે લાંબાં અને તેની લચક અનાકર્ષક રેખામાં પરિણમતી કરી છે.

૫ જુઓ Douglas Barrett, *Early Chola Bronzes*, Bombay, 1965, pp. 14-17.

જેટલો પુરાણો ભાસે છે, પણ ઉપરના ઈંટેરી મજલાઓ વિજયનગરયુગના છે. ગોપુરની સમગ્ર આકૃતિ સુડોળ અને સ્વસ્થ જણાય છે.

આ મન્દિરમાં કેટલીક કાંસ્ય-પ્રતિમાઓ પણ છે; જેમાં સૌથી પ્રાચીન, અને કલાની દૃષ્ટિએ ઉત્તમ કહી શકાય તેવી તો એક જ,—માણિક્કવાચ્ચકરની—છે; જે અહીં ચિત્ર ૪ (જુઓ આ અંકના ટાઈટલ પેજ પરનું ચિત્ર) રૂપે રજૂ કરી છે. શૈવ સન્ત માણિક્કવાચ્ચકર, મદુરાપતિ પાણ્ડિરાજ મારણ્ન્ જડૈયણ્ન્ 'વરગુણવર્મન્ દ્વિતીય'ના ગુરુ હતા; એમનો કાળ નવમા શતકના ઉત્તરાર્ધથી લઈ દશમા શતકના પ્રારંભના ગાળાનો અંદાજવામાં આવ્યો છે. ત્રેંસઠ નાયનમાર શૈવ સન્તોની પાષાણી તેમ જ ધાતુમય પ્રતિમાઓ કરવાનો રિવાજ મધ્ય ચોળયુગથી આવ્યો, તે ઉપલક્ષમાં માણિક્કવાચ્ચકરની પ્રતિમાઓ પણ થવા લાગી. સમંદર અને સુન્દર મૂર્તિ સરખા અગ્રગણ્ય સન્તો સાથે માણિક્કવાચ્ચકરની પણ પછીથી ગણત્રી થઈ હોઈ, એમની ધાતુ-પ્રતિમાઓ ઠીક સંખ્યામાં મળી આવી છે, જેમાંની કોઈ કોઈ કલાની દૃષ્ટિએ ઉત્તમ કોટીની છે.

અહીં રજૂ કરેલી પ્રતિમા માણિક્કવાચ્ચકરની જ્ઞાત મૂર્તિઓમાં શ્રેષ્ઠ કહી શકાય તેવી છે. 'વેદીભદ્ર' જાતિની ઉપપીઠ માથે ગોઠવેલ પદ્માસન પર સ્થિર થયેલા ને સાધુને શોભે તેવા સૂત્રાલંકારથી આભૂષિત માણિક્કવાચ્ચકર વામ હસ્તમાં સ્વલિખિત ગ્રન્થ 'તિરુવાચક્કમ્'ને ધારણ કરી રહ્યા છે, અને દક્ષિણ પાણિથી વ્યાખ્યાનમુદ્રા પ્રગટ કરી રહ્યા છે. નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સંરક્ષિત માણિક્કવાચ્ચની કટિવસ્ત્રધારી કાંસુ પ્રતિમા[૬] કે શેમ્બિયન મહાદેવીએ નિર્માણ કરાવેલ તિરુમનન્જેરીના ઉદ્વાહનેશ્વર મન્દિરમાંની કોપીનધારી ધાતુમૂર્તિ[૭] સાથે સરખાવતાં એ સૌ વચ્ચે રહેલો અભિવ્યક્તિનો ભેદ દેખાઈ રહે છે. રાષ્ટ્રીય સંગ્રહાલય અને તિરુમનન્જેરીની પ્રતિમાઓમાં માણિક્કવાચ્ચકર કંઈક પ્રૌઢ રૂપે બતાવ્યા છે; જ્યારે અહીં બાલમૂર્તિ વિવક્ષિત ન હોવા છતાં સન્તના મૃદુ અને માંસલ શરીરમાં શૈશવ વ્યાપી રહેલું વરતાય છે. ખાસ કરીને મોટું જણાતું માથું તેવા આભાસને વિશેષ ઘેરો બનાવે છે. રાષ્ટ્રીય સંગ્રહાલયવાળી પ્રતિમાનું કામ સફાઈદાર, ધાતુમૂર્તિને ઘટે તેવી ઓપદાર અને ઉત્તમ હથોટી બતાવી રહે છે. તિરુમનન્જેરીની પ્રતિમામાં કલાત્મકતા કરતાં પ્રતિમાવૈધાનિક ચોકસાઈ રજૂ કરવા તરફનો ઝોક વિશેષ છતો થાય છે. તિરુરામેશ્વરમ્‌ની અહીં રજૂ કરી છે તે પ્રતિમામાં માણિક્કવાચ્ચકરને આધેડ અને ગાંભીર્યપૂર્ણ રૂપે ન રજૂ કરવા છતાં તેમાં (એકદમ વાસ્તવદર્શી બન્યા વગર) સજીવતાનું જેટલું સફળતાપૂર્વક આરોપણ કર્યું છે તેટલું પેલી બે પ્રતિમાઓમાં જોવા મળતું નથી. (પ્રતિમાના પગમાં અને ધડમાં ચેતનાનો સ્પર્શ એકદમ છતો થાય છે.) આવી જ એક પ્રાણવાન પ્રતિમા પેરુન્તોત્તમના પેરુમાળ મન્દિરની તિરુમંગઈ આળ્વારની ૧૧મી સદીના

---

૬ *Cf.* C. Sivaramamurti, *South Indian Bronzes*, New Delhi, 1963, fig. 57 b. The Bronze has been assigned to the 12th century.

૭ *Cf.* S. R. Balasubrahmanyam, *Early Chola Temples*, pt. 2, Faridabad, 1971, pl. 237.

અન્તભાગની અંદાજાયેલ પ્રતિમા જેવું સૌષ્ઠવ ધરાવે છે.[૮] ત્યાં આંખ અલબત્ત છેલ્લી કહી તે પ્રતિમા જેવી ન હોતાં તિરુમનનજેરીની પ્રતિમા જેવી જ છે. પણ અહીં આંખો લાંબેરી કરી છે જ્યારે તિરુરામેશ્વરમ્ તેમ જ તિરુમનન્જેરીવાળાં દૃષ્ટાન્તોમાં તે ઊંચેરી અને ઉંચકાતાં ભવાંવાળી કરી છે. બન્ને પ્રતિમાઓ કૌપીનધારી છે. બન્ને મન્દિરો શેમ્બિયન મહાદેવીના સમયનાં છે અને તિરુમનન્જેરી તો શેમ્બિયન મહાદેવીનું બંધાવેલું પણ છે. આ સિવાય પગના આકાર અને સ્થાનક શેમ્બિયન મહાદેવીના કાળની અન્યત્ર મળેલી કાંસ્ય પ્રતિમાઓ સાથે ઘણું સામ્ય ધરાવે છે. આ જોતાં આ પ્રતિમા મંદિર બંધાયા પછી થોડાં વર્ષમાં જ ઢળાઈ હોય તેવો અંદાજ અવાસ્તવિક નહીં મનાય; અને સાથે સાથે જ દક્ષિણ ભારતમાં મળી આવેલી ચોળયુગના મધ્ય તબક્કાની ઉત્તમ કાંસ્ય પ્રતિમાઓ માંહેની આ એક છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.




૮ *Cf.* Barret, Fig. 91.

**નોંધ :**—મંદિરના અધિષ્ઠાનનું રેખાંકન અને ચારે ચિત્રો The American Institute of Indian Studies, Varanasiના સૌજન્યથી પ્રકટ કર્યાં છે.

# નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ

જેઠાલાલ ત્રિવેદી

સને ૧૯૪૭માં પ્રગટ થયેલા 'ભાલણનાં પદ'ના સંપાદનમાં મેં (પરિશિષ્ટ તથા ઉપોદ્‌ઘાતમાં) નરસિંહને વૃદ્ધમાન્ય સમયમાંથી ચતરાવવાળી અગત્ય પર ભાર મૂક્યો હતો. ત્યારથી આ જ પર્યંત નરસિંહ મહેતાને સ્પર્શતું સાહિત્ય કે તદ્વિષયક ઉલ્લેખો જ્યાંથી મળે ત્યાંથી મેળવીને હું અવલોકતો રહ્યો છું. છેલ્લાં છસાત વર્ષથી રાજસ્થાનમાં પ્રચલિત નરસિંહ મહેતાનાં પદોનું મીરાંકૃત 'નરસીજી રો માહેરો'નું સંપાદન કરવાનું હાથ ધર્યું છે ત્યારથી એ અવલોકન વિશેષ સમૃદ્ધ અને રસપ્રદ બન્યું છે.[1]

ઉપર્યુક્ત અભ્યાસ અને અવલોકનના ફલ સ્વરૂપે નરસિંહ મહેતાના સમય અને કર્તૃત્વ વિષે મને નવીન અનેક આધારો અને માહિતી પ્રાપ્ત થયાં છે. તે વિષે ભવિષ્યમાં વિસ્તારથી લખવાની મારી ઇચ્છા છે. આ લેખમાં તો હું માત્ર નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદોનો પરિચય કરાવવા માગું છું. નરસિંહે વ્રજભાષામાં પદો રચ્યાં છે એનો કોઈને ખ્યાલ હોવાનું જણાતું નથી એટલે નરસિંહના તથા મધ્યકાલીન સાહિત્યના અભ્યાસીઓ માટે આ એક નવીન છતાં ઘણી ઉપયોગી સામગ્રી આ સ્વરૂપે પહેલી જ વાર રજૂ થાય છે એમ કહી શકાય.

ભાલણના 'દશમ સ્કંધ'માં વ્રજભાષાનાં થોડાંક પદ જોવા મળે છે. તે પદોના આધારે જાણીતા વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રી ભાલણ ઉપર વ્રજભાષાના અષ્ટછાપ કવિઓની અસર બતાવી ભાલણને અષ્ટછાપનો સમકાલીન મનાવવાની દલીલ કરે છે. (નરસૈં મહેતાનાં પદ, પ્રસ્તાવના પૃ. ૧૭). પણ નરસિંહ મહેતા ઉપર વ્રજભાષાની આવી અસર નહિ હોવાની બાબતમાં તેઓ નચિંત જણાય છે. તેથી નરસિંહ મહેતાના સમયની ચર્ચા કરતાં તેઓ દૃઢતાથી પૂછે છે: "ભાલણની અસર નરસિંહ મહેતા ઉપર કેમ નથી? **વ્રજભાષાની અસર પણ કેમ નથી?**" (નરસિંહ મહેતો એક અધ્યયન: પૃ. ૮૩).

હું ધારું છું કે નરસિંહ મહેતાનાં જે વ્રજભાષાનાં પદ અહીં યોગ્ય વિવેચન સાથે રજૂ થાય છે તે ઉપરથી શ્રી કે. કા. શાસ્ત્રીના ઉપરના પ્રશ્નનો યોગ્ય ઉત્તર મળી રહેશે. અર્થાત્ નરસિંહ ઉપર વ્રજભાષાની અસર હતી તે વાત સ્પષ્ટ થશે.

### વ્રજભાષાનાં પદ

#### (૧) म्हाँ नै पार उतारो

म्हाँ नै पार उतारो जी, थाँ नै निज भक्तनकी आन ।
हमरे अवगुन नेक न चितवो, अपनो ही करि जान ॥ १ ॥

---

૧ મીરાંકૃત "નરસીજી રો માહેરો ઔર નરસી મેતા કે પદ"નું મારું સંપાદન, રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન (જોધપુર) તરફથી પ્રગટ થવાની તૈયારીમાં છે.

काम क्रोध मद लोभ मोह वस, भूल्यौ पद निर्वान्न ।
अब तो सरन गही चरनन की, मत दीजो मोहि जान ॥ २ ॥

लख चौरासी भरमत भरमत, नेक न परी पिछान ।
भवसागर में बह्यो जात हौं, राखिये श्याम सुजान ॥ ३ ॥

हौं तो कुटिल अधम अपराधी, नहिं सुमर्यौ तेरो नाम ।
'नरसी' के प्रभु अधम-उधारन, गावत वेद पुरान ॥ ४ ॥

આ પદના પાઠો અમને જુદાં જુદાં અનેક સ્થળોએથી મળ્યા છે. તેનો ઉલ્લેખ કરી પછી જે જે પાઠાંતર મળે છે તે પણ દર્શાવીશું. પદ બહુ લોકપ્રિય થયાનું એ ઉપરથી સૂચિત થાય છે.

(૧) આ પદ 'કલ્યાણ' ઈશ્વરાંક શ્રાવણ ૧૯૮૮, ભાગ ૭, અંક ૧, પૃ. ૨૭૬ ઉપર પ્રથમ પ્રગટ થયું હતું.

(૨) તે ઉપરથી 'પ્રસ્થાન' પુસ્તક ૧૪: અંક ૩-૪, પૃ. ૩૬૪ ઉપર સ્વ. રા. વિ. પાઠકે તે પ્રગટ કર્યું હતું.

(૪) બીકાનેરના વૈદ્ય શ્રી રામનારાયણજી પ્રકાશિત "હરિયશ મણિમંજૂષા"માં આ પદ પાઠ ફેર સાથે પ્રગટ થયું છે.

(૪) ડાકોર ભવન્સ કૉલેજના હિંદી વિષયના પ્રાધ્યાપક ડૉ. રામકુમાર ગુપ્તા તરફથી પણ મને આ પદનો પાઠ મળ્યો છે. તેમને આ પદ વડોદરાના શ્રી સંપતરાવ ગાયકવાડ તરફથી મળ્યાનું તેઓ કહે છે. તેમનો પાઠ 'કલ્યાણ'-'પ્રસ્થાન'ના પાઠને મળતો છે.

(૫) ડૉ. મંજુલાલ મજમુદારે એકત્ર કરેલાં પદોમાં પણ આ પદ મળે છે.

**પાઠાંતર :**—"હરિયશ મણિમંજૂષા"વાળા પદમાં જુદા પાઠ મળે છે. જુઓ :

(१) "अबै म्हाने पार उतारो महाराज ।
प्रभु थाने निज भगतां री आन ॥"

(२) "अब तो शरण आयो चरणां री, थे मति दीज्यो जान ।"

(३) "..............., मोडी पड़ी पिछान ।
बुहो जात हूँ भवसागर में, तारो श्याम सुजान ॥"

(४) "मैं हूँ कुटिल अधम अपराधी, भजियो नहीं भगवान ।
कह नरसी तुम पतित उधारण, गावै छै वेद पुरान ॥"

'હરિયશ મણિમંજૂષા'ના પાઠમાં 'हमरे अवगुन'વાળી પંક્તિ નથી. પદની સાત પંક્તિ છે અને ક્રમમાં થોડો ફેરફાર છે.

**વિવેચન :**—બીકાનેરનો "હરિયશ મણિમંજૂષા"વાળો પાઠ મારવાડી ભાષાથી પ્રભાવિત થયેલો છે, તેથી તેમાં 'चरनन की'ને બદલે 'चरणां री' તથા 'गाबत'ને સ્થાને

'गावै छै' પ્રયોગો દાખલ થઈ ગયા છે. બાકી 'કલ્યાણ'વાળું પદ તેની પ્રથમ પંક્તિમાં આવતા म्हाँ नै અને थाँ नै શબ્દોને બાદ કરતાં શુદ્ધ વ્રજભાષાનું જણાય છે. સૂરકાલીન વ્રજભાષાથી પરિચિત વ્યક્તિને તેમાં સૂરદાસની ભાષા તથા ભાવની અસર જણાયા વગર નહિ રહે.

(૨) નીચેના પ્રયોગો તથા ભાવો અષ્ટછાપના પ્રધાન કવિ સૂરદાસ સાથે ખૂબ સામ્ય ધરાવે છે:—

(अ) પહેલી પંક્તિ સાથે સરખાવો સૂરની નીચેની પંક્તિ :—

"अबकी बार मोहि पार उतारो,......"

"ભક્ત સૂરદાસનાં પદો" (સસ્તુ સા. વ. કાર્યાલય), પૃ. ૮૦.

(ब) "काम क्रोध मद लोभ०"વાળી પંક્તિ સાથે સૂરની નીચેની પંક્તિ સૂચિત સામ્ય ધરાવે છે.

"काम क्रोध अरु लोभ चितवत, नाथ तुमहिं बिसार।" (એજન પૃ. ૪૨)

(क) "हमरे अवगुन नेक न चितवो" સાથે સરખાવો "प्रभु मोरे अवगुन चित न धरो।
(એજન પૃ. ૭૯)

(ड) સાતમી પંક્તિ: हौं तो कुटिल अधम अपराधी ઇત્યાદી સાથે સૂરની નીચેની પંક્તિ સરખાવી શકાય :

"मो सम कौन कुटिल खल कामी, जिन तनु दियो ताहि बिसरायो।" (એજન પૃ. ૮૦)

(फ) नरसी के प्रभु अधम-उधारन વાળી છેલ્લી પંક્તિ સાથે સૂરની નીચેની પંક્તિઓ સરખાવવા જેવી છે:

(१) "सूर पतित, तुम पतित उधारन, अपने बिरद की लाज धरो।"
(એજન પૃ. ૮૧)

(२) "सूर पतित को बेग उधारो, अब मेरी नाव भरी।"
(આશ્રમ ભજનાવલી, પૃ. ૧૧૦)

આ રીતે શરણાગતિનો ભાવ વ્યક્ત કરતું આ પદ તેના ભાવ, લય, શૈલી અને શબ્દપ્રયોગો ઉપરથી સૂરદાસની અસર તળે રચાયાનું જણાઈ આવે છે.

આ પદની પહેલી પંક્તિમાં મારવાડના સંપર્કથી म्हाँनै અને थाँनै શબ્દો આવી ગયા છે તેને બદલે અસલ વ્રજભાષાનો પાઠ નીચે પ્રમાણે હોવાની કલ્પના થાય છે:—

"मोहि पार उतारो जी, तूने निज भक्तन की आन।"

મારવાડી પાઠની અસરવાળા પદ કરતાં 'કલ્યાણ'વાળું વ્રજભાષાનું પદ સુશ્લિષ્ટ અને સંપૂર્ણ આકારવાળું છે, એટલે તેને જ અસલ કૃતિ માનવી જોઈએ.

## ( २ ) खोजत मदनगोपाल

( साखी )

कुंजभुवन खोजती प्रीते रे, खोजत मदनगोपाल ।
प्राणनाथ पावे नहिं ताते, व्याकुल भइ व्रजबाल ॥ १ ॥

( चाल )

चालता ते व्याकुल भई व्रजबाल ।
ढुंढत फिरे श्याम तमाला ॥
जाय बुझत चंपक जाइ ।
काहु देखो नंदजी को राइ ॥ २ ॥

( साखी )

पीय संग एकान्त रस, विलसत राधा नार ।
कंध चढावन को कह्यो, ताते तजि गये जु मोरार ॥ ३ ॥

( चाल )

ताते तजि गये जु मुरारि, लाल आय संगते टारी ।
त्याँ ओर सखी सब आई, काइ देखो मोहन राइ ।
में तो मान कीधो मेरी बाइ, ताते तजि गये कनाइ ॥ ४ ॥

( साखी )

कृष्णचारित्र गोपी करे, विलसे राधा नार ।
एक भइ त्याँ पूतना, एक भइ जु गोपाल लाल ॥ ५ ॥

( चाल )

एक भई जु गोपाल लाल री, तेणे दुष्ट पूतना मारी ।
एक भेख मुकुंद को कीनो, तेणे तृणावत हरि लीनो ।
एक भेख दामोदर धारी, तेणे जमला अर्जुन तारी ॥ ६ ॥

( साखी )

प्रेम प्रीत हरि जानि के, आये उनके पास ।
मुदित भईं त्याँ भामिनी, गुन गावै नरसैयो दास ॥ ७ ॥

આ પદ વ્રજભાષાનું છે. "નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ" પૃ. ૧૯૮-૧૯૯ ઉપર તે છપાયું છે, પણ કોણ જાણે કેમ, તેના વ્રજભાષીય સ્વરૂપ તરફ આજ સુધી આપણું ધ્યાન ખેંચાયું નહિ.

**વિવેચન :**— ડૉ. શિવપ્રસાદ સિંહે આ પદ "સૂરપૂર્વ વ્રજભાષા ઔર ઉસકા સાહિત્ય" એ પુસ્તકના પરિશિષ્ટમાં પૃ. ૩૭૫ ઉપર આપી સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેમણે આ પદ ડૉ. દશરથ

ઓઝાના '' રાસ ઔર રાસાન્વયી કાવ્ય '' પુસ્તક પરથી ઉતાર્યું છે. પણ તેનો પાઠ ઉપર્યુક્ત નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહના રાસ સહસ્રપદીના પદ સાથે સંપૂર્ણ રીતે મળી રહે છે.

વ્રજભાષાના આ પદ ઉપર વિવેચન કરતાં ડૉ. સિંહ આ પ્રમાણે લખે છે: '' રાસ સહસ્રપદીની ભાષા પૂર્ણતઃ ગુજરાતી છે. ઓઝાજી દ્વારા સંગ્રહીત પદોમાં પણ ૧૫૮ પદોની ભાષા ગુજરાતી જ છે. ઉપરનું આ પદ જ અપવાદ છે, **જેની ભાષા શુદ્ધ વ્રજભાષા છે.** હા, એમાં કયાંક કયાંક ગુજરાતીનો પ્રભાવ પણ જોવામાં આવે છે ખરો. ધ્યાનપૂર્વક જોતાં સમજાય છે કે, એ ગુજરાતી પ્રભાવ પણ અત્યંત ઉપરછલ્લો છે. આ આખા પદમાં 'ત્યાં', 'કીધો', અને 'તેણે' એ ત્રણ શબ્દો જ ગુજરાતી પ્રભાવનું સૂચન કરે છે. પણ એ રૂપો પણ પિંગલ વ્રજભાષામાં મળી રહે છે. કિદ્ધઉ, લિદ્ધઉ વગેરે રૂપો, જેમાંથી કીધો, લીધો આદિ બને, તે ચન્દબરદાઈના રાસામાં પણ મળે છે. 'ત્યાં' એ વ્રજભાષાના સર્વનામિક વિશેષણ 'તા'નું જ વિકૃત રૂપ છે, અને 'તેણે' અપભ્રંશના તેણઉં, વ્રજભાષાના તૈં યા તૈંને અને પુરાણી રાજસ્થાનીના 'તેણે'નાં સમાન્તર રૂપ જ છે. ''

'ત્યાં', 'કીધો' અને 'તેણે' શબ્દો શુદ્ધ ગુજરાતી છે. પુરાણી વ્યુત્પત્તિ શોધી આપવાથી તે શબ્દો વ્રજભાષાના બની જાય નહિ. એટલે ડૉ. સિંહની એ ખેંચતાણ નિરર્થક લાગે છે. આવા સ્વલ્પ શબ્દોના અપવાદ સાથે આ પદ વ્રજભાષાનું છે, એ સ્વીકાર્યા વગર ચાલે તેમ નથી. ગુજરાતની હસ્તપ્રતમાં પદ મળ્યું અને ગુજરાતી સંપાદક દ્વારા તે સંપાદિત થયું, એથી પણ એવો ગુજરાતી પ્રભાવ સંભવી શકે.

આ પદમાં વ્રજભાષાના શબ્દો ઘણા છે, તે બતાવવાની ભાગ્યે જ જરૂર રહે. પણ એક ક્રિયાવાચક શબ્દ તરફ મારું ધ્યાન ખાસ આકર્ષિત થયું છે તેનો નિર્દેશ કરી લઉં.

' जाय बुझत चंपक जाइ । काहु देखो नन्दजी को राइ । ' એ પંક્તિનો बुझत ( बूझत ) શબ્દ પૂછવાના અર્થમાં ગુજરાતીમાં નથી વપરાતો. એ વ્રજ-હિંદી ભાષાની વિશેષ ખાસિયત છે. તેવી જ રીતે ' જુ ' શબ્દ પણ વ્રજ ભાષાની ખાસિયત સૂચવે છે. સૂરદાસમાં તેને પ્રયોગ જોવા મળે છે.[2]

આ વ્રજભાષાનું પદ ગોપીઓની વચ્ચેથી શ્રીકૃષ્ણના અંતર્ધાન થવાના અને પુનઃ પ્રગટ થવાના પ્રસંગ ઉપર આધારિત છે. બ્રહ્મવૈવર્ત પુરાણ તથા ભાગવતમાં આવો પ્રસંગ વર્ણવાયો છે. તે ઉપરથી કૃષ્ણલીલા ગાનાર અનેક કવિઓએ પદરચનાઓ કરી છે. ભાગવતમાં કૃષ્ણના અંતર્ધાન થવાનો પ્રસંગ જરા જુદી રીતે વર્ણવવામાં આવ્યો છે, પણ સૂરદાસનું વર્ણન ભાગવતથી કંઈક અંશે જુદું પડે છે. નરસિંહ મહેતાનું આ વર્ણન સૂરદાસ સાથે આશ્ચર્યજનક સામ્ય ધરાવે છે, એમ ડૉ. જગદીશ ગુપ્તનું માનવું છે.[3]

| સૂરદાસ | નરસિંહ મહેતા |
| --- | --- |
| '' કરતિ હૈ હરિચરિત્ર વ્રજનારિ।<br>દેખી અતિ હી વિકલ રાધા ઈહૈ બુદ્ધિ વિચારી ॥ '' | '' કૃષ્ણચરિત્ર ગોપી કરે,<br>વિલસે રાધા નાર. '' |

---

૨. સૂરપૂર્વ વ્રજભાષા ઔર ઉસકા સાહિત્ય, પૃ. ૧૦૬.

૩. ગુજરાતી ઔર વ્રજભાષા; કૃષ્ણ કાવ્ય કા તુલનાત્મક અધ્યયન, પૃ. ૧૩૯.

ગોપીઓ રાધાને મળ્યા પછી કૃષ્ણચરિત્રની લીલા ભજવે છે, એમ આ નરસિંહના પદમાં વર્ણન કરેલું છે, પણ ભાગવતમાં એ લીલાનું વર્ણન, ગોપી વિશેષ (રાધા)થી અન્ય **ગોપીઓનું મિલન થતા અગાઉ તન્મયતાનો ભાવ બતાવવા માટે** કરેલું છે. સૂરદાસે રાધા અને ગોપીઓનું મિલન થયા પછી રાધાની વિહ્વલતા દૂર કરવા માટે આ કૃષ્ણલીલા ભજવવાનો પ્રસંગ યોજ્યો છે. આ રીતે નરસિંહના પદનું વર્ણન સૂરદાસ સાથે એવી રીતે સામ્ય ધરાવે છે કે નરસિંહ ઉપર સૂરની અસર કલ્પી શકાય.

## ( ३ ) मोहन मेरा अंतरजामी

( पद )

मोहन मेरा अंतरजामी हो । ( टेक )
मेरे ओगुन नैक न गिनये, कपटी कामी हो ॥
पापी लोभी क्रोधी कहिये, पतित सिरोमण नामी ।
नरसी कह याही बन आइ, मोरे तुमसे स्वामी ॥

મીરાંકૃત "નરસીજી રો માહેરો "ના સંપાદનમાં અમે ઉપયોગમાં લીધેલી 'ઘ' સંજ્ઞાવાળી હસ્તપ્રતના પત્રાંક ૧૭ના હાંસિયામાં લખેલું આ પદ અહીં ઉતાર્યું છે. રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન( જોધપુર )ના સંગ્રહમાં તે પ્રતનો ક્રમાંક ૨૭૮૧૭ છે. તેનો લિપિકાલ જાણવા મળ્યો નથી, પણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં એ હસ્તપ્રત લખાઈ હશે, એમ અનુમાન થાય છે.

## ( ४ ) भावनो भूको

( पद )

भावनो भूको रे गोविंदो भावनो भूको ॥ टेक ॥
दुरजोधन का मेवा त्यागै, साग विदुर घर लूषो ।
करमाबाई को सीच आरोग्यो, लूषो न गणियो सूबो ॥ १ ॥
सबरी का बेर सुदामा का तंदूलि, लै लै मुषि मूको ॥
नरसिया नो स्वांमी सांवरियो, औसर कबउ न चूको ॥ २ ॥

---

४ "मीरां बृहत्पदावली ( संपादकः स्व. हरिनारायणजी पुरोहित ), प्रथम भाग" પૃ. ૧૬૫ ઉપર આ પદ પાઠભેદથી મીરાંને નામે પ્રગટ થયું છે :—

"भावना को भूखो सांवरो म्हारो भावना को भूखो । ( टेक )
शबरी के बोर सुदामा के तंदूल, भर भर मूठया ठूंको ॥ १ ॥
दुर्योधन का मेवा त्यागा, साग विदुर दर लूखो ॥ २ ॥
करमा के घर खीच आरोग्यो, लूखो गण्यो नहीं सूखो ॥ ३ ॥
मीरां के प्रभु गिरधर नागर, भजन विना नर कीको ॥ ४ ॥"

આ પદમાં પંક્તિઓ ઉલટપાલટ થઈ ગયેલી છે, પ્રાસ બરોબર મળતા નથી અને જે શબ્દાન્તરો મળે છે ( ભાવને બદલે ભાવના, બેર ને બદલે બોર વગેરે ) તે પદનું માધુર્ય વધારવાને બદલે ઘટાડે તેવા છે. 'भर भर मूठया ठूंको' પ્રયોગ ગ્રામ્ય અને અટપટો નથી લાગતો ! એટલે આ ગરબડિયું પદ, નરસિંહના પદની છાયા રૂપે મીરાંને નામે ચઢી ગયાનું અનુમાન થાય છે.

આ પદ “ નરસીજી રો માહેરો ”ના સંપાદન માટે અમે ઉપયોગમાં લીધેલી, ઉપર ઉલ્લેખ કરેલી ‘ य ’ સંજ્ઞાવાળી હસ્તપ્રતના પત્રાંક ૯ના હાંસિયામાંથી પ્રાપ્ત થયું છે.

પહેલી પંક્તિમાં આવતો ‘ નો ’ પ્રત્યય ગુજરાતીની કિંચિત્ અસર દર્શાવે છે. રચના વ્રજની શૈલીની મધુરપ પ્રગટ કરે છે.

### ( ५ ) बड़ो भरोसो थारो

( भैरवी )

बड़ो भरोसो धारो सांवरिया प्यारा ॥ टेक ॥
सतयुग में पृथ्वी के कारन, रुप वराह को धार्यो ॥ १ ॥
खंभ फाड़ नरसिंह होय प्रगटे, भगत प्रह्लाद उबार्यो ॥ २ ॥
इन्दर कोप कियो व्रज उपर, नख पर गिरिवर धार्यो ॥ ३ ॥
द्रुपद सुता को चीर बढायो, दुष्ट दुशासन हार्यो ॥ ४ ॥
भारत में भरुही के अन्डा घन्टा तोड़ उबार्यो ॥ ५ ॥
कह नरसीलो सुन सांवरिया हुन्डी बेग सिकारो ॥ ६ ॥

આ પદ કલકત્તાથી પ્રકાશિત, શ્રી રઘુનાથપ્રસાદ સિંહાણિયા દ્વારા સંગ્રહિત “ મારવાડી ભજનસાગર ”માં પ્રગટ થયેલું છે. નરસિંહ મહેતા હુંડી સ્વીકારવા ‘ સાંવરિયા ’ ( શામળશા )ને પ્રાર્થના કરે છે.

**વિવેચન :**—મારવાડી સમાજમાં પ્રચલન થવાને લીધે આ પદની પહેલી પંક્તિમાં ‘ થારો ’ શબ્દ પ્રવેશ પામ્યો છે. પણ તે પછી મારવાડી અસર જણાતી નથી. ‘ सिकारो ’ એ ગુજરાતી શબ્દ, આ પદના અસલ નરસિંહ-કર્તૃત્વની સાક્ષીરૂપે સચવાઈ રહ્યો છે.

આ પદમાં સૂરદાસની ભાવાત્મક અને શાબ્દિક અસર જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે પદની ત્રીજી પંક્તિ સાથે સૂરદાસની, “ સ્થંભ ફોડી હિરણાકશ માર્યો. નરસિંહ નામ ધરાયો ” એ પંક્તિ તથા “ ખંભ ફાટ હિરણ્યાકુસ માર્યો, ભક્ત પ્રહલાદની કી રક્ષા કરી રે ” પંક્તિઓ ( ભક્ત સૂરદાસનાં પદો : પૃ. ૧૮ તથા પૃ. ૪૮ ) સરખાવી શકાય તેમ છે. તેવી જ ચોથી પંક્તિ સાથે સૂરદાસની

“ ઇન્દ્રને જબ કોપ કિયો, તબ કોપે આનંદકહા,
અંગુરી અગ્ર ગોવર્ધન ધાર્યો.......... ...” ( એજન પૃ. ૩૪ )

એ કડી સરખાવવા જેવી છે.

છઠ્ઠી પંક્તિ સાથે સૂરદાસની નીચેની પંક્તિ તુલનીય બને છે :—

“ ભારથ મેં ભરવીકા અંડા, ઘંટા તૂટી પરે. ”

( એજન પૃ. ૨૨ )

આ રીતે આ પદ, વ્રજના પ્રમુખ કવિ સાથે તુલના કરવા માટેની પૂરતી સામગ્રી રજૂ કરે છે. ક્રિયાવાચક શબ્દોમાં વ્રજભાષાની ખાસિયતનો સૂચક ' ઓ 'કારાન્ત પ્રયોગ પણ સ્પષ્ટ નજરે પડે છે.

**( ६ ) मैं संतन को दास**

मैं तो उन संतन को हूँ दास,
        जिन्होंने मन मार लिया ॥ टेक ॥

मन मार्या तन बस कियाजी, सभी भरम भया दूर ।
बाहर से कछु दीखे नाहीं, भीतर चमके वांके नूर ॥ १ ॥

आपा मार जगत में बैठे, नहीं किसीसे काम ।
उन में तो कछु अंतर नाहीं, साधु कहो चाहे राम ॥ २ ॥

काम क्रोध मद मोह छोड़ कर, छोडी जग की आस ।
बलिहारी उन संतन की जो, प्रगट करत विश्वास ॥ ३ ॥

**नरसीजी** के सत गुरु स्वामी, दिया अमी रस पाय ।
एक बुन्द सागर में मिल गइ, कांई करेलो जमराय ॥ ४ ॥

ડીંડવાણા ( રાજસ્થાન )ના શ્રી સત્યનારાયણ પુરોહિત સંગૃહીત "ભક્તિપ્રભા "માં આ પદ પ્રગટ થયેલું છે.

મારા સંગ્રહમાંથી હજી થોડાં વધુ પદ શોધી શકાય, પણ નરસિંહનાં એવાં ઘણાં પદોમાં ભાષા વિષયક મિશ્રણ મળતું હોઈ વધુ વિસ્તાર કરવાની જરૂર નથી. આ દિશામાં વધુ ખોજ થતાં અભ્યાસીઓને બીજાં પણ અનેક પદ મળી આવે એવો સંભવ છે.

## નરસિંહનાં પદોમાં વ્રજભાષાનું મિશ્રણ

નરસિંહ મહેતાનાં ગુજરાતી પદોમાં પણ ક્યાંક વ્રજભાષાની ત્રુટક અસર જોવામાં આવે છે. તે વિષે આપણે હજી ગંભીર વિચારણા કરી નથી. આ નવીન દષ્ટિએ નરસિંહનો અભ્યાસ કરી શકાય. લહિયા કે ભક્તો દ્વારા આવા પ્રક્ષેપ થવાનો સંભવ છે કે કેમ તે પણ ચર્ચાનો પ્રશ્ન છે. અહીં તો નરસિંહનાં વ્રજની અસરવાળાં કેટલાંક સ્થાનોનો નિર્દેશ કરીને જ સંતોષ માનીશું. તેનાં કારણોની ચર્ચામાં ઊતરવાનો અત્રે અવકાશ નથી.

(૧) "વસંત વિવાહ આદર્યો હો હો, આદર્યો રે પરણે છે **નંદજીકો લાલ,**
વસંતપંચમીને નૌતમ નક્ષત્રે, **લગન લિયો** નિરધાર બલ જાઉં.

×     ×     ×     ×

**જેસો સુંદર શ્યામ બન્યો હે, એસી બની રાધે નાર** બલ જાઉં,
પહેલો પરણ્યો મહેતા નરસીનો સ્વામી, પછી પરણ્યો આ સકલ સંસાર."
—( નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ : પૃ. ૨૫૩ )

(૨) "એ સખી શ્રાવણ આયો રે, એ **શ્રાવણ આયો રે, શ્રાવણ આયો રે.** (ટેક)
ચાલો સખી ઝુલિયે સુવર્ણ હિંડોળે, **કીજે શ્યામ મન ભાયો;**
હાવભાવ ખંજન મનોહર, કંચુકી કંકન સોહાયો રે,
નિત્ય જપત વૃષભાન નંદિની, **રસિકરાય વર પાયો.**"
—( નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ : પૃ. ૪૩૮ )

ભાયો, પાયો, આયો, કીજે, જપત વગેરે શબ્દો અહીં ધ્યાનપાત્ર બને છે. 'કીજે શ્યામ મન ભાયો' અને 'રસિકરાય વર પાયો' વ્રજભાષાનું મિશ્રણ સિદ્ધ કરે છે.

(૩) "વૃન્દાવનની **કુંજગલનમેં**, મહિડાં વેચણ રે;
મહિ **મટુકી** શીર પર લીધી, ચાલી વનની વાટે રે."–( એજન પૃ. ૫૮૪ )

(૪) "કમલવદન વિશાળ લોચન, તિલક રેષા સોહામણી;
મસ્તક મુગટ ઉર હાર લહેકે, કટિતટ **સોહે** કિંકણી."–( એજન. પૃ. ૧૧૯ )

આવી વિભક્તિના પ્રત્યયો વગરની પદપંક્તિઓ સહજે વ્રજ કે હિંદીમાં ખપી શકે છે. વ્રજ-હિંદી ભાષાના વિદ્વાનોએ આ રીતે નરસિંહની કેટલીક રચનાઓને વ્રજભાષાની માની છે.

ઉદાહરણ તરીકે "શિવસિંહ સરોજ"માં, "ધ્યાન ધર, ધ્યાન ધર નંદના કુંવરનું, જે થકી અખિલ આનંદ પામે" એ પંક્તિથી શરૂ થતું જે ગુજરાતી પદ નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહના પૃ. ૪૭૮ ઉપર છપાયું છે તેને વ્રજભાષાનું પદ ગણ્યું છે.

મીરાંબાઈ( શોધપ્રબન્ધ )ના લેખક ડૉ. સી. એન. પ્રભાત લખે છે કે, ઇચ્છારામ સૂ. દેસાઈ દ્વારા સંપાદિત "નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ"માં પણ કેટલાંક પદ એવાં છે કે જે એક બે શબ્દોના અપવાદ સાથે પૂર્ણતઃ વ્રજભાષાનાં છે. આના ઉદાહરણ તરીકે તેઓ નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહના પૃ. ૪૬૮ ઉપરનું રાગ આરતીવાળું નીચેનું પદ દર્શાવે છે:—

"જય જય નટવર વેષા, આરતી ઉતારૂં જદુવર જગદીશા.
જય દેવ જય દેવ.
મોરમુકુટ મસ્તક પર રાજે, કંઠે વનમાળા (૨)
શ્રવણે કુંડળ લળકે, સંગ લીએ વ્રજબાલા.
જય દેવ જય દેવ."

તેવી જ રીતે નરસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહના પૃ. ૪૬૯ ઉપરનું પહેલું જ પદ રાગ પ્રભાતિયુંવાળું છે તેને પણ તેઓ એ જ પ્રકારનું ગણે છે. એ પદની પ્રારંભિક પંક્તિઓ આ પ્રમાણે છે:—

"ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુર પામ્યા, અંતે ચોરાસી માંહી રે."

હું ધારું છું કે વિભક્તિ-પ્રત્યયરહિત પ્રયોગ અને કાંઈક વ્રજભાષાને મળતા શબ્દ જોઈને આ માન્યતા બંધાઈ હશે; જોકે આપણને એ માન્યતા જરા વિચિત્ર લાગે તેવી છે.

## પુરુષોત્તમ ભાષા

નરસિંહ મહેતાના વ્રજભાષાના પદ જોઈ આશ્ચર્ય પામવાનું કારણ નથી. મહારાષ્ટ્ર જેવા વ્રજથી અધિક દૂરવર્તી પ્રદેશના કવિની, નરસિંહથી પણ અગાઉના સમયની વ્રજભાષાની કૃતિઓ મળી આવે છે.

'ગુરુગ્રન્થ'—ગ્રન્થસાહેબમાં અનેક સંત કવિઓની રચનાઓનો સંગ્રહ જોવા મળે છે. તેમાં મહારાષ્ટ્રના ભક્તકવિ નામદેવ, જેમની અસર નરસિંહ ઉપર પણ મનાય છે, અને જેમનો સમય સં. ૧૩૨૭-૧૪૦૭ નક્કી થાય છે, તેમની વ્રજભાષાની કૃતિઓ પણ મળી આવે છે. નામદેવનાં એકબે નહિ પણ ૬૨ પદ ગુરુગ્રન્થમાં મળે છે. પણ તેમાંની લગભગ અડધી કૃતિઓ આરંભિક ખડી બોલી( મિશ્રિત રેખતા )માં મળી આવે છે; બાકીની વ્રજભાષામાં છે. એક ઉદાહરણ લઈએ :—

(पद)

बदहु किन होड़ माधउ मोसिउ ।
ठाकुर ते जनु जन ते ठाकुर षेल परिउ है तोसिउ ॥
आपन देउ देहुरा आपन आप लगावै पूजा ।
जल ते तरंग तरंग ते जलु है कहन सूनन को दूजा ॥ १ ॥
आपहिं गावै आपहिं नाचै आप बजावै तूरा ।
कहत **नामदेउ** तूँ मेरो ठाकुर जनुऊरा तू पूरा ॥ २ ॥

આમાં माधउ > माधो, मोसिउ > मोसों, परिउ > पर्‍यो, तोसिउ > तोस्यों વગેરેમાં સુરક્ષિત ઉદ્‌વૃત્ત સ્વરો ભાષાની પ્રાચીનતા સિદ્ધ કરે છે. મરાઠી અસર ભાગ્યે જ દષ્ટિગોચર થાય છે.

આ રીતે નરસિંહ, નામદેવ વગેરેનાં વ્રજભાષાનાં પદ પ્રાપ્ત થાય છે, તે પરિસ્થિતિનો, કેટલાક હિંદી ભાષા-ભાષી લેખકો તદ્દન ઊલટો અને મનગડત અર્થ ઘટાવે છે, તે શોચનીય છે. તેમાંના કેટલાક વ્રજભાષા-સાહિત્યના વિસ્તરણનું ક્ષેત્ર એ રીતે મહારાષ્ટ્ર, ગુજરાત પર્યંત બતાવે છે, તો કોક વળી ગુજરાતીમાં તે વખતે નિજનું સાહિત્ય ન હતું અને ગુજરાતી માત્ર બોલચાલની ભાષા હતી એવું અસત્ય અને અજ્ઞાનતાભર્યું વિધાન કરતાં પણ અચકાતા નથી.

શ્રી જવાહરલાલ ચતુર્વેદી નામના એક લેખક કહે છે: "ગુજરાતી કેવળ બોલચાલની ભાષા હતી. એ એટલી પ્રૌઢ ભાષા ન હતી કે તેના દ્વારા કોઈ કવિ મનોગત ભાવોને સારી રીતે વ્યક્ત કરી શકે. ગુજરાતી ભાષાના પ્રથમ કવિ જૂનાગઢવાસી ભક્તપ્રવર નરસી મહેતા છે, જેમનો કવિતાકાલ સં. ૧૫૧૨ માનવામાં આવે છે. તે વખતે અને તેમના સમય પછી પણ ગુર્જર દેશવાસી બધો શિક્ષિત વર્ગ સંસ્કૃત અથવા તો તે સમયમાં પ્રાપ્ત વ્રજભાષા સાહિત્યને જ આમથી તેમ **ઊલટપાલટ** કર્યા કરતો હતો."[૫]

૫ 'ગુજરાત કે વ્રજભાષી શુકપિક' ( જવાહરલાલ ચતુર્વેદી ): પોદ્દાર અભિનંદન ગ્રન્થ, પૃ. ૬૧૪

આ પ્રમાણે લખીને ભાઈ ચતુર્વેદીએ ગુજરાતી સાહિત્યને અને તેના અનેક જ્વલંત જ્યોતાર્ધરોને અન્યાય કરવા ઉપરાંત ગુજરાતી સાહિત્ય વિષેનું પોતાનું ઘોર અજ્ઞાન પ્રગટ કર્યું છે, તે એક દુઃખદ ઘટના છે. પોદ્દાર અભિનંદન ગ્રન્થ પણ શું આવા તોફાની વિધાન સાથે સંમત હશે ?

સદ્‌ભાગ્યે ડૉ. શિવપ્રસાદ સિંહે આ વિધાનનો સ્પષ્ટ વિરોધ કર્યો છે. તેમણે લખ્યું છે : " શ્રી ચતુર્વેદીનું આ કથન કેવળ ભ્રાન્તિપૂર્ણ નહિ, બલ્કે વ્રજભાષાના અનુચિત મોહથી ગ્રસ્ત પણ છે. નરસી મહેતાની પહેલાં પણ ગુજરાતીમાં રચનાઓ થતી હતી, એ માટે " જૈન ગુર્જર કવિઓ "નો પહેલો અને ત્રીજો ભાગ તથા " આપણા કવિઓ ખંડ ૧ " અવલોકવા જોઈએ. એટલા માટે ગુજરાતી કવિઓ દ્વારા વ્રજભાષામાં કાવ્ય લખવાનું કારણ ગુજરાતી ભાષાની અનુપયુક્તતા કદાપિ નથી. તેનું મુખ્ય કારણ સંપૂર્ણ ઉત્તર ભારતમાં ભક્તિઆંદોલનની વ્યાપકતાને લીધે ઉત્પન્ન થયેલો પારસ્પરિક સન્નિવેશ છે. "[૬]

ડૉ. સિંહનું આ કથન સાચું છે. ગુજરાત, બંગાળ, આસામ અને મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં વ્રજભાષાની અસર ભક્તિના તૃતીય ઉત્થાનને આભારી જણાય છે. આ આંદોલન જનતાને સ્પર્શતું હતું. એ યુગની ભક્તિની બે શાખાઓ—(૧) રામ શાખા તથા (૨) કૃષ્ણ શાખા હતી. કૃષ્ણ શાખાનું ઉદ્‌ગમ સ્થાન વૃંદાવન છે, જ્યાં રાધારમણ શ્રીકૃષ્ણે પોતાની અલૌકિક લીલાનો વિસ્તાર કર્યો હતો. ત્યાં ભક્તિના અનેક સંપ્રદાયનાં કેન્દ્ર થયાં. ત્યાંની ભાષા જેને શ્રી વલ્લભાચાર્યજીએ ' પુરુષોત્તમ ભાષા ' કહી છે તે કૃષ્ણભક્તિના સાહિત્યનું વાહન તો પૂર્વે પણ હતી જ, પણ આ યુગમાં ભકતો, સંતો અને પરિવ્રાજકો દ્વારા તે ભારતના જુદા જુદા ભાગોમાં વધુ પ્રચલિત અને પ્રિય બની. આ રીતે વ્રજભાષા ભક્તોની, વૈષ્ણવોની અને ભક્તિની ભાષા—કહો કે ' પુરુષોત્તમ ભાષા ' તરીકે લોકપ્રિય બની અને પરિણામે વ્રજની બહાર વસતા ભકતો—સંતો પણ તેને પોતાની વાણીનું વાહન બનાવવા તૈયાર થયા.

પણ એનો અર્થ એવો નથી ઘટાવવાનો કે વ્રજપ્રદેશની બહારના એ ભકતોના પ્રદેશમાં નિજની ભાષામાં સ્વતંત્ર સાહિત્ય ન હતું અથવા વ્રજભાષા ત્યાં કવિતાનું વાહન બની હતી. એથી ઊલટી રીતે એવી પણ સંભાવના ખરી કે, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશના કવિઓએ નિજની ભાષામાં કરેલું કૃષ્ણલીલાનું ગાનપદ વગેરે બીજા ભકતો દ્વારા ક્વચિત્ મુખપરંપરાએ વ્રજબોલીમાં પરિવર્તન પામ્યાના પ્રસંગ પણ બન્યા હોય; પણ આ પ્રશ્નનો ખરો નિર્ણય તો જે તે કૃતિના સંપૂર્ણ અભ્યાસ પછી જ થઈ શકે.

ગુજરાતી ભાષા અને સાહિત્યનાં વિસ્તરણક્ષેત્ર અને તેની પૂર્વ પરંપરા અંગે હિંદીભાષા-ભાષી લેખકોમાં ક્વચિત્ દેખાતી ગેરસમજ દૂર કરવા માટે, નરસિંહ મહેતાના ' પુરુષોત્તમ ભાષા 'ના પદોની રજૂઆત સાથે જ અત્રે આટલી સ્પષ્ટતા કરવી આવશ્યક માની છે.

સાથે સાથે વ્રજભાષાના સાહિત્ય ઉપર પણ ઇતર પ્રદેશના ભકતકવિઓની ભાષા તથા ભંગિમાની અસર થોડેઘણે અંશે થઈ હશે, એમ કહી શકાય. અષ્ટ છાપના એક જાણીતા કવિ

૬ સૂરપૂર્વ વ્રજભાષા ઔર ઉસકા સાહિત્ય, પૃ. ૨૩૧.

કૃષ્ણદાસ ગુજરાતના હતા. તેમની તથા બીજા તેવા કવિઓની કવિતાનો આ દષ્ટિએ અભ્યાસ કરવો રસપ્રદ થઈ પડે. ઉદાહરણ તરીકે સૂરદાસે પણ 'મોટે,' 'આખો' જેવા સ્વલ્પ ગુજરાતી શબ્દોનો પ્રયોગ કરેલો છે. અભ્યાસની એક નવી દિશા તરીકે આ સૂચન છે.

## ઉપસંહાર

ઉપર નરસિંહ મહેતાનાં જે પદો આપેલાં છે તે વ્રજભાષાનાં હોવા વિષે શંકા રહેતી નથી. સંપાદન સ્થાન, કે લહિયાની રુચિને કારણે ક્યાંક એકાદ બે ગુજરાતી કે મારવાડી શબ્દો જોવા મળે તેટલા પરથી એ પદોને ગુજરાતી કે રાજસ્થાની કહેવા જેવો અવકાશ જણાતો નથી. પદના આખા કલેવરનો વિચાર કરતાં આ બધાં પદો સરળતાથી વ્રજભાષાને સરળ ભાવે વહન કરતાં જણાઈ આવે છે. પદોને મથાળાં અમે આપેલાં છે. ભાષામાં કોઈ ખાસ ફેરફાર કરેલો નથી.

કેટલાંક પદોમાં સૂરદાસ સાથે ભાવ તથા શબ્દોનું સામ્ય જણાઈ આવે છે, તે ઇશારા રૂપે દર્શાવ્યું છે. એથી વિશેષ અનુસંધાન તો આ વિષયના અભ્યાસીઓ આપમેળે કરે એ જ ઇષ્ટ છે.

અભ્યાસીઓ સમક્ષ રજૂ કરેલી આ સામગ્રી નરસિંહ ઉપર વ્રજભાષાની અસર હોવાનું બતાવી આપે છે. એટલે આના પ્રકાશમાં નરસિંહ મહેતાના વૃદ્ધમાન્ય સમયને ફરી વિચારવો પડે તેમ છે.

માત્ર વ્રજભાષાનાં પદોને કારણે જ ભાલણને સમયચ્યુત કરવાનો પ્રયાસ થયેલ છે.[૭] એટલે તે જ ધોરણે નરસિંહનો કવનકાલ ક્યારે માનવો, એ હવે ગંભીર ભાવે તપાસવું પડશે.

---

૭ કવિ ભાલણને એટલા જ ખાતર સમયચ્યુત કરી શકાતો નથી, તે અમે "ભાલણનાં પદ"ની બીજી આવૃત્તિમાં કારણો સાથે દર્શાવ્યું છે. (જુઓ : ભાલણનાં પદ, પૃ. ૪૭)

# માણિકચવિજયકૃત નેમ-રાજિમતી બારમાસા

[ રચ્યા સં. ૧૭૪૨ ]

શિવલાલ જેસલપુરા

બારમાસા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો એક રસપ્રદ કાવ્યપ્રકાર છે. વિક્રમની તેરમી સદીમાં શરૂ થયેલા આ કાવ્યપ્રકારે ૧૭મી-૧૮મી સદીમાં વિસ્તૃત અને કલાત્મક સ્વરૂપ ધારણ કર્યું છે. આવા બારમાસામાં ચંદ્રવિજયકૃત 'સ્થૂલિભદ્ર બારમાસા' (રચ્યા સં. ૧૭૩૪ આસપાસ), નયવિજયકૃત 'નેમિનાથ બારમાસ' (સં. ૧૭૪૪), નેમિવિજયકૃત 'નેમ-રાજુલ બારમાસા' (સં. ૧૭૫૪), 'ઉદયરત્નકૃત નેમિનાથ તેરમાસા' (સં. ૧૭૫૯), ઇત્યાદિને ગણાવી શકાય. માણિકચવિજયના આ બારમાસામાં પણ પોતાની સાથે લગ્ન કર્યા વિના ચાલ્યા જનાર નેમિનાથ માટેની રાજિમતીની વિરહવ્યથા વિસ્તારથી વર્ણવવામાં આવી છે, અને વ્યવહારજીવન તથા પ્રકૃતિનાં લક્ષણોને એમાં ગૂંથી દઈને એ વિરહવ્યથાને અસરકારક બનાવી છે કાવ્યનો પદ્યબંધ દુહાનો અને ઝૂલણા છંદના ૧૭ માત્રાના ઉત્તરાર્ધની દેશીનો, જેનો અહીં 'ઢાલ' તરીકે ઉલ્લેખ કર્યો છે એનો, બનેલો છે. કેટલાંક સુંદર ભાવચિત્રો કવિએ એમાં આલેખ્યાં છે અને કેટલાક મનોહર અલંકારોનું એમાં સરસ સંયોજન થયું છે. આખું યે કાવ્ય શબ્દલાલિત્યથી ભરપૂર છે, અને દુહામાં કરેલી આંતરયમકની યોજના કવિનું છંદ પ્રભુત્વ અને ભાષાપ્રભુત્વ દર્શાવે છે.

આ કાવ્ય હજુ સુધી અપ્રસિદ્ધ હોવાથી એની વાચના અત્રે રજૂ કરી છે, તે માટે અમદાવાદના શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંના શ્રી પુણ્યવિજયજી મહારાજના સંગ્રહની ક્રમાંક ૬૧૧૭ અને ૨૦૩૫નો ઉપયોગ કર્યો છે. બંને પ્રતોમાં લેખનસંવત નથી, પણ ક્રમાંક ૬૧૧૭વાળી પ્રત, જેને અહીં अ સંજ્ઞા આપી છે એ, જૂની હોવાથી એનો પાઠ મુખ્ય પાઠ તરીકે સ્વીકારી ક્રમાંક ૨૦૩૫વાળી પ્રતને ब સંજ્ઞા આપી એનાં પાઠાન્તરો પાદટીપમાં નોંધ્યાં છે. આ ઉપરાંત સં. ૧૮૬૧માં લખાયેલી પ્રતની નકલ શ્રી અગરચંદ નાહટા તરફથી મળી છે, એનાં પાઠાન્તર क સંજ્ઞાથી નોંધ્યાં છે. ક્રમાંક ૬૧૧૭વાળી મૂળ પ્રતમાં શ્રાવણ માસની કડીઓ નથી, એ क પ્રતમાંથી લીધી છે. મૂળના તદ્ભવ શબ્દોના 'ષ'નો સર્વત્ર 'ખ' કરી લીધો છે, અને દંડને સ્થાને અર્વાચીન વિરામચિહ્નો મૂક્યાં છે.

માણિકચવિજય શાંતિવિજય ઉપાધ્યાયના શિષ્ય ખીમવિજયના શિષ્ય હતા. 'જિનસ્તવન ચોવીસી', 'નેમ-રાજુલ પંદર તિથિ', 'પર્યુષણ નવ વ્યાખ્યાન સજ્ઝાય', 'પર્યુષણા વ્યાખ્યાનની નવ ભાસ' એ એમની અન્ય કાવ્યકૃતિઓ છે.

## કાવ્ય

### દૂહા

પ્રણમું રે પ્રેમિ સરસતી, વરસતી વચન-વિલાસ,
કવિજન–સંકટ ચૂરતી, પૂરતી વંછિત આસ. ૧

સેવક–સાનિધિકારિણી, વિઘન-નિવારણી માય,
તુમ સુપસાઈ રે ગાયસ્યું નેમીસર જિનરાય. ૨

### ઢાલ

પ્રણમીઇ સરસતી વિશ્વમાતા, મન ધરી નિજ ગુરુ જ્ઞાનદાતા,
નેમ-રાજુલ તણા બાર માસા, ગાયતાં આલજ્યો સરસ ભાષા. ૩

### દૂહા

ચૈત્રઇં ચતુરા રે ચિંતવિ ચિત્તમેં રાજુલ નારિ,
ન આવ્યા નેમિ જિણેસર, પ્રાણેસર આધાર. ૪

કહો રે સખિ ! હવિ કિમ રહું, નિરવહું નાથનું દુકખ ?
કંત-વિજોગિં કામિની, યામિની-દિવસ ન સુકખ. ૫

ચિત્ર ભલી ચિત્રસાલી રે, આલી, નિહાલી ન જાય;
પીઉ વિણુ રાંન સમાંન એ, ધાવે ના’વે દાય. ૬

---

क દેશી ફાગની.

૧–૧ बक પ્રેમે.

૧–૨ ब કવિજિન.

૨–૧ बक સાનિધકારિણી.

૨–૨ ब તુમ પસાય રે. क નેમીશ્વસ.

क દૂહા.

૩–૧ —

૩–૨ ब આલયો; ભાસા.

क ફાગ.

૪–૧ बक ચૈત્રે. ब ચિતવે.

૪–૨ ब નેમ જિનેસર, क નેમી જિનેશર પ્રાણેસર સુખ આધાર.

૫–૧ ब હવેં. बक દૂખ.

૫–૨ ब કંત વિપાષેં, क કંત વિયોગે. ब યામની દીવસનું સુષ, क જાંમની; સૂખ.

૬–૧ —

૬–૨ क ધાવિના નાવેં દાય.

મૃગમદ—ચૂર—કપૂરનો, ભૂર કરચો રંગરેલ,
નાહ પખિ રે ગમિં નહી કેસર–ચંદન–ઘોલ. ૭

ઓ પેલી કોયલ બોલિં રે, ડોલિં આંબા–ડાલ;
શ્રવણે સબદ સુંણિ ઘણી વાધિ વિરહની ઝાલો. ૮

સહીયર ! વાય ન ઢોલો રે, બોલો ઉપાય અન્ય,
નાથ–વિજોગિં એ મોરડી, ગોરડી દાઝિ તન્ન. ૯

## ઢાલ

ટલવલિ નારિ ભરતાર પાખિં, ઉર થકી હાર ઉતારી નાખિં,
અતિ ઘણાં આંસું પડિ બેહુ આંખિં, કિણિ વિધિ જઇ મિલું વિગર પાંખિં ? ૧૦

સરસતી માત–સુપસાય પાંમી, નિજ ગુરું–પાઉલે સીસ નાંમી;
માસ પહેલે ભલી સરસ વાતાં ભણિં માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૧૧

## દૂહા

વૈશાખ માસ તે આવીઉ, નાવીયા નેમિ જિણંદ;
ભોગીયડા-મન ભાવિઉ, પામિઉ પરમાણંદ. ૧૨

વન-વન તરુઅર મોરિયાં, દોરિયા ભમર ફિરંત,
રસ લેવિં અતિ રૂયડા સૂયડા કેલિ કરંત. ૧૩

---

૭-૧ —

૭-૨ ब પખે રે ગમે, क પાખિ રે ગમે.

૮-૧ बक બોલે; ડોલે.

૮-૨ ब વાધેં, क વાધી.

૯-૧ —

૯-૨ बक વિયોગે, ब દાઝચો તન્ય.
क દૂહા.

૧૦-૧ ब ટલવલેં.

૧૦-૨ ब પડે. बक બેઉ. ब કિણુ વિધેં. अ જઈ મલું, જઈ મલિં.

૧૧-૧ —

૧૧-૨ ब ભણે. बक ઉપજે.
क ફાગ.

૧૨-૧ ब આવીયો.

૧૨-૨ ब ભાવીયો પાંમીયો પરમાણંદ, क પાવિઉ પરમાણંદ.

૧૩-૧ ब મોહરીઆ; દોરીઆ.

૧૩-૨ ब લેવેં.

મધુકર-ભાવતી માલતી, પરિમલ પુહવી ન માય,
પાડલ-સોરમ વિસ્તરી બેવડી કેવડી વાય. ૧૪

ચંપક ચોસર ગુંથીઆ, મોગરો માંહિં બનાય,
વિચ વિચ ભાતિ ગુલાબની, કામિની કંઠ સુહાય. ૧૫

નીર-ભરી રે ખડોખલી મોકલી મંદિર માંહિ,
નર-નારી તિહાં ગેલિ રે, ખેલિ અધિક ઉછાહિ. ૧૬

વિરહ-નદી-જલ ઉમટ્યો, આકંઠ વહિ રે અથાગ,
અલવેસર વિણુ અવરથી-નરથી ન લહું તાગ. ૧૭

ઢાલ

પર્વ પહિલું અખાત્રીજ સારું, પ્રિઉ વિના મોહિં લાગિં ન પ્યારું;
જો પીઉ ઇણિ સમિ હોત પાસિં, તો હું વસંતિં રમંતિ વિલાસિં. ૧૮

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસા નાંમી,
માસ બીજિ ભાલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૧૯

દૂહા

જેઠ માસઇ જગજીવન! જીવમેં આણી રે રોસ,
વેધ લાઈ રહ્યા વેગલા, અબલા તજી વિણુ-દોસ. ૨૦

દિવસ થયા અતિ મોટા રે, છોટા રજનીના ભોગ;
તાવડ તન્ન સંતાપિ રે, તાપિ રિદય વિજોગ. ૨૧

---

૧૪–૧ ब પુવી ન માય.
૧૪–૨ व કેવડી થાય.
૧૫–૧ अक ગુંથિઇ.
૧૫–૨ —
૧૬–૧ —
૧૬–૨ ગેલે રે. बक ખેલે.
૧૭–૧ क ઉલટચૂં. बक વહે.
૧૮–૧ ब પરવ. क પેહેલૂં. ब લાગે
૧૮–૨ ब ઇણે સમે. પાસ્યેં. अ વિલાસઇ, ब વિલાસ્યે.
૧૯–૧ —
૧૯–૨ बक બીજે. ब ભણે. बक ઉપજે.
क ફાગ.
૨૦–૧ ब માસ્યેં. क જેસ્ટ માસે.
૨૦–૨ —
૨૧–૧ —
૨૧–૨ ब સંતાપે.

નીર નિવાણિં રે સૂકીયાં, લૂકીયાં માણુસ પંથ,
વનચર-જીવડા ખલભલિં, કલ વલિ કયાંહી ન અંથ. ૨૨

થલમાં થાકાં રે મારગુ, તડકિં ધડકિં રે દેહ,
સૂઇ વૃક્ષની છાંહડી બાંહ સિરાણિં દેય. ૨૩

વાહલિ વિછોહી રે વાહલી આકુલવ્યાકુલ થાય,
વનવાડી-આરામમિં ધામમિં રહી ન સકાય. ૨૪

જલથી અલાધી રે માછલી કલપિં તલપિં જેમ,
પીઉ પીઉ કરતી ભૂંઇ પડિ તરફડિ તરુણી તેમ. ૨૫

### ઢાલ

ઉપની વેદના મૂલ જેહથી, તેહનો પામીઇ પાર તેહથી;
વિલવલઇ વીરહણી ભૂમિ લેટિં, પીઉ વિના પીડ તે કુંણુ મેટિં? ૨૬

સરસતી માત-સુપસાય પામી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ ત્રીજિ ભલી સરસ વાતાં ભણિ માણિકય તે ઉપજઇ હર્ષ ગાતાં, ૨૭

### દૂહા

અષાડ માસ તે ઉમટચો, પરગટચો પાવસ કાલ,
દસ દિસ દીસિ રે ધૂંધલી, હરખ્યા બાલ-ગોપાલ. ૨૮

---

૨૨-૧ ब નિવાંણે.
૨૨-૨ ब ખલભલેં; કલ વલેં. क ન અંધ.
૨૩-૧ अब મારગિ.
૨૩-૨ ब બાંહડી સિરાણેં દેહ.
૨૪-૧ ब વાહલેં.
૨૪-૨ ब આરામમેં ધામમેં.
૨૫-૧ बक કલપે તલપે.
૨૫-૨ ब પડે. बक તરફડે.
क દૂહા.
૨૬-૧ —
૨૬-૨ ब વવલે, क વિલવલિં. ब લોટે. ब કોણ. बक મેટે.
૨૭-૧ —
૨૭-૨ बक ત્રીજે. ब ભણે. बक ઉપજે.
क ફાગ.
૨૮-૧ क અસાઢ.
૨૮-૨ क દસ દિસી. बक દીસે રે.

ઝરમર વરસિ રે મેહલો, નેહલો સાલિ રે નિત્ત,
કાલી કાંઠલ દેખીનિં વિરહી ન રહિં ચિત્ત. ૨૯

રાતિં રે સુપન-જંજાલમિં આજ મઇં દીઠા રે લાલ,
જાગી-ઊઠી જોઉં જેતલિં તેતલિં ગયા તતકાલ. ૩૦

પીઉ પીઉ કરત બાપીયડો, પાપીયડો સખિ ! વારિ,
દૂખમિં પીઉ સુણાવતો, ખાંતિં મેહલિ ખાર. ૩૧

પંથીયડા પરદેસના દેસના આવિ રે ઘેર,
ભરમિ ભૂલો ભમિ પીયા, કરમિં સાધ્યું વેર. ૩૨

પંખીઇં માલા રે ઘાલિયા, ચાલિયા રિષિ ચોમાસ,
નાહ નીઠુર ગયો મેહલી, દેહલી લાગિં ત્રાસ. ૩૩

**ઢાલ**

પીઉ વિના પાવસિ પદમિની, સૂધિ ગઇ બુધિ તે ભાંમિનીની,
ચટપટી સઘલિ ડીલ વ્યાપી, પરભવિં કામનાં બાંણુ પાપી. ૩૪

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ ચોથિ ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૩૫

**દૂહા**

શ્રાવણ માસિ અવાસિ રે વાસો મિ ન વસાય,
આંગણિં ઉભલાં ભીંજીઇ, કીજીઇ કવણ ઉપાય ? ૩૬

---

૨૯–૧ बक વરસે; સાલે.
૨૯–૨ क કાંઠલી. ब દેષીનેં. बक રહે.
૩૦–૧ ब જંજાલમાં, क જંજાલમેં. ब મેં, क મિં.
૩૦–૨ ब જેતલેં તેતલેં.
૩૧–૧ ब કરતો.
૩૧–૨ बक દૂષમેં. ब ષાંતે. बक મેહલે.
૩૨–૧ बक આવે.
૩૨–૨ ब ભરમે; ભમેં; કરમેં:
૩૩–૧ क પંખીયેં. ब રુષિ, क ઋષી.
૩૩–૨ बक લાગેં.
क દૂહા.
૩૪–૧ ब પાવસ્યેં. क સૂધ ગઈ ભૂલી તે ભામનીની.
૩૪–૨ ब સઘલેં; પરભવેં.
૩૫–૧ —
૩૫–૨ बक ચોથે. ब ભણે. बक ઉપજે.
क ફાગ.
૩૬–૧ ब માસ્યે અવાસ્યેં; મેં.
૩૬–૨ —

જલધર ગયણુ ધડુકે રે, ચૂકે અબલાનાં ચિત્ત,
વીજલડી ઝબઝબ કરે, ન ફરે યાદવ મિત્ત. ૩૭

આ જુંઓ લાક-ગહેલડી ઢેલડી આગલ આય,
મોર કલા કરી નાચિ રે, માચે મેહને પાય. ૩૮

ઇંદ્રધનુષ મન મોહતું રે, સોહતુ નાના રે રંગ,
ફૂલ કદંબ નિહાલીને બાલિને વાધ્યો અનંગ. ૩૯

આવોને કંત કોડામણા ! ભામણાં લેઉ રે ભેટ,
કનક-રતન કરુ લૂંછણાં, પૂછણાં પરહાં મેટ. ૪૦

એક વાર રહો પ્રાહુણા, પીઉડા ! પૂરો વિલાસ,
લલિ લલિ લાગુ પાઉલે, સાહબ ! સુણિ અરદાસ. ૪૧

**ઢાલ**

વન લવિં મોર, ઘન ઘોર ઉઠે, આરડે મંડુકી મેહ વૂઠે,
કલરવે કોકિલા, ભમર ગુંજે, હરિ ભજે વિરહણી જાય કુંજે. ૪૨

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
પાંચમે માસ ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૪૩

**દૂહા**

ભાદ્રરવિં સુખદાયક નાયક નહી રે હજૂર,
વિરહતણિં વસ કામિની કંકણનો કરિં ચૂર. ૪૪

---

૩૭-૧ —
૩૭-૨ ब ન કરે; યાદવ ચિત્ત.
૩૮-૧ —
૩૮-૨ ब નાચે.
૩૯-૧ —
૩૯-૨ ब નિહાલિનેં.
૪૦-૧ ब ભેટિ.
૪૦-૨ ब કનક રજત કરું; મેટિ.
૪૧-૧ —
૪૧-૨ ब સાહિબ.
૪૨-૧ ब લવેં.
૪૨-૨ —
૪૩-૧ —
૪૩-૨ ब માસ પાંચમે. ब ભણે.
क ફાગ.
૪૪-૧ ब ભાદરવેં.
૪૪-૨ ब વિરહતણેં; કાંમની, क કાંમણી. ब કરે.

સોહવ નારિ સંજોગિની કંત ન મુંકિ દૂર,
મોટે મહોલ-ઝરૂખડે ખેલિં અધિક સનૂર. ૪૫

મહિષી રે દૂઝિં મોકલી, ગોકુલ માંહિ ગહિઘાટ;
ઘર ઘર પ્રાત-સમિં ઘણું ઘૂમિં મહીનાં માટ. ૪૬

ઘોર ઘના ઘન ગાજિં રે, વાજિં વિરહનાં બાણ;
પીઉ પરદેસ જઈ રહ્યો જેહ-સ્યું બાંધ્યો પ્રાંણ. ૪૭

ચાલો સખિ! સુખ પાઇઇ, જાઇઇ ગઢ ગિરનાર,
વાલ્યમ વેગિં મનાવિઇં, લ્યાવિઇ ગુણભંડાર. ૪૮

સહસા વન મંનમોહન મલસ્યિં, વસસ્યિં રે દન્ન,
વિરહતણું દૂખ વારસ્યિં, કરસ્યિં શીતલ તન્ન. ૪૯

## ઢાલ

ઘટા દેખી કાંઇ રિષિ ધ્યાન ચૂકૈ, અનંગાકુલી માંનિની માંન મૂકૈ,
વિયોગી જવાસાતણી પિર સૂકૈ, ભરયે સોવરે ચાતકી જેમ લૂકૈ. ૫૦

સરસતી માત સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ છઠે ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૫૧

---

૪૫-૧ व નારી; સંયોગિની.

૪૫-૨ बक ષેલે. આ પછી ब અને कમાં નીચેની વધારાની કડીઓ છે:
આવ્યા રે પરવ પજૂસણાં, રૂસણાં નાહ નિવારિ,
શ્રી જિનધર્મવિભૂસણ, દૂસણ નહી લગાર.
મુનિવર સબલ દિવાજેં રે, વાંચે કલ્પ-વખાંણ;
ભગતિ કરે ગુરુદેવની શ્રાવક લોક સુજાંણ.

૪૬-૧ बक દૂઝેં. ब ગહેંગાટ.

૪૬-૨ ब ઘરિ ઘરિ. बक સમેં. ધૂંમેં.

૪૭-૧ बक ગાજે; વાજે.

૪૭-૨ ब પરદેશે. રહ્યા

૪૮-૧ —

૪૮-૨ ब વાલિમ, क વાલમ. क વેગેં. ब લાવીઇં.

૪૯-૧ ब સહસા વનમાં મોહન, क સહિસા. ब મલસ્યેં વલસ્યેં, क મલસે વલસે.

૪૯-૨ ब વારસ્યેં કરસ્યેં, क વારસે કરસે.

૫૦-૧ ब રુષિ. बक ચૂકે. बक માનની; મૂકે.

૫૦-૨ क જવાસી. क પરિ. बक સૂકે. क ભરે. ब સરોવરે. बक લૂકે.

૫૧-૧ —

૫૧-૨ ब ભણે. बक ઉપજે.

## દૂહા

આસો રે માસ મનોહર, સોહવ કરિ સિણગાર,*
ગજગતિચાલે રે ચાલતી ઝાંઝરને ઝમકાર. ૫૨

નવ રે દિવસ નવરાતિના ગોરી ગરબો ગાય,
ખેલતી નાચતી ખૂંદડી, ખાવતી બીડી બનાય. ૫૩

દસરા કેરે દિહાડલિ સહિયર જોવે વાસ,
કંથ વિના રે વિયોગણી મુખ મેહલે નીસાસ. ૫૪

પોઢું રે પરવ દીપાલિકા, બાલિકા-મન ઉછરંગ,
ઘર ઘર દીપક-માલિકા, જાલિકા તોરણ ચંગ. ૫૫

સેવ સૂંહાલી રે લાપસી, ભોજન કૂર-કપૂર,
પ્રીસિ રે પદમની પાતલી, જિમે પ્રિયુ ભરપૂર. ૫૬

બહિની રે! હજુ નહી મલીઓ સામલીયો સુકમાલ,
પલ પલ વિરહની વેદના વાધિ તન વિકરાલ. ૫૭

---

क ફાગ.

* શ્રી અગરચંદ નાહટાએ મોકલેલી નકલમાં આસો માસની અલગ અલગ છ છ કડીઓ છે. મૂળ अ પ્રતમાં તેમ જ ब પ્રતમાં દરેકમાં આસો માસની દશ કડીઓ છે; તેમાં શ્રી નાહટાવાળી નકલની અલગ અલગ એકમની કડીઓ ભેળસેળ થઈ ગયેલી છે. કાવ્યની યોજનામાં છ કડીઓ બંધ બેસે છે, તેથી क પ્રતના છ કડીના એકમને અહીં મૂળ પાઠ તરીકે સ્વીકારી બીજી પ્રતોનાં પાઠાન્તરો નોંધ્યાં છે.

૫૨-૧ ब કરે.
૫૨-૨ अ ચાલિ રે. अ ઝાંઝરનિ, ब ઝાંઝરીનો.
૫૩-૧ —
૫૩-૨ —
૫૪-૧ अ કેરિ. ब દીહાડલે:
૫૪-૨ अब કંત. अ વિજોગિની, ब વિયોગની. अ મેહલિ.
૫૫-૧ ब બાલિકા રમે ઉછરંગ.
૫૫-૨ अब ઘરિ ઘરિ.
૫૬-૧ —
૫૬-૨ ब પ્રીસ્યે. अ જિમિં, ब જમે પીયા.
૫૭-૧ अब બહિન अ મલીઉ.
૫૭-૨ ब વાધે.

क દૂહા.

## ઢાલ

માસ ચ્યારે રહ્યા મેહ વરસી, રાણી રાજુલ રહી નેમિ તરસી,
ભાદ્રવઇ-શ્રાવણઇ ગર્વ છાંડયો, પેખિ પ્રિયા નયન જલધાર મંડયો. ૫૮

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
સાતમિ માસ ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં.* ૫૯

## દૂહા

કારતિગ માસિં રે કામિની કંતની જોવિં રે વાટ,
ઓઢી રે નવરંગ ચૂનડી, પહિરી સોવન ઘાટ. ૬૦

મારગ સવિ થયા મોકલા, પંથીઇં કરચાં રે પ્રયાંણ,
નીર નિવાણઇ નીતરચાં, નદીઇં ટલિયાં તાંણ. ૬૧

---

૫૮-૧ —
૫૮-૨ बक ભાદ્રવે શ્રાવણે. क પેખે ત્રિયા નિન.
૫૯-૧ —
૫૯-૨ क સાતમે. ब ભણે. बक ઉપજે.

* क પ્રતનું છ કડીનું બીજું એકમ અને તેનાં પાઠાન્તરો નીચે મુજબ છે:

| | |
|---|---|
| આસો રે માસ મનોહર, સોહવ કરિ સિણગાર, | — |
| આંખડી કાજલ સારિયાં, વાંકડી ભુહક બાણ. (૧) | अब વાંકડી ભોંર સમાર |
| કાને રે કુંડલ સોહે રે, ટીંકી નીકી નિલાડ; | अब સોહિઇં; નિલાડિ. |
| નાક બણી નકવેસર, કેસરિ કરી આડ. (૨) | ब નાકે. अब બની; કેસરની. ब કરે: |
| મસ્તકે સિંથો રે પૂરીઓ, ફૂલડે ગુંથી રે વેણિ, | अ મસ્તકિ; પૂરીઉ. ब વેણ. |
| મુખ શોભા સુખકારણી, ચંદ હરાયો જેણિ. (૩) | — |
| હાર હિએં અતિ સુંદર, ચંદન ચરચ્યાં રે અંગ, | अब હીઇં. |
| કર કંકણુ કારેલડી, બેલડી દીસે રે સ-રંગ. (૪) | अब (ઉત્તરચરણ) મુદ્રડી જડીઆં નંગ. |

ગજગતિ ચાલિ રે ચાલતી, ઝાંઝરીનો ઝમકાર,
(આ પછી अबમાં-કટિતટિ મેખલ ખલકતી, લલકતી રાખડી સાર.)
નવ રે દિવસ નવરાતના, ગોરી ગરબો ગાય, (૫)
ખેલતી નાચતી ખૂંદતી, ખાવતી બીડી બનાય.
(આ બે પંક્તિઓ अबમાં બેવડાય છે.)
હરખે હીંડોલિ રે હીંચતી, વિરહિ દિન ન જાય. (૬)
(આ પંક્તિ जबમાં નથી.)
क ફાગ.

૬૦-૧ बक માસે; જોવે.
૬૦-૨ ब ચૂંદડી.
૬૧-૧ —
૬૧-૨ ब નિવાંણે, क નિવાણિ.

સરદ નિસા અજુઆલી રે, ઊગ્યો પુનિમ-ચંદ,
વિરહણીનઇ રે સંતાપવા પાપી વિષનો કંદ. ૬૨

એકલડી મુઝ પેખી રે લેખવી આબળા બાલ,
કંદર્પે વયર વસાવિઉં, રૂઠડા નાહ નિહાલ. ૬૩

ઊડિનિ કાગ ! જો આવતા પેખિ પીઉનિં રે પોલિ,
સોનિં મઢાઉં તોરી જીભડી, પાંખિ રૂપાની ઓલિ. ૬૪

ચાંદલિયા ! તિહાં જાઇ રે જ્યાંહાં છિ જીવન મુઝ,
તેડીનઈ આવે ઉતાવલો, ખોહીસ થાંપણિ તુઝ. ૬૫

ઢાલ

દિનાનાથનિ ચિંતવિ ચક્રવાકી, યદુનાથની વાટ જોવઈ વરાકી,
વિના ચંદ્રમા દુઃખ પામિં ચકોરી, તથા નેમિ પાખિ તપિ ત્યું કિશોરી. ૬૬

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
આઠમિં માસ ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૬૭

દૂહા

માગસિર માસિ રે મોહન મોહી રહ્યા વન જાય,*
મુગતિ-વધૂના રે લાલચી બિઠા તાલી લાય. ૬૮

---

૬૨-૧ —
૬૨-૨ बक વિરહણિને.
૬૩-૧ ब મુઝ દેખી રે.
૬૩-૨ क વયર વસાવીઓ. बक રૂઠડો.
૬૪-૧ ब ઉડિનેં, क ઉડને. बक પિઉને.
૬૪-૨ बक સોનેં. ब મઢાવું. क પાંખે.
૬૫-૧ ब જાએ, क જાયે. ब જીહાં છે, क જ્યાંહાં છે.
૬૫-૨ बक તેડીને. ब ષોઇસ થાંપણ, क ખોઇસ ખાંપણ તુઝ. क દૂહા.
૬૬-૧ ब દિનાનાથને ચિંતવે. बक જોવે.
૬૬-૨ ब પાવે, क પામે. बक પાખે, ब તપેં.
૬૭-૧ —
૬૭-૨ बक આઠમે. ब ભણે. बक ઉપજે.
क ફાગ.
* अ,ब અને क એ ત્રણે પ્રતમાં માગસર માસની દશ કડીઓ છે.
૬૮-૧ ब માસેં; મોહી રહ્યો.
૬૮-૨ ब મુગતિ વધૂનો; બેઠો; ઠાલી લાય.

ભુવન ભયાનક લાગિ રે, જાગિ પૂરવ પ્રીતિ,
સેજલડી ન સુહાવિ રે, ભાવિ નહિ રસ-રીતિ. ૬૯

તન રે વાડી વિકસી રહી, વિરહી કેમ કરંત ?
મનમથ–માલી નિરંતર જોવન–જલ સિંચંત. ૭૦

નયન–કુમોદિની ફૂલી રે, ભુંહડી ભમર–વિલાસ,
અધર મધુર બિંબીફલ, કુંપલ–કમલ નીસાસ. ૭૧

ફૂલી રે વાડી ઇમ સુંદર, કુંદકલી રયણ દીપંત,
વચન સુધારસ–વેલડી, સેલડી મદ ગલંત. ૭૨

ઉન્નત પીન પયોધર સોભા ધરિ શ્રીકાર,
જંબીરીફલ શ્રીફલ બિલિફલ મનોહાર. ૭૩

જાય–ચંબેલીના ચોસર, ચંપક વરણ–રસાલ,
જંઘ–જુગલ અતિ કોમલ કદલી–ખંભ વિશાલ. ૭૪

પદ પંકજ વન ખેલિ રે, નેઉર રાજમરાલ,
પીઉ વિણુ એતાં નવિ ગમિ, મેહલું કુંણુ રખવાલ ? ૭૫

ફૂલ્યો રે જોવન–કેવડો પ્રીતિ–સરોવર–પાલિ,
નાહ પખિં કુંણુ એહનો લેસ્યિં ભોગ રસાલ ? ૭૬

---

૬૯–૧ बक લાગે; જાગે.

૬૯–૨ ब સુહાઇ; ભાવે.

૭૦–૧ क તનમે રેં વાડી ફૂલી વિરહી.

૭૦–૨ क મનમથ સાલેં નિરંતર.

૭૧–૧ ब ભુહડી ભ્રમર.

૭૧–૨ ब કમલ નિરાસ.

૭૨–૧ अब ફૂલી રે દાડિમ સુંદર કુંદકલી રદયંતિ.

૭૨–૨ —

૭૩–૧ क પયોહર. बक ધરે.

૭૩–૨ क મનુહાર.

૭૪–૧ क ચંપક વરણ સમાન.

૭૪–૨ —

૭૫–૧ बक ખેલે રે. क ( ઉત્તર ચરણ ) ખેલે રે રાજૂલ નેમીકુમાર.

૭૫–૨ बक ગમેં.

૭૬–૧ —

૭૬–૨ ब પખેં. बक લેસ્યેં.

જો રે સખી ! ઇમ જાંણુતી મનમથ દમસિયં વિશેષ,
બાંહ ગ્રહી તો રાખતી પીઉડો સુંદર વેસ. ૭૭

## ઢાલ

નેમજી નેમજી નામ ધ્યાવિં, નિસદિન નેમના ગુણ ગાવિ,
પલ ઘડી માસ લેખિ ન આવિં, પીઉ વિના અન્નપાણી ન ભાવિ. ૭૮

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ નોમિં ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૭૯

## દૂહા

પોસિ પિયા મદમાતી રે રાતી પ્રીતમ-સંગ,
ચતુરા રે ચોપટ ખેલતી, પાલતી પ્રીતિ અભંગ. ૮૦

પાપિણી જે રે અભાગિણી ભામિણી વિણ-ભરતાર,
સીઆલિ રહિ એકલી તેહનો ધિક અવતાર. ૮૧

ચંદન-ચંદ ન ભાવિ રે, આવિ ચંદન દાય;
ટાઢિં રે ગાઢાં પીડીઇ, કહીઇ કુંણનિ ધાય? ૮૨

નિઠુર ન થાઓ રે નાહલા! વાહલા! વેગિ પધાર,
સરણે રાખો રે સામલા! આમલા મનના વાર. ૮૩

---

૭૭-૧ ब જાણતી યોવન દમસ્યેં.

૭૭-૨ ब બાંહિ. क પ્રિયૂડો.
क દૂહા.

૭૮-૧ बक ધ્યાવે; ગાવે.

૭૮-૨ बक લેખે ન આવે; ન ભાવે.

૭૯-૧ —

૭૯-૨ ब નોમેં. ब ભણે. बक ઉપજે.
क ફાગ.

૮૦-૧ ब પોસ્યેં, क પોસ, ब પ્રીતમ રંગ.

૮૦-૨ —

૮૧-૧ अब ભામની.

૮૧-૨ बक રહે.

૮૨-૧ बक ભાવે. ब નાવે ચોસર દાય, क નાવિં ચંદન દાય.

૮૨-૨ क ગાઢાં પિડીઆ કહીએ કેહને ધાય.

૮૩-૧ —

૮૩-૨ —

સીતલ વાય સંતાપિ રે, કાપિ કાલિજ-કોર;
અલબેલા! ઘરિ આવીઇં, અરજ કરું કર-જોર. ૮૪

દૈવે ન દીધી રે પાંખડી, આંખડી નિરખું રે આય;
સજની રે! સી કહું વાતડી, રાતડી મો ન વિહાય. ૮૫

**ઢાલ**

જીવ-જીવન વિના જગત સૂનું, શ્યામસુંદર કરયું કાંઈ દૂનું,
સીત-કાલિ પિયા સબલ ઝૂરિ, સંખ-લંછન પ્રભુ કષ્ટ ચૂરિ. ૮૬

સરસતી માત-સુપસાય પાંમી, નિજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ દશમિ ભલી સરસ વાતાં ભણિ માણિક્ય તે ઉપજઇ હર્ષ ગાતાં. ૮૭

**દૂહા**

માહિ ઉમાહિ માહરુ મનડું મિલવા રે કાજિ,
લેખ-સંદેસ ન મોકલિ વાલિમ, આણી વાજિ. ૮૮

યોવન-દિહાડા રે દોહિલા, દોહિલો કામ-સંતાપ,
પીડ ન જાણિ રે નાહલો, કિમ કરી રાખું રે આપ? ૮૯

દીરઘ રયણી ન જાઈ રે, ટાઢિ ધ્રૂજિ રે અંગ;
વયર વસાયું રે નીંદ્રડી, સોહિણિ ન મિલિ સંગ. ૯૦

---

૮૪-૧ बक સંતાપે; કાપે. ब કાલજ.
૮૪-૨ —
૮૫-૧ —
૮૫-૨ —
क દૂહા.
૮૬-૧ ब સૂનો; કરયો; દુનો.
૮૬-૨ बक સીતકાલે. क ઝુરે. ब પ્રભુ નેમિ દૂરે. क કષ્ટ ચૂરે,
૮૭-૧ —
૮૭-૨ बक દશમે. ब ભણે. बक ઉપજે.
क ફાગ.
૮૮-૧ क મલવા.
૮૮-૨ बक મોકલે. क વાલમ.
૮૯-૧ क ધાહડા.
૮૯-૨ बक જાણે.
૯૦-૧ ब ન જાયે રે. बक ધ્રુજે.
૯૦-૨ क વસાવ્યું. ब સોહિણે, क સોહણે. ब મિલે, क મલિં.

હાડિં રે વેહનિં પાડતો હાલિ હિમાલય-વાય,
અબલા રે ઝૂરિ એકલી, વિરહિં તન સોસાય. ૯૧
આસ-વિલૂધાં રે માણુસાં આખો દિન અવટાય,
જાઇ જંમારો જેતલો તે અણુલેખિં જાય. ૯૨
બહિતર ! વેગિ સિધાઉ રે, ધાઉ, મ લાઓ વાર,
આણો તુરત મનાયનિં જાયનિં બંધુ-મુરાર. ૯૩

### ઢાલ

તરફડિં વિરહણી, વિરહ વાધ્યો, મનમથિ મોહનો બાણુ સાંધ્યો,
દુઃખ ઘણું દોહિલું તન્ન સાલિં, પ્રાણજીવન વિના કુંણુ પાલિં ? ૯૪
સરસતી માત-સુપસાય પાંમી, નિંજ ગુરુ-પાઉલે સીસ નાંમી,
માસ ઇગ્યારમિં સરસ વાતાં ભણિ માણિકચ તે ઉપજઇ હર્ષ ગાતાં. ૯૫

### દૂહા

ફાગુણુ નાહ નહી ઘરે, કુંણુ લડાવિ રે લાડ ?
આંસુયડે ઝડ લાગી રે, દુખનાં ઉગ્યાં ઝાડ. ૯૬
વન વન કેસૂ રે ફૂલિયાં, ફૂલડાં સોહિ રે સાર,
માનું એ વિરહાગ્નિ તણા અધ-બલતા અંગાર. ૯૭

---

૯૧-૧ ब હાડે રે વેહતે. હાલે.
૯૧-૨ बक ઝૂરે. ब વિરહે.
૯૨-૧ —
૯૨-૨ ब જાયેં. बक અણુલેખે.
૯૩-૧ ब બહિન, क બહિની રે. ब વેગે સિધાઓ મ લાઓ રે વારિ.
क વેગે સિધ્યાઓ રે ધાઓ.
૯૩-૨ बक મનાયને. ब જાયનેં; બંધુ મોરારિ.
क દૂહા.
૯૪-૧ बक તરફડે. ब મનમથે.
૯૪-૨ ब સાલે; કુંણુ ટાલે.
૯૫-૧ —
૯૫-૨ बक ઇગ્યારમેં. बक ભણે; ઉપજે.
क ફાગ.
૯૬-૧ ब લડાવે.
૯૬-૨ क આંસુડે.
૯૭-૧ बक સોહે.
૯૭-૨ —

સાત-પાંચ સાહેલડી બેલડી વલગી રે બાલ,
પહિરણુ પીલી પટોલડી, ચોલી સોહિં લાલ. ૯૮
સેરડીઇં મિલી ટોલી રે ભોલી, હોલીનો ફાગ,
ગાઈ ચંગ મૃદંગ-સ્યું, રંગ-સ્યું આલવી રાગ. ૯૯
દીન વચન કરી દાખીઇં, રાખીઇં ઉત્તમ રીતિ,
પીઉ! પાછો રથ વાલીઇ, પાલીઇં પૂરવ પ્રીતિ. ૧૦૦
ધણિનિ માંન જ દીજીઇ, ખીજીઇ નહિ વિણુ-દોસ,
યોવન-લાહો લીજીઇ, કીજીઇ નહિ તપ-સોસ. ૧૦૧
ઇણિ પરિ રાજુલ કાંમિની કરતી કોડિ વિલાપ,
વેગિ મલી શ્રીનેમનઇ ટાલી દુખ-સંતાપ. ૧૦૨
પિઉ-હથિં સંયમ આદરી રાખ્યો અવિહડ રંગ,
મુગતિ-મહેલમાં સંચરચાં, પાલી પ્રીતિ અભંગ. ૧૦૩

ઢાલ

બાંધીઉં તન-મન પ્રેમ-પાસિં, જાય યદુનાથનિં વસત વાસિં,
બારમિં માસ તે વિરહ ટલીઉ, આપ માણિક્યનો સ્વામિ મલીઉ. ૧૦૪

દૂહા

સત્તર બિંતાલીસ સંવત, વારૂ વૈશાખ માસ,
સુદિ તૃતીયાનિ વાસર સંસ્થવ્યા બારે માસ. ૧૦૫

---

૯૮-૧ —
૯૮-૨ ब પહિરણેં. ब સોહિઇ, क સોહે.
૯૯-૧ क મલી.
૯૯-૨ ब ગાવેં, क ગાવિં.
૧૦૦-૧ —
૧૦૦-૨ —
૧૦૧-૧ ब ધણુનેં, क ધણિને.
૧૦૧-૨ —
૧૦૨-૧ क કોડ.
૧૦૨-૨ बक વેગે; શ્રીનેમને.
૧૦૩-૧ ब પીઉ, સાથેં, क પિઉ હથેં.
૧૦૩-૨ —
૧૦૪-૧ कમાં આ કડી નથી. ब બાંધીઓ; પ્રેમ પાસ્યેં; યદૂનાથને રહેત વાસ્યેં.
૧૦૪-૨ ब બારમેં; ટલીઓ; મલીઓ.
૧૦૫-૧ बक બેતાલીસ.
૧૦૫-૨ क વાસરે.

શ્રી શાંતિવિજય ઉવઝાયના ખીમવિજય બુધ સીસ,
શ્રી હેમવિજય–સુપસાયથી માણિક્ય પૂગી જગીસ. ૧૦૬

**ઢાલ**

રસિક મનભાવતા બાર માસા, પઢત સુણતાં ફલિ સકલ આસા,
સરસ શૃંગાર રસ સહિત વાણી ભણિ માણિક્ય તે હર્ષ આણી. ૧૦૭

---

૧૦૬–૧ बक વાચક શાંતિવિજય તણા ખેમવિજય.

૧૦૬–૨ —

क દૂહા.

૧૦૭–૧ क ફલે.

૧૦૭–૨ ब ભણેં માણિક્ય સાંભલો ચિત્ત આંણી.
આ પછી

अમાં—ઇતિ શ્રી નેમિરાજિમત્યોર્દ્વાદશમાસાઃ સંપૂર્ણાઃ ॥ શ્રી ॥

बમાં—નેમ રાજીમતિ દ્વાદસ માસ સંપૂર્ણ ॥

कમાં—સંવત ૧૮૯૧ સાકે ૧૭૨૬ પ્રથમ ચૈત્ર વદી ૫ શનૌ આગમગછે ભટારક શ્રી હસ્તીરત્નસુરીજી તત્ શીષ્ય ભટારક હેમરત્નસુરી વીજેરાજે મુની લક્ષ્મી રત્નેન લખીતં આગમગછે સા. રાયચંદસુત હેમચંદ પઠનાર્થં ॥

# શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીકૃત 'શ્રીસુદામાખ્યાન'

લવકુમાર મહેન્દ્રકુમાર દેસાઈ

'શ્રી શ્રેયસ્સાધક અધિકારીવર્ગ'ના આદ્ય સંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજીના સુપુત્ર તથા તે વર્ગના દ્વિતીય આચાર્ય શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ (ઇ.સ. ૧૮૮૫-૧૯૩૭) મુમુક્ષુ અધિકારી સાધકો અને બહુજન-સમુદાયને લક્ષ્યમાં રાખી પદો, ગરબા, રાસ, સંવાદ, નિબંધ, નવલકથા વગેરે સાહિત્યસ્વરૂપો ખેડીને સર્જન કર્યું છે. તેવી રીતે તેમણે આખ્યાન પણ રચ્યાં છે. પરંતુ અભ્યાસીઓનું અને વિવેચકોનું યોગ્ય ધ્યાન દોરાયું ન હોવાને કારણે આખ્યાન-શિરોમણિ પ્રેમાનંદ પછી રચાયેલી આખ્યાનકૃતિઓમાં શ્રી ઉપેન્દ્રકૃતિનો ભાગ્યે જ ઉલ્લેખ થયેલો જોવા મળે છે !

'શ્રી ઉપેન્દ્રગિરામૃત' પ્રથમ પરિવાહ, દ્વિતીય પરિવાહ અને અન્યત્ર એમ કુલ ૧૬૦૦ કરતાં પણ વધુ પદો રચનાર શ્રી ઉપેન્દ્રાચાર્યે બે ભક્તિરસપ્રધાન આખ્યાનો—(૧) શ્રી સુદામાખ્યાન અને (૨) શ્રી શુકજનકાખ્યાન પણ રચ્યાં છે. સ્વતંત્ર પુસ્તિકા રૂપે તેની બબ્બે આવૃત્તિઓ પ્રકટ થઈ છે. તદુપરાંત કવિશ્રીએ 'કાલીયમર્દન આખ્યાન' અને 'દુર્વાસાશ્રાપ આખ્યાન' લખ્યાં હોવાનો ઉલ્લેખ વારંવાર થયેલો છે. પરંતુ હજી સુધી તે બન્ને કૃતિઓ અપ્રકટ છે.

'શ્રી સુદામાખ્યાન' (બીજી આવૃત્તિ, પ્રકટ સાલ ૧૯૨૮) અને 'શ્રી શુકજનકાખ્યાન'માં કવિએ પદો, ગીતો, ચોપાઇ, દોહરા, મરાઠી સાખી, ગીતિ, દેશીઓ ઉપરાંત હરિગીત, શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, માલિની વગેરે માત્રામેળ અને અક્ષરમેળ છંદોનો પણ ઉપયોગ કર્યો છે. ભાલણ, નાકર અને પ્રેમાનંદને હાથે પરિપૂર્ણ કલાત્મક સ્વરૂપ પામેલાં આખ્યાનનાં લક્ષણો મુખબંધ, કડવું, વલણ વગેરે અહીં જણાતાં નથી. તેનું માળખું કેટલેક અંશે સંગીતરૂપકના જેવું બન્યું છે, તે સમયાપેક્ષાએ સ્વાભાવિક છે. બન્ને કૃતિમાં અનાસક્તિ, પ્રભુભક્તિ અને ગુરુકરુણાના મહિમાનું પ્રતિસ્થાપન કરવાનો આશય રહેલો છે. 'શ્રી શુકજનકાખ્યાન' ૪૫૧ લીટીનું નાનું આખ્યાન છે, પરંતુ લગભગ અઢારસો (૧૮૦૦) પંક્તિઓમાં વિસ્તરેલું 'શ્રી સુદામાખ્યાન' પ્રેમાનંદ (અને અન્ય કવિઓ)નાં 'સુદામાચરિત્ર' સાથે તુલનાત્મક અભ્યાસ કરવા યોગ્ય કૃતિ છે. આચાર્યશ્રીનાં તમામ કાવ્યોનું ઉત્સવો પર ગાન થતું તેમ આ સાદ્યંતકૃતિનું પણ સાધકસમુદાયસહ પઠન-ગાન વારંવાર—ખાસ કરીને જન્માષ્ટમીની રાત્રે—થતું હતું અને ભાવકો રસાસ્વાદ માણતા. આખ્યાનનાં માન્ય થયેલાં પ્રચલિત લક્ષણોની ચર્ચા છોડી દઈએ તો ભાષા, શૈલી, કથનકૌશલ, સંવાદ કે નાટ્યતત્ત્વ, રસનિષ્પત્તિ, પાત્રાલેખન, મર્મકટાક્ષ, ચિત્રાલેખન વગેરે વિવિધ દૃષ્ટિબિંદુઓથી પ્રેમાનન્દની કૃતિ જેટલી જ વિવેચનક્ષમતા આ 'શ્રી સુદામાખ્યાન' ધરાવે છે.

આચાર્ય કવિ શ્રી ઉપેન્દ્રાચાર્ય પ્રેમાનંદનાં આખ્યાનોથી સુપરિચિત છે. કારણ કે એક-બે

ગીતોના ઢાળ તેમણે ' નળાખ્યાન ' વગેરેનાં ગીતોના લીધા છે.[1] પ્રાસ પરત્વે પણ તેઓ પ્રેમાનંદની ચુસ્તતાને વળગી રહ્યા છે. ચરિત્રવસ્તુની બાબતમાં તેઓ શ્રીમદ્ ભાગવતને કે નરસિંહ મહેતા અને પ્રેમાનંદની કૃતિઓને સંપૂર્ણપણે વળગી રહેતા નથી. આખ્યાનનું પ્રયોજનબીજ તેમણે બીજા પદમાં જ રોપ્યું છે :

" માગ્યા વિના પ્રભુ દેતા, એ ભક્તને, મન માગ્યું દેતા.
* * *
જેને દેવો ચહે તેનું પહેલાં હરિ, સર્વસ્વ તો હરી લેતા;
આખર પોતાનું સર્વસ્વ તેને, આપ્યા વિના નથી રહેતા;
ભક્તને અધીન પ્રભુને વશ કરે તે, થઈ રહેતા વિશ્વના વિજેતા." (પૃ. ૨)

પ્રેમાનંદના સુદામાની જેમ અહીં પાત્ર ગૌરવને હાનિ થતી નથી.

" દૈવીસંપત્તિસમન્વિત સુદામા વિપ્ર,
પણ લૌકિક સંપત્તિમાં, હતા અતીવ દરિદ્ર.
વિરક્ત વિષય વિષે અને, બ્રહ્મતત્ત્વસંનિષ્ઠ,
પ્રશાંત, જિતેન્દ્રિય અને, સાત્ત્વિકગુણવિશિષ્ટ."
" હતા અપાર દરિદ્ર પણ, હતા લગાર ન દીન,
બ્રહ્મજળે મહાલે અતિ, મસ્ત તેનું મનમીન." (પૃ. ૨, ૩)

કવિએ લગભગ ૪૦ લીટીમાં દોરેલું શબ્દચિત્ર સુંદર અને વિશદ છે. કેટલીક છૂટી છૂટી પંક્તિઓ જોઈએ. તેમાં ઉત્પ્રેક્ષા અને સજીવારોપણનો છૂટથી ઉપયોગ થયેલો છે.

" અભ્ર વિષે શોભે જેમ તારા, છાપરામાં તેમ બહુ બાકોરાં,
અંદરથી બહુ બાઝયાં જાળાં, મહીં કીધા ચકલીએ માળા,
અખંડ ધૂળની વૃષ્ટિ થતી, મહિં શોભે સુદામા ધૂર્જટી."
" જટા સાધુની હોય જેમ લુખી, પૃથ્વી છાણ વિનાની સુકી."
" પ્રવાસી રહે (જેમ) મુસાફરખાને, રાતવાસો કરતાં ત્યાં શ્વાને."
" કમંડલુ જળનું એક હતું, બેસણી વિણ જે ડગમગ થતું.
જાણે દારિદ્રય ઋષિનું નિરખતું, પાત્ર તેહ કંપી ઉઠતું.
સંધ્યાનું ત્યાં પ્યાલું પડેલું, શુક્રાચાર્યનું રૂપ ધરેલું.
ઋષિની દરિદ્રતા જોઈ ત્રાસ્યું, જાણે ટપકાવતું નિજ આંસુ.
તરભાણું હતું શોકે છવાયું, દારિદ્રય જોઈને હૃદય ચીરાયું.
દાંડો આચમનીનો તુટ્યા' તો, ઋષિથી ભાર ઉચકાતો નહોતો !"
(પૃ. ૪, ૫)

પાણી પીને સૂતેલાં બાળકોની દુર્દશાથી વ્યાકુલ બનેલી સુદામાપત્ની વિધાતા પ્રત્યે પ્રકોપ ઠાલવે છે :

૧ 'વૈદર્ભી વનમાં વલવલે ' એ લયમાં કૃષ્ણ-સુદામાનો સંવાદ પૃ. ૩૮, ૩૯. ' ઓખાહરણ 'ના લયમાં દ્વારામતીનું વર્ણન પૃ. ૨૫

"વીંછણ પણ મારાથી સારી, જે બાલકને કાજે,
પોતે મરતી પણ તેનાથી, હું નિષ્ઠુર થઈ આજે.
અરે વિધાતા ! તુજને મુજ બાલક ઘડતાં આવડતાં,
પણ તેને કાજે એક રોટલો, તને ન આવડ્યો ઘડતાં." (પૃ. ૬)

સ્વદુઃખે વજ્રથી ય કઠોર સુદામાનું હૈયું પરદુઃખે કુસુમથી પણ સુકુમાર બને છે. તે 'યોગ્ય સમય નહિ પ્રાપ્ત થાય, ત્યાં લગી શ્રીહરિ સ્મરો' એવું આશ્વાસન આપતાં પત્નીને શીખ આપે છે :

"આ જલમાં રહેતાં મત્સ્ય, બાલક પોષે દૃષ્ટિથી,
તમે પોષો બાલકને તેમ, સ્નેહદૃષ્ટિવૃષ્ટિથી." (પૃ. ૧૦)

અત્રે 'સ્નેહદૃષ્ટિવૃષ્ટિ' સમાસ કેટલો સ્વાભાવિક અને સુંદર લાગે છે!

સુદામાપત્ની વસિષ્ઠ, દશરથ, પાર્વતી, અર્જુન, ગુરુપત્ની વગેરેનાં દૃષ્ટાંતોથી બાળકો માટે કાંઈક કરી છૂટવા આજીજી કરે છે. પુનઃ સત્કર્મ અને અનુકૂળ દૈવનો બોધ સાંભળતાં પત્ની કલ્પાંત કરતાં જણાવે છે :

"ગમતું નથી જરાય, સાંભળવું એ જ્ઞાનને,
ઘરમાં લાગી લ્હાય, (ત્યાં) શુણવાં ગમે શું ગાનને?"[1] (પૃ. ૧૩)

યાચવું એ બ્રાહ્મણનો આપદ્ધર્મ એવી પત્નીની સદૃષ્ટાંત દલીલો સામે સુદામા યાચકપણાને તિરસ્કારે છે અને છેવટે 'કપાય હીરાથી હીરો, (તેમ) યાચકપણું યાચ્યે કાપવું' કહીને પત્ની તેમને બાળકો માટે જવા પ્રેરે છે.

"હજારદ્વારે જવાનો મિથ્યા કરશો ન નાથ! બખેડો,
એહ સમર્થના દ્વારે જઈને, આણો ઉપાધિનો છેડો;
આપને શ્રીકૃષ્ણ સાથે છે નેડો,
કૃષ્ણ લાવશે કષ્ટનો નિવેડો." (પૃ. ૧૮)

અને પાડોશણ પાસેથી આણેલા 'તંદુલ' લઈ જવા તૈયાર થયેલા સુદામાનાં દીનદુર્બલ બાળકોનું

"ચુસાઈ ગયલી કેરી કે, સૂકું તુરીયું હોય,
કે ચીમળાયું ચીભડું, તેવાં દીસે સૌ કોય." (પૃ. ૨૦)

અને માર્ગમાં જતાં સુદામાનું કવિએ સ્વભાવોક્તિભર્યું સુંદર શબ્દચિત્ર આપ્યું છે. ઉત્પ્રેક્ષા પણ કેવી છે!

"ઋષિનું શરીર હતું જર્જરું, અતિ શુષ્ક સઘળા અવયવો,
બહુ કેશ દાઢી પર ઉગ્યા, શિર મધ્યનું જાણે તવો.

---

૧ સરખાવો : પ્રેમાનંદની પંક્તિઓ :
"એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે;
રુએ બાળક, લાવો અન્ન; લાગું પાયજી રે."
('સુદામાચરિત્ર' કડવું ૪).

નેત્ર પડચા ઊંડા કુવા, પ્રભુવિરહજલ જેમાં ઠર્યું,
કર્ણે પડે ન કુશબ્દ, તેથી દ્વાર હતું વાળે ભર્યું !" (પૃ. ૨૩)

પ્રેમાનંદની જેમ શ્રી ઉપેન્દ્રાચાર્યજી પણ કેવી વિનોદી કલ્પનાઓ કરે છે :

"સૃષ્ટિતણા આરંભમાં દારિદ્રચની એક ગાંસડી,
બાંધી હતી વિધિએ જગતમાં વ્હેંચવાકાજે રુડી.

દારિદ્રય તો વહેંચ્યું વિધિએ, વસ્ત્ર પણ ત્યાં પડી રહ્યું,
તેને સુદામાએ શરીર પર ઓઢવામાં વાપર્યું !"
"દારિદ્રયતરુને પોષતી કરમાં હતી જલતુંબડી,
સંપત્તિ આઘી હાંકનારી ધરી બીજે કરે લાકડી." (પૃ. ૨૩)

દ્વારામતીનું વર્ણન પણ કવિની કલ્પનાથી મનોહારી બન્યું છે. તેમાં દૃષ્ટાંત ઉપરાંત અતિશયોક્તિ અને અનન્વયનો પણ ઉપયોગ થયો છે.

માતાનિકટ જેમ બાલિકા, નિર્ભય સુઈ રહી હોય,
વહેતી દ્વારામતી સમીપ, ગોમતીને ઋષિ જોય."

* * *

"પનઘટ પીત ચળકતો નિત્યે, સ્વર્ણવાસણ માંજ્યાને લીધે,
વસ્ત્રો ધોતી ત્યાંની અંગનાઓ, લઈને હાથમાં હીરાનો પાયો.

લોકો રત્નોમાં જાણે રહેતા, માત્ર ખાવામાં નહોતા લેતા.
જોકે ભસ્મ કરીને તો ખાતા, શરીરે રહેતા મદમાતા.
દ્વારિકાની પ્રજા કે'વી કહેવી, એ તો દ્વારિકાની પ્રજા જેવી." (પૃ. ૨૫)

પ્રેમાનંદની પેઠે શ્રી ઉપેન્દ્રાચાર્યજીએ પણ માર્ગમાં વિપ્રસુદામાને ઉપહાસપાત્ર બનાવ્યો છે ! પનિહારી કહે છે :

"કચ્છ મચ્છ ને વારાહ સાર, તેનો એકત્ર આ અવતાર.
કોઈ ઋષિને કહે ગોળ ગોળ, નથી આ રસ્તે પાંજરાપોળ !
એક કહે નથી તમને સમજ, યજ્ઞમાં હોમવાનો એ અજ" (પૃ. ૨૬-૨૭)

પરંતુ સુદામા તો ક્રોધક્ષોભહીન પરમ પ્રસન્ન મનથી પ્રભુની અકળ લીલા ગાતા ગાતા જાય છે તે જોઈને કવિથી કહેવાઈ જાય છે કે :

"સર્વ વિકારરહિત થવાતું, ત્યારે તો 'ઋષિ' કે'વાવાતું.
અરે ભારતવર્ષીય જીવ ! પામો આવું જીવનમાં ઋષિત્વ." (પૃ. ૨૮)

'શામળિયાનાં દ્વાર'ની આસપાસ ચકળવકળ આંખે ફેરા ફરતો અને મનમાં સંકલ્પવિકલ્પ કરતો પ્રેમાનંદના સુદામા જેવો અત્રે તે ભોટ લાગતો નથી. દ્વારિકામહેલમાં તેને સીધો જ પ્રવેશ મળે છે. કારણ કે

"કૃષ્ણનું નિત્યવ્રત હતું, પ્રાતઃકાલની માંહ્ય,
બ્રાહ્મણની કરવી પૂજા, જે કોઈ આવે ત્યાંય."

તેથી,

"દ્વારપાલ એ જાણીને, સુદામાને લેશ–
દ્વારે ન રોકયા બાગમાં, દીધો કરાવી પ્રવેશ." (પૃ. ૨૯)

શ્રીકૃષ્ણને વીંટળાઈ વળતી પટ્ટરાણીઓના વર્ણનમાંની ઉપમા-ઉત્પ્રેક્ષાઓ તો અનોખી અને નવીન છે. ગુજરાતી કવિતામાં આવી પંક્તિઓ ભાગ્યે જ મળશે.

"લલાટ જાણે હોય રજતરસભર્યું સરોવર,
નીલોત્પલસમ નયન, ઉગ્યાં બે તેનાં તટ પર;
ઘેરા કેસરી વર્ણના, અધર અલૌકિક અતિ હતા,
કેસર પૂજિત કૃષ્ણનાં, ચરણ વંદને ચૂમતાં.
ચાંદીના પાત્રમાં, હોય જેમ ઘોળ્યો કસુંબો,
તેવા હતા કપોલ, જેનો રસ કૃષ્ણે ચુંબ્યો;
કદલીસ્તંભસમ બાહુ, હસ્ત તો પત્ર સમાણાં,
(એ) કદલીમંડપમાંહિ, કદી રહે કૃષ્ણ શમાણા." (પૃ. ૩૦)

ધર્માચાર્ય કવિની રસિકતાની અહીં કેવી કસોટી થઈ છે !

અનુચર દ્વારા સુદામાના સમાચાર મળતાં કૃષ્ણ અધીર બને છે. બંનેનું આલિંગન કેવું આલેખાયું છે !

"કો કોને છોડે નહિ, એક બન્યા ત્યાં બેઉ,
જૂના ખખ કોઈ વૃક્ષમાં, બેઠો હોયે કીર,
ઋષિબાથમાં તેમ દિસે, સુન્દર કૃષ્ણશરીર.
બંને નિજ સ્થિતિ ભૂલીયા, અતૃષ્ણ ને સતૃષ્ણ,
વાહ નવયૌવન વિપ્ર ને, વાહ નવયૌવન કૃષ્ણ !" (પૃ. ૩૩)

વૃક્ષ-કીરની ઉપમા અને નવયૌવન પરના શ્લેષમાં કવિચાતુરી વરતાય છે. હર્ષાશ્રુઓથી પરસ્પરની પીંઠ ભીંજાય છે. મિત્ર સુદામાના હાથમાંથી કૃષ્ણે 'તુંબડી' લઈને દાસત્વ આચર્યું તે માટે કવિ ઉત્પ્રેક્ષા કરે છે :

"તે કાળે ઋષિએ હર્યું હરિતણું, હૈયું ત્યજીને બીજું,
પોતે તો કંઈ કાળથી હરિપદે, સર્વસ્વ અર્પ્યું હતું;
આથી એ ઋષિ પાસથી, શું ગ્રહવું, તત્કાળ સૂઝયું નહિ,
કૃષ્ણે કેવલ તેથી એ ઋષિતણા હસ્તેથી તુંબી ગ્રહી." (પૃ. ૩૪)

શ્રીકૃષ્ણ તો સુદામા તીર્થયાત્રાએ નીકળી આવ્યા છે એવો ભાવ જણાવી કૃતાર્થતા દર્શાવે છે ત્યારે સુદામા મનમાં ને મનમાં મૂંઝવણ અનુભવે છે :

"માગું કે હાવે ન માગું વૃત્તિ કરી લાજવિહોણી ?
છાશ લેવી છે તો પછી શાને સંતાડવી જ દહોણી ?"
"માગ્યા વિણ માએ નવ પીરસે, કાં તો બનીશ હું વેરી;
ધરી શિર ખાંડણીએ, શીદ પછી મુંઝાવું મારણીએ." (પૃ. ૩૬)

અહીં રૂઢિપ્રયોગોનો કેવો સમર્થ અને સહજ ઉપયોગ થયો છે !

આ વર્ગના સમગ્ર તત્ત્વદર્શનનું કેન્દ્ર 'સદ્ગુરુ-પરમાત્મતત્ત્વનો અભેદ' હોઈ વર્ગના વાઙ્મયમાં ગુરુભક્તિમાહાત્મ્યનો સિદ્ધાંત મૂર્ધન્યસ્થાને છે. એટલે ઉપદેષ્ટા આચાર્યશ્રી પ્રસ્તુત આખ્યાનના અંતર્ગત પ્રયોજનને અહીં સાંકળી લે છે એ સ્વાભાવિક અને પ્રતીતિકર લાગે છે. સુદામાના આગમનના સમાચાર સાંભળતાં કૃષ્ણ ગુરુબન્ધુને મળવા અતિઉત્સુક બને છે :

"ગુરુબન્ધુનાં દર્શન કરીને, આજ હું પવિત્ર થઉં,
ગુરુકરુણાભાગી ગુરુબન્ધુ,
ઉન્નત તે, ગુરુવત્ તે, અંગત તે, ભગવત્ તે;
ઝટપટ ઝટપટ હું જાઉં,
મુજ ગુરુબન્ધુ લઈ આવું." (પૃ. ૩૩)

તેવી રીતે ભૂતકાળનાં સુખદ બાળસંભારણાં વાગોળતાં કૃષ્ણ કહે છે :

"कृ. : ધન્ય ખરે જગે તેહ જે, ગુરુકરુણાપાત્ર,"

પણ સુદામા પરમકૃપાળુ પરમેશ્વર કૃષ્ણને ઓળખી ગયા છે તેથી તે વિનમ્રભાવે પ્રત્યુત્તર આપે છે :

"सु. : શિષ્ય થયા એ તો આપની, જગમાં લીલામાત્ર;
આપ ગુરુના ગુરુ ખરે." (પૃ. ૩૯)

એટલું જ નહીં પણ સુદામા ભક્તિના આવેશમાં ગુરુકરુણાસામર્થ્યનું 'ગુરુકેરું અદ્ભુત બલ શું વખાણું.....'' (પૃ. ૪૦) ગીત પણ ગાય છે.

કૃષ્ણ-સુદામાના પરસ્પર સંવાદમાં કવિશ્રીએ શ્લેષ અને ચાતુરીનો ઉપયોગ કર્યો છે. કૃષ્ણ પાસે વૈદૂર્યમણિ, વૈજયંતીમાળા, કૌસ્તુભરત્ન છે તો સુદામા પાસે અનુપમ વિવેકચિંતામણિ, વિરાગમાલા અને ચિત્તપ્રસાદરત્ન છે. તત્ત્વજલ ઝીલતું હૃદય ધરાવતા સુદામા તો વિશ્વવાસી, જ્ઞાનાહારી અને અમૃતરસપીનાર છે...વગેરે વખાણ કરીને શ્રીકૃષ્ણ, સુદામાની માગવાની વાતને ઠેલ્યા કરે છે.

શ્રીકૃષ્ણની સૂચનાથી સર્વ સ્ત્રીઓ સેવા કરી સુદામા સાથે રમણીય સંવાદ કરે છે એ તો શ્રી ઉપેન્દ્રાચાર્યજીનો મૌલિક ઉમેરો છે. તેમાં શ્લેષ, પ્રાસરચના અને ચાતુરી દ્વારા વિનોદ વહાવ્યો છે. હરિગીતમાં યોજેલો મર્માળો સંવાદ રસિક છે.

"સ્ત્રી. : સુન્દર અને બહુ રમ્યા સ્વર્ણભવન ઋષિ! આપનું હશે,
સુ. : ઉંદરવડે પણ ગમ્ય પર્ણભવન ખરે મારું ય છે;
સ્ત્રી. : થતું સ્નાન શું પંચામૃતે? સુ. : કદી પંચગવ્યે થાય છે.
સ્ત્રી. : સ્નાનગૃહો તો બહુ હશે? સુ. : શ્વાનગૃહો તો ઘણુંય છે." (પૃ. ૪૧)

સુદામાના ગયા પછી તેની પત્નીએ શું કર્યું તેનું ચિત્ર બેત્રણ પદોમાં આપ્યું છે. તે પતિના કૌશલ માટે પ્રાર્થના કરે છે એટલું જ નહીં પણ

"દળણું દળીને પૈસા લાવી બાલકને પણ નવ ખવડાવી,
તેનાં તંડુલ આણ્યા વેચાતા, દઈ આવી પાડોશણને ત્યાં."

પ્રેમાનંદે તો સુદામાપત્નીને આ ઋણમાંથી મુક્ત કરી જ નથી! માટે શ્રી ઉપેન્દ્રકવિ કહે છે:

"વ્યવહારે ચોખ્ખી રહે એવી, નિર્ધન પણ નિર્મલ એ દેવી." (પૃ. ૪૫) અને એ પતિવ્રતા દેવીની આર્દ્ર પ્રાર્થના 'સદય હૃદય બનીને પ્રભુ રે, હાવાં કરશો વહાર' સાંભળીને, પલંગ પાથરતા

"સર્વસાક્ષી પ્રભુ પણ તે રોયા, અશ્રુજલે ઋષિદુરિતો ધોયાં.
કૃષ્ણે હાથ કીધો જરી ઊંચો, ઋષિપત્નીની ભાગી ગુંચો.
ઋષિપત્નીઉર એવું આવે, ધૈર્યજનક કોઈ હાથ બતાવે." (પૃ. ૪૬)

પાછળના દ્વારથી પેસીને કૃષ્ણે સુદામાની તાંદુલપોટલી લઈ લીધી. પછી તો 'પ્રભુએ છોડવા માંડી ગાંઠો' – 'પોટલીની ગ્રંથિ છૂટતી, ઋષિની કર્મગ્રંથી તૂટતી'–

"ગાંઠો છૂટી રહી જ્યાં કુલ, દીઠાં – 'સુદામાનાં તાંદુલ'
પટ્ટરાણીઓ ખડખડ હસી, આતુર ઊભી તે પાછી ખસી.
એક રાણીએ સ્વર ત્યાં કહાડયો, 'ખોદી ડુંગર, ઉંદર કાઢયો.'" (પૃ. ૪૭)

અહીં પણ રુક્મિણીને ભક્તિ-ભક્તના ઊંડા મર્મને સમજનારી ઊંચી અધિકારિણી દર્શાવી છે અને પછી તો એક મુષ્ટિ ભરીને મુખમાં મૂકતાં 'તે જ ક્ષણે ઋષિઝૂંપડી, તડાક ઊડી જાય.' બીજી મુઠીઓ ભરતા અને સ્વાદ વખાણતાં પ્રભુને જોઈને "સર્વ રાણીઓને લાગ્યું જે, પ્રભુ કંઈ ખસ્યા જણાય!"—આ બધો વિધિ પતાવીને કૃષ્ણ સુદામાને (તેની ઝૂંપડી જેવી જ) એક ઝૂંપડીમાં લઈ આવ્યા અને ત્યાં વિશ્રાંતિ લેવા જણાવ્યું. આ કવિનો મૌલિક ઉમેરો છે. તેનું રહસ્ય નહીં સમજાતાં સુદામા મનમાં વિચારે છે:

"દેહની પાછળ છાયા, જેમ અનુસરતી તેમ પ્રિય ઝૂંપડી!
તું પણ મારી પાછળ,—પાછળ અહિંયા સુધી શું આવી ચડી?" (પૃ. ૫૦)

સાંયકાળે શ્રીકૃષ્ણ અને સર્વ રાણીઓએ સ્નાનાભ્યંગ વગેરે કરાવી વસ્ત્રાલંકારો આપ્યાં તે ઊંધાંછતાં પહેરીને

"કરવા સુદામા સંધ્યાવંદન, બેઠા રત્નજડિત સિંહાસન.
કર્યું ભસ્મવિલેપન ભાલ, સામા બેઠા શ્રીકૃષ્ણગોપાલ.
ધ્યાતા સુદામા કૃષ્ણ ભગવાન્, કૃષ્ણ ધરતા સુદામાનું ધ્યાન." (પૃ. ૫૨)

સુદામાનું ‘ સદાય આ’વો લ્હાવો રે ’ એ પ્રાર્થનાપદ સુંદર છે. પછી ભોજન બાદ બંને મિત્રો વાતો કરતાં સૂતા. પ્રભાતે હું પહેરેલાં આભૂષણ સહ ઘેર જઈશ—એવો વિચાર સુદામાના મનમાં સ્ફુરાવીને, કવિએ તેના પાત્રને સહેજ હલકું પાડયું છે ! પણ સવારે તો જેવા આવ્યા હતા તેવા જ જવું પડયું ! વિદાયવેળાનું કૃષ્ણ-સુદામાનું સંવાદાત્મક કોરસગીત સરસ છે. બંનેએ એકબીજાને ભેટીને હૃદયેથી નહીં વિસરવા અને સ્નેહે સંભારવા—વિનંતી કરી. સુદામાના ગયા પછી તેની મૈત્રી માટે ગર્વ ધારણ કરનાર શ્રીકૃષ્ણને રુકિમણીએ પૂછયું,

“ છૂપી સંપદ્દ કાં દીધી, કાં ન સુદામા હાથ ? ”

ત્યારે શ્રીકૃષ્ણ ભક્તની ભક્તિનું ગૌરવ વધારતાં કહે છે :

“ શરમ થઈ મને ભારી, ઓ દેવી ! શરમ થઈ મને ભારી.
ક્યાં એ ભક્તની ભક્તિ ને ક્યાં, તુચ્છ શક્તિઓ મારી.
એ વીતરાગી હૃદયની આગળ, હું પણ જાઉં છું હારી;
સમગ્ર વિભૂતિ મુજ દઉં છતાં એની, ભક્તિતુલ્ય ન થાનારી,
આથી સંકોચાઈ મેં સંપદ્દ, મોકલી દીધી પરભારી.” (પૃ. ૫૫, ૫૬)

આ બાજુ માર્ગમાં સુદામા વસ્ત્રો, માળા અને લાકડીને સંબોધીને શિખરિણી છંદમાં કેવાં મર્મવચનો કહે છે :

“ પીછોડી ઓ મારી ! ખરી પતિવ્રતા તું જગતમાં.
અરે તુંબિ મારી ! તું પણ નહિ ભાગી—ન બગડી,
તું ખોવાયે શાની, (જ્યાં) સજડ થઈ કર્મે મુજ જડી;
ગઈ મોટે સ્થાને પણ નવ તું પામી વિકૃતિને,
સતી સીતા જેવી, ફરીફરી વરી નિજ ધણીને ! ” (પૃ. ૫૬)

અને પછી તો મરાઠી સાખીમાં કવિ બહિર્મુખ થયેલી કૃષ્ણવિરોધી વૃત્તિના ક્ષણિક વિકારોને વાચા આપે છે :

“ દઈ જાણ્યું ન કશુંએ, લઈ જાણ્યું તો ખરું પ્રભુએ.
ઓટીમાં કંઈ સંતાડયું હોય, તે જોવાને કાજે-
તો શું વસ્ત્ર નહિ બદલાવ્યાં—હોય કપટી મહારાજે ?
નહિ તો શીદ લીધાં, વસ્ત્રો જે રાતે દીધાં ” (પૃ. ૫૭)

કવિ કહે છે કે,

“ જીવનો એક છે સ્વભાવ ખોટો, સંશયમાં દોડે દઈ દોટો.
સંશયને ને પ્રભુને છેટું, પ્રભુ કહે ‘ અસંશયીને ભેટું.’ ” (પૃ. ૫૮)

થોડી ક્ષણોમાં સદ્દવિવેક-શ્રદ્ધા પ્રબળ બનતાં સુદામાએ સમાધાન મેળવ્યું અને ત્રિકાળજ્ઞાની પરમેશ્વરે સ્વહસ્તે પોતાને સન્માન આપ્યું—અપાવ્યું તેમાં

"કરુણા કૃષ્ણતણી જ અતુલ, મને નવ દીધું અનર્થનું મૂળ.
–દઈશ જો હું સંપત્તિ આને, વહી જાશે એ તો અભિમાને,
નહિ વહે એ પછી મુજ ધ્યાને, પછી એ તો પડશે અધઃસ્થાને–
વિચારેલું કૃષ્ણે આવું અમૂલ્ય.
કરુણા કૃષ્ણતણી જ અતુલ." (પૃ. ૫૯)

પોતાને ગામે આવતાં દ્વારામતી જેવાં મંદિર-મહાલય જોઈ વિમાસણમાં પડેલા સુદામા શોધ કરે છે કે,

"ઝૂંપડી ગઈ તો ઓછી ગઈ, પણ બાલક ક્યાં-સ્ત્રી ક્યાં ગઈ?"
"છે એ વૃદ્ધ દુબળી ગૌ જેવી, પણ મારી તો એ ગૃહદેવી.
જોકે બગાઈ સમાં છોકરા પણ તે મારાં, નથી પારકાં"[૧] (પૃ. ૬૧)

એટલામાં,

"મંદિરમાંથી આવતું, દીઠું સુન્દરીયૂથ.
ઋષિ તેને જોવા ઊભા, બની જડવત્ તાબૂત. (એજન)

'બની જડવત્ તાબૂત' દ્વારા સુદામાનું ચિત્ર દોરી, કવિ સુંદરીયૂથનું વર્ણન કરે છે :

"છમક છમક છમકાર કરતું સુન્દરીયૂથ આવે,
ઝમક ઝમક ઝમકાર થતાં ઝાંઝર ઝમકાવે.
ચમક ચમક ચમકાર થતાં પહેર્યાં છે વસ્ત્રો,
ઠમક ઠમક ઠમકાર ચાલી શોભાવે રસ્તો." (એજન)

પ્રેમાનંદની પેઠે જ કવિ અહીં પ્રસંગ બહેલાવે છે. વ્યાકુલ બનેલા સુદામા વિનવે છે :

"અરે માવડી! આમ, મારી સામું શીદ જુઓ."

* * *

"નથી દુષ્ટ કોઈ લાલસા, નથી ઠગારો ચોર હું,
નીચ વૃત્તિનો હું નથી, નથી તમારો ગોર હું."

* * *

"હાથ જોડી તમને કહું, કૃપા કરી રો' છેટીઓ." (પૃ. ૬૨)

પછી તો સ્ત્રીઓએ સુદામાને નામથી પોકારી તેનાં દશ બાલકની આણ આપી. છેવટે એક દિવ્ય સ્ત્રીએ હાર પહેરાવતાં, તે કૃષ્ણતુલ્ય નવયૌવનરૂપ દિવ્ય દુકૂલવિભૂષિત બની રહ્યા. છેવટે, સુદામાને મર્મ સમજાયો કે પ્રભુ દ્વારકામાં તેને ઝૂંપડીમાં શા માટે લઈ ગયા હતા! પ્રભુ માટે પોતે કરેલા નિમ્ન વિચાર-સંદેહ માટે પસ્તાવો કરીને નિશ્ચય કર્યો કે, આ સર્વ વૈભવનું કારણ

---

૧ સરખાવો 'પ્રેમાનંદની પંક્તિઓ':

"તૂટી સરખી ઝૂંપડી, ને લૂંટી સરખી નાર.
સખ્યાં સરખાં છોકરાં નવ મળ્યાં બીજી વાર"
('સુદામાચરિત્ર', કડવું ૧૩)

"નથી સુદામાભક્તિ પણ, કૃષ્ણકૃપા જ ગણાય." (પૃ. ૬૫)
વૈભવમાં આસક્ત થયા વિના પોતે સ્નાન કરી ધ્યાન ધરી ભાવનાભરી પ્રાર્થના કરે છે :

"પ્રભુ ! આપ વિના, આ સઘળું મારે મન લુખું લુખું.
આથી સુન્દર મન્દિર બન્યું, કદી હોયે ધન તે માંહ્ય ઘણું,
પણ પ્રાણ વિનાનું તેહ તનુ; પ્રભુ ! આપ વિના."
"બીજ કાઢીને છોડાં દો છો, માખણ છાશેથી લઈ લો છો,
આપ્યામાં આપ ન જો હો છો; પ્રભુ ! આપ વિના."
"પ્રભુ ! હું તો છું ઘેલો કાલો, આ મન્દિરમાં આવી મહાલો,
જો તમને સુદામો હોય વહાલો; પ્રભુ ! આપ વિના."

(પૃ. ૬૫, ૬૬)

ત્યાં તો વિભૂતિ સહ કૃષ્ણ પ્રકટ થયા. પૂજન-ભોજન બાદ શ્રીકૃષ્ણે આશીર્વાદ આપ્યા :

"તું મુજમાં હો નિત્ય હું, તુજમાં રહીશ સદાય.
તારાં દર્શન પ્રેમથી, જે કરશે નરનાર,
તેનો ઈહ-પરલોકમાં, થાશે જયજયકાર." (પૃ. ૬૬)

અંતિમ ફલશ્રુતિ અને સામૂહિક જયગાનથી આખ્યાન સમાપ્ત થાય છે.

આ આખ્યાનમાં થોડો વધુ વિસ્તાર ન થયો હોત તો તે છે તે કરતાં વધુ રોચક અને હૃદયંગમ થાત. તેમાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને અદ્ભુત રસના મિશ્રપ્રવાહો જોવા મળે છે. ભક્તિનો તત્ત્વબોધ સમગ્ર કૃતિમાં અંતઃસ્રોત રૂપે વહેતો હોવાથી સર્વત્ર શાંતરસ જણાય છે. શ્રી ઉપેન્દ્રકવિ પણ કેટલેક સ્થળે સુદામાને ભોગે વિનોદરસને વહેતો રાખે છે—જોકે તે ગુજરાતી-પણાના આગ્રહી પ્રેમાનંદ જેટલો અતિરેક થવા દેતા નથી. અતિવ્યવહારુ છતાં પતિના મનને સમજનારી સુદામાપત્ની તેમ જ ભક્તવત્સલ કૃષ્ણનાં પાત્રો સુરેખ અને જીવંત દોરાયાં છે. તેમનું વ્યક્તિત્વ અને ગૌરવ અક્ષુણ્ણ અને અખંડ રહ્યાં છે.

વળી, અર્વાચીનકાળમાં દરેક પદ્યપ્રકાર પાઠ્ય બન્યા છે તેમ આ આખ્યાનો માત્ર વંચાતાં જ નહોતાં પણ વર્ગના અસંખ્ય સાધકો દ્વારા તેનું સમૂહગાન થતું. તેથી તેમાં રહેલું છંદોવૈવિધ્ય કર્ણપ્રિય લાગે છે. સુરમુનિજનસેવિતચરણ, અશ્રદ્ધમતિ, હૃદયાભ્યન્તરમાંહ્ય, સ્નેહદષ્ટિવૃષ્ટિ, ઋષિદુઃખહાસોપાય, દૈવીસંપત્તિસમન્વિત જેવા થોડાક પ્રલંબ સંસ્કૃત સમાસો યોગ્ય સંદર્ભમાં ઉચિત રીતે પ્રયોજાયાં હોવાથી આખ્યાનનાં આભૂષણ બની જાય છે.

આમ અનેકવિધ દૃષ્ટિએ જોતાં આ કૃતિ આસ્વાદ્ય નીવડી છે.

# નિરંજન ભગતની કાવ્યશૈલી:

## એક ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિ

**યોગેન્દ્ર વ્યાસ**

શ્રી નિરંજન ભગતનું એક કાવ્ય 'ફાઉન્ટનના બસસ્ટૉપ પર' અહીં યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યું છે. કવિના કેટલાંક અન્ય કાવ્યોના સંદર્ભોને દૃષ્ટિ સમક્ષ રાખીને આ કાવ્યની ભાષાના પૃથક્કરણ-અર્થઘટન દ્વારા કવિની મનઃસ્થિતિ (mood) સ્પષ્ટ કરવાનો અને કવિની શૈલીનાં કેટલાંક અગત્યનાં લક્ષણો તારવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

નકારાત્મક વિધાનોની સહોપસ્થિતિમાં આવતાં હકારાત્મક અથવા વિધેયાત્મક વિધાનો :

'અહીં ન હૉસ્પિટલ, ન સ્લોટર હાઉસ, ને વળી નથી સ્મશાન,
તે છતાં અહીં હવા છ ઉષ્ણ મ્લાન.'

'ખીલતાં અહીં ન ફૂલ, છતાં ય મોસમો બધી કળાય છે.'

'ફૂલથી નહીં, ન શીત-લૂ થકી,
પરંતુ સ્મોલ પૉકસ, ટાઈફોઈડ ફ્લૂ થકી.'

'અહીં કશું ન મુક્ત, સૌ વસે છ ચીડિયાઘરે.'

'આ હવા નથી, અગણ્ય આ નિસાસ.'

'અગ્નિ ના છતાં ય ધૂમ !'

'હજૂ ન સૂર્ય અસ્તમાન, મંદ, મંદ પશ્ચિમે શમે,'

'દર્પણે ન, પથ્થરે પડ્યું શમે.'

'ન શોક, શબ્દ ના વિરોધનો ય,
મૃત્યુને પવિત્ર દુર્નિવાર માનતા;'

'પરંતુ લાશ તો નથી ખભે, છતાં ય લાગતું વજન.'

'વિદેહ કો થયું નથી સગું સ્વજન;
પરંતુ હા, સુહામણી સુરમ્ય સ્વપ્નથી ભરી ભરી
અતીતમાં વિલુપ્ત 'આજ' ગૈ સરી !'

'ન નીંદ, શાંતિ, હેતુ, હામ કે સ્વમાન;
જિંદગી અનંત શું કથા ન હોય કારુણી !'

'કોઈનું ન નામ જાણતો, પરંતુ એક વાત તો પ્રમાણતો:'

'થતો ન અર્થ માત્ર અક્ષરો.'

કવિતાના અંત સુધીની પંક્તિઓમાં આવતી નકારાત્મક અને વિધેયાત્મક વિધાનોની આ સહોપસ્થિતિ કવિની ભાષાની એક વિશિષ્ટ ભાતને સ્પષ્ટ કરી આપે છે. નકારાત્મક વિધાન પછી તરત શરૂ થતું વિધેયાત્મક વિધાન મોટે ભાગે 'છતાંય' કે 'પરંતુ'થી શરૂ થાય છે.

કવિની અપેક્ષા તો છે હર્યાભર્યા, જીવંત સંવેદનરૂપે થતા જીવનના અસ્તિત્વના અનુભવની. પણ જે જે વસ્તુના (અને પોતાના વ્યક્તિત્વના પણ) અસ્તિત્વની અનુભૂતિ થાય છે તે અનુભૂતિ કશાકના અભાવના વિરોધમાં થાય છે. અહીં "મોસમો બધી કળાય છે." એ મોસમોનું અસ્તિત્વ અનુભવાય "ફૂલથી નહીં, ન શીત-લૂ થકી પરંતુ સ્મોલ પૉક્સ, ટાઈફૉઈડ, ફ્લૂ થકી." જીવનની મોસમો અહીં અનુભવાય છે પણ એ જે મોસમી પુષ્પોની સુગંધરૂપે અનુભવાવી જોઈએ એવો સુગંધભર્યો અનુભવ નથી થતો. એ અનુભવ કોઈ જીવંત સંવેદનરૂપે નથી થતો પરંતુ રુગ્ણતા અને મૃત્યુના અનુભવને કારણે–એ રુગ્ણતા અને મૃત્યુ છે એટલે જીવન વિના એ કેવી રીતે હોય એ જાતનો–જીવનનો અનુભવ થાય છે. એટલે અનુભૂતિ કશુંક ન હોવાપણાની છે અને કશુંક ન હોવાપણાની જે અનુભૂતિ છે એને કારણે કશુંક હોવાપણાની, કશાકના અસ્તિત્વની અનુભૂતિ થાય છે. હા, "ઊગ્યાં છ એમ તો અહીંય (ભૂલથી જ?) જૂજ વૃક્ષ" એમ જીવનનો જૂજ હર્યોભર્યો સ્પર્શ અહીં ક્યારેક ક્યારેક ઊગી નીકળે છે ખરો. પણ કવિનું શંકિત મન પ્રશ્ન કર્યા વિના રહેતું નથી, 'ભૂલથી જ?' કદાચ એવા અનુભવો અકસ્માત્ રૂપે જ થાય છે, બાકી તો "અહીં કશું ન મુક્ત." એટલે આ અનુભૂતિ 'પરંતું' 'છતાં ય' એવાં ઉભયાન્વયી અવયવો (connectors)થી નિરૂપાઈ છે. "લાશ તો નથી ખભે, છતાંય લાગતું વજન" જે ઢસરડો છે, આવી અનુભૂતિનો જે ભાર છે તેને 'છતાં ય' 'પરંતુ' એનાથી વ્યક્ત કરવામાં આવ્યો છે.[1]

---

૧. કવિની અન્ય કવિતાઓમાં પણ આ પ્રકારની સહોપસ્થિતિ જોવા મળે છે. શ્રી ભગતની કવિતાનું આ એક સૌથી વધુ તરી આવતું લક્ષણ છે.

'આ ન શ્હેર, માત્ર ધૂમ્રના ધૂંઆ

* *

ન શ્હેર આ, કુરૂપની કથા
ન શ્હેર આ, વિરાટ કો વ્યથા.' પૃ. ૧૦૦ 'અમદાવાદ'

આ પંક્તિઓમાંનું 'આ ન શ્હેર' અને 'ન શ્હેર આ' એનું પુનરાવર્તન નોંધો. એ જેવું ઇચ્છે છે તેવું 'આ ન શ્હેર.' એટલે ફેરવી ફેરવીને, જુદી જુદી રીતે ભાર મૂકી મૂકીને તેને કહે છે.

"વિહંગ નહીં, રેડિયો ટહૂકતો પૂરે વૉલ્યુમે;
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની,
ન પ્રેત, પણ આ ઇમારત વિચિત્ર કંઈ ઘાટની,
પરીગણ ન, ટ્રામકાર દિનરાત અહીં તહીં ઘૂમે." પૃ. ૧૪૨
'આધુનિક અરણ્ય.'

જે અપેક્ષિત છે તેનું અસ્તિત્વ નથી અને અસ્તિત્વ છે યાંત્રિકતાનું અને જડતાનું. આ યાંત્રિકતા અને જડતા ઝરણની ગતિના, વિહંગના ટહૂકાના અને પરીગણના અસ્તિત્વની કલ્પના કરાવે છે એ જે જીવનની કરુણતા છે એ 'પણ'થી (અને 'પરંતુ' શબ્દપ્રયોગ કર્યા વિના, એના થયેલા ઉપયોગથી) સ્પષ્ટ થાય છે.

આમ કવિને મન જે સ્વાભાવિક જીવનક્રમ છે એવા જીવનક્રમનું અસ્તિત્વ અનુભવાતું નથી. જીવનનો અસ્વાભાવિક જીવનક્રમ કવિતામાં 'નકાર'ની ઉક્તિઓને જન્મ આપે છે.[૨] જીવનની એ અસ્વાભાવિકતાનું સ્પષ્ટ દર્શન કવિ આ પંક્તિઓમાં કરાવે છે.

"એકમેકની પૂંઠે થતા, જતા ખભેખભા ઘસી;
છતાં ન કંપ, સ્પર્શથી ન સેતુ એક બે જ વેંત દૂર બે ઉરો રચે,"

પરિસ્થિતિ આ હોવાનું કારણ આ છે, "ભર્યો છ અંતરે અપાર ભેજ". અંતરમાં 'અપાર ભેજ' ભર્યો છે એની પ્રતીતિ એમની "કોઈને મુખે ન ભાવ," એવી જે સ્થિતિ છે તેને કારણે થાય છે. કોઈને મુખે ભાવ નથી, અંતરે અપાર ભેજ ભર્યો છે એનું કારણ બહુ સ્પષ્ટ છે.

"સ્વયં હજૂ જીવંત એ જ એક માત્ર સર્વને પ્રતીતિ,
કિંતુ જન્મ તો થયો ન વા થયોય હોય એ જ એક ભીતિ,
એટલે સદાય જન્મનું પ્રમાણપત્ર સાથ રાખતા,
ન અન્ય કોઈ એમની કને મતા !"

પોતે જીવે છે, અસ્તિત્વ ધરાવે છે એનો પુરાવો પેલું 'પ્રમાણપત્ર' સાથે છે એ સિવાય બીજું કંઈ નથી. અલબત્ત, એમની આ સ્થિતિનું કારણ એમણે પોતે ઊભો કરેલો અસ્વાભાવિક જીવનક્રમ છે.

"ન નિંદ, શાંતિ, હેતુ, હામ કે સ્વમાન;
જિંદગી અનંત શું કથા ન હોય કારુણી !"[૩]

આ અસ્વાભાવિક જીવનક્રમ એકવાર સ્થપાઈ ચૂક્યો પછી એ પ્રવાહમાં બધાય સંસ્કારી ગણાતા માણસોએ જીવવાનું. એ ગૂંગળામણ, એ મૂંઝવણ અસ્તિત્વને બેચેન બનાવી દે છે,[૪]

---

"ન નીડમાં, નભે જ ગીત ગાય એક સૂર' પૃ. ૧૪૬. 'એરોડ્રામ પર.'
"તને હું જોઉં છું ન, જોઉં માત્ર સ્વપ્નની જ વિકૃતિ' પૃ. ૧૪૪. 'ઝૂમાં સિંહને જોઇને.'
"વિરાટ વનમાં નહીં, નગરમાં નહીં, પંથ પે.' પૃ. ૧૨૬. 'પંથ-૧.'
"નવું હૃદય ના, હશે કરુણતા જ એમાં વસી.' પૃ. ૧૨૮. 'મિત્ર મડિયાને.'
"ભણ્યા જ નહીં માત્ર, કિંતુ મુજને ભણાવ્યો તમે." પૃ. ૧૩૦ 'અંગ્રેજી ઑનર્સના વિદ્યાર્થીઓને વિદાય.'

આ બધી પંક્તિઓ શ્રી નિરંજનની કથયિતવ્યને કહેવાની એક આગવી લઢણને સ્પષ્ટ કરે છે. 'નકારાત્મક' વિધાનથી કથયિતવ્ય શરૂ થાય અને 'પરંતુ' 'કિંતુ' 'પણ' 'છતાં ય' જે કહેવું છે તેને પછીની પંક્તિમાં સ્પષ્ટ કરવામાં આવે.

૨. જુઓ 'વસંત-વિજયની સંરચના—એક તપાસ' એ લેખ. 'મણિશંકર ભટ્ટ—કાન્ત' પુસ્તકનું પા. ૩૫. સંપાદક શ્રી બ્રહ્મભટ્ટ.

૩. સરખાવો, 'સ્તબ્ધમૂઢ સર્વને મુખે અપાર શૂન્યતા.' પૃ. ૧૫૮ 'ચર્ચગેટથી લોકલમાં.'

૪ 'પાંખ પસારી સ્હેલનારાંનું
આકાશે ટહેલનારાંનું
મૂંઝાતું મન કેમે અહીં માનતું નથી ?' પૃ. ૫૦ 'પારેવાં'

જિંદગી કારુણ્યની અનંતકથા છે એનો સતત અનુભવ કરાવ્યા કરે છે. એ બેચેની, એ વ્યથા, કારુણ્યની અનંતકથા[5] કવિના આ જ નહીં, મોટા ભાગનાં કાવ્યોમાં ડોકાયા કરે છે. માનવ--જિંદગીનું આવું 'નકારાત્મકતા'માં અનુભવાતું અસ્તિત્વ વ્યક્તિના નામનો 'થતો ન અર્થ, માત્ર અક્ષરો,' એમ કહેવા કવિને પ્રેરે છે. જિંદગી 'ન સ્વપ્ન કે ન જાગૃતિ' એવી સ્થિતિમાં જીવાયે જાય છે.[6] પોતાના અસ્તિત્વનો 'ન સ્વપ્ન કે ન જાગૃતિ' કે પાદટીપ નં. ૬માં નોંધ્યો એવો 'નહીં જીવંત કે નહીં મૃત' એવો જે અનુભવ છે એ અનુભવ કવિને 'નકાર' (સ્વપ્ન કે મૃત) અને 'હકાર' (જાગૃતિ કે જીવંતપણું) એની વચ્ચે સતત રાખ્યા કરે છે. કવિની કાવ્યભાષામાં Negative (નકારાત્મક) અને Affirmative (હકારાત્મક કે વિધેયાત્મક) વાક્યો વચ્ચેની જે સહોપસ્થિતિ (juxta position) છે એનું કારણ જીવનમાં આવો સહોપસ્થિત (Juxta posed) અનુભવ છે. આ અનુભવને કારણે "મને જ હું અજાણ લાગતો" એમ કહેવાનું કવિને પ્રાપ્ત થાય છે.

## સ્થિતિદર્શક કે અસ્તિવાચક ક્રિયાપદો :

કવિએ જ્યાં જ્યાં સ્થિતિદર્શક કે અસ્તિવાચક ક્રિયાપદો વાપર્યાં છે તેની તપાસ પણ આ 'નકાર' કે 'અપેક્ષિતથી સામી દિશાનો થતો જીવનના અસ્તિત્વનો અનુભવ'ના સંદર્ભમાં ઉપયોગી થઈ શકે એમ છે.

અહીં પહેલાં 'હોવું'નું વર્તમાનકાળનું 'છે' એ રૂપ જોઈએ.

'તે છતાં અહીં હવા છ ઉષ્ણ મ્લાન.'
'છતાં ય મોસમો બધી કળાય છે,'
'ઊગ્યાં છ એમ તો અહીં ય (ભૂલથી જ ?) જૂજ વૃક્ષ,'
'સૌ વસે છ ચીડિયાઘરે.'
'રચ્યું છ મ્યૂઝિયમ.'
'ભર્યો છ અંતરે અપાર ભેજ;'
'સહે છ સર્વ દીન,'

આ આખા કાવ્યમાં કવિએ 'છે'નો સાત વાર ઉપયોગ કર્યો છે, એમાં છ વાર તો 'છ' વાપર્યો છે. અહીં 'છે'એ અસ્તિત્વસૂચક ક્રિયાપદ પણ 'છ' એમ અસ્વાભાવિક રીતે (જાણે

---

૫ 'કથા' અને 'વ્યથા'ના પ્રાસ કંઇ શોખ ખાતર કવિઓ વારંવાર મેળવ્યા કર્યો છે એમ નથી, પણ માનવ અસ્તિત્વના જે કંઈ કથા છે તેનો પ્રાસ વ્યથા સાથે જ મળ્યા કરે છે એની અનુભૂતિ એ શબ્દયુગ્મને વારેવારે સાથેસાથે મૂકવા માટે કવિને પ્રેરે છે.

૬ આ જ સ્થિતિને કવિ 'ચર્ચગેટથી લોકલમાં' કાવ્યમાં જરાક જુદી રીતે પણ આવી નકારાત્મક ઉક્તિઓની મદદથી જ નિરૂપે છે તે નોંધો. 'સમુદ્ર એક કોર, એક કોર કપ્રભોમ, બેઉને ય ડારતી, (સ્વયં નહીં જીવંત કે મૃત)," પૃ. ૧૫૮

કે half-heartedly ) કવિ પ્રયોજે છે.[૭] અહીં એક રસપ્રદ મુદ્દો નોંધ માગી લે છે. ગુલબંકી છંદનું બંધારણ જ એવું છે કે ઉપર નોંધેલી પંક્તિઓમાં કવિને તે તે જગ્યાએ ' છે ' ગુરુને બદલે લઘુ ' છ ' જ વાપરવો પડે.[૮] અમુક જ પ્રકારની શબ્દપસંદગીનું કારણ છંદ હોય છે એ મુદ્દો સ્વીકાર્ય છે અને અભ્યાસ માટેનો વિષય છે પરંતુ એ ધ્યાનમાં રાખવું ઘટે કે માત્રામેળ છંદો નહીં પણ અક્ષરમેળ છંદો શબ્દપસંદગી ઉપર ઘણું મોટું નિયમન લાદવા માટે પ્રમાણમાં વધુ શક્તિમાન હોય છે. એમ તો ' છતાં ય મોસમો બધી કળાય છે ' એ પંક્તિમાં કવિએ ' છે 'નો ઉપયોગ કર્યો જ છે[૯] એટલે છંદને કારણે જ ' છ 'નો ઉપયોગ અહીં થયો છે એ મુદ્દો ટકતો નથી.

આમ તો કવિ ઘણાં ઓછાં ક્રિયાપદોનો ઉપયોગ કરે છે. ( ક્રિયાપદ કોઈ ગતિ કે સ્થિતિનું નિદર્શન કરતાં હોય છે તે જાણીતી વાત છે જેનો ઉપયોગ કરીને જીવનની ગતિ કે સ્થિતિ કવિ નિરૂપી શકે પણ કવિ એ લગભગ સતત ટાળે છે. ) પણ જે થોડાં ગતિ-સ્થિતિ સૂચવતા ધાતુઓનો ઉપયોગ આ કાવ્યમાં થયો છે તેમાં ઘસ, રચ, ભર, છવા, ધસ અને ધર એ ધાતુઓ ધરાવતી પંક્તિઓ જોઈએ. આ માણસો ' જતા ખભેખભા ઘસી, છતાં ન કંપ '. બે વસ્તુ ઘસાય એ તો ઉષ્મા પ્રગટાવે, અહીં તો ' છતાં ન કંપ. ' અંતરમાં કશુંક ભરેલું છે પણ એ ઉષ્મા નથી, સ્નેહ કે મમતા નથી, છે ભેજ. ચિત્ત છવાયેલું છે પણ પ્રેમથી નહીં, ધુમ્મસથી, ધૂંધળાપણાથી. મુખ ઉપર આ લોકોએ કંઈક ધારણ કર્યું છે પણ એ કોઈ હૂંફાળી આત્મીયતા નથી પણ છે ' ગભીર મૌન. ' આ અનુભૂતિને કારણે જ ઘસ કે ધસ જેવા ધાતુઓ કે જેમાં અસ્ ( હોવું, હોવાપણું ) રણકાય

---

૭ કવિને એ અસ્તિત્વ વિશે ભારે શંકા છે.

"સવાલ સહેજ ચિત્તમાં રમે;
અહો, બધા ય ક્યાં જતાં હશે જ આ સમે ? '
તહીં જ પંથ, જેહ પાયનું ન ચિહ્ન એક ધારતો,
કહે : ' ધરા પરે જ ક્યાં હતા ? " પૃ. ૧૬૧ ' હૉર્ન્બી રોડ. '

૮ આ મુદ્દાના સમર્થનમાં નીચેની પંક્તિઓ ટાંકી શકાય :

' તરે છ માછલી, ન જિંદગી સ્મરે છ પાછલી ' પૃ. ૧૪૫ ' એક્વેરિયમમાં '.
' ઈન્ડીકેટરે લખ્યું છ; '
' ન કથ્યને છ એહની વિશાળતા, ગતિ; ' ' ચર્ચગેટથી લોકલમાં. '
' ભોંય જેહની છ આસમાન. ' ' હૉર્ન્બી રોડ. '
' ઊભી છ વિશ્વ માલણી......
બેઉ હાથમાં ધર્યાં છ શલ્યફૂલ. ' ' ફ્લોરા ફાઉન્ટન. '

૯ વળી, ' પરંતુ અવ વિશ્વમાનવ તણું છ સેવ્યું જગે મહાસ્વપ્ન, '
પૃ. ૧૨૯. ' મિત્ર મડિયાને '.

' અધરનું જ પલાશ વિશે છ હાસ્ય. '
' અવ ધરા ન ધરા છ ઋતંભરા '—પૃ. ૧૨૫, ' શિશિર ને વસંત '
' સભાન સઘળી કળા છ, કવિતા ય ' પૃ. ૧૦૯, ' બલ્લુકાકાને-છબીની ભેટ પ્રસંગે '.

જેવી ગુલબંકી છંદમાં ન હોય, તેવી પંક્તિઓમાં પણ સામે પક્ષે ' છ 'નો પ્રયોગ મળે છે.

છે તેનો ઉપયોગ પણ કવિ ‘તમિસ્રલોકની ભણી ધસી રહ્યા’ અને ‘જતા ખભેખભા ઘસી, છતાં ન કંપ.’ જેવા સંદર્ભોમાં કરેછે.[૧૦]

આપણે કવિની કાવ્યભાષાની તપાસમાં શબ્દપસંદગી અને ધ્વનિઘટકોની મેળવણી-ગોઠવણીની ઝીણવટ સુધી જવા માગતા નથી (એ પણ તપાસનો વિષય છે જ), પણ આપણા વિવેચને જેનો ક્યારેય સ્પર્શ કર્યો નથી તે વાક્ય-અન્વય કે પદક્રમ(syntax)ની તપાસને જ કેન્દ્રમાં રાખી છે. એ તપાસમાં કેટલાક નમૂનારૂપ ધાતુઓના ઉપયોગની નોંધ આપણા અર્થઘટન માટે ઉપયોગી થઈ છે તેવી જ ઉપયોગી કવિએ વાપરેલાં કેટલાંક ચોક્કસ પ્રકારનાં વિશેષણોની તપાસ પણ થઈ શકે એમ છે. કવિએ જે જે પ્રકારનાં વિશેષણોનો ઉપયોગ કર્યો છે એમાંનાં મોટાભાગનાં ‘નકારાત્મક’ અથવા તો ‘અભાવસૂચક’ વિશેષણો છે: ‘અવાક્ વાહનોય’ (પૃ. ૧૫૧); ‘અશબ્દ કિંતુ સર્વ’ (પૃ. ૧૫૩); ‘અધન્ય શું કદીક ક્યાંક આચર્યા અધર્મથી’ (પૃ. ૧૫૪); ‘અશક્ય ત્યાં સ્મૃતિ’ (પૃ. ૧૫૪); ‘અચેત અન્ય ફૂટપાથ પે ઢળી જતો’ (પૃ. ૧૫૫). આમાં અવાક, અશબ્દ, અધન્ય, અચેત એ વિશેષણો છે. અશક્ય એ પ્રયોગ પણ વિશેષણરૂપે આવી શકે એવો પ્રયોગ છે. અધર્મ નામ છે પણ એ ય ‘અભાવસૂચક’ ‘અ’ લઈને આવે છે આ ‘અ’ માત્ર તે તે પ્રયોગોને ‘અભાવસૂચક’ બનાવે છે એમ નથી પણ આખા વાક્યના અન્વયને નકારાત્મક બનાવે છે. કવિ ‘કિંતુ સર્વ શબ્દહીન’ એમ પણ નિરૂપી શક્યા હોત પણ ‘અ’ કે ‘અન્’ એ ઉપસર્ગની મદદથી નિષેધ કે નકારની અનુભૂતિને નિરૂપવાનું કવિએ પસંદ કર્યું છે એ સૂચક છે.[૧૧]

---

૧૦ ‘હોર્ન્બી રોડ’ કાવ્યની શરૂઆતની પંક્તિઓમાં આવા ચાર ધાતુઓ એક પછી એક એમ સાથે આવે છે.

‘સળંગ હારમાં **વસે** અનેક કિંતુ એક જાતનાં નિયોન ફાનસો,
પ્રલંબ ટ્રામનાં પટાપરે **ધસે** પ્રકાશ કાનસો,
ન સૂર્ય તેજમાં હસ્યાપટા હવે **હસે**,
બધો જ પંથ લોહહાસ્યથી **રસે**, પૃ. ૧૫૯.

અહીં પણ વસ, ધસ, હસ, રસ આ ચારે ધાતુઓમાં અસ્નો (હોવાપણાનો) ભાવ રણકાય છે પણ જે સંદર્ભમાં એ ધાતુઓ પ્રયોજાયા છે તે સંદર્ભ જડતાનો, અસ્વાભાવિક્તાનો છે. ‘અનેક’ છે ‘કિંતુ એક જાતનાં.’ કોઈને પોતાનું આગવું વ્યક્તિત્વ નથી એટલે એમના હોવા-ન હોવાની કોઈ જીવંત અનુભૂતિ થતી નથી. આ ‘નિયોન ફાનસો’ (‘માણસ છે કે ફાનસ’ એ સંદર્ભમાંના ‘ફાનસ’ના અર્થને કવિ કેવી રીતે exploit કરે છે તે નોંધો.) જિંદગીના પ્રલંબ પાટા ઉપર આભાસી અનુભૂતિઓનાં પ્રકાશકાનસો ધસે છે જે જિંદગીનો પથ ‘સૂર્યતેજ’માં એટલે કે સ્વાભાવિક પરિસ્થિતિમાં હસવો જોઈતો હતો તે આવી અસ્વાભાવિક, આભાસી અનુભૂતિઓના પ્રકાશમાં હસે છે. જિંદગીનો બધો જ પંથ રસાઈ તો જાય છે પણ એ ‘લોહહાસ્યથી’.

૧૧ કવિએ ‘અ’ કે ‘અન્’ કે ‘અણ’ એ નિષેધવાચક ઉપસર્ગનો ઉપયોગ વારંવાર કર્યો છે.

‘અજાણ એવી પ્રીત કોઈ એના પ્રાણને કરી જાય.’ પૃ. ૬૪.
‘અજાણ એવો તો ય હું એને મન ભરીને માણું.’ પૃ. ૬૯.

શ્રી નિરંજનની શૈલીની આ ત્રણ અગત્યની લાક્ષણિકતાઓ નોંધી શકાય. નકારદર્શક ઉક્તિઓની સહોપસ્થિતિમાં 'હકારદર્શક' કે વિધેયાત્મક ઉક્તિઓના નિરૂપણનું પુનરાવર્તન, 'અભાવદર્શક' વિશેષણો અને નામોના ઉપયોગ દ્વારા માન્યભાષાની સમધારણ ભાતોની વિરુદ્ધ અસમધારણ ભાતો ઊભી કરવાની રીત અને 'છે' અને 'અસ્'નો રણકો જેમાં થતો હોય તેવાં ક્રિયાપદોની વિશિષ્ટ સંદર્ભમાં પસંદગી—આ ત્રણે બાબતોનો સમુચ્ચય અન્ય કેટલીક ગૌણ લાક્ષણિકતાઓ સાથે સંકળાઈને શ્રી નિરંજનની શૈલીને આકાર આપે છે. કવિની પોતાના અને જગતના અસ્તિત્વને પ્રમાણવાની દૃષ્ટિ કે મનઃસ્થિતિ જ એવી થઈ ગઈ છે કે કવિતાની અભિવ્યક્તિની શૈલી જ એવી બની ગઈ છે એમ કહેવું આ પૃથક્કરણ-અર્થઘટનને આધારે ભાગ્યે જ વધુ પડતું ગણાય.

'ખાલી ખોબે બહાર ઊભો છું,
અંદર રસની ધાર.' પૃ. ૮૦
અને 'આ માનવીનું જગ,
કોઈ કાળે સંવાદના જ્યાં, લયભંગ તાલે,
સૌન્દર્ય સૌ ખંડિત'

એ અનુભૂતિ આવી શૈલીના જ આકાર શોધે ને ?

---

'અણજાય, કથહીં વસે! એ તો નહીં જાણું ?
* * *
આજનું આ અણગાયું ગીત ત્યારે નિજસંગ લાવું.' પૃ. ૭૬.
'પરંતુ અણજાણ તું પ્રણયની જુદી રીતથી.' પૃ. ૯૬.
'અજાણ એ મંજરી થૈ મૃદુ કોઈ કાળે પ્રફુલ્લશે.' પૃ. ૯૫.
'એ જ ક્ષણે કોઈ અણજાણવને મ્હોરે ઓરે.' પૃ. ૧૦૨.
'મારે એક એના પ્રીત, ને તો પણ અજાણી આજ લાગે.' પૃ. ૧૬૬
'અદીઠાં સ્વપ્ને શાં.' પૃ. ૨
'અગમ્ય શો અંકાય.' પૃ. ૩૨
'અરવ એકાંત.' પૃ. ૪૮.
'અનિદ્ર નયને.' પૃ. ૪૯.
'અધીર વ્યથા.' પૃ. ૫૫
'અચલનાં યે દલેદલ.' પૃ. ૫૯
'અબુધ અંતરની હું નારી' પૃ. ૬૫
'અનિમિષ રહી જે દીપી.' પૃ. ૬૯.
'અસંખ્ય નેત્રમાં અદમ્ય રૂપની તૃષા.' પૃ. ૧૦૦.
'અફાટ અંતર.' પૃ. ૧૦૧
'અકલ્પી કેવી આ મિલન ક્ષણ!' પૃ. ૧૨૨
'અપૂર્ણ જિંદગી xxx અપૂર્ણ માનવી.' પૃ. ૧૭૮-૧૭૯.

# તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ

રેવાબહેન તડવી, શંકરભાઈ સો. તડવી

૧ સંખેડા તાલુકામાં ગવાતાં લગ્નગીતોનું સંપાદન સને ૧૯૫૭માં શ્રી રેવાબહેન તડવીએ કર્યું હતું. તે પૈકી **બેઠકનાં ગીતો** 'સ્વાધ્યાય' પુસ્તક ૬, અંક ૩માં પૃ. ૩૪૬ થી ૩૬૭ ઉપર પ્રગટ થયાં છે. બાકી રહેલાં પ્રકાશન-યોગ્ય[૧] ગીતો લગ્નવિધિના પરિચય સાથે રજૂ કર્યાં છે.

૨ ગીતો સાદાં અને સરળ છે. છતાં દરેક ગીતના ઢાળ જુદા જુદા છે. વળી તેમાં તડવી-જાતિના સમાજજીવનની વીગતો છે. પછાત પ્રજાનાં ગીતો સાદાં હોય છે. છતાં તેમાં તે પ્રજાની માન્યતાઓ અને સામાજિક જીવન હોય છે. પૂ. કાકાસાહેબ કાલેલકર લખે છે કે, 'આપણા પૂર્વજોએ બહુ જ સુંદર, કાવ્યમય અને સ્વાભાવિક એવું એક સાહિત્ય નિર્માણ કરેલું છે. આપણે એની ઉપેક્ષા કરી તે છતાં અશિષ્ટ ગણાતા લોકોમાં તે ટકી રહ્યું છે.[૨] જેમ માખીઓ ગંદવાડ ક્યાં છે એ બતાવીને આપણી સેવા કરે છે તેમ ખરાબ લોકગીતો પણ લોકસમાજ આજે કઈ દિશામાં છે એ બરાબર બતાવે છે. ઇતિહાસકારોને માટે આ જ કારણસર લોકગીતોનું મહત્ત્વ હોય છે.'[૩]

૩ તડવી અને બીજી આદિવાસી જાતિઓ અને ઉચ્ચ વર્ણ વચ્ચે દિવાલ જેવું ભલે દેખાતું હોય, પણ આ ગીતો જોતાં જણાશે કે આદિવાસીઓ અને ઉચ્ચ વર્ણનું જીવન એકતા જ અનુભવે છે. સ્વ. શ્રી આનંદશંકર બા. ધ્રુવ લખે છે કે, 'ગીતોમાં પડેલાં ગૃહસંસારના જીવનનાં ચિત્રોમાં ભાગ્યે જ કોઈ એવું હશે કે જેને આપણે આપણું કહીને વધાવી ન લઈએ. લગ્નના મંગળફેરા વગેરે રિવાજો પણ આપણા સંસ્કારનું જ સ્મરણ આપે છે.'[૪] આ ગીતોમાં 'આપણા સમસ્ત જન-સમાજની અખંડતાનું ભાન થાય છે.'[૫] અશ્લીલ અને અશિષ્ટ ગણી છોડી દીધેલાં ગીતોમાં પણ ઉચ્ચ વર્ણનાં ઘણાં ગીતો છે જે તેની ભાષા અને અટપટી રચનાને કારણે આદિવાસી ગીતોથી જુદાં તરી આવે છે.

---

૧ વરઘ ભરીને આવ્યા પછી ગવાતાં 'જમાઈ'ને લગતાં ગીતો આપ્યાં નથી. વળી કેટલાંક પ્રકાશનયોગ્ય ગીતો પાઠ ખૂટતા કે અસ્પષ્ટ લાગતાં–રહેવા દીધાં છે—જેની પ્રથમ પંક્તિ આ પ્રમાણે છે:

(૧) ઊડ ભમરા! તારે જવાં નોંતરે,
જઈ રહ્યો ગરડા ગઢ હેઠ રે મેં દોરો નોંતઈરો.
(૨) આંબલી રેવટિયાં ઘઈડાં કોણે જોઇણીયું.
(૩) મધ મધ રાઇતના મરઘા બોલીયા.
(૪) વડલા તારાં ચોકડિયાળાં પોન, પોને ભમરો રમી રહ્યો રે.
(૫) ઘડીએક મોડો પઈણીશ ઘડીએક વેલો પઈણીશ,
તારી કાલી કઈનાને જીયાવર ના પઈણે.

૨ કાલેલકરના લેખો: સંવત ૧૯૮૦, પૃ. ૫૦૧

૩ કાલેલકરના લેખો: સંવત ૧૯૮૦, પૃ. ૫૦૪

૪, ૫ આ. બા. ધ્રવ, 'દિગ્દર્શન' પૃ. ૩૪૮-૩૫૨

## ૧. દેવને વધામણું

૧.૧ લગ્ન લેતાં પહેલાં પરણનારની કોઈ દેવની માનતા કે બાધા હોય તે પૂરી કરવામાં આવે છે. બાધા-માનતા ન હોય તો પોતાના કુળનાં દેવ-દેવીને વધામણું કરે છે. આ માટે એક થાળીમાં નાળિયેર, ઘીનો દીવો અને ચોખા લઈ ગીતો ગાતાં દેવ-સ્થાનકે જાય છે. ત્યાં જઈ નાળિયેર વધેરી ચોખાથી દેવને વધાવે છે અને લગ્નમાં પધારવાનું આમંત્રણ આપે છે.

### ૧. સોનાનો સૂરજ

ઉં[૧] તો થાળે ભરું રે શગે મોતીડા;
ઉં તો રઈને[૨] વધાવા[૩] જઈશ,
મારો સોના સમો રે સૂરજ ઊઈગીયો.[૪]
ઉં તો ભઈ રે કયા ભઈને વીનવું.
ઉં તો ભઈ રે નટુભઈને વીનવું;
તમારી શરબંધી[૫] લીજો[૬] સંગાઈત,[૭]
મારો સોના સમો રે સૂરજ ઊઈગીયો.
ઉં તો વોવ[૮] રે કયી વોવને વીનવું.
ઉં તો વોવ રે સોનીવોવને વીનવું,
તમારી સાહેલીઓ લીજો સંગાઈત,
મારો સોના સમો રે સૂરજ ઊઈગીયો.

### ૨. રાતો રંગ[૯]

[ વધામણું કરીને પાછાં ફરતાં આ ગીત ગવાય છે. ગીતમાં રાતા રંગનો મહિમા છે. ]

રાતી રે રાતી ચલોંખરી[૧૦] રે.
રાતાં કયા ભઈનાં મોરીયાં રે,[૧૧]
રાતા કયી વોવના દોંત,
પારેવાં કોણે ઉડાડિયાં રે ?
રાતાં નટુભઈનાં મોરીયાં રે,
રાતા સોની વહુના દોંત,
પારેવાં કોણે ઉડાડિયાં રે ?'

### ૩. વાંઝણી વહુ

[ વહુ દેવની પૂજા કરીને પાછાં ફરે છે. સસરા વાંઝણી કહીને વહુને મહેણું મારે છે. વહુ જવાબ આપે છે. ]

---

૧ હું. ૨ રહીને. ૩ વધાવવા. ૪ ઊગ્યો. ૫ સેના, ભાઈબંધોની ટોળી. ૬. લેજો. ૭ સંગાથ, સાથે. ૮ વહુ. ૯ ગીતમાં રાતા રંગનો મહિમા છે. ૧૦ ચણોઠી. ૧૧ મોડિયાં–મોડિયું–ફેંટો.

ઉં તો નવ દે'રાં[12] પૂંજેવા[13] જેઉતી[14] રે.[15]
ઉં તો નવ દે'રાં પૂંજી પાછી વઈરી રે.[16]
મારા સસરોજી મશરુકે[17] બોલીયા રે[18]:
વોવર[19], વાંઝિયાં વાંઝિયાં કૅાં[20] જ્યાં'તાં રે.
સસરા, વાંઝિયાં વાંઝિયાં ના કઈએ રે.[21]
મારા જેઠનાં તે તો મારા પેટનાં રે;
મારા દિયરનાં તે તો મારાં ભતરીજાં રે;
મારી નરદીનાં[22] તે તો મારાં ભોંણેજાં રે.[23]

## ૨. ધોંણ ભરવો

૨:૧ પાંચ પાલી (આશરે ૫ કિલોગ્રામ) ડાંગર લઈ ખાંડણિયામાં ખાંડે છે. આ ક્રિયાને 'ધોંણ ભરવો' કે 'ધોંણ ખાંડવો' કહે છે. ખાંડવાના સાંબેલાને આંબાનાં પાન અને નાડું બાંધે છે. કંકુના ચાંલ્લા કરે છે. પરણનાર તથા પાંચ સ્ત્રી મળી પાંચ વખત ખાંડે. કેટલીક જગ્યાએ ચાદરમાં ડાંગર નાખી પરણનારને નીચે બેસાડે છે. એક હાથે ચાદરનો છેડો ઝાલે અને એક હાથે સાંબેલું ઝાલે એવી રીતે પાંચ સ્ત્રી પાંચ વખત ખાંડે. ડાંગરમાં સવા રૂપિયો અને સોપારી નાખે છે. પાંચ સ્ત્રીઓમાં બે પરણેલી અને ત્રણ કુંવારીઓ અગર ત્રણ પરણેલી અને બે કુંવારીઓ હોય છે. પાંચ વખત શુકનનું એ રીતે ખાંડ્યા પછી ખાંડણિયામાં ખાંડી નાખે છે. આ ક્રિયા કરતી વખતે ગવાતાં ગીતોને ધોંણનાં ગીતો કહે છે. વરના ધોંણના ચોખા માંડવો કરનારને જમાડવા રાંધે છે, ને કન્યાના ધોંણના ચોખા કઈડ વહેંચવા મહીમાટલામાં ભરે છે.

### ૪. ધોંણ ભરનાર

ચડતા પો'રના[24] ધોંણુલિયા ભરાવો રે.
ઈમની[25] ભોજાયે[26] ધોંણુલિયા ભરાયવા રે.
ચડતા પો'રના ધોંણુલિયા ભરાવો રે.
ઈમને[27] દાદે ધોંણુલિયા ભરાયવા રે.
ચડતા પો'રના ધોંણુલિયા ભરાવો રે.
ઈમની માડીએ ધોંણુલિયા ભરાયવા રે.

### ૫. 'સિંધણી શાળ'

[ આ પ્રદેશમાં પહેલાં થોડા વખતમાં પાકી જનારી 'સાઠી' અને 'સિંધણી ડાંગર'નું જ વાવેતર થતું હતું. તેથી તેનો ગીતમાં ઉલ્લેખ છે.]

ખાંડો ખાંડો સિંદરી શળ[28] રે
ઠાકોર વાજાં વાગિયાં.

---

૧૨ દહેરાં-મંદિર. ૧૩ પૂજવા. ૧૪ ગઈ. ૧૫ હતી રે. ૧૬ વળી; ફરી. ૧૭ મશ્કરીમાં. ૧૮ બોલ્યા. ૧૯ વહુઆરુ. ૨૦ ક્યાં. ૨૧ કહીએ રે. ૨૨ નણંદનાં. ૨૩ ભાણેજ. ૨૪ પહોર. ૨૫ એમની. ૨૬ ભાભીએ. (ભોજાઈ-ભાભી-નદાર્થે પ્રયોગ.) ૨૭ એમના. ૨૮ શાળ—ડાંગર.

જમશે જમશે બે'નીના દાદા
ઠાકોર વાજાં વાગિયાં.
પડિયા ચાટશે છોરાના દાદા
ઠાકોર વાજાં વાગિયાં.

## ૬. વાણોતરને ઘેર ખરીદી

ઊડ ઊડ ભમરા રઢિયાળા[૨૯] રે.
જઈ પડિયો વાંણિલા[૩૦] ઘર હેટ[૩૧] રે.
કે'[૩૨] ભમરા કેસરિયા તારાં કાંમ[૩૩] રે.
અમે આયવા[૩૪] નાળિયેરોને કાજ રે.
અમારે ઘેર લીલાબે'નના વિવા' રે.[૩૫]

[ બીજા દુકાનદાર અને ચીજનાં નામ લઈ ગીત આગળ ગવાય છે. ]

## ૭. વધાવો

હું તો વરી રે રાજા તારા દેશોમેં;
તમારા દેશોમેં એક[૩૬] હળદીનો[૩૭] છોડ,
વધાવો રે મારે આવિયો.
ઝાઝી હળદી પાઈકી[૩૮] ને પીઠી નીમજી;[૩૯]
વધાવો રે મારે આવિયો.
તમારા દેશોમેં એક અળદનો[૪૦] છોડ,
વધાવો રે મારે આવિયો.
ઝાઝા અળદે પાઈકા[૪૧] ને પાપડ નીમઈજા;[૪૨]
પાપડ જમશે બાળાવરની જોઇનો,[૪૩]
વધાવો રે મારે આવિયો.
તમારા દેશોમેં એક ગંમડાનો[૪૪] છોડ,
વધાવો રે મારે આવિયો.
ઝાઝા ગંમડા પાઈકા ને કંસાર નીમઈજા;
કંસાર જમશે બાળાવરની જોઈનો,
વધાવો રે મારે આવિયો.
તમારા દેશોમેં એક ચોખાનો છોડ,
વધાવો રે મારે આવિયો.

---

૨૯ રૂપાળા. ૩૦ વણિક. ૩૧ હેઠ-નીચે: ત્યાં. ૩૨ કહે. ૩૩ કામ; કાર્યો. ૩૪ આવ્યા. (સરખાવો ક્રમાંક ૧૪૦). ૩૫ વિવાહ; લગ્ન. ૩૬ એક. ૩૭ હળદર. ૩૮ પાકી. ૩૯ નીપજી. ૪૦ અડદ. ૪૧ પાકચા. ૪૨ નીપજ્યા. ૪૩ જાન (સૌરાષ્ટ્રના 'જાન્યુ' જેવો પ્રયોગ). ૪૪ ઘઉંડા, ઘઉં.

ઝાઝા ચોખા પાઈકા ને ભાત નીમઈજા;
ભાત જમશે બાળાંવરની જોઈનો,
વધાવો રે મારે આવિયો.

## ૮. 'જરી જરી ગોંળ'—ભાભીને ઠપકો - ૧

[ ઘોંણુ ભરી રહ્યા પછી સૌને ગોળ વહેંચાય છે. ગોળ લઈને જતાં જતાં નણંદો ભાભીને ઉદ્દેશીને ગાય છે. ]

જરી જરી[૪૫] ગોંળ અમે નઈ[૪૬] લીએ રે;[૪૭]
લેશું મોહનભઈની નાઈર[૪૮] રે,
આજનો દા'ડો રળિયામણો રે.

મોહનભઈનું ઊંટડું[૪૯] અમે નઈં લીએ રે;
લેશું અંબુભઈની નાઈર રે,
આજનો દા'ડો રળિયામણો રે.

અંબુભઈનું ઠીંગણું[૫૦] અમે નઈ લીએ રે;
લેશું બેચરભઈની નાઈર રે,
આજનો દા'ડો રળિયામણો રે.

## ૯. ભાભીને ઠપકો - ૨

સાઈખી[૫૧] વેલડીયો[૫૨] જોતરાવો
કે અમે ઘેર જીયે.[૫૩]

સાઈખી નટુભઈના ઘોરી
કે અમે ઘેર જીયે.

સાઈખી સોની વોવની વે'લો[૫૪]
કે અમે ઘેર જીયે.

અમે મધુ ઠગારી નું'તી[૫૫] જોઈણી[૫૬]
કે અમે ઘેર જીયે.

અમોને ઠગી દૂતીને[૫૭] તેડી લાઈવી
કે અમે ઘેર જીયે.

સાઈખી વેલડીઓ જોતરાવો
કે અમે ઘેર જીયે.

---

૪૫ થોડા થોડા. ૪૬ નહિ. ૪૭ લઈએ. ૪૮ નાર; સ્ત્રી (સૌરાષ્ટ્રના 'નાર્ય' જેવો પ્રયોગ). ૪૯ ઊંટ જેવી ઊંચી સ્ત્રી. ૫૦ ઠીંગણી વહુ. ૫૧ સખી. ૫૨ વહેલડીઓ; વહેલ. ૫૩ જઈએ. ૫૪ વહેલો (બ. વ. પ્રયોગ). ૫૫ નહોતી. ૫૬ જાણી. ૫૭ છેતરીને.

અમે તારા ઠગારી નું'તી જોઈણી
કે અમે ઘેર જીયે.
અમોને ઠગી દૂતીને તેડી લાઈવી
કે અમે ઘેર જીયે.

### ૧૦. ભાભીની ફજેતી

બે'ની,[૫૮] તારા ઓરવા[૫૯] લીપા વના રે થાઈપા વના.[૬૦]
બે'ની, તારે ઓરવે નઈ આવીએ રે નઈ બેસીએ.
બે'ની, તારી ગંગરી[૬૧] ઝાઝી ફૂવેડ રે ઝાઝી ફૂવેડ.
બે'ની તારે ઓરવે છરોળો[૬૨] ઊડે રે છરોળો ઊડે!

## ૩. હનુમાનને તેલ ચડાવવું

૩:૧ ઘોંણુ ભરી રહ્યા પછી પરણનાર કન્યા કે છોકરો હનુમાનજીને તેલ ચડાવવા જાય છે. તે વખતે ગીતો ગવાય છે. અશ્લીલ અને બીભત્સ ગીતો અહીં આપ્યાં નથી.

### ૧૧. તેલ ચડે!

અણુમણુ બાવાને[૬૩] તેલાં[૬૪] ચડે.
બે બેનડીઓ ઑંગણું[૬૫] વાળે.
બે બેનડીઓ પૂંજા[૬૬] વાળે.

## ૪. વરને તેલ ચડાવવું

૪:૧ ભાભી પાટલા ઉપર પધરાવે છે. બ્હેન ચોખાથી વધાવે છે. પરણનાર વર કે કન્યાને પીઠી ચોળતાં પહેલાં તેલ ચડાવે છે. તે માટે બે ભાલડી (તીર) અને ત્રણ બાજરીનાં રાડાં ને આંબાનાં પાન નાડાથી બાંધે છે, પછી પાંચ સ્ત્રીઓ અવળાસવળી હાથ રાખી, પાટલીએ, ઘૂંટણે ખભે અને માથે એ પ્રમાણે પાંચ વખત તેલ ચડાવે છે. પાંચેય સ્ત્રીઓ તેલ ચડાવે છે. પછી પાંચેય જણી શુકનની પીઠી સહેજ સહેજ ચડાવે છે. પછી ભાભી હોય તે પીઠી ચોળે છે.

### ૧૨ પાટલે પધરાવો.

નૉનાં[૬૭] નૉનાં રે નૉનાં કયાં બે'ન
પાટલે પધરાવો રે.
નૉનાં નૉનાં રે નૉનાં લીલાબે'ન
પાટલે પધરાવો રે.
ઈમની ભોજાય રે ભોજાય કઈ વોવ
પાટલે પધરાવો રે.

---

૫૮ બહેની; બહેન. ૫૯ ઓરડા. ૬૦ લીંપ્યા થાપ્યા વગરના. ૬૧ ભાભીનું નામ. ૬૨ રાખોડો; દડ; ધૂળ. ૬૩ હનુમાન બાપાજીને. ૬૪ તેલ (બ. વ. પ્રયોગ). ૬૫ આંગણાં (બ. વ.) ૬૬ પૂંજો-કચરો (બ. વ.). ૬૭ નાનાં.

ઈમની ભોજાય રે ભોજાયં સોની વોવ
પાટલે પધરાવો રે
ઈમની બે'ની રે બે'ની કયાં બે'ન
પે'લાંને[૬૮] વધાવો રે.
ઈમની બે'ની રે બે'ની શાન્તાબે'ન
પે'લાંને વધાવો રે.

### ૧૩. તેલ ચડે

બે'નીને[૬૯] પાકી તલીનાં તેલ
મારી જોબના હો જી.
છોરાને ખરસોંણીનો[૭૦] ચેંક[૭૧]
મારી જોબના હો જી.

### ૧૪. પીઠી ચોળવી[૭૨]

ચડતી પીઠી ચડશે રે મારી બે'નીને
ઉતર પીઠી ઉતરશે રે પેલા છોરાને.

## ૫. થાંભલી નાખવી

૫:૧ માંડવો રોપવા માટે શુકનની થાંભલી રોપવામાં આવે છે. થાંભલી સમડી ( શમીવૃક્ષ )ની ન હોય તો સમડાનાં ડાખરાં ને આંબાનાં પાન નાડાથી બાંધે છે. પરણનાર અને બીજાં નિકટનાં સગાં મળી પાંચ જણ થઈને થાંભલી રોપે છે.

૫:૨ થાંભલી રોપવા માટે જે દર ખોદે છે તેમાં ચોખાનો સાથિયો પૂરી પૈસો-સોપારી મૂકી કંકુ છાંટે—ચાંલ્લા કરે. થાંભલી નાખતી વખતે ઢોલ-શરણાઈ વાગે છે ને ગીત ગાય છે.

### ૧૫. જોબનનો માંડવો

સોનાની સળીઓનો મોંડવો રે,[૭૩]
ઊંચો મોંડવો રોપાઈવ[૭૪]
ભર રે જોબન[૭૫] આ મોંડવો રોઈપો રે.
કયા ભઈના ઘરમેં શકન ગોરી રે;
નટુભઈના ઘરમેં શકન ગોરી રે,
ઊંચો મોંડવો રોપાઈવ
ભર રે જોબન આ મોંડવો રોઈપો રે.

---

૬૮ પહેલાં. ૬૯ આ ગીતો અરસપરસ ગવાતાં હોઈ કન્યાને ત્યાં 'બે'ની' ગવાય, વરને ત્યાં 'વીર' ગવાય. જાન ઊઘલવાનાં ગીતો, કન્યાવિદાયનાં ગીતો સિવાયનાં બીજાં ગીતો આવાં હોય છે ૭૨ સર° ચૂંદડી ભા-૧, ગીત ૨૨, પૃ. ૩૮ ૭૩ માંડવો; મંડપ. ૭૪ રોપાવ ( સૌરાષ્ટ્રના 'રોપાવ્ય' જેવું રૂપ. ) ૭૫ પાઠાંતર: બાળા જોબનમેં.

## ૬. ગણેશ ચિતરવો

૬:૧ ઊગમણી ભીંતે અથવા ઊગમણી મૂકેલી કોઠીએ ગણેશ ચિતરવામાં આવે છે. કુટુંબની તથા સગાં-સંબંધીની સ્ત્રીઓ પાંચ-દશ પૈસા અથવા જુવાર, ઘઉં, કે ચોખા લઈ ને ગણેશ વધાવવા જાય છે. ગણેશ વધાવનારને ગોળ તથા એકેક રોટલાના લોટ આપવામાં આવે છે.

### ૧૬. ગણેશ વધાવવા[૭૬]

ઊગમણા લખીયા ગણેશ[૭૭]
વાજીંતરાં[૭૮] વાગીયાં રે.[૭૯]
કયા ભાઈએ ગોરી જગાડીયાં રે,[૮૦]
અંબુભાઈએ ગોરી જગાડીયાં રે.
જાવ ગોરી! ગણેશે વધાવા,
વાજીંતરાં વાગીયાં રે.

## ૭. નોંતરી જવું

૭:૧ પરણનારને તેનાં સગાં જમવા માટે નોંતરી લઈ જાય છે. તેડવા આવતાં ને તેડી લઈ જતાં ગીતો ગવાય છે.

### ૧૭. આંણાં લેવા જઈએ

ચાલો બે'નને ઑંણાં[૮૧] લેવા જીયે રે
ઠાકોર વાજાં વાગે રે.
રૂડા માફલિયા[૮૨] શણગારો રે
ઠાકોર વાજાં વાગે રે.

### ૧૮. નોંતરે જવું

કોણે શે[૮૩] ઘેર જાય રે ભમરી[૮૪] નોંતરે?
વીરાને ઘેર જાય રે ભમરી નોંતરે.
કોણે શે ઘેર જાય રે ભમરી નોંતરે?
કાકોને ઘેર જાય રે ભમરી નોંતરે.
કોણે શે ઘેર જાય રે ભમરી નોંતરે?
ફોયોને[૮૫] ઘેર જાય રે ભમરી નોંતરે.
કોણે શે ઘેર જાય રે ભમરી નોંતરે?
મૉમોને[૮૬] ઘેર જાય રે ભમરી નોંતરે.

---

૭૬ સર° દક્ષિણ ગુજરાતનો પાઠ: ગુજરાતનાં લોકગીતો, પૃ. ૭૮. ૭૭ ગણેશ–ગણપતિ. ૭૮ વાજિંત્ર. ૭૯ વાગ્યાં. ૮૦ જગાડી (માનાર્થે બહુવચન). ૮૧ આણું; તેડી જવું (બ. વ.) ૮૨ માફો; રથ. ૮૩ કોને. સર°. 'કોણેરો' શબ્દપ્રયોગ: ગુજરાતનાં લોકગીતો પૃ. ૮૬. ૮૪ ભ્રમર ઉપરથી. છોકરી હોય તો ભમરી, છોકરો હોય તો ભમરો ગવાય છે. ૮૫ ફોઈ (બ. વ.) ૮૬ મામા.

## ૧૯. મેવાડોના રાજા

[કન્યા વરને આમંત્રણ પાઠવે છે, વર કહે છેઃ હે લાડી! લગ્ન થયા વગર હું કેમ કરીને આવું?]

સાગનાં બાજટીયાં[૮૭] સુથારે રે ઘડીયાં
સુથારે ઘડીયાં ચિતારીએ ચીતરીયાં[૮૮]
ચિતારીએ ચીઈતરાં રંગાળીએ રંગીયાં
રંગાળીએ રંગીયાં મોતીડે જડીયાં
'વે'લે બેસી આવો મેવાડોનો[૮૯] રાજા!'
'ઉં કેમે આવું[૯૦] મારી લગને લાઈડકડી![૯૧]'

## ૨૦. કન્યાનું આમંત્રણ[૯૨]

કુંવારી કન્યાએ કાગળ લખી રે મોકલીયાઃ
'વોંણે[૯૩] બેસી આવો મેવાળોના રાજા!'

નોંતરી લઈ જનારને ત્યાં બેઠકનાં ગીતો ગવાય છે. અહીં થોડાં બેઠક ગીતો આપ્યાં છે.

## ૨૧. ખરીદી અને શણગાર

અમદાવાદનાં આયવાં પોન બીડલાં
પાલવ ઝીલો રે.
નડિયાદનાં આયવાં નાળિયેર રે
મારુળી[૯૪] તારે મુકતે[૯૫] સિંદૂરી પાડો ઓકળી
પાલવ ઝીલો રે.

## ૨૨. ઘરેણાંની ખરીદી

સુંદર નારીનો વોંકો[૯૬] અંબોડો રે.
એકે સૂરત શે'ર[૯૭] વઈસો[૯૮] સોની રે.
સોની ઘડજો રે સોની ઘડજો રે.
સોની ઘડજો લાયડકડાની[૯૯] પોંચી રે.
ઈમની પોંચીએ ઝાઝા હીરા રે.
પોંચી લાવે લાયડકડાના વીરા રે.

---

૮૭ બાજઠ. ૮૮ ચિતર્યાં. ૮૯ મેવાડગઢનો. ૯૦ આવું-આવી શકું. ૯૧ લાડકડી; વહાલી. ૯૨ સંખેડા મેવાસનો ભીલી પાઠ:

'કુંવારી કૈનાએ કાગળ લખી રે મોકલીયા.
વાંણે બેસી આવો મેવાડોના રાજા!
વાંણે બેસી આવો મેવાગડના રાજા!'

સર૰ દક્ષિણ ગુજરાતનો પાઠ: ગુજરાતનાં લોકગીતો, પૃ. ૮૨. ૯૩ વહાણે; હોડીમાં. ૯૪ મારુ; રૂપાળી કન્યા. ૯૫ માટે? ૯૬ વાંકો. ૯૭ શહેર-(શહેરમાં.) ૯૮ વસ્યો. ૯૯ લાડકડો-લાડકવાયો.

ઈમના વીરોને સવ[૧૦૦] કોઈ વખોંણે રે.[૧૦૧]
સુંદર નારીનો વોંકો અંબોડો રે.
એક સૂરત શે'ર વઈસો સોની રે.
સોની ઘડજો રે સોની ઘડજો રે
સોની ઘડજો લાયડકડાની પોંચી રે.
ઈમની પોંચીએ ઝાઝા બાપ રે.[૧૦૨]
પોંચી લાવે લાયડકડાના બાપ રે.
ઈમના બાપને સવ કોઈ વખોંણે રે.

## ૨૩. ઘરેણાંની પસંદગી

શકનની[૧૦૩] પીઠી વરને ના ગમે રે;
પાવડર ઉપર મન મો'યાં રે[૧૦૪] જીયાવર ![૧૦૫]
તમ સરખી સાસરી ના મઈલી રે.[૧૦૬]
શકનની પોં'ચી વરને ના ગમે રે;
ઘડિયાળ ઉપર મન મો'યાં રે જીયાવર !
તમ સરખી સાસરી ના મઈલી રે.
શકનની મોજડી વરને ના ગમે રે;
સૅન્ડલ ઉપર મન મો'યાં રે જીયાવર !
તમ સરખી સાસરી ના મઈલી રે.
શકનનું મંદિર વરને ના ગમે રે;
ફૅટો ઉપર મન મો'યાં રે જીયાવર !
તમ સરખી સાસરી ના મઈલી રે.
શકનના દોરા વરને ના ગમે રે;
તુલસી[૧૦૭] ઉપર મન મો'યાં રે જીયાવર !
તમ સરખી સાસરી ના મઈલી રે.

## ૨૪. ઘરેણાં

સાગે વન[૧૦૮] સુડિયાં[૧૦૯] રે બે'ની
કેરોવન[૧૧૦] રૂંઈઢીયો રે.[૧૧૧]
પગોનાં કલિયાં રે બે'ની
પગે ઝોલાં લેય રે.

---

૧૦૦ સૌ. ૧૦૧ વખાણે. ૧૦૨ આરસી-દર્પણ (પુરુષવાચક પ્રયોગ.) ૧૦૩ શુકન. ૧૦૪ મોહ્યાં; ઠર્યાં. ૧૦૫ રાયવર; વરરાજા. ૧૦૬ મળી. ૧૦૭ ગળાનું ઘરેણું. ૧૦૮ સાગવન–સાગનું વન. ૧૦૯ સૂડ્યાં; ઝાડવાં-ઝાંખરાં કાપીને સાફ કર્યાં. ૧૧૦ કેરડાંવન કે ખેરોનું વન ? ૧૧૧ ખૂબ વધીને જંગલને છાવી દીધું (રૂંધવું–વિકાસ અટકાવવો).

સાગે વન સુડિયાં રે બે'ની
કેરોવન રૂંઈઢીયો રે.
આથોના[૧૧૨] વોંકલા[૧૧૩] રે બે'ની
આથે ઝોલાં લેય રે.
સાગે વન સુડિયાં રે બે'ની
કેરોવન રૂંઈઢીયો રે.
કોંઈટાની[૧૧૪] ઓંસરી[૧૧૫] રે બે'ની
કોંઈટે ઝોલાં લેય રે.

## ૨૫. માંડવો શોભાવનારા

મોંડવડે[૧૧૬] સોનાના થંભ રે,[૧૧૭] મોંડવ મારો ભરિયો.
મોંડવડે કયો વીરો આવે રે, મોંડવ મારો ભરિયો.
મોંડવડે અંબુવીરો આવે રે, મોંડવ મારો ભરિયો.
મોંડવડે સોનાના થંભ રે, મોંડવ મારો ભરિયો.
મોંડવડે કયો વીરો આવે રે, મોંડવ મારો ભરિયો.
મોંડવડે લલ્લુવીરો આવે રે, મોંડવ મારો ભરિયો.

## ૨૬. સગાંની ખોટ

બે'ની ! દાદા વના[૧૧૮] શાં પઈણુવાં ?[૧૧૯]
મારા દાદા ને દેખું,
મારી માડી ને દેખું,
મારા હૈયામેં હરખે.[૧૨૦]
બે'ની ! વીરા વના શાં પઈણુવાં ?
મારા વીરાને દેખું,
મારી ભોજાયોને દેખું,
મારા હૈયામેં હરખે.

## ૨૭. વીરાનું કુટુંબ

વીરના ઘર પાછળ ઓંબો રે[૧૨૧] મો'રિયો.[૧૨૨]
વીરના ઘરમેં છે વીરોની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે બે'નીઓની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.

---

૧૧૨ હાથના. ૧૧૩ વાંક. હાથની કોણી ઉપર પહેરવાનું ચાંદીનું ઘરેણું. ૧૧૪ કોટની; ગળાની (કોટ-ડોકઃ બ. વ. પ્રયોગ). ૧૧૫ હાંસડી-ગળાનું ઘરેણું. ૧૧૬ માંડવડે; માંડવે. ૧૧૭ સ્તંભ; થાંભલા. ૧૧૮ વિના. ૧૧૯ પરણવું. ૧૨૦ હરખ ન થાય. હરખ થાય ૧૨૧ આંબો.

વીરના ઘરમેં છે મોંમોની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે મોંમીઓની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે કાકોની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે કાચીઓની[૧૨૩] જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે માસીઓની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.
વીરના ઘરમેં છે ફોયોની જોડ રે
સાહેલી ઓંબો રે મો'રિયો.

## ૨૮. ઢોલ-શરણાઈની જરૂર

[ આપણા શાસ્ત્રોની વિધિઓમાં આપણાં જૂનાં વાજિંત્રો-ઢોલ-શરણાઈ વપરાય છે. આદિવાસીઓમાં ઢોલ-શરણાઈનું ઘણું મહત્ત્વ છે. લગ્ન અને મરણ બંનેમાં ઢોલ-શરણાઈની જરૂર પડે છે. ભારતીય પ્રજામાં ઢોલનું ઘણું માહાત્મ્ય છે. આ માટે જુઓ શ્રી દેવેન્દ્ર સત્યાર્થીનું **'बाजत आवे ढोल'** પુસ્તક. ]

આપણી નગરીમેં બે'ની નથી રે ઢોલીઆ.[૧૨૪]
ઢોલીઓ વના શાં બે'ની પઈણવું હોય રે ?
ગોકુળ મથુરોના રાજા.
આપણી નગરીમેં બે'ની નથી રે શેણાયા.[૧૨૫]
શેણાયો વના શાં બે'ની પઈણવું હોય રે ?
ગોકુળ મથુરોના રાજા.

## ૨૯. બહેન અને ભાઈ

[ ભાઈ અને બહેનનો નિર્મળ પ્રેમ ગીતમાં ગવાયો છે. ]

કાશી[૧૨૬] વનડોમેં[૧૨૭] પાઈકી છે બોઈર[૧૨૮]
પાઈકો રે ઓંબેલો.[૧૨૯]
તોં[૧૩૦] ચડો રે કયા ભઈ વીર
બેંની ખોળા ધરે.[૧૩૧]
તોં ચઈડા રે નટુભઈ વીર
બે'ની ખોળા ધરે.

---

૧૨૨ મહોરિયો. ૧૨૩ કાકીઓ. ૧૨૪ ઢોલી-ઢોલ વગાડનાર. ૧૨૫ શરણાયા-શરણાઈ વગાડનાર. ૧૨૬ બોરની એક જાત; કાશીબોર. ૧૨૭ વનમાં. ૧૨૮ બોર; બોરડી. ૧૨૯ આંબલો કે આંબો ? ૧૩૦ ત્યાં. ૧૩૧ ઝીલવા માટે ઓઢણીની ફડક આડી ધરે.

વીરા હળવેલો[૧૩૨] રઈને ઢીંઢોળ[૧૩૩]
ફાટે રે ચૂંદણી.[૧૩૪]
બે'ની ! ફાટે તો ફાટવા દેવ[૧૩૫]
નવલાં[૧૩૬] લઈ આલશું.[૧૩૭]
મારી બે'નીને દખણીના ચીર
જાદવાં કોંચળી.[૧૩૮]

## ૩૦. કાચાં ફળ

સરોવરની પાઈળે[૧૩૯] સોપારી
સોપારાં આઈવાં[૧૪૦] ઝૂમખે મોરા રાજ !
કાચાં સોપારાં વેડાયાં[૧૪૧]
એ શી રીતે પાકશે મોરા રાજ !
સરોવરની પાઈળે નળિયેરી[૧૪૨]
નાળિયેરાં આઈવાં ઝૂમખે મોરા રાજ !
કાચાં નળિયેરાં વેડાયાં
એ શી રીતે પાકશે મોરા રાજ !
સરોવરની પાઈળે એલચી
એલચી આઈવી ઝૂમખે મોરા રાજ !
કાચી એલચી વેડાયી
એ શી રીતે પાકશે મોરા રાજ !
સરોવરની પાઈળે વલિયારી
વલિયારી આઈવીં ઝૂમખે મોરા રાજ !
કાચી વલિયારી વેડાયી
એ શી રીતે પાકશે મોરા રાજ !

## ૩૧. વધૂની પસંદગી

ચાંદો[૧૪૩] સૂરજ બે બંદવા રે[૧૪૪]
વનમેં ઘોડીલા ખેલાવે.
મોહનભઈ અંબુભઈ બે બંદવા રે
વનમેં ઘોડીલા ખેલાવે.

---

૧૩૨ હળવેથી; ધીમેથી. ૧૩૩ હલાવ. ૧૩૪ ચૂંદડી. ૧૩૫ દે (સૌરાષ્ટ્રના 'ઘો' જેવું રૂપ.) ૧૩૬ નવું (બ. વ.) ૧૩૭ આપીશું. ૧૩૮ જાદવકાંચળી-કાપડું; કમખો. ૧૩૯ પાળે-કિનારે. ૧૪૦ આવ્યાં-લાગ્યાં. ૧૪૧ વેડચાં-ઊતારી લીધાં. ૧૪૨ નારિયેળ-વૃક્ષ. ૧૪૩ ચાંદો-ચંદ્ર. ૧૪૪ બાંધવ-ભાઈ.

ખેલવતા ખેલવતા વન ગયા રે
વનમેં દીઠી છે કૈના.[૧૪૫]
કૈના છે કાચનું પૂતળું રે
કૈના બોવ[૧૪૬] રે રૂપાળાં.[૧૪૭]

## ૩૨. તેડું

[ ચાંદની રાતે ગોરી રમવા જાય છે. રમીને આવતાં વાર લાગે છે. પતિનું તેડું આવે છે. રમવામાં મસ્ત ગોરી આવતી નથી ને તેડાના કારણને બીજી રીતે ઠેલવા પ્રયત્ન કરતી હોય એવો ભાવ ગવાયો છે. ]

ચટકે[૧૪૮] ચોંદેણી[૧૪૯] શી રાઈત[૧૫૦]
મારુળી રમવા નીસરાં મોરા રાજ.
રમતેલાં લાઈગી[૧૫૧] છે વારો[૧૫૨]
સાહેબ તેડાં[૧૫૩] મોયકલાં[૧૫૪] મોરા રાજ.
ગોરી, મોરાં ઘેર સધારો[૧૫૫]
દાતણ વેળા વઈ[૧૫૬] જઈશે[૧૫૭] મોરા રાજ.
દાઈડમ[૧૫૮] દાતણ આથે અડકાઈરાં[૧૫૯]
દાતણ સાઈરા[૧૬૦] મોનશું[૧૬૧] મોરા રાજ!
ચટકે ચોંદેણી શી રાઈત
મારુળી રમવા નીસરાં મોરા રાજ.

## ૩૩. માતા-પિતાની પસંદગી

નદીની કિનારે તારો ઊઈગો,[૧૬૨] મોરા રાજ!
રેવાની[૧૬૩] કિનારે અજવાળાં, મોરા રાજ!
ઉં તમને પૂંછું મારાં કયાં બે'ન
વેગળી[૧૬૪] સાસરી કોણે શોઈધી,[૧૬૫] મોરા રાજ!
દાદે શોઈધાં ને માડીએ ઝીલાં, મોરા રાજ!
માડીનાં પઈણાઈવાં અમે પઈણાં, મોરા રાજ!

## ૩૪. વરની જાન

[ વરવિક્રયનો આમાં અછતો ઉલ્લેખ છે. દીકરીને પરણાવ્યા પછી માબાપ ભિખારી થઈ જતાં–ખુવાર થઈ જતાં તેનો ઉલ્લેખ છે. ]

---

૧૪૫ કન્યા. ૧૪૬ બહુ. ૧૪૭ રૂપાળી. ( માનાર્થે જેવો પ્રયોગ. ) ૧૪૮ ચળકે. ૧૪૯ ચાંદની. ૧૫૦ રાત ( રાત્ય જેવું રૂપ ). ૧૫૧ લાગી ૧૫૨ વાર ( બ. વ. ) ૧૫૩ પતિનું તેડું. ૧૫૪ મોકલ્યું ( બ. વ. ). ૧૫૫ આવો; પધારો. ૧૫૬ વહી ૧૫૭ જશે. ૧૫૮ દાડમ. ( દાડમી-દાડમનું ) ૧૫૯ અડકાડયાં ( બ. વ. ). ૧૬૦ સાર્યાં; કર્યાં ( બ. વ. ). ૧૬૧ માનીશું ( બ. વ. ) માનીશ; સમજીશ. ૧૬૨ ઊગ્યો. ૧૬૩ નર્મદા ( નદી ). ૧૬૪ દૂર. ૧૬૫ શોધી; શોઈધાં-શોધ્યાં.

મેડીએ ચડી બે'ની ! તારા દાદાજી જુવે[૧૬૬]
કેટલે આવે રે વરની જોઈનો
કેટલે આવે રે વરની જોઈનો ?

દીકરી ! મોરાં તમે રે'જો[૧૬૭] કુંમારાં[૧૬૮]
રે પરદેશી પોપટ નઈ આવે
એરે પરદેશી પોપટ નઈ આવે !

દાદા ! મોરા તમે ઘેલું શું બોલો
એરે પાતળિયો[૧૬૯] પાછો નઈ વળે
એરે પાતળિયો પાછો નઈ વળે !

બૈસે આથીડા[૧૭૦] ને છૈસે ઘેડીલા
એરે જોઈનોનાં પૂરાં નઈ પડે
એરે જોઈનોનાં પૂરાં નઈ પડે !

## ૩૫. મોસાળાનાં મૂલ

પાટણ શે'રના સુથારી
અમને દીવડો ઘડી આલો.[૧૭૧]
દીવડો મેલો સોમે[૧૭૨] ઓરલે
ચારે દિશે[૧૭૩] અજવાળાં !
આવતીને વેવોંણુ[૧૭૪] પૂછીયાં
દીવડો કેને મોકલાઈવો ?
અમારા જીયાવરનાં મોસાળાં[૧૭૫]
ઈમના મોંમે મોકલાઈવા.[૧૭૬]

## ૩૬. ઘરભણી

બે'ની કરો રે ઉતાવળો ઘેર જીયે;
તમારાં એકલાં માડી ઘેરે વાઈટા[૧૭૭] જુવે.
બે'ની કરો રે ઉતાવળો ઘેર જીયે;
તમારાં એકલાં ભાભી ઘેરે વાઈટા જુવે.

---

૧૬૬ સર૦ દક્ષિણ ગુજરાતનો પાઠ :
'ઊંચે રે ચડીને લાડીને બાપે રે જોયું, કેટલી આવે વરજાન રે
રઢિયાળાં રે મોતી !'

—ગુજરાતનાં લોકગીતો, પૃ. ૮૯

૧૬૭ રહેજો. ૧૬૮ કુંવારાં-કુંવારી (બ. વ.). ૧૬૯ પાતળિયો ને બદલે પાતેરનો એવું પાઠાંતર છે. પણ એ પાઠ ગીતમાં ગાળો બોલાતી થઈ ત્યાર પછીનો હશે. ૧૭૦ હાથીડા-હાથી. ૧૭૧ આપો. ૧૭૨ સામા. ૧૭૩ ચારેય દિશાએ. ૧૭૪ વેવાણ. ૧૭૫ મોસાળ. ૧૭૬ મોકલાવ્યા. (બ. વ.) ૧૭૭ વાટ, રાહ (વાટ : બ. વ.).

બે'ની કરો રે ઉતાવળો ઘેર જીયે;
તમારા એકલા દાદા ઘેરે વાઈટો જુવે.
બે'ની કરો રે ઉતાવળો ઘેર જીયે;
તમારા એકલા વીરા ઘેરે વાઈટો જુવે.
બે'ની કરો રે ઉતાવળો ઘેર જીયે;
તમારાં એકલાં બે'ની ઘેરે વાઈટો જુવે.

## ૩૭. નોંતરાનો આનંદ

બે'ની કોણે ઘેરે જ્યાં'તાં બે'ની રમવા રે?
બે'ની કાકોને ઘેર જ્યાં'તાં બે'ની રમવા રે.
ઈમને કાકે આઇલાં[૧૭૮] સોકટાં[૧૭૯] બે'નને રમવા રે.
બે'ની કોણે ઘેરે જ્યાં'તાં બે'ની રમવા રે?
બે'ની મોમોને ઘેર જ્યાં'તાં બે'ની રમવા રે.
ઈમને મોમે આઇલાં સોકટાં બે'નને રમવા રે.
બે'ની કોણે ઘેરે જ્યાં'તાં બે'ની રમવા રે?
બે'ની ફોયોને ઘેર જ્યાં'તાં બે'ની રમવા રે.
ઈમની ફોયે આઇલાં સોકટાં બે'નને રમવા રે.
બે'ની કોણે ઘેરે જ્યાં'તાં બે'ની રમવા રે?
બે'ની વીરોને ઘેર જ્યાં'તાં બે'ની રમવા રે.
ઈમને વીરે આયલાં સોકટાં બે'નને રમવા રે.

## ૩૮. કેમ ઘેર જઈશું ?

શીળેલે[૧૮૦] આયવાં ને તડકેલે[૧૮૧] કેમ કરી ચાલશું ?
લે'શું અંબુભઈના માફા, માફે બેસી ચાલશું.
શીળેલે આયવાં ને તડકેલે કેમ કરી ચાલશું ?
લે'શું મોહનભઈના માફા, માફે બેસી ચાલશું.

## ૩૯. રમીને આવતાં ભૂખ લાગી !

આલી મા'લીને[૧૮૨] ઘેરે આયવાં રે
માડી ! તરસેલી[૧૮૩] લાઈગી.
દીકરી મોરાં લાડક રે[૧૮૪]
કોરા ઘડાનું પોણી.[૧૮૫]

૧૭૮ આપ્યાં. ૧૭૯ સોગઠાં ૧૮૦ ઠંડા પહોરે. ૧૮૧ તડકામાં. ૧૮૨ હાલીમાલી-રમીભમી. ૧૮૩ તરસ. ૧૮૪ લાડકવાયી ! ૧૮૫ પાણી

આલી મા’લીને ઘેરે આયવાં રે
ભાભી! ભૂખેરી લાઈગી.
નરદી મોરાં લાઈડક રે
ચૂલે ખીચડી મેઈલી.[૧૮૬]

### ૪૦. નજર ઉતારવી

[ નજર લાગવાના વહેમનો અહીં ઉલ્લેખ છે. ]

તતરીયા[૧૮૭] ઉડાડશે રે એલાંબેલાં રે.
ચગે મગે[૧૮૮] ઢોંકણી રે તતરીયા રે.
તતરીયા ઉડાડશે રે ઈમની ભોજ્ઞય રે.

## ઉકરડી નોંતરવી

૮:૧ વરને ત્યાં હસ્તમેળાપના આગલા દિવસે ઉકરડી નોંતરે છે. પરણનાર છાણા ઉપર બેસીને આંબાનું દાતણ કરે છે. મુહૂર્તમાં માંડવાની જે થાંભલી રોપી હોય તેની પાસે ખાડો ખોદી તેમાં ચોખાનો સાથિયો પૂરે છે. આગળ પાછળ ઢેબરાં વધાવે છે. પછી છાણાનો સંપુટ, પૈસો સોપારી મૂકી દાટી દે છે. આને ઉકરડી નોંતરવી કહે છે.

### ૪૧. વહાણું વાયું[૧૮૯]

સૂરો[૧૯૦] ઊઈગો રે સરોવરિયોની પાઈળિ
કે વોંણેલાં[૧૯૧] ભલે વાયાં.
દાતણ સારશે રે સરોવરિયોની પાઈળિ
કે વોંણેલાં ભલે વાયાં.
મોંડાં[૧૯૨] ધોઈશે રે[૧૯૩] સરોવરિયોની પાઈળિ
કે વોંણેલાં ભલે વાયાં.
મોંડાં લોઈશે રે[૧૯૪] પોમળિયોને છેડે
કે વોંણેલાં ભલે વાયાં.

### ૪૨. કેમ જગાડયા!

સોનાની સળીઓ રૂપાની વળીઓ
એક થંભી મેડલી[૧૯૫] બંધાવો રે.
મેડીએ ચડીને દાદા બોલાવે
કેવ[૧૯૬] દીકરા સૂતા કે જાગો રે.

---

૧૮૬ મૂકી. ૧૮૭ ઢાંકણામાં અંગારા લઈ રાઈ મીઠું નાખીને ચારે બાજુ ઊતારવાની ક્રિયા. ૧૮૮ ચળકે. ૧૮૯ સર° ચૂંદડી ભા ૧, ગીત ૨૭, પૃ. ૪૩. દક્ષિણ ગુજરાતનો પાઠ : ગુજરાતનાં લોકગીતો, પૃ. ૬૯ ૧૯૦ સૂરજ. ૧૯૧ વહાણેલાં (બ. વ.)–સવાર. ૧૯૨ મોઢાં–મોંઢું. ૧૯૩ ધોશે. ૧૯૪ લોશે; લૂંછશે. ૧૯૫ મેડી. ૧૯૬ કહો.

અરઘેલા સૂતા અરઘેલા જાગીએ
મારે દાદે નીંદરે જગાઇડાં રે.
સોની સળીઓ રૂપાની વળીઓ
એક થંભી મેડલી બંધાવો રે.
મેડીએ ચડીને માડી બોલાવે
કેવ દીકરો સૂતા કે જાગો રે.
અરઘેલા સૂતા અરઘેલા જાગીએ
મારી માડીએ નીંદરે જગાઈડાં રે.
સોનાની સળીઓ રૂપાની વળીઓ
એક થંભી મેડલી બંધાવો રે.
મેડીએ ચડીને કાકા બોલાવે
કેવ ભતરીજા સૂતા કે જાગો રે.
અરઘેલા સૂતા અરઘેલા જાગીએ
મારે કાકે નીંદરે જગાઈડાં રે.

## ૪૩. વીર અને ભાભી

મારા વાડામેં અળવેલો રે[197]
તોં તો મોરુલો અરીચરી[198] જાય.
આલો દાદા ! લાલે લાકડી રે
ઉં તો મોરુલો ઓંકવા[199] જઈશ.
મોરુલો ઓંકી પાછી વળી રે
મને જડિયો છે સોનાનો વેઢ.
તેની ઘડાવીશ બેરખી રે[200]
મારા વીરાને જમણે આથ.
મારા વાડામેં અળવેલો રે
તોં તો મોરુલો અરી ચરીજાય.
આલો દાદા ! લાલે લાકડી રે
ઉં તો મોરુલો ઓંકવા જઈશ.
મોરુલો ઓંકી પાછી વળી રે
મને જડિયો છે લોઢાનો વેઢ.
તેની ઘડાવીશ બેરખી રે
પેલી છોરીને ડાબલે આથ.

---

૧૯૭ પાઠાંતરઃ અલવેલોઃ આડોવેલો. ૧૯૮ હરીચરી. ૧૯૯ હાંકવા. ૨૦૦ આંગળીએ પહેરવાનો વેઢ.

## ૪૪. ભાઈની કુંવરી

[ પરણનાર કન્યાને રાજકુંવરી સાથે સરખાવી છે. ]

અલા[૨૦૧] વૉંણોમે[૨૦૨] કેણશેની[૨૦૩] કુંવરી રે
વૉંણાં એ રળિયોમે[૨૦૪]
અલા વૉંણોમે......ભઈની કુંવરી રે
વૉંણાં એ રળિયોમે.
અલા વૉંણોમે કેણશેની બે'ની રે
વાંણાં એ રળિયોમે.
અલા વૉંણોમે......ભઈની બે'ની રે
વૉંણાં એ રળિયોમે.

## ૪૫. વાંણાં ( વાંનાં )

આજનાં તે વૉંનાં કેણી કેણી શેરળીએ ?[૨૦૫]
આજનાં તે વૉંનાં અંબુભઈની શેરળીએ.
આજનાં તે વૉંનાં દોંમણી વેવની શેરળીએ.
કયા ભઈની લાકડીઓ ને કયી વેવનાં બેડાં ?
અંબુભઈની લાકડીઓ ને દોંમણી વેવનાં બેડાં.
ભાંગી ગયી લાકડીઓ ને બેવડ વઈરાં[૨૦૬] બેડાં.
જોવ રે[૨૦૭] ભઈ લોકો વૉંનાંના તમાસા.

## ૪૬. કંજુસ ભાભી-૧

કોણે તારાં ઢેબરાં[૨૦૮] ચાઈખાં ?[૨૦૯]
કોણે તારો દારૂ ચાઈખો ?
ગંગરી ! અક્કલ છે કે નઈ બાલમ[૨૧૦] છે કે નઈ !
કોણે તારો ગોળ ચાઈખો ?
કોણે તારી તાડી[૨૧૧] ચાઈખી ?
ગંગરી ! અક્કલ છે કે નઈ બાલમ છે કે નઈ !
તારાં તારાં ઘરમે ઘાઈલાં
ભઈનાં સગાં બેંઇણે[૨૧૨] કાઈઢાં.[૨૧૩]

---

૨૦૧ અલ્યા ( સંબોધન ) ૨૦૨ 'વૉંણોમે પેઠાં' એવો શબ્દપ્રયોગ થાય છે. કુંવારા હોય ત્યારે પોતાનાથી ઊતરતી નાતનું જમી શકાય એમ માને છે વાંનાંમાં પેઠા પહેલાં પાણિયારે, ચૂલે અડકી શકાતું નથી. ઉકરડી નોંતર્યા પછી ગમે ત્યાં અડકી શકાય છે. ૨૦૩ કોની. ૨૦૪ રળિયામણાં. ૨૦૫ શેરીએ. ૨૦૬ વળ્યાં. ૨૦૭ જુઓ. ૨૦૮ વડાં. ૨૦૯ ચાખ્યાં. ૨૧૦ 'માલૂમ'નું અપભ્રંશ રૂપ. ૨૧૧ તાડી: તાડ-ખજૂરીનો રસ. ૨૧૨ બારણે-બહાર. ૨૧૩ કાઢયાં.

ગંગરી ! અક્કલ છં કે નઈ બાલમ છે કે નઈ !
ખાટી છાઈશ[૨૧૪] ને મોળા ચોખા
ખાવું હોય તો ખાજો રે
રૅંમને[૨૧૫] રળીયાણું[૨૧૬] વા'લું.[૨૧૭]

## ૪૭. કંજુસ ભાભી–૨

ટોપલો ઓરો રે[૨૧૮] ઘૂમે ટોપલો પરો રે[૨૧૯] ઘૂમે
અજુ[૨૨૦] કેટલી છે ઢેબરાંની વારો રે.
ગંગરી ઑંઈખો રે[૨૨૧] કાડે[૨૨૨] દૉમણી મૉંડું રે મૈળે[૨૨૩]
અજુ કેટલી છે ઢેબરાંની વારો રે.
ભાઠીયો[૨૨૪] ઓરો રે ઘૂમે ભાથીયો પરો રે ઘૂમે
અજુ કેટલી છે દારૂની વારો રે.
બચલી મૉંડું રે મૈળે ધોળકી ડોળા રે કાડે[૨૨૫]
અજુ કેટલી છે દારૂની વારો રે.

## ૪૮. કંજુસ ભાભી–૩

વાતોની ડાયી[૨૨૬] ગંગરી વાતે વળુંધી.[૨૨૭]
ટોપલામેં ઢેબરાં ગંગરી કળકીના[૨૨૮] આઈલું ![૨૨૯]
ભાથીયામેં દારૂ દામણી વારી[૨૩૦] ના આઈલો.
વાતોની ડાયી ગંગરી વાતે વળુંધી
ટુંગલીમેં[૨૩૧] તમાકુ બચલી ચપટી ના આઈલી.

## ૪૯. કંજુસ ભાભીને

કળચી[૨૩૨] ઢેબરાંને સારુ ગંગરી મેણાં મારે રે
તારાં તેડાં નથી આઈવાં.
અમે મોહનભઈનાં તેડાં અમે આવિયાં રે.
ચપટી તમાકુને સારુ દામણી મેણાં મારે રે.
તારાં તેડાં નથી આઈવાં.
અમે અંબુભઈનાં તેડાં અમે આવિયાં રે.

---

૨૧૪ છાશ. ૨૧૫ રામ. ૨૧૬ રળિયામણું ? ૨૧૭ વહાલું. ૨૧૮ આ બાજુ. ૨૧૯ પેલી બાજુ (પરુ–આઘું). ૨૨૦ હજુ. ૨૨૧ આંખો. ૨૨૨ કાઢે. ૨૨૩ મોઢું મરડે; મોં મચકોડે. ૨૨૪ દારૂ ભરવાનું વાસણ. ૨૨૫ આંખ કાઢીને વિરોધ દર્શાવે. ૨૨૬ ડાહી વાતગરી ૨૨૭ વળગી. મસ્ત બની ગઈ. ૨૨૮ કટકી. ૨૨૯ આલ્યું–આપ્યું. ૨૩૦ વાળી: દારુ પીવાનું માપ. ૨૩૧ નાની ટોપલી. ૨૩૨ કટકી.

## ૯. સીમાડો પૂંજવો

૯:૧. ઊકરડી નોંતર્યા પછી સીમાડો પૂજવા જાય છે. ત્યાં સમડીનું ઝાડવું હોય ત્યાં છાણથી લીંપે, સાથિયા પૂરે. પૈસો-સોપારી મૂકી ઢેબરાં અને ઇંડિયાં-પીંડિયાં વધાવે છે. આને સીમાડો પૂજવો કહે છે.

## ૫૦. હાડીને અહિંસાનો બોધ

[ જતી વખતે હાડીને બોધ દેવાય છે. ]

આળીના[૨૩૩] આથોમેં લાલે પરોણી.
આળીળા,[૨૩૪] તમે રજી રે[૨૩૫] ભરાશે.
ગાયના જેણુંને[૨૩૬] દુ:ખડાંના દે'યે.
ગાયના જેણુંને ગોધો[૨૩૭] ના કરીએ.

## ૧૦. વરધ લેવા જવું

૧૦:૧ વધામણું લઈ ને સ્ત્રીઓ કુંભારને ઘેર વાસણો લેવા જાય છે તેને વરધ લાવવી કહે છે. કુંભાર પાકું સીધું આપે. ચાકડો પૂજે ને ત્યાં પૈસો, સોપારી ને સવા આનો ( સાત નયા પૈસા ) મૂકે. કન્યાની વરધમાં સાડાસાત બેડાં, ચાર ડમરાં, ગોત્રીજાનું બેડું, બે હાંડલાં, બે કલેડાં અને બે માટલાં કુંભાર આપે. વરની હોળ તો માટલું અને કલેડું એકેક આપે. વરધ માથે લીધા પછી વધામણાવાળી વરધ વધાવે છે.

૧૦:૨ વરધનાં વાસણો ઘેર લાવે એટલે પરણનાર ચોખાથી વધાવી ચાંલ્લા કરે છે.

[ ક્રમશઃ ]

# વાઘેલાકાલીન ગુજરાતના રાજતંત્રનાં વિવિધ ખાતાં

નવીનચંદ્ર આચાર્ય

વાઘેલા રાજવીઓના સમયમાં ગુજરાતનું રાજ્ય ઘણું જ વિસ્તાર પામેલ હતું. રાજ્યના વહીવટીતંત્રને વ્યવસ્થિત કરવા માટે હાલમાં જેમ ખાતાવાર પદ્ધતિ છે તેમ વાઘેલાકાલ દરમ્યાન પણ આવી ખાતાવાર પદ્ધતિ હતી. આ પદ્ધતિ ચૌલુક્ય રાજવીઓના સમયથી ચાલી આવતી હતી. તેમણે સમયાનુકૂલ કેટલાક ફેરફાર તેમાં કર્યા હતા. સમગ્ર વહીવટીતંત્રને જુદાં જુદાં "કરણો" (ખાતાં)માં વહેંચવામાં આવેલ. રાજ્યનાં જુદાં જુદાં ખાતાંની યાદી દર્શાવતા શ્લોકો 'લેખપદ્ધતિ'માંથી મળી આવે છે[1].

**શ્રીકરણ :**

આ ખાતાના ઉલ્લેખો ઘણા સમકાલીન લેખોમાંથી મળી આવે છે.[2] 'લેખપદ્ધતિ'ના સંપાદકે તેનો અર્થ આવકખાતું એવો કર્યો છે.[3] તેનો બીજો અર્થ 'ચીફ સેક્રેટરી'નું ખાતું એવો કરવામાં આવે છે.[4] શ્રી દિ. ચં. સરકાર તેને દસ્તાવેજના ખાતા તરીકે ઓળખાવે છે.[5] સામાન્ય રીતે જોતાં આવકખાતું એ અર્થ વધારે સુસંગત ગણાય. કારણ કે આપણે સામાન્ય રીતે "શ્રી"નો અર્થ લક્ષ્મી એવો કરીએ છીએ અને કરણનો અર્થ ખાતું એમ થાય છે. દસ્તાવેજ તો દરેક ખાતામાં હોય અને સ્વાભાવિક રીતે તે જે તે ખાતાના રક્ષણ નીચે રાખવામાં આવતા હોય

---

૧ श्रीकरणव्ययकरणे राज्ञो धर्माधिकरणमण्डपिके ।
वेलाकुलजलपथकघटिकागृहटङ्कशालाश्च ॥
द्रव्यांशुकभाण्डागारो वारिगृहदेववेश्मगणिका नाम ।
हस्त्यश्वकलभशालाश्रेणीव्यापारतन्त्रकरणानि ॥
कोष्ठागारोपकमकर्मकरस्थानदेवकरणानि ।
सन्धिर्महाक्षपटलं महानसं जयनशाला या ।
सत्रागारोन्तःपुरसुवर्णकरणं च कोष्ठिका चैव ।
द्वात्रिंशत्करणानां नियोगिनः शुद्धमतयः स्युः ॥

અજ્ઞાતકર્તૃક, 'લેખપદ્ધતિ' (સંપાદક સી. ડી. દલાલ અને જી. કે. શ્રીગોંદેકર, વડોદરા, ૧૯૨૫), શ્લો. ૭ થી ૧૦, પૃ. ૧.

૨ આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, ગુજરાતના ઐતિહાસિક લેખો, લેખ નંબર ૨૧૭, ૨૨૦, ૨૨૩, ૨૧૯ अ.

૩ લેખપદ્ધતિ, પૃ. ૯૭, ગ્લૉસરી.

૪ પી. કે. ગોડે, સંસ્કૃત–અંગ્રેજી શબ્દકોશ.

૫ એપિગ્રાફિયા ઇંડિકા, વૉ. ૩૪, પૃ. ૧૪૨.

છે. શબ્દોનો અર્થ જોતાં "શ્રીકરણ" એટલે નાણાખાતું એવો અર્થ બંધ બેસે પરંતુ 'લેખપદ્ધતિ'માં 'શ્રીકરણ' પછી 'વ્યયકરણ' અલગ જણાવેલું હોવાથી 'શ્રીકરણ' શબ્દ આવકખાતું એવો મર્યાદિત અર્થ ધરાવતો હોય એ વધુ સંભવિત છે. શ્રીકરણ અને વ્યયકરણ એ હાલની ભાષામાં નાણાંખાતાના બે વિભાગ ગણાય. લેખોમાં મહામાત્ય ને શ્રીકરણ આદિ ખાતાના વડા તરીકે વર્ણવે છે. સામાન્ય રીતે નાણાખાતું મહામંત્રીના સીધા અંકુશ હેઠળ હોય એ સ્વાભાવિક છે. તેથી અત્રે "શ્રીકરણ"નો અર્થ હિસાબીખાતું અથવા નાણાખાતું ઘટાવવો વધારે યોગ્ય છે.

**વ્યયકરણ :**

આ હિસાબખાતામાં ખર્ચખાતાનું નામ હોવા સંભવ છે. એક રીતે જોતાં આ નાણાંખાતાનો પેટા વિભાગ ગણી શકાય.[૬] આ ખાતું પણ મહામાત્યના હાથમાં રહેતું.

**ધર્માધિકરણ :**

આ ન્યાય ખાતાનું નામ છે. સામાન્ય રીતે ન્યાયખાતાનો વડો રાજા મનાતો. છતાં પણ આરોપીની સંપૂર્ણ તપાસ કરવા માટે ચોક્કસ અધિકારીઓની જરૂર પડતી હોવાનો સંભવ છે. આ ખાતું તે સર્વ કાર્ય કરતું હશે.

**મંડપિકાકરણ :**

કરવેરાની રકમ એકઠી કરનાર ખાતું. આ ખાતા મારફતે રાજા જુદા જુદા પ્રકારના કરવેરાની રકમ એકઠી કરતો. મંડપિકા શબ્દ સારંગદેવના સમયની સિન્ટ્રામાં રખાયેલ દેવપટ્ટન-પ્રશસ્તિમાંથી મળી આવે છે.[૭] આ શબ્દ કદાચ જકાતનાકા માટે વપરાતો હશે.

**વેલાકુલકરણ :**

બંદરને લગતું કામકાજ આ ખાતા મારફતે થતું હતું. સાગર કિનારો ગુજરાતને ઘણો જ ઉપયોગી હતો. ચૌલુક્ય સમયમાં ભરૂચ, ખંભાત અને સૌરાષ્ટ્રમાં ઘણાં બંદરો મહત્ત્વ ધરાવતાં હતાં. દેશ પરદેશથી આ બંદરે માલ ઊતરતો અને નિકાસ થતો. આથી આવાં કેન્દ્રોમાં સરકારી અંકુશો જરૂરી બનતા. આ વ્યવહારને લગતા સર્વ પ્રશ્નો આ ખાતા મારફતે હલ થતા. પ્રાચીન સમયમાં આ બંદરોએ વહાણવટીઓનાં જુદાં જુદાં જૂથો રહેતાં. તેઓ દૂર દૂરના દેશોમાં મુસાફરી કરતાં. સાગરમાં ચાંચિયાઓથી તેમને ઘણીવાર રક્ષણ આપવું પડતું. આ સર્વ બંદરોથી રાજ્યને ઘણી સારી આવક થતી. આથી સ્વાભાવિક છે કે બંદરોને લગતું ખાતું રાજ્યમાં અસ્તિત્વ ધરાવતું હોય.

---

૬ વ્યયકરણ શબ્દનો અર્થ 'A pay master' કરવામાં આવ્યો છે. મોનીઅર વિલિયમ્સ, સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશ.

૭ ગુ. ઐ. લે., ૨૨૨.

મંડપિકા-માંડવી, માંડવી એટલે જકાત લેવા માટે મંડાવવાની કે નોંધવાની જગા; ભગવદ્ગોમંડલ કોશ, પૃ. ૭૨૨૭ (ભા. ૮).

**જલકરણ અને પથકરણ :**

લેખપદ્ધતિમાં જલકરણનો અર્થ નૌકાસૈન્ય ( Navy ) અને પથકનો અર્થ સ્થલ[૮] કર્યો છે. રાજમાર્ગો અને જલમાર્ગોને લગતું ખાતું. આ સમયે ગુજરાત ઉપર અવારનવાર પાડોશી રાજ્યો ચડી આવતાં હોઈ લશ્કરની ઝડપી હિલચાલ માટે સગવડતા ભરેલા માર્ગોની આવશ્યકતા રહેતી હોવાનો સંભવ છે. આથી આવા માર્ગોની દેખરેખ રાખવા માટે આ ખાતું રાખવામાં આવ્યું હશે કે જેથી માર્ગોની સતત કાળજી રાખી શકાય.

**ઘટિકાગૃહકરણ :**

આ ખાતાની કાર્યવાહી વિશે ચોક્કસ માહિતી મળતી નથી. સામાન્ય રીતે ઘટિકાનો અર્થ સંસ્કૃત શબ્દકોષમાં " ઘડી " એટલે ૨૪ મિનિટ એવો કરવામાં આવ્યો છે.[૯] સારંગદેવના સમયમાં લખાયેલ દેવપટ્ટનપ્રશસ્તિમાં સોમનાથના મંદિર પાસે એક જીર્ણ ઘટિકાલય હતું એવો ઉલ્લેખ મળી આવે છે.[૧૦] બ્યુલર આનો અર્થ પ્રાચીન ' જળઘડી ' એવો ઘટાવે છે.[૧૧] પણ હસ્તપ્રતમાંથી મળેલાં ચિત્રો જોતાં આ શબ્દ મકાન માટે વપરાયો હોય એમ લાગે છે.[૧૨]

પલ્લવોના મળી આવેલા લેખોમાં આ શબ્દનો ઉલ્લેખ આવે છે. ત્યાં ફ્લીટ્હર્ન આનો અર્થ ' વિદ્યાધામ ' તરીકે ઘટાવે છે.[૧૩]

દેશીનામમાલામાં ' ઘડી ' અને " ઘડિઅઘડા " શબ્દનો ઉપયોગ કર્યો છે. આનો અર્થ " સભાગૃહ " એમ ઘટાવ્યો છે.[૧૪]

' પ્રબંધ ચિંતામણિ 'માં જણાવ્યું છે કે દુર્લભરાજે ' શ્રીપત્તન 'માં ઘટિકાગૃહ દાનશાળા અને હાથીખાના સાથે સાત માળનું ધવલગૃહ બંધાવ્યું[૧૫] આ ઘટિકાગૃહ, ઘડિયાળ માટેનું ટાવર હશે એવું ટૉનીએ પોતાના પ્ર. ચિ. ના ભાષાંતરમાં જણાવ્યું છે.[૧૬]

શ્રી પી. કે. આચાર્ય ઘટિકાગૃહ માટે ઘડિયાળ રાખવાનું મકાન, ધાર્મિક સ્થળ, દેવાલય, એમ જુદા જુદા અર્થ ઘટાવે છે.[૧૭]

---

૮ લે.પ., ગ્લૉસરી, પૃ. ૯૭.

૯ મોનીઅર વિલિયમ્સ, સંસ્કૃત–અંગ્રેજી શબ્દકોષ.

૧૦ ગુ. ઐ. લે., ૨૨૨.

૧૧ એ. ઇ., વૉ. ૧, પૃ. ૨૭૧.

૧૨ મોતીચંદ્ર—જૈન મિનિયેચર ઇન પેઈન્ટિંગ ફ્રોમ વેસ્ટર્ન ઇંડિયા, આ. ૧૯૩, પૃ. ૧૯૮.

૧૩ એ. ઇ., વૉ. ૮, પૃ. ૨૬; અ. કૂ. મ. ચૌલુક્યઝ ઓફ ગુજરાત, પૃ. ૨૧૪.

૧૪ હેમચંદ્રકૃત દેશીનામમાલા, વર્ગ ૨, શ્લો. ૧૦૫.

૧૫ દુ. કે શાસ્ત્રી સંશોધિત પ્ર. ચિ., પૃ. ૨૯ની ફૂટનોટ.

૧૬ પ્ર. ચિ. ( ટૉનીનું ભાષાંતર ), પૃ. ૨૯.

૧૭ પી. કે. આચાર્ય, 'એનસાઈક્લોપેડિયા ઓફ હિંદુ આર્કિટેકચર', પૃ. ૧૬૮.

આ બધા ઉલ્લેખો પરથી "ઘટિકાગૃહ" શબ્દ અમુક પ્રકારના મકાન માટે વપરાતો તે ચોક્કસ છે. પરંતુ એ કેવા પ્રકારનું મકાન એ નક્કી કરવું મુશ્કેલ છે. સંભવતઃ એ સાર્વજનિક ધર્મશાળા જેવું હોઈ શકે. ઘણાં ગામોમાં આવાં મકાનોનો ઉપયોગ દેવસ્થાન તરીકે, ધર્મસ્થાન તરીકે, શાળા તરીકે, સભાગૃહ તરીકે અને અતિથિગૃહ તરીકે થતો હોય છે. આવાં અનેક સાર્વજનિક હેતુઓ ધરાવતાં ઘટિકાગૃહોની દેખરેખ માટે રાજ્ય તરફથી એક ખાતું રાખવામાં આવતું હશે.

**ટંકશાલાકરણ :**

આ ખાતું ટંકશાળને લગતું કાર્ય કરતું. કમનસીબે સોલંકી સમયના સિક્કાઓના નમૂના જૂજ મળે છે. પરંતુ એ કાલના સાહિત્યમાં એના ઠીક ઠીક ઉલ્લેખો ઉપલબ્ધ છે. અને એ સમયના આટલા મોટા સામ્રાજ્યમાં નાની મોટી કિંમતના સિક્કાઓનું ચલણ અનિવાર્ય ગણાય. વાઘેલા રાજાઓએ અગાઉના સોલંકી રાજાઓના જેવું ચલણ રાખ્યું હશે અને એ અંગે ટંકશાળનું કરણ (ખાતું) પણ ચાલુ રાખ્યું હશે.

**અંશુકકરણ :**

આ ખાતું રાજકુલો માટે સારાં કપડાં તૈયાર કરવાનું કામ કરતું હોય એમ લાગે છે. આ ખાતું અર્થશાસ્ત્રમાં જણાવેલ "સૂત્રાધ્યક્ષ" ખાતાના જેવું હશે એમ જણાય છે.[૧૮]

**દ્રવ્યકરણ :**

આ ખાતું કોઠારને લગતું કાર્ય કરતું.

**ભાંડાગારકરણ :**

આ ખાતું જુદા જુદા ભંડારોને લગતું કામકાજ કરતું હતું. સામાન્ય રીતે આ ખાતાનું કામકાજ લશ્કરી ભંડારો તેમ જ પુસ્તકભંડારો વગેરેની વ્યવસ્થા કરવાનું હશે.

**વારિગૃહકરણ :**

આ ખાતું રાજ્યમાં નહેરો વગેરેની જોગવાઈ કરવાનું કાર્ય કરતું હશે. પ્રાચીન સમયથી આ ખાતાનું મહત્ત્વ ગુજરાતમાં સ્થપાયું હતું. ખેતીવાડી તેમ જ સામાન્ય પ્રજાની સગવડ ખાતર નહેરોની વ્યવસ્થા કરવી, તળાવો બંધાવવાં તેમ જ નદીઓ ઉપર બંધ વગેરે બંધાવવા–આ સર્વ પ્રકારની કામગીરી આ ખાતાને બજાવવાની હતી. આ ઉપરાંત રાજા કૂવા વગેરે બંધાવીને પ્રજાને દાનમાં આપતા. આવો એક કૂવો ભીમદેવ બીજાએ દાનમાં આપ્યાનો ચાહડના દાનપત્રમાં ઉલ્લેખ મળી આવે છે.[૧૯] ટૂંકમાં આ ખાતું જળાશયોને લગતું કાર્ય કરતું હતું.

**દેવવેશ્મકરણ :**

દેવવેશ્મનો અર્થ સામાન્યતઃ દેવગૃહ કે દેવાલય એવો થાય છે. પરંતુ આગળ જતાં 'દેવકરણ' નામે એક જુદા ખાતાનો ઉલ્લેખ આવે છે. તે પરથી દેવાલયનો અર્થ દેવકરણ સાથે વધારે બંધ

---

૧૮ અર્થશાસ્ત્ર, ૨.૩૯.

૧૯ ઑલ ઇન્ડિયા ઓરિયન્ટલ કૉન્ફરન્સ, પ્રોસીડીંગ્સ એન્ડ ટ્રાન્ઝેક્શન્સ, પુ. ૭, પૃ. ૬૪૩.

બેસે અને દેવવેશ્મનો બીજો અર્થ 'રાજમહેલ' પણ થતો હોઈ એ અર્થ અહીં વધુ સુસંગત ગણાય. આ જોતાં આ ખાતું મહેલોની અંદરની વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરતું હશે.[૨૦]

### ગણિકાકરણ :

વારાંગનાઓને લગતા પ્રશ્નોનો નિકાલ આ ખાતા મારફતે થતો હશે. આ ખાતું પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવતું હતું એમ અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે. સોમનાથના મંદિરમાં દેવદાસીઓ રહેતી હતી એમ જાણવા મળે છે.

### હસ્તિશાલાકરણ :

પ્રાચીન સમયમાં યુદ્ધમાં હાથી અને ઘોડાનું મહત્ત્વ વધારે હતું. આથી હાથી વગેરેની ખાસ માવજત કરવામાં આવતી. આના માટે એક સ્વતંત્ર ખાતું રાખવામાં આવતું. આ ખાતાનું કામ હાથી વગેરેનો ખોરાક, સ્વચ્છતા, તાલીમ, ખરીદી વગેરે કાર્ય કરવાનું રહેતું હશે.

### અશ્વશાલાકરણ :

ઉપર જણાવ્યું તેમ હાથી સાથે ઘોડાનું પણ લશ્કરમાં મહત્ત્વ વધારે હતું. આ ઉપરાંત ઝડપી મુસાફરી માટે ઘોડા એ અગત્યનું સાધન મનાતું. આથી ઘોડાઓને લગતા સર્વ પ્રશ્નોના નિરાકરણ માટે આવું એક સ્વતંત્ર ખાતું રાખવામાં આવતું હોવાનો સંભવ છે.

### કલભશાલાકરણ :

આ ખાતું ઊંટ વગેરેની દેખરેખ રાખવાનું કાર્ય કરતું. ઊંટનું પણ તે વખતે લશ્કરમાં ઘણું મહત્ત્વ હતું.

### શ્રેણીકરણ :

પ્રાચીન સમયમાં જુદા જુદા વેપારીઓની શ્રેણીઓ અસ્તિત્વ ધરાવતી હતી. આ શ્રેણીઓ દ્વારા રાજ્યની આર્થિક સ્થિતિ સદ્ધર બનતી. રાજ્યના વેપારની આબાદીનો આધાર આ શ્રેણીઓ પર રહેતો. માળીઓની શ્રેણીઓનો ઉલ્લેખ દેવપટ્ટનપ્રશસ્તિમાંથી મળી આવે છે.[૨૧] નાવિકોની શ્રેણી પણ અસ્તિત્વમાં હોય તેમ જણાય છે.[૨૨]

### વ્યાપારકરણ :

આ ખાતું રાજ્યના વેપારને લગતું કામકાજ કરતું હશે. આપણે જાણીએ છીએ કે ગુજરાત ઘણા પ્રાચીન્ સમયથી પરદેશો સાથે વેપારથી જોડાયેલું હતું.[૨૩] ગુજરાતનાં કેટલાંક બંદરો ગુજરાત ઉપરાંત માળવા સહિત પશ્ચિમ ભારતનાં વેપારી કેન્દ્રો હતાં. ચૌલુક્ય સમયમાં બહારથી આવેલો માલ ભારતની અંદરના ભાગમાં ગુજરાતમાં થઈને જતો એટલે રાજ્યની

---

૨૦ લે. પ., ગ્લૉસરી, પૃ. ૯, ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૬.

૨૧ ગુ. ઐ. લે., ૨૨૨.

૨૨ ગુ. ઐ. લે., ૨૧૭.

૨૩ પેરીપ્લસ, ૪૨; ચૌ. ઓ. ગુ., પૃ. ૨૬૫.

આયાતનિકાસની નીતિ વ્યવસ્થિત રાખવા માટે આવું એક વ્યવસ્થિત ખાતું રાખવું પડતું હોવાનો સંભવ છે. વીસલદેવના મહામાત્ય નાગડને[૨૪] સમસ્ત વ્યાપારના અધિકારી તરીકે વિ. સં. ૧૩૧૩ની લખાયેલ એક હસ્તપ્રતમાં વર્ણવ્યો છે. એ જ નાગડને વિ. સં. ૧૩૧૭ના લેખમાં "શ્રીકરણાદિસમસ્તમુદ્રાવ્યાપાર" કરતો કહ્યો છે.[૨૫] વ્યાપારનો સામાન્ય અર્થ ધંધો, વેપાર, વગેરે થાય છે.[૨૬] આ જોતાં એમ જણાય છે કે નાગડ પોતે શરૂઆતમાં રાજ્યમાં આ વેપારને લગતું કામકાજ કરતો હશે. સારંગદેવના સમયમાં કાન્હને પણ સમસ્ત વ્યાપારનો અધિકારી કહ્યો છે.[૨૭]

અન્યત્ર "શ્રીકરણાદિસમસ્તવ્યાપારાન્"ના જે ઉલ્લેખો મળી આવે છે તેનો અર્થ આગળ જણાવ્યું તેમ શ્રીકરણ આદિ જુદાં જુદાં ખાતાંઓ ઉપર અધિકાર ધરાવતો એવો થતો હોય એમ લાગે છે. આથી આ વ્યાપારકરણ પણ એક સ્વતંત્ર ખાતું હોવાનો સંભવ છે. અર્થશાસ્ત્રમાં મુદ્રાધ્યક્ષને પરવાના આપનાર અધિકારી તરીકે વર્ણવ્યો છે.[૨૮]

આ જોતાં વ્યાપારકરણ એ વેપારને લગતું અર્થશાસ્ત્રમાં જણાવેલ છે તેવું ખાતું હશે, અને તે ગુજરાતમાંથી બહાર જનાર કે ગુજરાતમાં આવતા માલ ઉપર જકાત લેવાનું કે તેને અંગે વ્યવસ્થા કરવાનું કાર્ય કરતું હશે.

**તંત્રકરણ :**

લેખપદ્ધતિમાં તંત્રકરણનો અર્થ રાજદ્વારી બાબતોને લગતું ખાતું (Political department) એવો કરવામાં આવ્યો છે.[૨૯] આ ખાતું રાજ્યના અન્ય જમીનદારો તેમ જ આશ્રિત રાજવીઓ ઉપર અંકુશ રાખવા માટે રાખવામાં આવતું હશે. બ્રિટિશ રાજ્યમાં પણ રાજવીઓ ઉપર અંકુશ રાખવા માટે આવું ખાતું રાખવામાં આવતું. આ ખાતા દ્વારા જુદા જુદા માણસોની નિમણૂક કરવામાં આવતી અને તેની મારફતે આશ્રિત રાજવીઓની પ્રવૃત્તિ વિશે માહિતી એકઠી કરવામાં આવતી હશે. આમ આ પણ એક અગત્યનું ખાતું હોવાનો સંભવ છે.

**કોષ્ઠાગારકરણ :**

કોષ્ઠાગારકરણનો અર્થ ખજાનાને લગતું ખાતું 'એવો મત શ્રી અ. કુ. મજુમદાર ધરાવે છે.[૩૦] સામાન્ય રીતે સંસ્કૃતમાં કોષ્ઠાગારનો અર્થ કોઠાર તેમ જ કોષ (ખજાનો) એવો થાય

---

૨૪ तन्नियुक्तश्रीनागडमहामात्ये समस्तव्यापारान् परिपन्थयतीत्येवं काले प्रवर्तमाने..
પત્તનગ્રંથસૂચિ, ગા. ઓ. સિ., વૉ. ૭૬, પૃ. ૩૩૦.

૨૫ ગુ. ઐ. લે., ૨૧૬.

૨૬ મોનીઅર વિલિયમ્સ, સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોષ.

૨૭ ગુ. ઐ. લે., ૨૨૦.

૨૮ અર્થશાસ્ત્ર, ૨.૨૪; ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૬.

૨૯ લે. ૫, પૃ. ૯૭ (ગ્લૉસરી), ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૮.

૩૦ ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૮.

છે.[૩૧] આ ખાતાનો અધિકારી કોષ્ઠાગારિક કહેવાતો હશે. તેનું કાર્ય ખજાનાની સ્થિતિ વિશે અવારનવાર રાજાને તથા અમાત્યને માહિતી આપવાનું હોય તેમ લાગે છે.

**ઉપક્રમકરણ :**

આ ખાતું અર્થશાસ્ત્ર( ૧-૧૦ )માં જણાવ્યા પ્રમાણે અમાત્યોની લાયકાત તપાસવાનું કાર્ય કરતું હશે.[૩૨] વીસલદેવના સમયમાં રાજદરબારમાં કવિ તરીકે દાખલ થવા માટે જેમ રાજ-દરબારના કવિઓ સમક્ષ પરીક્ષા આપવી પડતી એવો ઉલ્લેખ મળે છે, તેવો આ પ્રધાનો માટે કોઈ ઉલ્લેખ મળતો નથી.

**કર્મકરણ :**

રાજ્યના અન્ય પ્રશ્નોને હલ કરવાનું કાર્ય કરવા માટેનું આ ખાતું હશે (Executive Officer).[૩૩]

**સ્થાનકરણ :**

અર્થશાસ્ત્ર (૨-૩૬)માં આનો અર્થ નગરનો એક ભાગનો અધિકારી એવો કરવામાં આવે છે. આને સ્થાનિક નામે ઓળખવામાં આવતો. યાજ્ઞવલ્કય (૨-૧૭૩)માં સ્થાનપાલને ખોવાયેલી વસ્તુઓના ખોળનાર તરીકે જણાવ્યો છે. આ જોતાં સ્થાનિકનું કાર્ય નગરની દેખરેખ રાખવાનું તેમ જ નગરના આજુબાજુના કેટલાક પ્રદેશોની દેખરેખ રાખવાનું હશે. સ્થાનાધિકરણ એ સ્થાનનો વહીવટ કરનાર અધિકારી હતો. સ્થાન એ સ્થલીના નામે ઓળખાતો વિભાગ હતો. હાલ એ શબ્દ 'થાણા' રૂપે જળવાઈ રહ્યો છે.[૩૪]

**દેવકરણ :**

દેવકરણનો અર્થ દેવસ્થાનને લગતું ખાતું એવો લાગે છે.[૩૫] આ ખાતું મંદિરોને લગતું સર્વ કામકાજ કરતું હશે. ભીમદેવ બીજાના સમયના વિ. સં. ૧૨૬૪ના ટિમાણાના મેહર જગમલ્લના તામ્રપત્રમાંથી ' પૂજાઅમાત્ય ' શબ્દનો પ્રયોગ મળી આવ્યો છે.[૩૬] આ પરથી લાગે છે કે આ ખાતાના અધિકારીને ' પૂજાઅમાત્ય ' કહેવામાં આવતો હશે. આને પ્રાંતના મંદિરોની વ્યવસ્થા કરવાની રહેતી હશે, જ્યારે ખાતાનો સર્વોચ્ચ અધિકારી મહામાત્ય હશે.

---

૩૧ મોનિયર વિલિયમ્સ, સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશ.

૩૨ ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૮.

૩૩ એજન, પૃ. ૨૧૮.

૩૪ શ્રી ડૉ. હ. ગં. શાસ્ત્રી, મૈત્રકકાલીન ગુજરાત, પૃ. ૫૧૯.

શ્રી ડૉ. અ. કુ. મજુમદારે ' મઠપતિ ' એ સ્થાનપતિ હોવાનો અર્થ તારવ્યો છે (ચૌ. ઓ. ગુ., પૃ. ૨૧૯), 'લેખપદ્ધતિ'માં આનો અર્થ ( પી.ડબ્લ્યુ.ડી. ) જાહેર બાંધકામ ખાતું એવો ઠરાવ્યો છે. લે. પ. પૃ. ૯૭. પણ આ બંને અહીં સુસંગત નથી.

૩૫ અગાઉ દેવવેશ્મકરણ આપેલું છે. તેમાં દેવવેશ્મ શબ્દનો અર્થ જુદો થતો હોવાનું જણાવેલ છે.

૩૬ ગુ. ઐ. લે., ૨૪૩.

**સાન્ધિકરણ :**

આ ખાતાને પરરાજ્યો સાથે સંધિ કે વિગ્રહનો સંબંધ રાખવાને લગતી બાબતો સંભાળવાની રહે છે. તેનો વડો "મહાસાન્ધિવિગ્રહક" તરીકે ઓળખાતો. દાનપત્રમાં મહાસાન્ધિવિગ્રહકના ઉલ્લેખો સ્પષ્ટ રીતે મળી આવ્યા છે.

**મહાનસકરણ :**

આ ખાતું રાજ્યના રસોડાને લગતું કાર્ય કરતું હશે. પ્ર. ચિ.માં 'મહાનસ'ને રાજ્યના રસોડા તરીકે ઓળખાવ્યું છે.[૩૭]

**જયનશાલાકરણ :**

જયનશાલાની દેખરેખ રાખતું ખાતું. અહીં જયનશાલાનો અર્થ સ્પષ્ટ થતો નથી. સંસ્કૃતમાં 'જયન' શબ્દનો અર્થ અશ્વદળ, ગજદળ વગેરે માટેનું બખ્તર એવો થાય છે.[૩૮] અને એ ઉપરથી લે. પ.ના સંપાદક શ્રીગોંદેકર જયનશાલાનો અર્થ કવચને લગતું ખાતું એવો સૂચવે છે. સંભવ છે કે જયનશાલા શબ્દ શસ્ત્રાગાર કે આયુધશાલા જેવો વધુ વિશાળ અર્થ પણ ધરાવતો હોય.[૩૯]

**સત્રાગારકરણ :**

સત્રાગારકરણનો અર્થ ડૉ. અ. કુ. મજુમદાર ગરીબ ઘરોની દેખરેખ રાખતું ખાતું એવો કરે છે. પરંતુ સત્રાગારનો ખરો અર્થ ગરીબોને અન્ન આપવાનું ક્ષેત્ર (સદાવ્રત) એવો થતો હોઈ "સત્રાગારકરણ" એટલે સદાવ્રતને[૪૦] લગતું ખાતું એમ સમજવું જોઈએ. મૂળરાજ પહેલાએ તેમ જ સિદ્ધરાજ જયસિંહે વાવ, કૂવા, તળાવ તેમ જ મઠ, મંદિર, સત્રાલય વગેરેની દેખરેખ રાખનારા અધિકારીઓ નીમ્યા હતા.[૪૧] વાઘેલા સમયમાં આનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

**કોષ્ઠિકાકરણ :**

સંભવ છે કે આ ખાતાને રાજ્યના અનાજના કોઠારોને લગતું કામકાજ કરવાનું હશે.[૪૨]

---

૩૭ દુ. કે. શાસ્ત્રી સંપાદિત પ્ર. ચિ., પૃ. ૧૯૨.

૩૮ મોનીઅર વિલિયમ્સ, સંસ્કૃત–અંગ્રેજી કોશ.

૩૯ પ્ર. ચિ., પૃ. ૧૨૬ (દુ. કે. શાસ્ત્રી સંશોધિત) ઉપર "જયાયાનપ્રધાન" શબ્દ આપેલ છે. આનો અર્થ મુખ્યમંત્રી એવો કરવામાં આવ્યો છે. 'જયાયાન'નો અર્થ મોટો એમ થાય છે. એટલે "જયન" અને "જયાયાન"નો કંઈ સંબંધ નથી એમ થાય.

૪૦ 'સદાવ્રત'નો મૂળ અર્થ દીનભૂખ્યાંને રોજ અન્ન આપવાનું વ્રત અને એના પરથી અન્નક્ષેત્ર એવો પણ અર્થ થાય છે. ગૂજરાત વિદ્યાપીઠ જોડણીકોશ.

૪૧ દુ. કે. શાસ્ત્રી, ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૧૭૭.

૪૨ અહીં "કોષ્ઠિકા" શબ્દનો અર્થ કોઠી એટલે બરાબર 'કોઠાર'ના અર્થમાં વપરાયો જણાય છે.

આ ઉપરથી એમ જણાય છે કે ચૌલુક્ય સમયમાં ગુજરાતનું રાજતંત્ર વ્યવસ્થિત હતું. વાઘેલા શાખા પણ ચૌલુક્ય વંશની જ શાખા છે અને એના રાજપુરુષો ચૌલુક્ય રાજવીઓ સાથે રાજ્યમાં અધિકારો ભોગવતાં ભોગવતાં રાજા બન્યા હતા. એટલે વહીવટી તંત્રમાં ખાસ ફેરફાર થયો હોય એમ સ્પષ્ટ જણાતું નથી.

'લેખપદ્ધતિ'માં જણાવ્યા પ્રમાણેનાં ખાતાંઓમાં કેટલાંક ખાતાં જેવાં કે શ્રીકરણ, વ્યયકરણ, ધર્માધિકરણ, જલકરણ, વ્યાપારકરણ, દેવકરણ, મહાક્ષપટલિકકરણ, સંધિવિગ્રહ-કરણ વગેરે ખાતાં મહત્ત્વનાં કહી શકાય. વાઘેલાકાલીન અભિલેખોમાંથી શ્રીકરણ ખાતાનો ઉલ્લેખ મળી આવે છે.[૪૩] કેટલાંક ખાતાં જેવાં કે હસ્તિશાલા, અશ્વશાલા, કલભશાલા, જયન-શાલા વગેરે લશ્કરને લગતાં ખાતાં છે. સામાન્ય રીતે સૈન્યના ત્રણ વિભાગ ગજદળ, અશ્વદળ, પાયદળ વગેરે પાડવામાં આવતા. એટલે સૈન્યની જરૂરિયાત પૂરી પાડવા માટે અને તેને તાજું અને વ્યવસ્થિત રાખવા માટે આવાં વ્યવસ્થિત ખાતાં હોય એ સમજી શકાય તેમ છે. જ્યારે ટંકશાળ એ નાણાને લગતું ખાતું છે. આ સમયના સિક્કાઓ બહુ જૂજ મળે છે. છતાં સમકાલીન સાહિત્યમાંથી સિક્કાઓનાં જુદાં જુદાં નામ મળી આવતાં હોવાથી આ ખાતું પણ મહત્ત્વનું સ્થાન ધરાવતું હશે એમ માની શકાય. અન્ય ખાતાં જેવાં કે વારિગૃહકરણ, સત્રાગારકરણ, તંત્રકરણ વગેરે પ્રજાના આંતરિક પ્રશ્નો સાથે સંકળાયેલ હોવાથી એ પણ રાજ્યનાં આવશ્યક ખાતાં મનાય. અંશુક, ભાંડાગારકરણ, દેવવેશ્મકરણ, મહાનસકરણ, અંતઃપુરકરણ વગેરે ખાતાં રાજમહેલને લગતાં ખાતાં છે. રાજા એક ભવ્ય રસાલા સાથે રહેતો. તે રાજ્યનો વડો હોવાથી તેના મોભા પ્રમાણે તેને રહેવું પડતું. આથી આ સર્વ ખાતાં તેના અંગત કામકાજ માટે જરૂરી બનતાં.

'લેખપદ્ધતિ'ના આ શ્લોકો ક્યારે રચાયા છે તેની ચોક્કસ મિતિ જાણવા મળતી નથી. છતાં પણ 'લેખપદ્ધતિ'માંથી મળતા ઘણા ઉલ્લેખો વાઘેલા સમયના અભિલેખોમાંથી મળી આવે છે. આ પરથી એટલું તારવી શકાય કે આ સમયનું વહીવટી તંત્ર કુશળ અને કાર્યક્ષમ હશે.

---

૪૩ ગુ. ઐ. લે., ૨૧૯ અ.

# 'આસણીકોટ્ટ'ના સ્થાનનો નિર્ણય

**અગરચંદ નાહટા**

**'સ્વાધ્યાય'**ના દીપોત્સવી ૨૦૨૭ના અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો 'મહાકવિ કાલિદાસની કૃતિઓની સચિત્ર પ્રતો' એ નામનો લેખ છપાયો છે. એમાં સંવત્ ૧૭૨૬માં ખરતરગચ્છીય પં. ઉદયહર્ષે આસણીકોટ્ટમાં લખેલી મેઘદૂતની સચિત્ર પ્રતિનું વિવરણ આપતાં આ પ્રમાણે લખ્યું છે:

'આ આસણીકોટ્ટ તે ઉત્તરપ્રદેશમાં જૈનપુર પાસે આવેલું અસણી લાગે છે......અસણીમાં પુરાણો ભાગેલો કિલ્લો પણ છે......આ નામને મળતું, ફત્તેહપુર શહેરથી દસ માઈલ દૂર, ઉત્તરપ્રદેશનું જ, બીજુ એક અસની છે જ્યાંથી ગુર્જર પ્રતિહાર રાજા મહીપાલનો વિ.સં. ૯૭૪નો એક લેખ જડ્યો હતો. રાજસ્થાન-માલવામાં આવું કોઈ ગામ હોય તો મને ખબર નથી, પણ આ બાબત વધુ તપાસને અવકાશ રહે છે.' (પૃ. ૧૧૩)

ડૉ. શાહના આ વિવરણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રાજસ્થાનમાં આવા નામવાળું કોઈ સ્થાન તેમની જાણમાં આવ્યું નથી. પરન્તુ વસ્તુતઃ તો જો એમને રાજસ્થાનના ઇતિહાસના મહત્ત્વપૂર્ણ ગ્રન્થ 'મુહણોત નૈણસી કી ખ્યાત'માંથી 'ભાટિયોં કી ખ્યાત' જોવાનો સુયોગ પ્રાપ્ત થયો હોત, તો તેમને ઉત્તરપ્રદેશના અસણી સુધી ધ્યાન દોડાવવાની જરૂર ન રહેત; કારણ કે રાજસ્થાનમાં એ પ્રસિદ્ધ સ્થાન રહ્યું છે. આજે પણ એ સ્થાન 'દેવીકોટ' નામથી પ્રસિદ્ધ છે. 'નૈણસી કી ખ્યાત'માં એક વાર નહિ પણ છ વાર 'અસણીકોટ'નો ઉલ્લેખ થયેલો છે.

સેવક લિખમીચંદે સન્ ૧૮૯૧માં તૈયાર કરેલી 'તવારીખ જૈસલમેર'માં 'દેવીકોટ'નો પરિચય આપતાં લખ્યું છે કે:

'ગાંવ સે પશ્ચિમ આધ કોસ ડુંગરી પર આસણી યાને આપા પુરા દેવીકા મંદિર હૈ જહાં આસણીકોટ્ટ થા. પીછે ગાંવ કે બીચ ગડી બનાઈ સો હી નિશાન રહા હૈ. ફિર ગાંવસે ઉત્તર કૂભા પર કોટ, ૪ બુર્જ વ ૧ દરવાજા વ સાલા પત્થરકા સફીલા મિટ્ટિકા બનાયા. સં. ૧૯૧૪મેં કઈ ઠિકાણા પત્થરોં કે હુએ તલાવ, ફલીસર પટ એક સાલ, એક ભઠી વ પૂર્વ પશ્ચિમ ઘાટ વ ચૌતરા તથા ઉત્તરકી તરફ પકા પત્થરોંકા ઘાટ વ ચૌકી ઉપર બંગલા-દીવાન સાભમચંદજીકા સં. ૧૯૨૮મેં નથમલજીને બનાયા. ગાઁવ સે પશ્ચિમ બેરિયાકા પહાડ હૈ. માલિયોંસે બાડિયાં કરાયી થીં.'

સ્વ. પૂર્ણચન્દજી નાહરના 'જૈસલમેર જૈન લેખસંગ્રહ' (ભાગ ૩)માં દેવીકોટના જૈન મંદિરના છ શિલાલેખ પ્રકાશિત થયા છે. તેમણે દેવીકોટનો પરિચય આપતાં લખ્યું છે કે:

'યહ સ્થાન બહુત પ્રાચીન હૈ. યહ જૈસલમેર કે ૧૨ કોસ પર દક્ષિણ પૂર્વકી ઓર અવસ્થિત હૈ. યહાં પુરાના કિલા હૈ ઔર પ્રાચીન હિન્દુ મંદિર હૈ. યહાંકા જૈન મંદિર છોટા હૈ. યહ શ્રી સંઘકી ઓરસે સં. ૧૮૬૦ મેં બના થા. યહાં કે ગાંવ કે બહાર દાદાસ્થાન ભી હૈ.'

દેવીકોટમાં હજી આદિનાથજીનું મંદિર છે, જેની પ્રતિષ્ઠા સં ૧૮૬૦ના વૈશાખ સુદી ૭ને ગુરુવારે મહારાવળ મૂળરાજજીના વિજય રાજ્યમાં ખરતરગચ્છના જિનહર્ષસૂરિજીએ કરી હતી. આથી સ્પષ્ટ સમજાય છે કે સં. ૧૮૬૦માં મૂળ આસણી કોટ્ટમાંથી વસ્તી કંઈક આમ તેમ વસી ગઈ અને દેવીમંદિરની પ્રસિદ્ધિને લીધે આ સ્થાન 'દેવીકોટ્ટ'ના નામથી પ્રસિદ્ધ થઈ ગયું.

જેસલમેર તરફ પ્રારંભથી જ ખરતરગચ્છનો પ્રભાવ રહ્યો છે. ૧૭મી–૧૮મી સદીમાં આસણીકોટમાં ઘણાં સંપન્ન અને સુખી શ્રાવકો રહેતા હતા. સુપ્રસિદ્ધ વિદ્વાન્ ઉપાધ્યાય સહજ-કીર્તિએ સં. ૧૬૮૪માં આસણીકોટમાં રહીને જ 'શત્રુંજય માહાત્મ્ય રાસ' નામનું ૭ ખંડનું મોટું રાજસ્થાની કાવ્ય રચ્યું હતું. તે સમયે ત્યાં નેમિનાથજીનું મંદિર હતું. કવિ સહજકીર્તિએ રાસની પ્રશસ્તિમાં લખ્યું છે કે :

'સંવત્ સોલહ ચઉરાસીવર્ષંહ, શ્રીનેમિનાથ પ્રભાવંહી ।
**આસણીકોટ** શ્રાવક બહુ સુખિયા, ધર્મંઇ ચિત્ત લગાવઈ રે ॥ ૭૬ ॥
વાથા સૂર અધિક ગુણ વતા, ધર્મ પક્ષ સમઝાવઇ રે ।
અધિક આનન્દ અધિક રંગ રતિયા, શ્રી જિનધર્મ બધાવઇ રે ॥ ૭૭ ॥
(જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૧, પૃષ્ઠ ૫૨૫)

સંવત્ ૧૭૨૫માં આસણીકોટમાં જ રહેતા ખરતરગચ્છના કવિ શ્રી સોમે ભુવનાનન્દા ચૌપાઈની રચના માગશર વદી પાંચમે કરી. આ ચૌપાઈની પ્રશસ્તિમાં આસણીકોટનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે :

'સત્રહસહ પંચવીસ સંવત્સરઈ, **આસણીકોટ** મઝારી ।
મિગસર વદી પાંચમી શુક્રવાસરઈ, કૂર ઉ કીધોઉ અધિકાર'।
(જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૨, પૃ. ૨૨૯)

ઉપર્યુક્ત બન્ને ઉદ્ધરણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે મેઘદૂતની સચિત્ર પ્રતિ પણ આ જ **આસણીકોટ**માં લખાઈ છે. એના લેખક મુનિ ઉદયહર્ષ પણ ઉપર્યુક્ત બેઉની જેમ ખરતર-ગચ્છના જ અનુયાયી હતા. પં. ઉદયહર્ષની ત્રણ રચનાઓ મળે છે : (૧) મેતારજ ચૌપાઈ સં. ૧૭૦૮ વૈશાખ સુદી ૧૧ ભદ્રનેર, (૨) કલ્યાણ મંદિર ટબો, અને (૩) વિક્રમપુર ચૌખીસહા સ્તવન ગાથા ૩૬. આમાંની પ્રથમ અને ત્રીજી રચના અમારા સંગ્રહ-શ્રી અભય જૈન ગ્રન્થાલય, નાહટોંકી ગૅંવાડ, બિકાનેર-માં છે અને બીજી રચના બડા અપાસરાના લાલ ભંડારમાં છે.

ઉદયહર્ષના શિષ્ય પમડે 'અજાપુત્ર ચૌપાઈ' સં. ૧૭૬૮ના માગશર વદી ત્રીજના રોજ **દેવીકોટ્ટ**માં રચી હતી. આ ઉપરથી એક નવી વાત વિદિત થાય છે કે સં. ૧૭૨૬ અને સં. ૧૭૬૮ની વચ્ચેના ગાળામાં 'આસણીકોટ'નું 'દેવીકોટ' એવું નામ પ્રસિદ્ધ થઈ ચૂક્યું હતું. ઉદયહર્ષના ગુરુ તથા ગુરુબન્ધુઓ વગેરેની રચનાઓ પણ મળે છે, જેમનું કંઈક વિવરણ અમારા મણિધારી અષ્ટમ શતાબ્દી મહોત્સવ ગ્રન્થમાં પ્રકાશિત ખરતરગચ્છ ઐતિહાસ સૂચીમાં છપાયું છે.[1]

---

૧ આ ઉપરાંત જ્ઞાનચંદ્રકૃત 'પ્રદેશી રાજાનો રાસ'ની એક હસ્તપ્રત સં. ૧૭૦૯માં **આસનીકોટ**માં લખાઈ છે. જુઓ મો. દ. દેસાઈ, જૈન ગુર્જર કવિઓ, ભાગ ૩, પૃ. ૧૦૮૫. —સંપાદક

# ખંભાતનો ઈ. સ. ૧૨૧૮નો એક અરબી લેખ

ઝિયાઉદ્દીન એ. દેસાઈ

શ્રી કનૈયાલાલ મુન્શીની ગુજરાતી સાહિત્યની ઉત્કૃષ્ટ ઐતિહાસિક નવલકથાઓમાંની એક 'પાટણની પ્રભુતા'માં મહાન ચૌલુકયનરેશ સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળ દરમ્યાન ઘટેલી એક ઘટનાનો—ખંભાતમાં થયેલા એક કોમી રમખાણમાં એક મસ્જિદ નષ્ટ થયાનો, ત્યાંના ખતીબનું અણહિલવાડ પાટણ તરફ પ્રસ્થાન, ગુજરાતનરેશ સાથે મુલાકાત, સિદ્ધરાજે તેની ફરિયાદની પોતે જાતે ખાતરી કરી તે મસ્જિદના પુનર્નિર્માણ માટે રાજ્ય તરફથી મબલખ રકમની સહાય કરવાનો પ્રસંગ વિસ્તારપૂર્વક આલેખાયેલો છે. શ્રી મુન્શીના અત્યંત રોચક અને રસપ્રદ શૈલીમાં લખાયેલા આ પ્રકરણનો આધાર ઈ. સ. ૧૩મી સદીના પૂર્વાર્ધમાં મુહમ્મદ અવ્ફી રચિત 'જવામિઉલ્હિકાયાત વ લવામિઉર્રિવાયાત'[૧] નામના વિખ્યાત ફારસી પુસ્તકમાં અવ્ફીએ પોતે પોતાના ખંભાતનિવાસ દરમ્યાન આ પ્રસંગ વિષે ત્યાં પ્રચલિત વિગતો સાંભળીને નોંધી હતી તે પર છે.

આ પુનર્નિર્મિત મસ્જિદ અવ્ફીએ ખંભાતની મુલાકાત લીધી તે પહેલાં થોડાં વર્ષ માળવાના રાજાની ગુજરાત પર ચઢાઈ દરમ્યાન ફરીને નષ્ટ થયા પછી ખંભાતના એક મુસ્લિમ વેપારી દ્વારા બીજી વાર તેનું પુનર્નિર્માણ થયું હતું અને તે અવ્ફીના સમયમાં વિદ્યમાન હતી તેમ તેણે પોતાના હેવાલમાં નોંધ્યું છે. આ મસ્જિદનો ઉલ્લેખ કરતી વખતે અવ્ફીએ ત્યાં કોઈ શિલાલેખ હતો કે કેમ તે વિષે કાંઈ જણાવ્યું નથી, અને તેમ કરવાનું તેને કાંઈ પ્રયોજન પણ ન હતું, કેમ કે ફરીવાર બંધાયેલી મસ્જિદનો ઉલ્લેખ આડકતરી રીતે કરવામાં આવ્યો છે.

આ મસ્જિદનો અરબી લેખ આજે પણ ખંભાતમાં ઉપસ્થિત છે તેની ઘણા ઓછાને માહિતી હશે. આ અરબી લેખમાં અવ્ફીએ જણાવ્યા મુજબ સઈદ નામના શખસે (અવ્ફીએ આશરે આપેલા સમયે) મસ્જિદ બંધાવી તેનો ઉલ્લેખ છે એટલે તે લેખ તે જ સિદ્ધરાજ જયસિંહ દ્વારા ફરી બંધાયેલી મસ્જિદ નષ્ટ થતાં પુનર્નિર્મિત થઈ તે મસ્જિદનો છે તેમાં શંકાને સ્થાન નથી.

૫૫ સેન્ટીમિટર લાંબા અને ૭૦ સેન્ટીમિટર પહોળા એવા જે પથ્થર પર આ લેખ કોતરાયેલો છે તે શહેરના સાળવા મહોલ્લાની મસ્જિદના મુખ્ય કક્ષમાં પશ્ચિમ દીવાલમાં જ્યાં મિમ્બર (વ્યાસપીઠ) ચણવામાં આવેલું છે તેની ઉપર ચણવામાં આવ્યો છે. લખાણ ઊભરી આવેલા અક્ષરોમાં નહિ પણ પથ્થરની અંદર કોતરવામાં આવેલું છે.[૨]

પ્રસ્તુત મસ્જિદ બહુ જૂની જણાતી નથી એટલે આ શિલાલેખ, ખંભાતના મોટા

---

૧ પુસ્તકના નામનો અર્થ 'કથાઓના સંગ્રહો અને લોકોક્તિઓની પ્રભાઓ' થાય.

૨ ગુજરાતના પૂર્વમુસ્લિમકાલીન અરબી-ફારસી લેખો બીજાં સ્થળોના એવા લેખોની જેમ ઉપસાવી કાઢેલા અક્ષરોમાં નહીં પણ સંસ્કૃત લેખોની જેમ પથ્થરમાં કોતરવામાં આવેલા છે.



ખંભાતની સાળવા મહોલ્લાની મસ્જિદનો લેખ

ભાગના અભિલેખોની જેમ,[1] બીજી કોઈ જગ્યાએથી સુરક્ષિત કરવાના હેતુથી લાવી આ મસ્જિદમાં ચણી લેવામાં આવ્યો હોય એમ જણાય છે. લેખની ભાષા અરબી છે અને તેનું લખાણ સાત પંક્તિઓમાં અવક્ર મરોડદાર—કૂફી લેખનશૈલીની અસરવાળી નસ્ખ શૈલીમાં પથ્થરની અંદર કોતરાયેલું છે.

પહેલી ત્રણ પંક્તિઓમાં મસ્જિદ તેમ જ મસ્જિદનિર્માણમાં જે પુણ્ય છે તે વિષે કુરાન શરીફના ઈશ્વરી આદેશો તેમ જ પેગમ્બર સાહેબ (સ.અ.વ.)ની હદીથ—વચનામૃત—ટાંકેલી છે. બાકીની ચાર પંક્તિઓમાં જામે મસ્જિદની સુવાંગ ઇમારતને પોતાના ખર્ચે ઈશ્વરની દયાના ઇચ્છુક અને અભિલાષી શાપૂરસુત અલીસુત અબૂશરફસુત સઈદ અલ્બમ્મીએ બંધાવી અને મસ્જિદ હિજરી સન ૬૧૫ના મુહર્રમ (ઈ.સ. ૧૨૧૮ના એપ્રિલ) માસમાં પૂર્ણ થઈ તેમ જણાવવામાં આવ્યું છે.

રાજપૂતકાલીન ગુજરાતના ગણ્યાગાંઠ્યા અરબી લેખોમાંના એક લેખ તરીકે તેનું મહત્ત્વ તો છે જ. મસ્જિદનું નવપુનર્નિર્માણ થયું ત્યારે ગુજરાતમાં ચૌલુક્યનરેશ ભીમદેવ રજાનું રાજ્ય હતું અને ભીમદેવના સમયમાં ગુજરાત પર સુલતાન મુઇઝ્ઝુદ્દીન મુહમ્મદ બિન સામ તથા તેના અનુગામીઓના હુમલાઓથી ગુજરાતના ઇતિહાસના અભ્યાસીઓ પરિચિત છે. તેમને યાદ હશે કે ગુજરાતની રાજધાની અણહિલવાડ પાટણ પર કુત્બુદ્દીન ઐબકની ચઢાઈ અને ભીમદેવને પાટણ છોડવાની ફરજ પાડવાનો પ્રસંગ આ લેખના માંડ બે દસકા પૂર્વે જ બન્યો હતો.[2] એટલે પણ, આવા સંજોગોમાં તે સમયના ગુજરાતમાં મુસ્લિમોની વસાહત તેમ જ તેમના વિષે જે જૂજ સામાજિક, આર્થિક કે વ્યાવસાયિક માહિતી મળે છે તેના એક પરોક્ષ સાધન તરીકે આ લેખનું મહત્ત્વ ઓછું ન લેખી શકાય. બીજી તરફ આ (તથા પ્રભાસપાટણ તથા બીજાં સ્થળોના લેખો)માં વિદેશી વ્યાપારીઓનાં નામ આપ્યાં છે તે પરથી ગુજરાતના વિદેશી વ્યાપાર વિષે પ્રત્યક્ષ માહિતી જૂજ કહેવાય. છતાં તે એક મહત્ત્વનું પ્રમાણિત ઐતિહાસિક સાધન ગણાય. તદુપરાંત ઉપર જણાવ્યા મુજબ મુહમ્મદ અલ્ફીના ખંભાત આવ્યા પહેલાં થોડાંક જ વર્ષ પૂર્વે[3] નવનિર્મિત થયેલી મસ્જિદનો ઇતિહાસ ગુજરાતનરેશની અસહિષ્ણુતા સાથે તેની કઠોર ન્યાયદષ્ટિ તેમ જ પ્રજાપાલનની ઉચ્ચ ભાવના સાથે સંકળાયેલો હોવાથી તે મસ્જિદનો લેખ એક રીતે આ

૧ ખંભાતમાં અરબી-ફારસી લેખો સારી સંખ્યામાં મળી આવ્યા છે. આજ પર્યંત આવા ૯૩ લેખો ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની નાગપુર ખાતે આવેલી અરબી-ફારસી શિલાલેખોની શાખા દ્વારા તે જ ખાતા તરફથી પ્રગટ થતા વાર્ષિક રિપોર્ટ—'ઍન્યુઅલ રિપોર્ટ ઑન ઇન્ડિયન એપિગ્રાફી', ૧૯૫૪-૫૫, એપેન્ડીક્ષ સી, નં. ૪૩-૪૬; ૧૯૫૬-૫૭, એપેન્ડીક્ષ ડી, નં. ૩૫-૮૩ અને ૧૯૫૯-૬૦, એપેન્ડીક્ષ ડી, નં. ૯૫-૧૩૫—માં નોંધવામાં આવ્યા છે. આમાંથી ખલ્જી-તુગ્લુક બાદશાહો તેમ જ ગુજરાતના સુલતાનોના નામ-નિર્દેશનવાળા લેખો 'એપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્સિયન સપ્લીમેન્ટ'માં અવારનવાર પ્રગટ થયા છે.

૨ વિગત માટે જુઓ ડૉ. અશોકકુમાર મજુમદારકૃત 'ચૌલુક્યઝ ઑફ ગુજરાત' (મુંબઈ, ૧૯૫૬), પૃ. ૧૪૧-૪૬.

૩ અલ્ફીએ માળવાના રાજાની ગુજરાત પર ચઢાઈ અને તેમાં આ ખંભાતની મસ્જિદનો ઉલ્લેખ કર્યો છે તે લગભગ સમકાલીન હેવાલ કહેવાય.

ભાવનાના જ્વલંત અને જીવંત પ્રતીક અને મૂક સાક્ષી તરીકે ગણાય તે ઐતિહાસિક મહત્ત્વ પણ નાનુંસૂનું ન કહેવાય. એટલે આવો, ખંભાતના ગૌરવ જેવો તેમ જ ગુજરાતને પણ ઓપ આપે એવો શિલાલેખ ભલે ત્યાંના એક ખૂણેખાંચરે પડી રહ્યો હોય, પણ તે સચવાઈ રહ્યો છે તે ઓછું સદ્ભાગ્ય નથી.

આ મસ્જિદ ક્યાં હતી અને તે ક્યારે ફરી પડી ગઈ તે વિષે ચોક્કસ માહિતી મેળવવી અશક્ય છે. ઈ. સ. ૧૪મા સૈકાના પૂર્વાર્ધમાં—ઈ. સ. ૧૩૨૫માં—બંધાયેલી ખંભાતની જામે મસ્જિદના અભિલેખની ભાષા સાથે આ લેખની ભાષા મળતી છે તે પરથી એમ અનુમાન કરવામાં બાધા નથી કે જામે મસ્જિદ બંધાણી ત્યારે આ લેખ નજર સમક્ષ રહ્યો હોય. પણ તે સમયે પણ આ લેખ સઈદ દ્વારા નિર્મિત મસ્જિદ પર જ હશે તે ચોક્કસ ન કહી શકાય, જો કે માંડ ૧૦૭ વર્ષ પહેલાં બંધાયેલી મસ્જિદ તે વખતે મોજૂદ હોય તે બનવાજોગ છે.

મુહમ્મદ અવ્ફીએ નરેશોની ન્યાયદૃષ્ટિના જ્વલંત ઉદાહરણ તરીકે ગુર્જરનરેશના ખંભાતના હિંદુમુસ્લિમ વિખવાદ પ્રત્યેના પ્રશંસનીય વર્તનનો પ્રસંગ, 'પોતે આજ પર્યંત ન સાંભળેલો' એમ કહી બિરદાવ્યો છે, પણ તે પ્રસંગનું પૂરું વર્ણન ગુજરાતીમાં (અને આઠ-દસ વર્ષ પહેલાં સુધી અંગ્રેજીમાં પણ) અપ્રાપ્ય હોવાથી મૂળ 'જવામિઅ્'ની ફારસી હસ્તપ્રતમાંથી લીધેલા ઉતારાનું ગુજરાતી ભાષાંતર અહીં અસ્થાને નહિ ગણાય. સર્વપ્રથમ આ પ્રસંગનો ઉલ્લેખ ઈલિયટ અને ડાઉસનના ૧૮૬૮માં લંડન ખાતે ૮ ખંડમાં પ્રગટ થયેલા હિસ્ટરી ઑફ ઈંડિયા એઝ ટોલ્ડ બાય ઈટ્સ હિસ્ટોરિયન્સ'ના રજા ખંડમાં થયો હતો. શ્રી મુન્શીનું આ વિષયનું પ્રસંગાલેખન ઈલિયટના આ ઉતારા પર આધારિત છે. ઈલિયટનો ઉતારો અવતરણરૂપે હોઈ તેમાં નામપાઠની અશુદ્ધિઓ તેમ જ ભાષાંતરની ભૂલો રહી ગઈ છે.[૧] એ સિવાય અંગ્રેજીમાં કે હિંદુસ્તાનની—ઉર્દૂ સિવાય—બીજી કોઈ ભાષામાં તેનું અવતરણ કે ભાષાંતર થયું હોય તે મારી જાણમાં નથી. થોડાં વર્ષો પહેલાં પટણા બાંકીપુરની જગપ્રસિદ્ધ ખુદાબખ્શ (અને હવે ઓરિયેન્ટલ પબ્લિક) લાયબ્રેરીની 'જવામિઅ્'[૨]ની ફારસી હસ્તપ્રતમાંથી મેં ઉતારો લીધો હતો અને તેનું અંગ્રેજી ભાષાંતર (મારા એક લેખમાં) 'જર્નલ ઑફ ધ ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, એમ. એસ. યુનિવર્સિટી, બરોડા'ના વર્ષ ૧૦, પૃષ્ઠ ૩૫૫–૫૭ પર છપાયું હતું.[૩]

---

૧ ઇલિયટના પુસ્તકમાં ભારતના ઇતિહાસને લગતાં અરબી ફારસી સાધનોમાંથી ઐતિહાસિક બાબતોના ઉતારાઓ આપવામાં આવેલા છે, પરંતુ આ સાધનોની ભૂલભરેલી હસ્તલિખિત પ્રતો, તેના પાઠ તેમ જ ભાષાંતર કરનારાઓની અનાવડત વગેરેને લઈને તેમાં નામોના તેમ જ બયાનોના જે છબરડાઓ વળ્યા છે તેનો ખ્યાલ (ગુજરાતના એક મહાન પણ ગુજરાતને લગભગ અજ્ઞાત એવા ઇતિહાસકાર અને જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજના એક વખતના) પ્રોફેસર સાવકશાહ હોર્મુસજી હોડીવાળાના બે ખંડમાં વહેંચાયેલા દળદાર પુસ્તક 'સ્ટડીઝ ઇન્ ઇન્ડોમુસ્લિમ હિસ્ટરી' પરથી આવશે.

૨ 'જવાંમિઅ્'માં આવેલી કથાઓનું મહાન ઉર્દૂ શાયર મરહૂમ અખ્તર શેરાનીએ કરેલું સંક્ષિપ્ત ઉર્દૂ સંકલન અંજુમન તરક્કીયે ઉર્દૂયે હિંદ તરફથી ત્રીસચાલીસ વર્ષ પહેલાં પ્રગટ થયું હતું.

૩ હૈદરાબાદના ડૉ. એમ. નિઝામુદ્દીને 'જવામિઅ'ની સંતુલિત આવૃત્તિ તૈયાર કરી હતી, પરંતુ બેએક વર્ષ પહેલાં તેમનું મૃત્યુ થયું ત્યારે તેનો માત્ર થોડો જ ભાગ છપાયો હતો. હવે તે પુસ્તકનું શું થયું તે જાણવામાં આવ્યું નથી. 'જવામિઅ્'ના આમુખ તરીકે લખાયેલા તેમના મહાનિબંધ માટે તેમને કેમ્બ્રિજ યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની ઉપાધિ મળી હતી. આ મહાનિબંધ 'ગિબ્સ મેમોરિયલ સિરીઝ'માં પ્રગટ પણ થયો છે.

અવ્ફીએ આ પ્રસંગને આ રીતે વર્ણવ્યો છે:—આ પુસ્તકનો સંકલનકર્તા મુહમ્મદ અવ્ફી કહે છે: મેં આના જેવી વાત કદી પણ સાંભળી નથી. એક વખતે મારે ખંભાત જવાનું થયું. ખંભાત શહેર દરિયાના કિનારે છે અને ત્યાં સુન્ની મુસ્લિમો સારી સંખ્યામાં રહે છે. તેઓ ખરા અર્થમાં ધાર્મિક અને અખંડ શ્રદ્ધા ધરાવનારા છે અને (શહેરમાં આવતા) વિદેશી મુસાફરોનો સારો આદરસત્કાર કરે છે. ઘણા પરદેશીઓ ત્યાં કાયમ માટે વસી ગયા છે. આ શહેર ગુજરાત પ્રાંત અને (ત્યાંની રાજધાની) નહરવાલા (અણહિલવાડાનું અરબી રૂપાંતર થતી વખતે 'અ' ખડી જવાથી 'ણહિલવાડા' રહ્યું તે અરબીમાં 'ણ' ન હોવાથી 'નહરવાલા' બની ગયું)ને તાબે છે. તે શહેરમાં મુગ઼ો[1]નો એક વર્ગ છે. અમુક મુસ્લિમોએ મને વાત કરી કે જયસિંગના રાજ્યમાં, આ શહેરમાં એક મસ્જિદ હતી અને (તેનો) એક મિનારો હતો જે પર ચઢી અઝાન આપવામાં આવતી. મુગ઼ોની ઉશ્કેરણીથી સ્થાનિક હિંદુઓએ[2] આ મુસ્લિમો સાથે લડાઈ કરી મિનારો તોડી નાખ્યો, મસ્જિદ બાળી દીધી અને ૮૦ નિર્દોષ મુસ્લિમોને મારી નાખ્યા.[3] મુસ્લિમોમાં એક ખતીબ[4] હતો જેનું નામ ખતીબ અલી હતું. તે નાસીને નહરવાલા પહોંચ્યો પણ રાજાના અમાત્યો અને દરબારીઓએ તેની ફરિયાદ પર કાંઈ ધ્યાન આપ્યું નહિ અને તેને કોઈ પણ જાતની સહાય ન કરી, કેમ કે (આ દુનિયામાં) દરેકની વૃત્તિ પોતીકાંઓને જ મદદ કરવાની હોય છે. છેવટે, એક દિવસે રાજા જયસિંગ શિકાર માટે જે રસ્તે જવાનો હતો તે રસ્તે એક વૃક્ષની પાછળ ખતીબ છુપાઈ ને બેઠો અને જેવો રાજા ત્યાં પહોંચ્યો કે તરત જ આગળ આવી રાજાનો હાથી રોકી તેનાં દુઃખની કહાણી સાંભળવાના સોગંદ આપ્યા. પછી તેણે રાજા સમક્ષ પોતાની દશા સ્વરચિત એક હિંદી (એટલે ભારતીય=ગુજરાતી ?) કાવ્ય વાંચી કહી સંભળાવી. રાજાએ તેની રામકહાણી સાંભળીને ખતીબની સોંપણી પોતાના એક અતિ વિશ્વાસુ અનુચરને કરી તેને કહ્યું કે, "આની સારી પેઠે સંભાળ રાખ અને હું જ્યારે કહું ત્યારે દરબારમાં હાજર કરજે." આ પછી તે (શિકારમાં જવાના બદલે) દરબારમાં પાછો ફર્યો અને અમાત્યને કહ્યું કે, "હું રાણીવાસમાંથી ત્રણ દિવસ બહાર નીકળવાનો નથી એટલે રાજ્યનો કારભાર તમે સંભાળજો અને મને બોલાવશો નહિ."

રાત પડતાં જ રાજાએ સાંઢણી પર સવાર થઈ ખંભાતની વાટ લીધી અને એક દિવસ-રાતની મજલ કાપી ત્યાં પહોંચ્યો. વેપારીની વેશભૂષામાં ગળે લટકતી તલવાર સાથે તે શહેરમાં દાખલ થયો અને પીઠમાં જુદી જુદી જગ્યાએ ફરીને પૂછપરછ કરતાં દરેક પાસેથી જાણવા મળ્યું કે સ્થાનિક મુસ્લિમો પ્રત્યે ઘણું જ નાહક અને અન્યાયી વર્તન થયું છે અને તેમને કશા પણ વાંક-

---

૧ 'મુગ઼' સાધારણ રીતે બિનમુસ્લિમ માટે અને ઈરાનમાં આતશપરસ્ત–પારસી–માટે વપરાતો.

૨ મૂળમાં 'કાફિર'નો અર્થ 'અલ્લાહ સિવાય બીજા કોઈને ઈશ્વર માનનાર' છે એટલે બિન-મુસ્લિમ થાય. હિંદુસ્તાનમાં સાધારણ રીતે હિંદુઓ, બૌદ્ધો, જૈનો વગેરે માટે વપરાય છે.

૩ કોમી રમખાણનો આજથી લગભગ સાડાસાતસો વર્ષ પર નોંધાયેલો અહેવાલ ઓછો રસપ્રદ નથી. તેની પાછળ પણ આર્થિક કારણો તેમ જ વ્યાવસાયિક ઈર્ષા રહ્યાં હોય તેમ કલ્પી શકાય છે.

૪ ખતીબ એટલે જુમાની નમાઝમાં વ્યાસપીઠ પરથી ખુત્બો આપનાર.

ગુના વગર ક્રૂર રીતે મારી નાખવામાં આવ્યા છે. આમ વસ્તુસ્થિતિનો તાગ લીધા પછી તેણે એક કુંભમાં સમુદ્રનું પાણી ભર્યું અને નીકળવાના ત્રીજે દિવસે સંધ્યાકાળે તે નહરવાલા પરત થયો. બીજે દિવસે તેણે દરબાર ભર્યો.

દરબારમાં મુકાદમો (અર્થાત્ વડીલો–સરપંચો)ને[1] પણ હાજર રહેવાનો આદેશ થયો હતો. હુકમ મળતાં પેલા અનુચરે ખતીબને દરબાર સમક્ષ ઉપસ્થિત કર્યો ને તેને પોતાનો કેસ રજૂ કરવા કહેવામાં આવ્યું. ખતીબે પોતાનો કેસ રજૂ કર્યો ત્યારે હિન્દુઓના આ વર્ગે તેના પર જૂઠું બોલવાનો આરોપ મૂકચો અને તેને જૂઠો ઠરાવવા કોશિશ કરી. રાજાએ અનુચરને પેલા (સમુદ્રના પાણીવાળા) કુંભમાંથી દરબારમાં ઉપસ્થિત રાજ્યકર્મચારીઓ, સરપંચો વગેરેને પાણી પીવા માટે આપવાનું કહ્યું. પાણીનો ઘૂંટડો લેતાં જ બધાંએ તે ખારું લાગતાં થૂંકી કાઢચું અને તેઓ સમજી ગયા કે તે દરિયાનું પાણી છે. પછી રાજાએ કહ્યું કે “(ખતીબની ફરિયાદના સત્ય કે અસત્ય હોવાની ચકાસણીની) તપાસમાં, આ વિધર્મીઓનો મામલો હોવાથી, મને કોઈ બીજાની તટસ્થતા પર ભરોસો ન પડવાથી, મેં સ્વયં ખંભાત જઈ તપાસ કરી હકીકતની ભાળ મેળવી છે. સાચે જ ત્યાંના મુસ્લિમો પર જુલમ થયો છે અને તેમને નાહક વધેરવામાં આવ્યા છે. મારા રાજ્યમાં, મારી રક્ષણની છાયા હેઠળ રહેતા સમાજના અમુક વર્ગ પર આવો જોર-જુલમ થાય તે બને જ કેમ?” તેણે હિંદુઓના જુદા જુદા વર્ગો જેવા કે બ્રાહ્મણ, તરસા,[2] મહાઓ,[3] સેવડા[4] અને મુગોમાંના બબ્બે નેતાઓને સજા આપવાનો હુકમ કર્યો.[5] રાજાએ આપેલી એક લાખ બાલોતરા (જેવી મબલખ રકમ) વડે મસ્જિદ અને મિનારો ફરી બંધાવવામાં આવ્યાં અને રાજાએ ખતીબને અમુક જાતનાં કપડામાંથી બનાવેલાં ચાર ‘છત્ર’ અર્પણ કર્યાં જે આજ સુધી સચવાઈ રહ્યાં છે અને જેમનું દર્શન (વર્ષમાં બે વાર) ઈદના દિવસોએ કરાવવામાં આવે છે. આ મસ્જિદ અને મિનારો થોડાં વર્ષ પહેલાં સુધી સારી સ્થિતિમાં હતાં, પણ જ્યારે માળવાના[6] લશ્કરે નહરવાલા પર ચઢાઈ કરી ત્યારે તેમણે મસ્જિદ અને મિનારો તોડી પાડ્યાં. બૂશરફના પુત્ર સંઈદ યમીને (ખરું બમ્મી એ) પોતાના ખર્ચે તેમને ફરી બંધાવ્યાં અને તેના ચાર ખૂણે ચાર સોનેરી ગુંબજો મૂકચા અને આમ અધર્મીઓના દેશમાં આ ધર્મસ્થાન પ્રદાન કર્યું. આજે પણ તે મસ્જિદ અને મિનારો અસ્તિત્વમાં છે.”

હવે મૂળ લેખ જોઈએ :—

---

૧ ઇલિયટના ઇતિહાસ (અલીગઢ, ૧૯૫૨), પૃ. ૧૬૨માં ‘ફરિયાદીઓ’ ભાષાંતર થયું છે.

૨ એજનમાં જ્ઞાતિઓના નામવાળા આ ભાગનું ભાષાંતર ‘બ્રાહ્મણ, આતશપરસ્ત (અગ્નિપૂજક એટલે પારસીઓ) અને એવા બીજા’ એમ કરવામાં આવ્યું છે અને પાદટિપ્પણીમાં ‘તરસા’ શબ્દ ‘ખ્રિસ્તીઓ અને અગ્નિપૂજકો માટે તેમ જ કદાચિત્ બૌદ્ધો માટે પણ વપરાય છે’ તેમ નોંધ્યું છે. બાંકીપુરવાળી પ્રતમાં ‘પારસાયાન’ (અર્થાત્ સાધુસંતો) જેવું વંચાય છે જે ખરું લાગે છે.

૩ પ્રતમાં ‘મહાન’ જે ‘મંહતાન (મહંતો) હોવાનો પૂરેપૂરો સંભવ છે.

૪ ‘સેવડા’ જૈનો માટે વપરાયો હોય તેમ લાગે છે.

૫ બ્રાહ્મણો, અમુક પંથના સાધુસંતો—મહંતો અને જૈનો અને પારસીઓ આમાં સંકળાએલા હતા એમ લાગે છે.

૬ ઇલિયટમાં ‘બાલૂ’ છે જે ટપકાં વગર ‘માલૂ’ વંચાય. બાંકીપુરમાં ‘માલવા’ છે.

## પાઠ

(૧) બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ. વ અન્નલ્મસાજિદલિલ્લાહે ફલા તદ્ઊ મઅલ્લાહે અહદા. કવ્લોહૂ તઆલા અઝેનલ્લાહો

(૨) અન્ તુર્ફઅ વ યુઝ્કર ફીહાસ્મોહૂ યુસબ્બિહો લહૂ ફીહા બિલ્ગુદુવ્વે વલ્આસાલ. વ કાલ અલયિહસ્સલામ

(૩) મન્ બના લિલ્લાહે મસ્જીદન્ વ લવ્ મિસ્લ ક્તાતિન્ બનલ્લાહો લહૂ બૈતન્ ફીલ્જનીહ હાઝા મિમ્મા વફ્ફકહુ—

(૪) લ્લાહો વ અઆનહૂ બે બિનાએ હાઝલ્મસ્જિદિલ્જામિએ વ ઈમારતિહી બે જમીએહી વ કુલ્લેહી મિન ખાલિસે માલેહી મિમ્મા

(૫) અતાહુલ્લાહો મિન ફઝલેહી વ કરમેહી ખાલિસન્ લિલ્લાહે તઆલા અલ્અબ્દુર્રાજી એલા રહમતિલ્લાહે અઝ્ઝ વ જલ્લ

(૬) સઈદ બિન અબૂશરફ બિન અમિ બિન શાબૂ (પૂ)ર[1] અલ્અમ્મી ગફરલ્લાહો વ લિવાલેદયહી વ ઝાલિક

(૭) ફીત્તારીખે મિન શહરિલ્લાહિલ્મુહર્રમ સનત ખમ્સત અશર વ સિત્તમેય. વ સલ્લલ્લાહો અલા મુહમ્મદિન્ વ આલેહી અજ્મઈન.

## ભાષાંતર

(૧) શરૂ કરું છું દયાળુ અને કૃપાવંત અલ્લાહના નામથી. " અને સાચે જ મસ્જિદો અલ્લાહ માટે જ છે એટલે (તેમાં) અલ્લાહ સાથે બીજા કોઈની પ્રાર્થના ન કરો."[2] તે સર્વોચ્ચ (અલ્લાહ)નું કથન (છે કે) "(જે સ્તુતિઘરોમાં) અલ્લાહે રજા આપી છે કે

(૨) તેનું નામ બુલંદ થાય અને તેના નામની સ્તુતિ થાય, (એવા મનુષ્યો) તેમાં સવારસાંજ તેનું ગૌરવ ગાય છે (વ્યાપારવ્યવસાય ને અલ્લાહની યાદ તેમ જ બીજાં સત્કાર્યો કરવામાં બાધારૂપ થવા દેતા નથી)."[3] અને (પૈગમ્બર સાહેબે) તેમના પર (અલ્લાહની) સલામ હો કહ્યું છે કે

(૩) " જે કોઈ (આ દુનિયામાં) અલ્લાહ માટે મસ્જિદ બંધાવશે, ભલે પછી તે કતાત[4] નામના પક્ષીના માળા જેટલી (નાની) હોય, તેના માટે અલ્લાહ સ્વર્ગમાં એક મકાન બાંધશે." આ, અલ્લાહે જેને સદ્બુદ્ધિ

---

૧ અરબીમાં 'પ' માટે 'બ' વપરાય છે.

૨ કુરાન શરીફ, સુરા ૭૨, આયત ૧૮.

૩ એજન, સુરા ૨૪, આયત ૩૬.

૪ આ પક્ષીને અંગ્રેજીમાં Sandgrouse કહે છે.

(૪-૫) તેમ જ સહાય આપી છે, બનાવવા માટે જામિઅ્ મસ્જિદને અને તેની સર્વાંગ અને પૂરેપૂરી ઇમારતને, તેના પોતાના પરમેશ્વરે આપેલા ધનમાંથી, તેની કૃપા અને મહેરબાનીથી, કેવળ ઈશ્વર માટે, તે સર્વોચ્ચ અલ્લાહની દયાનો અભિલાષી (તેનો) દાસ

(૬) શાબૂર (શાપૂર) સુત અલી સુત અબૂશરફ સુત સઈદ અલ્બમ્મી છે. અલ્લાહ તેને તથા તેના માબાપને ક્ષમા અર્પે. અને આ (બન્યું)

(૭) (હિજરી) વર્ષ છસો અને પંદરના, પરમેશ્વરનો માસ (કહેવાય છે તે) મુહર્રમ મહિનાના દિવસોમાં (હિ. સ. ૬૧૫, મુહર્રમ = ઈ. સ. ૧૨૧૮ એપ્રિલ). અને અલ્લાહની સલાત હો મુહમ્મદ (સ.અ.સ.) અને તેમના વંશજો, બધાંની ઉપર.

આ લેખ પરથી મસ્જિદ બંધાવનાર શખ્સનું પૂરું તથા ખરું નામ નિશ્ચિત થાય છે. અવ્ફીની 'જવામિઅ્'ની હસ્તલિખિત પ્રતોમાં મસ્જિદનું નિર્માણ કરનારનું નામ (ઇલિયટમાં) સઈદ શરફ તમીન કે સઈદ બૂ[૧] શરફ યમીન ('જવામિઅ્'ની બાંકીપુર પ્રતમાં) નોંધેલું છે, જ્યારે તેનું ખરું નામ શિલાલેખમાં ચોખ્ખી રીતે સઈદ અબૂશરફ અલ્બમ્મી લખાયેલું છે. અરબી વર્ણમાળાની વિશિષ્ટતા એ છે કે તેના અમુક અક્ષર-સમૂહોમાં અક્ષરોનું રેખાંકન એક જેવું હોય છે અને તેમની ઓળખ અક્ષરરેખા ઉપર કે નીચે અપાયેલાં ટપકાંઓની સંખ્યા પર નિર્ધાર રાખે છે. દાખલા તરીકે એકસમાન રેખાવાળા એક અક્ષરસમૂહમાં એક ટપકું ઉપર હોય તો 'ન' અને નીચે હોય તો 'બ', બે ટપકાં ઉપર હોય તો 'ત' અને નીચે હોય તો 'ય,' ત્રણ ટપકાં ઉપર હોય તો 'થ' અને નીચે હોય તો (ફારસીમાં) 'પ' બને. અથવા એકસમાન રેખાવાળા બીજા અક્ષર-સમૂહમાં એક ટપકું વચમાં હોય તો 'જ', ઉપર હોય તો 'ખ', ન હોય તો 'હ' અને ત્રણ ટપકાં વચમાં હોય તો (ફારસીમાં) 'ચ' બને. એટલે જો ટપકાંઓ વગર લખવાની પ્રથાનો ઉપયોગ થયો હોય કે ટપકાંઓ મૂકવામાં ચીવટ ન રાખી શકાઈ હોય—બલ્કે શરૂઆતમાં તો ટપકાંઓ લખવાની પ્રથા હતી નહિ અને પછીના સૈકાઓમાં કોઈ વખતે લખતાં અને કોઈ વખતે નહિ—તો પછી એક રેખાંકનનો ત્રણચાર સ્વરોમાં ઉચ્ચાર થાય. આને લઈને હસ્તલિખિત અરબી લખાણના પાઠો નિશ્ચિત કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. 'જવામિઅ્'ની હસ્તપ્રતોમાં પણ લહિયાઓની શરતચૂક અથવા અનઆવડતથી[૨] મસ્જિદનું નિર્માણ કરનારનું નામ લખવામાં બે ભૂલ થઈ છે. એક તો અમુક પ્રતોમાં સઈદના પિતા અબૂશરફના નામનો 'અબૂ' ભાગ રહી ગયો અને બીજું 'બમ્મી' (અલ્બમ્મી)[૩] ના બદલે 'તમીન' કે 'યમીન' લખાયું. ટપકાં ન હોય તો 'બમી,' 'બમ્મી' કે 'તમી'ની એક જ લખાવટ હોય. અને બમી (= બમ્મી)ને 'બમીન', 'તમીન', 'યમીન', પ્રમાણે પણ વાંચી શકાય. બમ્મી અથવા અલ્બમ્મી 'નિસ્બો'[૪]—અવ્ફીએ 'જવામિઅ્'માં માત્ર બમ્મી લખ્યું હશે—ઈરાનના કિરમાન પ્રાંતમાં

૧ 'બૂ' અને 'અબૂ' બંને રૂપો વપરાય છે.

૨ સારી એવી સંખ્યામાં લહિયાઓ વધુ શિક્ષિત હોતા નથી એમ જોવા મળ્યું છે.

૩ 'અલ્બમ્મી' અને 'બમ્મી' બંને લખી શકાય. 'બમ્મી'ને 'અલ્' નિશ્ચયવાચક પ્રત્યય (definite article) લગાડવાથી 'અલ્બમ્મી' થાય.

૪ જગ્યા વ્યવસાય તેમ જ જ્ઞાતિ, કુટુંબ વગેરે પરથી જે અટક જેવા શબ્દો બને તેને અરબીમાં નિસ્બો (મૂળ નિસ્બત = સંબંધ) કહેવામાં આવે છે.

આવેલા એક પ્રાચીન શહેર 'બમ્મ' પરથી છે તે હકીકતથી લહિયાઓ અજ્ઞાત હોવાથી 'બમ્મી'ને જે 'તમીન' અને 'યમીન' તરીકે પણ ઉપર કહ્યું તેમ વાંચી શકાય તે લહિયાઓએ 'તમીન' અથવા 'યમીન' સમજી એ પ્રમાણે લખ્યું તેમાં સંદેહ નથી. એટલે આ લેખ પરથી મસ્જિદ બંધાવનારના પૂરા અને ખરા નામનો પરિચય મળે છે.

સઈદના અલ્બમ્મી નિસ્બા પરથી એમ જણાય છે કે ખંભાતમાં વસવાટ કરી રહેલ આ વેપારી મૂળ ઈરાન દેશનો વતની હતો. આ બમ્મી કુટુંબના બીજા બે સદસ્યો ખંભાતમાં ઈ. સ. ૧૨૪૯ અને ૧૩૦૦માં મૃત્યુ પામ્યા હોવાની માહિતી આપતા બે મૃત્યુલેખો ખંભાતમાં છે.[૧] તેમાંના એકનું નામ અબુશરફ સુત અબીશમ્સ સુત શરફુદ્દીન અબી શરફ[૨] છે. આ શખ્સ આપણા લેખવાળા સઈદનો ભત્રીજો હોવો જોઈએ. બમ્મી કુટુંબના બીજા નબીરાનું નામ કમાલુદ્દીન સુલૈમાન છે,[૩] જે અબુશરફના પુત્ર અહમદનો પુત્ર હતો. એટલે શરફુદ્દીન અબીશરફનો તે પૌત્ર હોવો જોઈએ. અહીં સહેજ અસ્થાને ગણાય, પણ આ સંબંધમાં જે એક વાત ખ્યાલમાં આવે છે તેનો ઉલ્લેખ કરવાનું પ્રલોભન જતું કરી શકાતું નથી. સઈના પ્રપિતામહના નામ પરથી તે ઈરાની અગ્નિપૂજક પારસી હોય તેમ લાગે છે. મૂળ બમ્મમાંથી તે કે તેના પિતામહો આવેલા હશે. તે કિરમાનમાં આવેલું હોવાથી પણ આ વાતને પુષ્ટિ મળે છે. આજે પણ ઈરાનમાં રહેતા અગ્નિપૂજકો—ઝરથુસ્તના અનુયાયીઓ—કિરમાનમાં છે. એટલે એમ લાગે છે કે ખંભાતમાં પારસીઓ સારી એવી સંખ્યામાં વસેલા હતા અને તેમનામાંથી અમુકે ધર્મપલટો કરી ઇસ્લામ અંગીકાર કર્યો હતો. બમ્મી કુટુંબ આમાંનું એક હશે. આ પારસીઓ અને તેમના એક વખતના સહધર્મીઓ અને દેશવાસીઓ વચ્ચે વ્યવસાય કે બીજાં કારણોસર વૈમનસ્ય હોય તે બનવાજોગ છે. અને અવ્ફીએ વર્ણવેલા કોમી રમખાણ પાછળ અગ્નિપૂજકોનો હાથ હતો તે હકીકત પણ ઉપરના તર્કને પુષ્ટિ આપે છે.

---

૧ જુઓ 'એન્યુઅલ રિપોર્ટ ઑન ઇંડિયન એપિગ્રાફી', ૧૯૫૯-૬૦, પરિશિષ્ટ ડી, નં. ૧૧૮ અને ૧૩૧.

૨ 'અબૂ શરફ' અને 'અબી શરફ' બંને એક જ નામનાં જુદી વિભક્તિમાં વપરાતાં બે રૂપ છે.

૩ ખંભાતમાં પરવાઝ શહીદની દરગાહની દીવાલોમાં તેમ જ બહાર કબ્રસ્તાનમાં આવા ઘણા મૃત્યુલેખો સંગ્રહાયેલા છે. આમાંના મોટા ભાગના લેખો ઈ. સ.ની ૧૪મી સદીમાં ખંભાતમાં વસતા વિવિધ વ્યવસાય ધરાવતા વિદેશી લોકોને લગતા છે.

# તાપીસાતમ: એક નોંધ

મૃદુલા હ. મહેતા

ગુજરાતમાં નાગર જાતિ એક વિશિષ્ટ સ્થાન ધરાવતી જ્ઞાતિ છે. ગુજરાતનાં મોટાં નગરોમાં તેની કેટલીક પેટાજ્ઞાતિઓ વસે છે. નાગરની મુખ્ય પેટાજ્ઞાતિઓ ચાર છે: વડનગરા, વીસનગરા, સાઠોદરા અને પ્રશ્નોરા. તળ ગુજરાતમાં સાઠોદરા નાગરો તેમાં ઊંચા ગણાય છે; તે પછી ક્રમશ: વડનગરા, વીસનગરા અને પ્રશ્નોરા નાગરોનો દરજ્જો ગણવામાં આવે છે. આ જ્ઞાતિએ ગુજરાતના રાજકારણ અને સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

અહીં, સૌરાષ્ટ્રના વડનગરા નાગરોના કેટલાક સમૂહમાં થતા તાપીસાતમ નામના વ્રત વિશેની નોંધ કરવી છે. સામાન્ય રીતે આખા ગુજરાતમાં આ વ્રત પ્રચલિત નથી. વળી, ગુજરાતમાં વ્રતાદિ અનુષ્ઠાનો માટે 'વ્રતરાજ' નામનો ગ્રંથ માન્યતા ધરાવે છે, તેમાં પણ આ વ્રતનો ઉલ્લેખ નથી. છતાં, આ વ્રતનો ઉલ્લેખ સૂરત જિલ્લાનાં કેલેન્ડરો અને પંચાંગો ખાસ કરે છે, તે નોંધપાત્ર છે.

તાપીસાતમ એ આષાઢ સુદ સાતમે, તાપી નદીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે, થતું વ્રત છે. સૂરત અને તેની આજુબાજુના પ્રદેશોમાં તમામ ઊજળિયાત વર્ણના લોકો આ વ્રત નિમિત્તે નદીસ્નાનાદિ કરે છે. કોઈક જ તેનું વ્રત કરે છે. ગંગા, નર્મદા જેવી પવિત્ર નદીઓના પ્રાગટ્યોત્સવો ઊજવાય છે, અને તે નિમિત્તે નદીસ્નાન કરનારની સંખ્યા ઘણી મોટી હોવાને કારણે ત્યાં મોટા મેળા પણ ભરાય છે. સૂરત જિલ્લામાં સામાન્ય રીતે એવી પરંપરા છે કે, લોકો સવારે નદીસ્નાન કરી, દેવદર્શનાદિ કરી, એકટાણું કરે છે. નદીકિનારે પુરોહિતો બેઠા હોય છે, તે નદીમાહાત્મ્ય કહેતા હોય છે, અને ધાર્મિક શ્રદ્ધા ધરાવતાં લોકો તે સાંભળે છે. સાંજે સારાં વસ્ત્રાલંકાર પહેરી લોકો દેવદર્શને કે ફરવા જાય છે. વ્રતનાં અન્ય ખાસ અનુષ્ઠાનો છે નહિ. કોઈક ધાર્મિક વ્યક્તિ તે દિવસે અલૂણું કે એકટાણું કરી, રાત્રે બાર વાગ્યા સુધીનું જાગરણ કરતી હોય, તેમ સંભવે, પણ તે પણ મને તપાસ કરતાં જાણવા મળ્યું નથી, તેથી તેનો પ્રચાર ખાસ જણાતો નથી.

પૌરાણિક પરંપરા પ્રમાણે તાપી એ સૂર્યપુત્રી 'તપતી' છે. સૂર્ય પોતાની જ ઉષ્ણતાથી અકળાઈને પોતાનું રક્ષણ કરવા માટે તપતીને નદીરૂપે આ દિવસે ઉત્પન્ન કરે છે, માટે આ દિવસ તાપીસાતમનો છે, અને તાપી સૂર્યપુત્રી કહેવાઈ છે.[૧]

---

૧ ભગવદ્ગોમંડલ, ગોંડળ, પૃ. ૪૦૮૧ શબ્દકલ્પદ્રુમ, ગ્રં. ૨, પૃ. ૫૮૭.
જે મહાભારત ૧-૯૪-૮૭નો ઉલ્લેખ કરે છે.
પુરાણોમાં ગુજરાત, લે. ઉમાશંકર જોશી, પૃ. ૭૮, તાપી.
સ્કંદપુરાણનો ઉલ્લેખ કરે છે.
સ્કંદ. ૫૬.૫૦. શ્રી ઉમાશંકર જોશીને સ્કંદપુરાણમાં તાપીમાહાત્મ્ય જોવા મળ્યું નથી, તેમ નોંધ છે.

આ વ્રત, સૌરાષ્ટ્રમાં પોરબંદર, માંગરોળ, જુનાગઢ તથા રાજકોટના વડનગરા નાગરો—અને તેઓ જ્યાં જઈ વસ્યા છે ત્યાં, તેમની સ્ત્રીઓમાં કરવાનો ખાસ રિવાજ છે, અને તેનું મહત્ત્વ પણ તેમનામાં વિશેષ છે. નાગર કન્યા પરણ્યા પછી પ્રથમ સાત વર્ષ આ વ્રત કરે છે. તે દિવસે તે ઝવેરાંનું કે શિવાલયમાં જઈ શિવનું પૂજન કરે છે. આખો દિવસ અલૂણાં વ્રત કે માત્ર ફળાહાર કરે છે, અને આખી રાત્રિનું જાગરણ કરે છે, વ્રતનું માહાત્મ્ય સાંભળે છે. ક્યારેક કોઈ શહેરમાં પુરોહિત આખી જ્ઞાતિ પાસે એક જ સ્થળે સાથે પૂજન કરાવે છે. વ્રતને દિવસે સાંજે કોઈ નાગર ગૃહસ્થ નાગર સ્ત્રીઓ અને કન્યાઓને ગરબા ગાવાનું નિમંત્રણ કરે છે, અને સૌ ત્યાં ભેગા મળી ગરબા ગાય છે, આરતી કરી છૂટા પડે છે. વ્રતને દિવસે ગરબા ગાવાનું નિમંત્રણ કરવાથી પુણ્ય મળે છે તેવી પરંપરા સૌરાષ્ટ્રમાં છે. આ વ્રતે નાગરોળના નાગરોમાં ખાસ આ પ્રકારનું સાંસ્કૃતિક મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે. આ વ્રત નિમિત્તે વહુ સાસુ માટે પગેલાગણું—'સૂપડું'—લાવે છે. યથાશક્તિ તે આપવાનું હોય છે. જૂના રિવાજ પ્રમાણે સૂપડામાં દાણા ભરી, તેમાં કપડું મૂકી વહુ તે સાસરે લાવતી માટે તે 'સૂપડું' કહેવાય છે. આજે રોકડા રૂપિયા કે અન્ય વસ્તુઓ વહુ લઈ જાય છે. સાત વર્ષ સુધી 'સૂપડું' લઈ જવાનું હોય છે. બીજા વર્ષથી નજીકની સગી સ્ત્રીને —જેઠાણી, નણંદ, કાકીજી—વગેરેને તે આપે છે. આ વ્રત પરણેલી સ્ત્રીએ અવશ્ય કરવું જોઈએ તેવી પરંપરા છે.

ભાવનગર બાજુના વડનગરા નાગરો (સંભવતઃ તેઓ સીધા પાટણથી કે વડનગરથી ગયા છે) તેમ જ તળ ગુજરાતના નાગરોમાં આ વ્રત થતું નથી તેમ તપાસ કરતા જાણવા મળ્યું છે. તાપી સાતમનું આ વ્રત સૌરાષ્ટ્રના આ વડનગરા નાગરો જ કેમ કરે છે તે પ્રશ્ન થયો. તેની તપાસ કરતાં નીચેનું કારણ સંભવિત લાગતાં તે અહીં રજૂ કર્યું છે.

વડનગરા નાગરોને તાપી નદી સાથે સીધો સંબંધ નથી. વળી તેઓ એવા 'સૂર્યપૂજકો' પણ નથી કે તેથી તેઓ આ વ્રતને વિશેષ મહત્ત્વ આપે. જો તેમ હોત તો સમસ્ત નાગર જ્ઞાતિમાં આ વ્રત થતું હોત, પણ વડનગરા નાગરોનો અમુક વર્ગ જ આ વ્રત કરે છે, ત્યારે તેની પાછળ ધાર્મિક નહીં પણ અન્ય કારણ હોવું જોઈએ તેમ લાગ્યું.

આથી, તેમના સૂરત સાથેના સંબંધો જાણવાનું મન થયું. જૂનાગઢ, માંગરોળ, રાજકોટ આદિ સ્થળના વડનગરા નાગરોને સૂરત, અંકલેશ્વર નવસારી સાથે સંબંધ છે, ને ત્યાં વડનગરા નાગરોનું એક મોટું જૂથ પણ છે. આ વડનગરાં નાગરો અને સૌરાષ્ટ્રના વડનગરા નાગરો વચ્ચે પરંપરા અને રિવાજોનું સામ્ય છે. તે એટલે સુધી કે સૌરાષ્ટ્રના આ વિભાગના વડનગરા નાગરો કન્યાની લેવડદેવડ સૂરત, નવસારી, અંકલેશ્વરના વડનગરા નાગરો સાથે છૂટથી કરે છે; એટલું જ નહિ પણ કન્યા પાટણ કે વડનગર કે ભાવનગર આપવા કરતાં તેમને પસંદગી આપે છે. તેનું કારણ પૂછતાં જાણવા મળ્યું કે કન્યા અને લગ્ન અંગેના રિવાજોમાં તેમની વચ્ચે સામ્ય છે, તેવું ને તેટલું આ બીજાં જૂથ વચ્ચે નથી. છતાં, બીજા જૂથમાં કન્યા અપાતી જ નથી તેવું પણ નથી, એમ રાજકોટના એક પ્રતિષ્ઠિત નાગર ગૃહસ્થે જણાવ્યું હતું.[૧] એટલે કે દક્ષિણ ગુજરાતના આ

---

૧ રાજકોટ મ્યુઝિયમના એક્સ-ક્યુરેટર શ્રી અમૃતલાલ લ. સ્વાદિયા સાથે આ અંગે વાતચીત થયેલી. નાગરોના રિવાજ ને ઉત્પત્તિ અંગે તેઓ પણ માહિતી એકઠી કરે છે.

નાગરોને પોરબંદર, માંગરોળ, જૂનાગઢ, રાજકોટાદિના વડનગરા નાગરો સાથે આજે પણ કંઈક નજીકનો સંબંધ છે, તેમ જાણવા મળ્યું. આનું શું કારણ હશે? તેને અને આ તાપી સાતમના વ્રતને સંબંધ હશે કે નહિ તે વિશે પણ પ્રશ્નો ઊઠ્યા.

નાગરોની સામાન્ય પરંપરા પ્રમાણે માંગરોળ, પોરબંદર (જૂનું છાયા), જૂનાગઢમાં નરસિંહ મહેતાના વડવાઓના સમયથી નાગરો વસે છે. એથી વિશેષ માહિતી સૌરાષ્ટ્રના નાગરો પાસે છે નહિ. શ્રી માનશંકર મહેતાના 'નાગરોત્પત્તિ', એ નામના પુસ્તક તથા 'બૉમ્બે ગેઝેટિયર'ના જૂના ગ્રંથોમાં જે માહિતી છે તે નીચે પ્રમાણે છે.

'નાગરોત્પત્તિ' પ્રમાણે ૬ઠ્ઠા સૈકામાં વડનગર ભાંગ્યું ત્યારે ત્યાંના નાગરો કાઠિયાવાડ અને રાજસ્થાન વગેરે સ્થળે જઈને વસ્યા તેવી નોંધ છે.[૧] આ પછી ૧૨મા સૈકામાં કુત્બુદ્દીને ગુજરાત પર સવારી કરી ત્યારે જૂનાગઢ, માંગરોળ, વંથલી, તળાજા વગેરેમાં નાગરો જઈ વસ્યા હશે તેવી નોંધ છે.[૨] તેરમા સૈકામાં અલ્લાઉદ્દીન ખિલજીએ વડનગર ભાંગ્યું ત્યારે પણ નાગરો વડનગરથી અન્યત્ર ગયા છે.[૩] સૌરાષ્ટ્રના જૂનાગઢ-માંગરોળ વિભાગમાં નાગરો જે જૂથોમાં જઈ વસ્યા તેનો આ ઉપરથી સામાન્ય ખ્યાલ આવે છે.

અભિલેખો પ્રમાણે સ્કંદગુપ્તના સમયમાં ગિરિનગર-જૂનાગઢમાં વેદજ્ઞ બ્રાહ્મણો હતા. તે પછી વલભી સમયમાં જૂનાગઢ, વલભી, તળાજા વગેરે સ્થળે મૈત્રકોના દાન મળવાથી નાગરો આવી વસ્યા હતા. નાગરોનો ઉલ્લેખ આનંદપુરવાસી તરીકે થયો છે.[૪] આ પરંપરા સોલંકી સમય તથા વાઘેલા સમયમાં ૧૩મી સદી સુધી ચાલુ રહી છે. દક્ષિણ ગુજરાતના ગુર્જર નૃપતિ જયભટ્ટ ત્રીજાના નવસારીના સં. ૪૫૬ના દાનપત્રમાં[૫] ગિરિનગરના વતનીને ત્યાં દાન અપાયું છે. અલીણાનાં ત્રણ દાનપત્રોમાં પણ સૌરાષ્ટ્રના બ્રાહ્મણ જેનું મૂળવતન આનંદપુર છે—તેને દાન અપાયાં છે.[૬] આ બધા ઉપરથી એટલું જણાય છે કે શરૂઆતમાં રાજ્યાશ્રયને કારણે વડનગરા નાગરો ઉપર જણાવેલા સ્થળે આવી વસ્યા હતા ને ત્યાંથી દક્ષિણ ગુજરાતમાં પણ ગયા હતા. જ્યારે દક્ષિણ ગુજરાતનો રાજ્યાશ્રય રહ્યો નહિ હોય (નવસારી, અંકલેશ્વરના રાજાઓનો) ત્યારે, તેમાંના કેટલાક સૌરાષ્ટ્ર આવ્યા હશે પણ આ સ્થળાંતર મોટી વસતીનું સ્થળાન્તર સૂચવતું હોય એમ જણાતું નથી.

'બૉમ્બે ગેઝેટિયર'ના ૯મા ગ્રંથમાં સૌરાષ્ટ્રમાં નાગરો વડનગરથી જઈને વસ્યા તેટલી જ

---

૧ નાગરોત્પત્તિ—શ્રી માનશંકર મહેતા, પૃ. ૮૨, ભાવનગર, ઈ.સ. ૧૯૨૨.

૨ એજન પૃ. ૮૨.

૩ એજન પૃ. ૮૬.

૪ ગુજરાતના ઐતિહાસિક લેખો—આચાર્ય ગિ., મૈત્રકકાલીન લેખો—લે. નં. ૧૯, ૨૦, ૨૧, ૨૩ અને બીજાં.

૫ એજન, લે. નં. ૧૧૭.

૬ એજન, લે. નં. ૩૨, ૫૮, ૮૧.

નોંધ છે.[૧] બૉમ્બે ગેઝેટિયરના કાઠિયાવાડ વિષેના ગ્રંથ ૮માં–માંગરોળ પરની નોંધમાં જણાવ્યું છે કે ૫-૮ સદીમાં નાગરો જૂનાગઢ, વલભી અને વડનગરમાં વસતા હતા.[૨]

વળી બૉમ્બે ગેઝેટિયર માંગરોળ વિષે એક લાક્ષણિક નોંધ કરે છે કે માંગરોળ ત્રણ છે; સૌરાષ્ટ્રી, સુરતી અને કોંકણી.[૩] સૂરતના માંગરોળ અને સૌરાષ્ટ્રના માંગરોળ વચ્ચે ગાઢ સંબંધ હશે, બન્ને વચ્ચે મોટો વેપાર ચાલતો હશે, અને બન્ને વચ્ચે મોટી વસ્તીની અવરજવર થતી હશે, તેનું આ ઉપરથી સૂચન મળે છે. સૌરાષ્ટ્રના માંગરોળનો ઉલ્લેખ ટૉલેમીએ (Ptolemy) Monglossum તરીકે કર્યો છે તેવી પણ ગેઝેટિયર નોંધ લે છે. સૌરાષ્ટ્રનું માંગરોળ જૂના વખતમા મંગળપુર-પાટણ તરીકે ઓળખાતું ને જાડેજાઓના લેખોમાં પણ તે રીતે તેનો ઉલ્લેખ થયો છે.

વેપારાદિના આવાં કોઈ કારણે અને દક્ષિણ ગુજરાતમાં રાજકીય સલામતી ઘટતાં દક્ષિણ ગુજરાતમાં જઈ વસેલા નાગરોનું મોટું અને મહત્ત્વનું જૂથ માંગરોળ, પોરબંદર, જૂનાગઢાદિ સ્થળે આવી વસ્યું હશે તેમ જણાય છે. અત્યારે આ વિશે આથી વિશેષ માહિતી છે નહિ.

ભાષાકીય દૃષ્ટિએ આ બે પ્રદેશો વચ્ચે કંઈ સંબંધ છે કે નહિ તે વિશે એક વાર પ્રશ્ન પૂછતાં ડૉ. શ્રી હરિવલ્લભભાઈ ભાયાણીએ જણાવેલું કે મધ્ય સૌરાષ્ટ્રની બોલીમાં દક્ષિણ ગુજરાતની અને સૂરતી બોલીની અસર જણાય છે.

અન્ય સીધા પુરાવા નથી, પણ જો આ વ્રતને જ એક મહત્ત્વનો પુરાવો ગણીએ તો સૌરાષ્ટ્રના આ વિભાગના નાગરો દક્ષિણ ગુજરાતમાં કેટલોક સમય વસી, સૌરાષ્ટ્રમાં આવી વસ્યા હશે, તેમ સૂચન મળે છે.

આ અંગે વિશેષ માહિતી જો કોઈની પાસે હોય તે પ્રગટ કરશે તો ગુજરાતના ઇતિહાસની એક રસપ્રદ ઘટના પર તેથી પ્રકાશ પડશે, અને કંઈક તે હેતુથી જ આ નોંધ અત્રે રજૂ કરી છે.

---

૧　બૉમ્બે ગેઝે. ગ્રં. ૯મો, પૃ. ૨.

૨　બૉમ્બે ગેઝે. ગ્રં. ૮મો, પૃ. ૫૪૨–૫૪૩.

૩　,,　,,　,,　　પૃ. ૫૪૩.

# નવોન્મેષશાળી અવકાશ

**છોટુભાઈ સુથાર**

અત્યંત જૂના જમાનાથી મનુષ્ય આકાશને જોતો આવ્યો છે. મનુષ્યની સમજશક્તિ ખીલતી ગઈ તેમ આકાશી રહસ્યોને પામવા તે વધુ ને વધુ પ્રયત્ન કરતો રહ્યો છે. છેક પ્રાચીન સમયનું એનું જ્ઞાન સૂર્યચંદ્રની અવકાશી યાત્રા, એમનાં ગ્રહણો અને તારાઓનાં અસ્તિત્વ પૂરતું સીમિત હતું. પછી એમાં ઉમેરાઈ ગ્રહો અને તેમની ગતિઓની વાત. સૂર્ય અને ચંદ્રની ગતિઓ દ્વારા માસ અને વર્ષનું જ્ઞાન મળ્યું અને તેના આધારે ગ્રહણોની આગાહી કરતું ગ્રહણ ગણિત રચાયું. બાદમાં આ ગણિત વધુ શુદ્ધ થતું ચાલ્યું. આકાશમાં દેખાતા ગ્રહ અને ગણિત દ્વારા મેળવાયેલા ગ્રહનાં સ્થાનમાં ફરક પડતો હતો અને તે નિવારવા ગણિત વધુ સૂક્ષ્મ રીતે કરવામાં આવતું હતું.

ઈ.સ. પૂ. ૧૪૦૦ના વેદાંગ જ્યોતિષના જમાનાથી માંડી ઈ.સ. ૫૦૦ સુધીમાં ગ્રહગણિત અંગે જે કંઈ વિચારાયું હતું તેનો સુંદર પરિપાક આર્યભટકૃત આર્યભટીય ગ્રંથમાં જોવા મળે છે. આર્યભટના સમય પછી પણ ગણિતશુદ્ધિનું કામ ચાલતું રહ્યું હતું. વળી તે સાથે ગ્રહણોનું ગણિત પણ ઉત્તમ રીતે ખીલ્યું હતું. આમ છતાં, તે જમાનામાં, તારા શું છે એની કોઈને ખબર ન હતી. સૂર્ય, ચંદ્ર અને ગ્રહો તારાઓની ભૂમિકા પર સરકતા રહે છે એ કારણે સૂર્યચંદ્ર સમેત ગ્રહોનું ગણિત રચાયું હતું પણ તારા વિષે તેવું કશું બન્યું ન હતું. તારાઓને આકાશી ચંદરવે જડાયેલાં તેજબિંદુ કલ્પવામાં આવ્યાં હતાં અને તે પણ ન ખસનારાં. આમ નક્ષત્ર શબ્દ પ્રયોગમાં આવ્યો.

ભારતીયોનું ખગોળગણિત વધુ ને વધુ સૂક્ષ્મ બનતું જઈ ઈ. સ. ૧૧૫૦માં 'સિદ્ધાંત શિરોમણી' ગ્રંથમાં પરિણમ્યું. સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ગતિઓ સિવાય બીજું કશું ખગોલીય કામ કરવાનું હતું નહીં એટલે આર્યભટથી માંડી ભાસ્કરાચાર્ય અને રાજા જયસિંહ સુધીના ભારતીય ખગોળશાસ્ત્રીઓએ માત્ર એ જ કામ કર્યું. અલબત્ત એ માટે એમણે વિવિધ પદ્ધતિઓ વિકસાવી હતી એટલું જ નહીં પણ વેધકાર્ય ખૂબ સારી રીતે કર્યું હતું. રાજા જયસિંહે બંધાવેલી વેધશાળાઓ આ વાતની સાક્ષી પૂરે છે. ઈ.સ.ની ૧૮મી સદીના અંત સમયે ભારતીય ખગોળશાસ્ત્રના વિકાસનો પણ અંત આવ્યો.

ખગોળશાસ્ત્રનો વિકાસ કેવળ ભારતમાં થયો હતો એવું નથી. ઇજિપ્ત, ખાલ્ડિયા, ચીન, ગ્રીસ વગેરે દેશોમાં પણ તે ઉદ્ભવ્યું હતું અને વિકાસને પામ્યું હતું. ચીન અને ઇજિપ્તના ખગોળશાસ્ત્રના ઉલ્લેખ ઈ. સ. પૂ. ૩૦૦૦ના સમયના છે. ખાલ્ડિયાનું ખગોળશાસ્ત્ર પણ લગભગ તેટલું પુરાણું લેખાય છે, પણ આ ત્રણ પૈકી ચીનના ખગોળશાસ્ત્રની વિગતો વધુ સ્પષ્ટતાવાળી છે. ગ્રહણોની આગાહીમાં લાપરવાહી દાખવનાર બે દરબારી જ્યોતિષીઓને ઈ. સ. પૂ. ૨૧૫૯માં મૃત્યુદંડ અપાયાની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

આમ છતાંય પશ્ચિમના દેશો તેમના ખગોળશાસ્ત્ર માટે ગ્રીસના વિશેષ ઋણી છે. થેલ્સ, પાયથાગોરસ, મેટન, હિપાર્કસ અને ટોલેમી જેવી પ્રતિભાશાળી વ્યક્તિઓએ ઈ. સ. પૂ. ૬૦૦થી ઈ. સ. ૧૫૦ સુધીમાં ગ્રીક ખગોળને ખૂબ ખીલવી દીધું હતું. ટોલેમીએ રચેલો સીન્ટેકસીસ (યા અલમાજેસ્ટ) નામનો ખગોળગ્રંથ, ટોલેમીના મૃત્યુ બાદ લગભગ ૧૪૦૦ વર્ષ સુધી 'એક માત્ર ઉત્તમ ગ્રંથ' તરીકે એવી ખ્યાતિ પામ્યો હતો કે એની વિરુદ્ધ કોઈને કશું કહેવાનું થયું ન હતું. એ બધાં વરસ દરમિયાન પૃથ્વી સ્થિર છે અને સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારા તેની આસપાસ ફર્યા કરે છે એમ માનવામાં આવતું હતું. એ માન્યતા વિરુદ્ધ કોપરનિકસે પોતાનો મત જાહેર કર્યો : એણે કહ્યું કે વિશ્વના કેન્દ્રમાં પૃથ્વી નથી પણ સૂર્ય છે. પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે.

સદીઓ જૂની ચાલી આવતી માન્યતાને સૌ પહેલાં પડકારનાર કોપરનિકસ હતો. કોપરનિકસ પછી થયેલાં વિદ્વાન ખગોળશાસ્ત્રી ટાયકોબ્રાહેએ સૂર્ય, ચંદ્ર અને ગ્રહોનું ખૂબ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું હતું એટલું જ નહીં પણ તારાપત્રકો પણ વધુ ઉત્તમ રીતે તૈયાર કર્યાં હતાં, અને છતાંય તારા શું છે—અરે સૂર્ય અને ચંદ્ર શું છે અને શાના બનેલા છે એ વિષે એને કશું જ્ઞાન ન હતું.

ઈ. સ. ૧૬૧૦માં ગેલીલિયોએ દૂરબીનમાંથી ચંદ્રના પહાડો અને ગુરુના ચંદ્રો જોયા. વળી શુક્રની કળાઓ અને સૂર્યકલંક પણ જોયાં હતાં અને એ બધાના આધારે એણે કોપરનિકસની 'સૂર્ય વિશ્વના કેન્દ્રમાં છે'વાળી વાતને સમર્થન આપ્યું, ગેલીલિયોના સમકાલીન કેપ્લરે ટાયકો-બ્રાહેનાં નિરીક્ષણોનો ઉપયોગ કરી સૂર્યની આજુબાજુ ગ્રહો કેવી રીતે ફરે છે તેના નિયમો આપ્યા. છેલ્લે ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ સ્થાપી ખગોળગણિતમાં મહત્ત્વનું પરિવર્તન આણ્યું.

જુદી જુદી પ્રજાઓના પ્રાચીન સમયના ખગોળજ્ઞાનથી માંડી ઈ. સ. ૧૬૦૦ સુધીનો સમયગાળો પ્રાચીન ખગોળશાસ્ત્રનો સમય કહી શકાય. ગેલીલિયોએ દૂરબીનનો ઉપયોગ શરૂ કર્યો ત્યાર પછી ખગોળશાસ્ત્રની આરાધનામાં મોટો ફરક પડચો. નરી આંખે જ્યાં કશું દેખાતું ન હતું ત્યાં તારા અને તારાગુચ્છો દેખાવા લાગ્યાં. આકાશગંગાના સફેદ પટ તારા, તારા વાદળ અને વાયુવાદળોના રૂપમાં પ્રકટ થયો; અને આમ અજાણ્યા જ્યોતિઓ દૃષ્ટિએ પડવા લાગ્યા. વધુ સારાં દૂરબીન અને વધુ નિરીક્ષણોને પરિણામે ઉત્તમ પ્રકારનાં તારાપત્રકો બનવાં લાગ્યાં. આ તારાપત્રકોમાં અવકાશતસ્થિત વાયુગોટા દર્શાવ્યા અને એમને નિહારિકા કહેવામાં આવ્યા. આમ તારા ઉપરાંત આકાશમાં તારાગુચ્છો અને નિહારિકાઓ હોવાની જાણ થઈ. વળી એમનાં આકાશી સ્થાન દર્શાવાતાં હતાં એટલે એમની ઓળખ માટે એમનું નામકરણ શરૂ થયું. તારાગુચ્છો અને નિહારિકાઓના આકાશી અક્ષાંશરેખાંશ મેસ્થિર નામના ફ્રેંચ ખગોળવેત્તાએ આપ્યા. વળી એણે એમના વિશિષ્ટ નામ પાડવાને બદલે ૧, ૨, ૩ એમ નંબર આપ્યાં જે. આજે પણ તી (મેસ્થિર) સંજ્ઞાથી દર્શાવાય છે.

આ થઈ ૧૮મી સદીની વાત.

અને ત્યારે પણ તારા શું છે તેની તેમ જ તે આપણાથી કેટલા દૂર છે તેની કશી માહિતી ઉપલબ્ધ બની શકી ન હતી. તારાનું અંતર માપવાનું પ્રથમ કાર્ય ઈ. સ. ૧૮૩૮માં થયું. હંસ-મંડળમાં આવેલા ૬૧ નંબરના તારાનું અંતર સર્વપ્રથમ મપાયું હતું. નિહારિકાઓ શું છે એનો ખ્યાલ તો છેક વીસમી સદીની શરૂઆતમાં જ આવ્યો છે. મતલબ કે દૂરબીનની શોધને ખગોળ-

વિજ્ઞાનનો બીજો તબક્કો સમજીએ તો ગેલીલિયોથી માંડીને ઓગણીસ સદીના અંત સુધીમાં જે કામ થયું તેમાં મુખ્ય અવકાશી પદાર્થોની ખોજ, એમનાં પત્રકો અને અંતરોની વાત મુખ્ય જણાય છે. આ સમયગાળાને ખગોળનો મધ્ય યુગ કહીએ તો આધુનિક યુગ હમણાં જ, થોડાં વર્ષ પૂર્વે, શરૂ થયો છે એમ કહેવું પડશે.

પણ આધુનિક યુગમાં જે ઝડપથી ખગોળનાં અનેક ક્ષેત્રોમાં કામ ચાલ્યું છે તે કોઈને પણ વિસ્મયમાં નાખી દે તેવું છે.

દૂરબીન વડે દેખાયેલા વાયુગોટા જેમને આપણે નિહારિકા કહ્યા છે તેમનાં સ્વરૂપનો અભ્યાસ કરવાની શરૂઆત ડૉ. એડવિન હબલે કરી. એને ત્યારે જણાયું કે આ વાયુગોટા બે પ્રકારના છે. એકમાં કેવળ વાયુ જ છે જ્યારે બીજામાં તારા. અંતરની દૃષ્ટિએ જોતાં માલૂમ પડયું કે વાયુનિહારિકાઓ આપણા નજદીકની છે જ્યારે તારા સમાવતી નિહારિકાઓ આપણા તારા-વિશ્વની બહારની છે. આપણા તારાવિશ્વનો વિસ્તાર એક લાખ પ્રકાશવર્ષનો હોવાનું જાણી શકાયું હતું. એ વિસ્તારના હિસાબે તારાવાળી નિહારિકાઓના વિસ્તાર નાના હોવાનું જણાયું અને તેથી એમને નાનાં તારાવિશ્વ યા ટાપુ તારાવિશ્વો ( Island Universes ) કહેવામાં આવ્યાં; અને વાયુવાળી નિહારિકાઓથી એમને અલગ દર્શાવવા બહિર્વિશ્વ નિહારિકાઓ ( Extra Galactic Debular ) કહેવામાં આવ્યાં.

આ નામાભિધાન કેટલાંક વર્ષ સુધી ચાલ્યું પણ પછી એને ફેરવવાની જરૂર પડી.

બન્યું એમ કે ઉપર્યુક્ત બહિર્વિશ્વ નિહારિકાઓનો અભ્યાસ કરતાં તે ચાર પ્રકારની હોવાનું જણાયું : ૧ સર્પિલ, ( Spiral ) ૨ દંડીય સર્પિલ, ૩ અંડાકાર અને ૪ અનિયમિત આકારની.

અને આ બધું સમજાયું ફોટોગ્રાફીના પ્રતાપે.

વીસમી સદીની શરૂઆતમાં દૂરબીન વડે અનેક જ્યોતિઓનાં ફોટોચિત્ર ઉતારવામાં આવ્યાં અને ત્યારે માલૂમ પડયું કે અવકાશમાં પાંચ પંદર નહીં પણ અનેક તારાવિશ્વો છે. નરી આંખે આ પૈકી માત્ર ત્રણ તારાવિશ્વો–મેગેલન તારાવિશ્વો અને દેવયાની તારાવિશ્વ દેખાય છે જ્યારે બીજાંને જોવા માટે દૂરબીન વાપરવું પડે છે. વળી નરી આંખે દેખાતાં તારાવિશ્વો પણ છેક પાસે જ છે એવું નથી. મેગેલન ( નાનું અને મોટું ) તારાવિશ્વો આપણાથી દોઢ લાખ પ્રકાશ વર્ષ દૂર છે. જ્યારે દેવયાની તારાવિશ્વ ૨૨ લાખ પ્રકાશવર્ષ દૂર ! જેના પ્રકાશને આપણા સુધી પહોંચતાં ૨૨ લાખ વર્ષ લાગે એ જ્યોતિ કેટલા દૂરનો ગણાય ? અને છતાંય ગમ્મતભરી વાત એ છે કે એનું અંતર સર્વ પ્રથમ માપવામાં આવ્યું ત્યારે તે સાડાસાત લાખ પ્રકાશવર્ષ હોવાનું જણાયું હતું. પણ ખગોલીય આધુનિક સાધનોનો ઉપયોગ કરી જોતાં તે ૨૨ લાખ પ્રકાશવર્ષનું હોવાનું જણાયું છે. આટલે છેટે આવેલો જ્યોતિ નરી આંખે દેખાય એનો અર્થ એ થયો કે તે ઘણો ઘણો મોટો આકાશી પદાર્થ હોવો જોઈએ. હવે થોડા સમય પહેલાં માલૂમ પડયું છે કે દેવયાની તારાવિશ્વ આપણા મંદાકિની તારાવિશ્વ કરતાં સવાગણા વ્યાસનું અને ૨૦૦ અબજ તારા ધરાવતું મોટું તારાવિશ્વ છે.

અવકાશમાં અનેક નાનાં મોટાં તારાવિશ્વો આવેલાં છે. એ બધાં એકબીજાથી ઘણાં છેટાં છે અને તેથી તેમને બહિર્વિશ્વ નિહારિકાઓ કહેવાને બદલે 'તારાવિશ્વો' ( Galaxies ) જ

કહેવામાં આવે છે. નિહારિકા શબ્દપ્રયોગ તારાવિશ્વોમાં આવેલાં વાયુવાદળો માટે જ હવે વાપરવામાં આવે છે.

તારાવિશ્વોનાં સ્વરૂપ સમજવા તારાઓનો ખૂબ ઊંડો અભ્યાસ થવો જરૂરી છે. દૂરના તારાવિશ્વોના તારા પણ અપાણા વિશ્વના તારા જેવા હોવાનું માલૂમ પડયું છે. બધા તારા હાઈડ્રોજન વાયુમાંથી બનેલા અને પોતાની એ સંપત્તિ વાપરીને તે પ્રકાશ અને ગરમીનું અવકાશમાં વિકિરણ કરે છે. તારાઓના અભ્યંતરનો અભ્યાસ ખગોળભૌતિકી વિજ્ઞાન બને છે. વીસમી સદીની શરૂઆતમાં આ અભ્યાસ માટેનાં સાધનો ઉપલબ્ધ થવાને કારણે તારા અને તારાસ્વરૂપનો સારો અભ્યાસ કરી શકાયો છે, પણ આ અભ્યાસ જેમ વિસ્તૃત થતો ગયો તેમ માલૂમ પડતું ગયું કે અવકાશી જ્યોતિઓનું આપણું જ્ઞાન સાવ ઓછું છે. અરે આપણો ઘરદીવડો કહી શકાય. એવા સૂર્ય વિષે આપણે કેટલું ઓછું જાણીએ છીએ? સૂર્યની ચમકતી સપાટીનું ઉષ્ણતામાન ૬,૦૦૦ સેન્ટિ. છે પણ એના વાતાવરણના વાયુઓનું ઉષ્ણતામાન એથી ઘણું ઊંચું છે. આમ શાથી બનતું હશે? આ અને આના બીજા પ્રશ્નોએ સૂર્યની ભૌતિકી સ્થિતિનો અભ્યાસ કરવા ખગોળ-શાસ્ત્રીઓને પ્રેર્યા અને આજે, એને લઈ ને, તારાવિષયક અનેક બાબતોના રહસ્ય-અણસાર મળ્યા છે. એ પૈકીની એક બાબત એમની જન્મકથાની તેમ જ ઉત્ક્રાન્તિની છે. જાણવા મળ્યું છે કે તારાવિશ્વમાં આવેલી નિહારિકાઓ તારા ઉત્પન્ન કરનારી ખાણો છે. વળી રંગના આધારે સમજી શકાયું છે કે નીલા તારા અત્યંત ગરમ તારા છે અને પોતાની શક્તિનો બેફામ વેડફાટ કરી, બીજા તારાઓના મુકાબલે તે વહેલા વૃદ્ધત્વને પામી નષ્ટ થાય છે.

બધા તારા એકસરખા નથી. તેમના પ્રકાર કે બંધારણ પણ એકસરખાં નથી એ બધું જાણવા મળ્યું રંગપટના આધારે. વર્ણવિશ્લેષક અને બીજાં યંત્રોદ્વારા તારાઓની જેમ વિગતો જાણવા મળી છે તેમ તારાવિશ્વો વિષે પણ જાણવા મળ્યું છે. કેટલાંક તારાવિશ્વો આપણાથી અત્યંત દૂર છે: એટલું જ નહીં પણ એમના દૂરત્વના હિસાબે વધુ વેગથી, તે આપણાથી દૂર અવકાશમાં સરકતાં જાય છે.

ખગોળવિજ્ઞાનનો આ તબક્કો એ હદે પહોંચ્યો કે ખગોળશાસ્ત્રીઓને તારાનાં સ્વરૂપ અને તારાવિશ્વોનાં બંધારણ વિષે શોધ કરવા પૂરતો મસાલો મળી રહ્યો. એમનું સમગ્ર ધ્યાન મોટાં દૂરબીન બનાવવામાં અને અનેક વિશ્વોને ધારણ કરનાર બ્રહ્માંડના સીમાડાની ઝાંખી કરવામાં રોકાયું જોકે એ સાથે બ્રહ્માંડ, તારાવિશ્વો અને તારાઓની ઉત્પત્તિ અંગેનું રહસ્ય મેળવવાનો પ્રયત્ન સતત ચાલુ રહ્યો હતો. આંતરિકીય અને આંતર્વૈશ્વિક જગામાં વાયુકણો આવેલા છે અને તેમની સંખ્યા નાનીસૂની નથી એનું ભાન પણ થતું ગયું હતું. વળી તારાઓના રૂપવિકાર આધારે તેમની ઉત્ક્રાન્તિની અવસ્થા તેમ જ તેમનાં અંતરો જાણવાનું કામ પણ ચાલતું હતું: અને છતાં કરોડો તારાવિશ્વો સમાવતા બ્રહ્માંડનો ૯૯.૯ ટકા ભાગ ખાલીખમ છે એ વાત ધ્યાનમાં લઈ બ્રહ્માંડનો આકાર કેવો છે તેનો સ્પષ્ટ ખ્યાલ મેળવી શકાયો ન હતો. એક વાત નિશ્ચિત રૂપે કહી શકાય તેવી છે અને તે એ કે બ્રહ્માંડના ગોળાકાર યા અંડાકાર નથી.

પણ આ બધી થઈ ભૌતિકીખગોળના તબક્કાની વાત.

ઈ. સ. ૧૯૩૦ બાદ એ વાતમાં પલટો આવ્યો.

આકાશસ્થિત તારા, તારાવિશ્વો અને શૂન્ય અવકાશમાંથી અવાજ આવતા પકડાયા.

ઈ. સ. ૧૯૩૦ સુધીનું સઘળું ખગોળ સંશોધન દૂરબીન અને તેને અનુષંગતાં સાધનોદ્વારા મેળવાયેલા અને પ્રકાશની પાંખે આપણા સુધી પહોંચેલા જ્ઞાન પૂરતું સીમિત હતું. એમાં હવે ‘અવાજ’ની ઘટનાનો ઉમેરો થયો હતો.

આકાશી જ્યોતિઓ અવાજ પેદા કરે છે. આ અવાજ વિદ્યુત–ચુંબકીય મોજાંદ્વારા આપણા સુધી પહોંચે છે, પણ તેના અસ્તિત્વની જાણ ચાક્ષુષ દૂરબીનદ્વારા થતી નથી. એ થાય છે રેડિયો દૂરબીન દ્વારા.

ચાક્ષુષ દૂરબીન વડે અવકાશનું રહસ્ય પામનારા ખગોળશાસ્ત્રીઓ ‘હવે કશું શોધવાનું બાકી રહ્યું નથી : જે કામ હવે કરવાનું છે તે શોધેલાના વિસ્તૃત અભ્યાસનું છે’ એમ માનતા હતા ત્યાં અવકાશી જ્યોતિઓના અવાજે એમને વિચલિત કરી દીધા.

શરૂઆતમાં ખગોળશાસ્ત્રીઓએ રેડિયો ખગોળની ખૂબ જ ઉપેક્ષા કરી હતી, પણ પાછળથી એમને પોતાની આ અવહેલના ખટકી અને તેમણે રેડિયો ખગોળને સાથ આપવો શરૂ કર્યો. રેડિયો ખગોળ આજે વિકસિત ખગોળશાખા બની ગઈ છે અને તે દ્વારા અનેક રહસ્યો જાણવા મળ્યાં છે. સૌથી મહત્ત્વની વાત એ જાણવા મળી કે આપણે આપણાં ચર્મચક્ષુદ્વારા (ભલે તે પછી ચાક્ષુષ દૂરબીન દ્વારા હોય) જે કંઈ જોઈએ છીએ તે જ માત્ર સત્ય છે એવું નથી. બ્રહ્માંડનું સત્યસ્વરૂપ જોવા–સમજવા આપણે એનું બીજી અનેક રીતે દર્શન કરવું જોઈએ. ચંદ્ર આપણને પીળા રંગનો જ્યોતિ દેખાય છે અને સૂર્ય શ્વેત રંગનો પણ વાસ્તવમાં ચંદ્ર કાળો છે અને સૂર્ય પીળો છે. રેડિયો ખગોળવેત્તાઓને પૂછીશું તો તેઓ કહેશે કે સૂર્ય કાળો છે, જ્યારે તેનું વાતાવરણ ઉજળું છે !

આમ ભૌતિકી ખગોળના તબક્કાની સાથે સાથે રેડિયો ખગોળનો તબક્કો શરૂ થયો અને તેણે બ્રહ્માંડની ભૌતિકીને સમજવામાં ખૂબ મદદ કરી. જે સૂર્યને આપણે ચુપચાપ ચમકતો આકાશી પિંડ માનતા હતા તે અનેક રહસ્યોનો ભંડાર બની ગયો છે. સૂર્ય પર થતાં તોફાનો, સૂર્યમાંથી પ્રકટતું વિકિરણ અને સૂર્યપ્રવાત વિષે હજી હમણાં જ આપણે કંઈક જાણી શકયા છીએ. કંઈક એ અર્થમાં કે આપણું સૂર્ય વિષેનું જ્ઞાન હજી એટલું અલ્પ છે કે સૂર્યને ‘જીવનદાતા’ કહેવા છતાંય એમાંથી મળતી વિવિધ રીતની વિકિરિત શક્તિને નાથવાનું યોજી શકયા નથી.

આપણે રેડિયો ખગોળની વાત કરતાં હતાં.

ચાક્ષુષ ખગોળ અને રેડિયો ખગોળદ્વારા અવકાશને જોઈ એની જ્યોતિઓ વિષે બાંધેલો મત તે જ્યોતિઓનું સાચું ચિત્ર આપતો નથી.

અવકાશમાં કેવળ પ્રકાશ અને રેડિયોના મોજાં ચાલે છે એવું નથી. પ્રકાશની મર્યાદા પૂરી થાય છે તેની નિકટમાં જ, તેની એક બાજુએ ઇન્ફ્રારેડ પ્રકાશનું અસ્તિત્વ છે અને બીજી બાજુએ અલ્ટ્રાવાયોલેટ પ્રકાશનું. વિદ્યુતચુંબકીય મોજાંમાં આ ઉપરાંતથી કિરણો, ગામા કિરણો અને બીજાં વિકિરણોનો પણ સમાવેશ થાય છે. આ બધાં કિરણોદ્વારા જે સંપૂર્ણ ચિત્ર ઉપજે તે જ વિશ્વ યા બ્રહ્માંડનું સાચું ચિત્ર છે.

અને કુદરતની કૃપાથી આ બધાં ક્ષેત્રોમાં કામ શરૂ થયું છે.

શ્વેત પ્રકાશના રંગપટના હિસાબે આપણે જે પદાર્થોને જોઈએ છીએ તે અમુક જ ઉષ્ણુતામાન(૨૦૦૦ અંશ કેલ્વિનથી ૨૫,૦૦૦ અંશ કેલ્વિન)વાળા જ્યોતિ કેમ ન હોઈ શકે એવો પ્રશ્ન ઊઠચો. પણ એની શોધ કરવી કેવી રીતે ? પૃથ્વી પર બેઠે બેઠે એ જાણવું શકય નહોતું. પૃથ્વી અને બલૂનો મોકલી આવું વિકિરણ થવાનું જાણી શકાય એમ છે એમ સમજી પ્રયોગો હાથ ધરાયા અને તેમાં સફળતા સાંપડી છે. વળી એને કારણે કેટલાક નવા પ્રશ્નો પણ ઊભા થયા છે. એ પ્રશ્નો આપણા ભૌતિક નિયમોને આમૂલાગ્ર હલાવી દેનારા છે. મતલબ કે અત્યાર સુધી વિશ્વ યા બ્રહ્માંડનું આપણે જે રીતે સંકલન કરતા હતા તેમાં સુધારાવધારા કરવાની જરૂર ઊભી થઈ છે. ન્યુટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતથી આગળ વધી આપણે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ સુધી પહોંચ્યા હતા, અને તે સાથે પારમાણુવિક બળનું આશ્ચર્ય પણ અનુભવી રહ્યા હતા. પ્રોટોન પ્રોટ્રોનને ખેંચી રહે એવું સમજવું પહેલાં કેવું વસમું લાગ્યું હતું ? !

આકાશમાં ઈન્ફ્રારેડ તારા આવેલા છે. એમની સપાટીનું ઉષ્ણુતામાન ૨૦૦ અંશ કેલ્વિન (—૭૦° સેન્ટિ)થી ૮૦૦° કેલ્વિન (૫૨૭° સે.) જેટલું છે. આ પ્રકારના મોટા ભાગના તારાઓનું ઉષ્ણુતામાન ૬૦૦° કેલ્વિન જેટલું છે. આ ઉષ્ણુતામાન બુધ પર સૂર્યનો તાપ પડે તેના જેટલું છે ! અલબત્ત એટલા તાપે સીસું ઓગળી જાય છે. વળી આપણે જેમની વાત કરીએ છીએ તે તારા છે અને તે બધા ઘન યા દ્રવ પદાર્થના નહીં પણ વાયુપદાર્થના બનેલા છે.

ઈન્ફ્રારેડ તારા સિવાય અવકાશમાં ઇન્ફ્રારેડ નિહારિકાઓ પણ આવેલી છે. આ નિહારિકાઓ ઓછા ઉષ્ણુતામાનવાળી હોવાથી એમને દૂરબીન દ્વારા જોવી શકય નથી.

ઈન્ફ્રારેડ વિકિરણ કરનારો ત્રીજો પદાર્થ આપણા તારાવિશ્વના કેન્દ્રમાં આવેલો છે. ત્યાં એક નહીં પણ ત્રણ જ્યોતિ પોતાની શક્તિ વિકિરિત કરી રહ્યા છે. મૂંઝવણની અને સાથે સાથે આશ્ચર્યની વાત એ છે કે આ જ્યોતિઓ દ્વારા બહુ મોટા પ્રમાણમાં વિકિરણ થઈ રહ્યું છે. સામાન્ય રીતે ઉષ્માનાભીય (Thermo nuclear) પ્રક્રિયાદ્વારા થતું વિકિરણ અન્ય વિકિરણોના હિસાબે વધુ પ્રબળ અને પ્રચંડ સ્વરૂપનું હોય છે. પણ મંદાકિની તારાવિશ્વના કેન્દ્રમાં થઈ રહેલું ઈન્ફ્રારેડ વિકિરણ એટલું બધું પ્રબળ અને વિશાળ પ્રમાણવાળું છે કે એને ઉષ્માનાભીય પ્રક્રિયાનો સ્ફોટકીય યા કોઈ વિશેષ પ્રકાર પણ કહી શકાય તેમ નથી. બુદ્ધિને ચકરાવામાં નાખે એવી બાબત એ છે કે ઉકતવિકિરણ દસ લાખ સૂર્યશક્તિના વિકિરણ કરતાં પણ વધુ છે ! અને તે થાય છે માત્ર ત્રણ જ જ્યોતિદ્વારા !!

ઉપર્યુક્ત વિકિરણ કઈ રીતે સંભવિત બને છે એ આપણને જાણીતા કોઈ ભૌતિક નિયમો-દ્વારા સમજાવી શકાય તેમ નથી.

અને જાણે આ સમસ્યા એકલી આપણા તારાવિશ્વની ન હોય તેમ કુદરતે એના નમૂના બીજાં તારાવિશ્વમાં પણ દાખવી રહી છે. એ પૈકીનો એક નમૂનો સમૂચા તારાવિશ્વમાં ઈન્ફ્રારેડ વિકિરણ થવાનો છે. એન. જી. સી ૧૦૫૮ નામે ઓળખાતા આ તારાવિશ્વનું સમગ્ર દ્રવ્ય કદાચ ઊર્જા(Energy)માં પરિવર્તિત થઈ ગયું હશે, અને તે પણ અનેક યુગો પહેલાં, આપણાથી

લાખો પ્રકાશવર્ષ દૂર હોવાને કારણે આ તારાવિશ્વને ચમકતું જોઈ આપણે તેનું અસ્તિત્વ કલ્પતા હોઈએ એમ બનવું સ્વાભાવિક છે.

અલ્ટ્રાવાયોલેટ વિકિરણની વાત અન્ય પ્રકારની છે.

અલ્ટ્રાવાયોલેટ તારા અતિ ગરમ તારા છે. આવા તારાઓની સંખ્યા બહુ ઓછી હોય છે. સામાન્ય રીતે આ તારાઓની સપાટીનાં ઉષ્ણતામાન ૨૫,૦૦૦° કેલ્વિન કરતાં વધુ હોય છે. આવા તારાસૂર્યના હિસાબે ઘણા વધુ દળવાળા હોય છે. અગાઉ કહ્યું તેમ આ પ્રકારના ગરમ તારા જલદી ઉત્ક્રાન્ત થાય છે અને એ રીતે બહુ ઝડપથી પોતાની હાઈડ્રોજન સંપત્તિ વેડફતા રહે છે.

નિરીક્ષણો અને પરીક્ષણો પરથી માલૂમ પડયું છે કે અલ્ટ્રાવાયોલેટની હદ સુધી આપણા ભૌતિક નિયમો અનુસારનું દૃશ્ય જોવા મળે છે. મતલબ કે એ હદ સુધી પહોંચતા તારા ઓછું ને ઓછું અલ્ટ્રાવાયોલેટ વિકિરણ કરે છે પણ હદ ઓળંગી વધુ આગળ જતાં પરિસ્થિતિ પલટો ધારણ કરે છે. અનેક અંડાકાર અને સર્પિલ તારાવિશ્વો વધુ ઊર્જા-વિકિરણ કરતાં દેખાયાં છે. તારાવિશ્વોમાં અલ્ટ્રાવાયોલેટ વિકિરણ કરતા તારા ઓછા હોય તો આવું બને ખરું ? પણ ત્યારે વધુ તારા હોવાનું કલ્પવું કઈ રીતે ? આપણે એમ કલ્પી શકીએ ખરાં કે તારાવિશ્વોમાં અત્યંત ગરમ તારા, પોતાનું દ્રવ્ય વેડફી, નષ્ટ થતા રહે છે તેમ નવા અને નવા ગરમ તારા બંધાતા પણ જાય છે : અને તે પણ સતત રીતે !

શું શકય છે તે આપણે જાણતા નથી.

બહુ જ થોડાં વર્ષ પહેલાંની વાત છે. બ્રહ્માંડને સીમાડે બેઠેલા કેટલાક તારા જેવા જ્યોતિઓ ( કવેસાર ) દેખાયા જેમનું ઊર્જા વિકિરણ અનેક તારાવિશ્વોના વિકિરણ જેટલું છે. મહદ આશ્ચર્ય એ છે કે આ જ્યોતિઓ તારાવિશ્વો જેવો વ્યાપ ધરાવતા નથી અને છતાંય અત્યંત દૂર બેસીને તે સમસ્યાપૂર્વક પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એમની નાની કાયાના હિસાબે તે આટલું ભારે વિકિરણ શી રીતે કરતા હશે ?

બ્રહ્માંડમાં અનેક અદ્ભુત બનાવો બનવાનું હવે જાણવા મળ્યું છે. એક તારાવિશ્વ પોતાના દ્રવ્યનો અમુક હિસ્સો અવકાશમાં ફેંકી નવું તારાવિશ્વ રચે એમ માની શકાય ખરું ?

આપણે અગાઉ જોયું કે આપણા તારાવિશ્વ કેન્દ્રમાંથી ઈન્ફ્રારેડ ઊર્જાનો પ્રબળ ધોધ વહે છે. એ સિવાય ત્યાંથી રેડિયો અવાજ પણ આવે છે. મતલબ કે તે રેડિયો ઉદ્ગમ–સ્થાન છે. આ સિવાય આપણા વિશ્વ-કેન્દ્રમાંથી શિથિલ હાઈડ્રોજન બહાર ધસી આવતાં જણાયો છે. હકીકતમાં આ હાઈડ્રોજનની ઉત્પત્તિ આપણા નિયમોદ્વારા ન સચવાવી શકાનારી એક બીના છે. વિશ્વના કેન્દ્રમાં આટલો બધો હાઇડ્રોજન ઉત્પન્ન થાય શી રીતે ? હાઈડ્રોજનને વિશ્વો તેમ જ બ્રહ્માંડનું મૂળ ઉપાદાન ગણવામાં આવે છે. અત્યંત અધિક માત્રામાં હડસેલાઈ આવતા હાઈડ્રોજનને કોણ ઉત્પન્ન કરી ધકેલી રહ્યું હશે ?

પણ આ થઈ આપણા પોતાના વિશ્વની વાત.

કેટલાંક બીજાં વિશ્વોના હિસાબે ઉપર્યુક્ત ઉદ્ગારો સૌમ્ય પ્રકારના લેખાયા છે. M ૮૨ નામનું તારાવિશ્વ અને એનજીસી ૧૨૭૫ તારાવિશ્વ એમના કેન્દ્રમાંથી એટલું બધું દ્રવ્ય બહાર

ફેંકી રહ્યાં છે કે એ વડે નવું વિશ્વ રચાઈ શકે! M ૮૨નો દ્રવ્ય ફેંકવાનો સ્ફોટ એવો પ્રબળ છે કે એના થડકારનાં મોજાં એ તારાવિશ્વથી કેટલાંય પ્રકાશવર્ષ દૂર આવેલા M 81 નામના તારાવિશ્વ સુધી પહોંચતાં જણાયાં છે!

M 87 તારાવિશ્વ અંડાકાર વિશ્વ છે. એમાંથી બહાર ફેંકાયેલું દ્રવ્ય ૫૦૦૦ પ્રકાશવર્ષ લંબાઈવાળું છે. પ્રશ્ન થશે કે M 87 એ એક તારાવિશ્વ જેટલું દ્રવ્ય અવકાશમાં ઉસેટયું છે જરૂ?

M 87નો આકાર કાને પહેરવાના એરિંગ જેવો લાગે છે. પણ બીજા કેટલાંક તારાવિશ્વ એવાં છે કે તે એક યા બે નહીં પણ ત્રણ ચારની સંખ્યામાં અને દોરીમાં પરોવેલા મણકાની પેઠે આવેલાં દેખાય છે. મજેદાર વાત એ છે કે આ બધાં પૈકી એક તારાવિશ્વ મોટું હોય છે અને બીજાં નાનાં. આપણે કલ્પના કરી શકીએ ખરા કે મૂળ મોટા એક તારાવિશ્વમાંથી આ વિશ્વસમૂહ બન્યો હશે? પણ ત્યારે પ્રશ્ન થશે કે આવું બનવું સંભવિત છે ખરું? આપણું જ્ઞાન આનો ઉત્તર આપવા જેટલું પકવ થયું નથી એમ અત્યારે કબૂલ કરવું રહ્યું.

મંદાકિની વિશ્વમાં પલ્સાર (ધબકતા તારા) મળી આવે એને આપણે આશ્ચર્ય માનીએ છીએ. પણ એથી મોટું આશ્ચર્ય કોઈ તારાવિશ્વ પાસે ક્વેસાર હોવાનું છે. પણ ક્વેસાર અને તારાવિશ્વને શું લાગેવળગે? ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? અને છતાંય એ વળગણ એક હકીકત છે, અને તેને વિશેષે યશવતી બનાવે છે એનજીસી 7603 અને તેની નજદીકમાં આવેલા ક્વેસારનું જોડાણ. વાયુધુની વડે એ બંને જોડાયેલાં છે! આવા જોડાણનું કર્તૃત્વ શું હશે? અથવા એ દ્વારા કુદરત શું દર્શાવવા માગતી હશે એનો જવાબ શો આપવો?

આપણે ભલે કેટલીક બાબતોના ઉત્તર ન આપી શકીએ પણ શ્રદ્ધા રાખીએ કે જે કુદરત પોતાનો ઉન્મેષ અવનવી રીતે આપણી સમક્ષ પ્રકટાવતી રહે છે તે જ આપણને તેના વિષે સમજવાનું ભાથું પણ આપશે. હા, આપણે એમ કહેવું રહેશે કે આપણો પ્રયત્ન, હજીયે પણ, સીડીને પ્રથમ પગથિયે ઊભા રહી ઠેઠ ઉપર સુધી પહોંચવાનો છે.

# ડૉ. જિતેન્દ્ર જેટલી—એક શ્રદ્ધાંજલિ

**ભોગીલાલ જ. સાંડેસરા**

ભારતીય દર્શનોના વ્યુત્પન્ન વિદ્વાન અને સંશોધક તથા મારા પરમ સુહૃદ ડૉ. જિતેન્દ્ર સુન્દરલાલ જેટલીના, તા. ૨૬ સપ્ટેમ્બર ૧૯૭૨ના રોજ બપોરે ૧-૩૦ વાગ્યે દ્વારકા ખાતે ૫૬ વર્ષની વયે હૃદયરોગથી થયેલા અચાનક અવસાનની નોંધ લેતાં ભારે શોકની લાગણી અનુભવાય છે. આશરે પચીસ વર્ષ પહેલાં, અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગોમાં તેઓ અધ્યાપક તરીકે જોડાયા ત્યારે એ સાધુચરિત યુવાન પંડિતનો પ્રથમ પરિચય મને થયો, તે ઉત્તરોત્તર વધતો ગયો અને પરસ્પરના પ્રેમની કમાણી કરી અમે ગાઢ મિત્રો થયા. મૈત્રી અને વિદ્યાવ્યાસંગ જ્યાં એકત્વ પામે છે ત્યાં એનાં પરિણામો અતિમિષ્ટ અને મધુર હોય છે. ગુજરાત વિદ્યાસભામાં તે સમયે એકત્ર થયેલા યુવાન અધ્યાપકવૃન્દનો પારસ્પરિક સંબંધ એ પ્રકારનો હતો. પણ એ તો કંઈક અંગત વાત થઈ. વિદ્યાક્ષેત્રે ડૉ. જેટલીના પ્રદાનની જુદી વાત કરવાને બદલે તા. ૨૭ સપ્ટેમ્બર '૭૨ના રોજ વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરમાં મળેલી શોકસભાનો ઠરાવ અહીં ટાંકું છું:

વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચ્ય વિદ્યામન્દિર, સંસ્કૃત વિભાગ, સંસ્કૃત મહાવિદ્યાલય અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે પ્રાચ્ય વિદ્યામન્દિરમાં યોજાયેલી આ સભા સંસ્કૃતના પ્રતિષ્ઠિત અધ્યાપક અને સંશોધક વિદ્વાન તેમ જ ભારતીય તત્ત્વવિદ્યાના લબ્ધપ્રતિષ્ઠ અભ્યાસી અને વિવેચક તથા દ્વારકા શારદાપીઠના ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીના નિયામક ડૉ. જિતેન્દ્ર સુંદરલાલ જેટલીના અકાળ અવસાનથી અત્યંત આઘાત અને શોકની લાગણી અનુભવે છે. શુક્લતીર્થ ખાતે આર્યસમાજના ગુરુકુલમાં અને બનારસમાં સંન્યાસીના મઠમાં રહી અભ્યાસ કરેલો હોઈ ડૉ. જેટલીના જીવનમાં સાદાઈ અને નિરાડંબરતા ઓતપ્રોત થઈ ગઈ હતી.

વારાણસીની ક્વીન્સ કૉલેજમાંથી તેમણે ન્યાયાચાર્યની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી હતી અને ન્યાય-વૈશેષિક દર્શનોના સાહિત્યમાં જૈનોના ફાળા વિશે મહાનિબંધ લખી મુંબઈ વિશ્વવિદ્યાલયની પીએચ.ડી.ની પદવી સંપાદન કરી હતી. સાવંતવાડીની કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે પોતાની ઉજ્જવળ કારકિર્દીનો આરંભ કરી તેમણે અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગોમાં અધ્યાપક-સંશોધક તરીકે વર્ષો સુધી કામગીરી બજાવી હતી. ત્યાર પછી અમદાવાદની એચ.કે. આર્ટ્સ કૉલેજ અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃત વિદ્યામન્દિરમાં અધ્યાપક તરીકે તેમ જ અમદાવાદની ભક્ત વલ્લભ ધોળા કૉલેજના તથા ઉપલેટાની આર્ટ્સ અને કોમર્સ કૉલેજના આચાર્ય તરીકે કાર્ય કરી તેઓ દ્વારકામાં શ્રી શંકરાચાર્ય મહારાજ દ્વારા સ્થપાયેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીના નિયામક તરીકે છેલ્લાં કેટલાંક વર્ષોથી સેવા આપી રહ્યા હતા.

ન્યાય અને વૈશેષિક દર્શનના કેટલાયે ગ્રંથોનું સંપાદન તેમણે કરેલું છે. તેમનો છેલ્લો ગ્રંથ 'કિરણાવલી' ગાયકવાડ પ્રાચ્યવિદ્યા ગ્રંથમાળામાં ૧૯૭૧માં પ્રકાશિત થયો અને તે પછીના કેટલાક ગ્રંથો તૈયાર થઈ રહ્યા હતા.



ડૉ. જિતેન્દ્ર સુન્દરલાલ જેટલી

જન્મ :

તા. ૨૦-૬-૧૯૧૬

અવસાન :

તા. ૨૬-૯-૧૯૭૨

આધુનિક સંશોધનપદ્ધતિમાં પ્રાવીણ્ય સાથે ન્યાયાચાર્યની ઉચ્ચ પદવી ધરાવતા હોઈ પરંપરાગત પાંડિત્યમાં એમની પૂરી નિપુણતા હતી. અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદના જાદવપુર અધિવેશનમાં તત્ત્વવિદ્યા વિભાગના પ્રમુખ તરીકે તેમણે અતિ મનનીય આખ્યાન આપ્યું હતું. તેમના જીવન અને કાર્યમાં સ્થળે સ્થળે તેમનું મૌલિક ચિંતન પ્રગટ થતું હતું. તાર્કિક પદ્ધતિ આત્મસાત્ કરનાર ઉત્તમ વિચારક અને મૌલિક ચિંતક તરીકેની તેમની શક્તિનાં ઉદાહરણો એમના અનેક ગુજરાતી લેખોમાં મળે છે.

સારસ્વત બ્રાહ્મણ કુળમાં જન્મેલ આવા સરસ્વતીના એક પરમ ઉપાસકના અકાળ અવસાનથી વિદ્યાક્ષેત્રે આપણને ભારે ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા, એમના કુટુંબને આ અસહ્ય આઘાત સહન કરવાની શક્તિ અને એમના આત્માને સદ્ગતિ આપો એવી પ્રાર્થના !

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ ડૉ. જેટલીનો જીવનમંત્ર હતો. દરરોજ બ્રાહ્મમુહૂર્તમાં, આશરે સાડાત્રણ વાગ્યે નિરપવાદપણે તેઓ ઊઠતા તથા વાચન-લેખન-સંશોધનનાં કામમાં જોડાતા. આગમપ્રભાકર સદ્ગત મુનિશ્રી પુણ્યવિજયજી જેસલમેરના પ્રાચીન ગ્રન્થભંડારો તપાસવા માટે દોઢેક વર્ષ જેસલમેર રહ્યા હતા ત્યારે, સને ૧૯૫૦માં હું અને ડૉ. જેટલી જેસલમેર ગયા હતા અને ત્યાંથી પાછા વળતાં જોધપુર અને બીકાનેરના ગ્રન્થભંડારોનું પણ અવલોકન કર્યું હતું. ત્રણેક અઠવાડિયાંના એ પ્રવાસમાં ડૉ. જેટલીના સ્નિગ્ધ અને પરગજુ હૃદયનો પર્યાપ્ત પરિચય થયો હતો. ન્યાયશાસ્ત્રના તેઓ પારગામી વિદ્વાન હોઈ એ વિષયના ગ્રન્થોના અન્વેષણમાં સહાય માટે એ પછી પુણ્યવિજયજીએ છએક માસ માટે તેમને ખાસ જેસલમેર બોલાવ્યા હતા. સંશોધક તરીકેની તેમની યશસ્વી કારકિર્દીનો ત્યારથી આરંભ થયો એમ કહી શકાય.

સને ૧૯૪૯માં 'મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય-મંડળ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો' એ વિષય ઉપર ભો. જે. વિદ્યાભવનના તે સમયના અધ્યક્ષ પ્રો. રસિકલાલ છો. પરીખના માર્ગદર્શન નીચે હું પીએચ. ડી. માટેનો મહાનિબંધ તૈયાર કરતો હતો. વસ્તુપાલના માતૃપક્ષે કુલગુરુ નરચન્દ્રસૂરિએ રચેલા, શ્રીધરાચાર્યકૃત 'ન્યાયકન્દલી' ઉપરના ટિપ્પણના અધ્યયનમાં ડૉ. જેટલીએ મને દર્શનશાસ્ત્રી તરીકે કીમતી સહાય કરી હતી, અને ત્યાર પછી એ ટિપ્પણનું સંપાદન કરવા સાથે ન્યાય-વૈશેષિકમાં જૈન વિદ્વાનોએ આપેલા ફાળાની સંશોધનાત્મક સમીક્ષા કરીને તેમણે પણ મુ. રસિકભાઈની દોરવણી નીચે પીએચ.ડી.ની પદવી મેળવી હતી. પ્રશસ્તપાદ ભાષ્ય ઉપર ઉદયનાચાર્યકૃત 'કિરણાવલી'નું તેમનું સંપાદન ગયે વર્ષે જ ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રગટ થયું છે. નરચન્દ્રસૂરિકૃત ટિપ્પણ, શિડિલવૉમ્મિદેવકૃત ટીકા અને રાજશેખરસૂરિકૃત પંજિકા એ ત્રણ અપ્રગટ વિવરણો સહિત 'ન્યાયકન્દલી'નું નવીન સંપાદન આ સિરીઝ માટે તેઓ તૈયાર કરતા હતા, પણ આ મહત્ત્વનું કાર્ય પૂર્ણ થાય ત્યાર પહેલાં એમનું અવસાન થયું. ઉપાધ્યાયકૃત ક્ષમાકલ્યાણકૃત 'તર્કસંગ્રહ ફક્કિકા'નું તેમનું સંપાદન રાજસ્થાન પુરાતન ગ્રન્થ-માલામાં તથા શિવાદિત્યકૃત 'સપ્તપદાર્થી'નું જિનવર્ધનગણિકૃત વ્યાખ્યા સહિત સંપાદન લા. દ. ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થયેલ છે. આ સર્વ સંપાદનોના પાઠનિર્ણયમાં તથા એની અભ્યાસ-પૂર્ણ પ્રસ્તાવનાઓમાં એમની ચિકિત્સક દૃષ્ટિ પ્રગટ થાય છે. જાદવપુર ખાતે પ્રાચ્યવિદ્યા પરિષદના તત્ત્વવિદ્યા વિભાગના પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાં, પ્રાચ્યવિદ્યા પરિષદની વિવિધ બેઠકોમાં રજૂ કરેલા નિબંધોમાં, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરમાં વીઝીટિંગ પ્રોફેસર તરીકે તા. ૯ ફેબ્રુઆરી ૧૯૬૫ના રોજ આપેલા 'ભારતીય દર્શનોમાં આત્માનું સ્વરૂપ' એ વિષય ઉપરના

વ્યાખ્યાનમાં ('સ્વાધ્યાય,' પુ. ૨, અંક ૪, પૃ. ૩૯૦-૪૦૨) તથા 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ,' 'બૉમ્બે યુનિવર્સિટી જર્નલ,' 'શારદાપીઠપ્રદીપ,' 'બુદ્ધિપ્રકાશ,' 'આત્માનંદપ્રકાશ' આદિ સામયિકોમાં છપાયેલા અનેક અંગ્રેજી–ગુજરાતી લેખોમાં ડૉ. જેટલીની ન્યાયપરિષ્કૃત અને તર્કબદ્ધ મૌલિક વિચારસરણિ અભિવ્યક્ત થાય છે. પણ પ્રકૃતિથી જ એક સ્નેહાર્દ્ર અને ઊર્મિપ્રાણિત સજ્જન હોઈ તેઓ જીવનમાં કદી પણ તર્કકર્કશ કે ન્યાયનિષ્ઠુર નહોતા. તેઓ ખરા અર્થમાં ન્યાયાચાર્ય હતા—ન્યાયવિદ્યા તેમણે પચાવી હતી, આત્મસાત્ કરી હતી.

દ્વારકા ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીમાં કેટલાંક વર્ષ થયાં તેઓ નિયામક હતા. સંસ્થાનું સંશોધનાત્મક મુખપત્ર 'શારદાપીઠપ્રદીપ' પ્રગટ કરવા ઉપરાંત શિક્ષણ અને સંશોધનનાં કાર્યો તેમણે સંયોજિત કર્યાં હતાં, પુસ્તકાલય સમૃદ્ધ બનાવ્યું હતું અને કેટલાંક સારાં દાન મેળવ્યાં હતાં. સંસ્થાના કાર્યવાહક પૂજ્ય શ્રી શંકરાચાર્ય મહારાજ અને પૂજ્ય શ્રી કલ્યાણરાય જોષીનું ડૉ. જેટલીને પૂરું પ્રોત્સાહન હોઈ તેમની રાહબરી નીચે દ્વારકાની આ સંસ્થા થોડાંક વર્ષમાં ભારતની એક અગ્રગણ્ય સંશોધન-સંસ્થા બની હોત. પણ ઈશ્વરની ઇચ્છા આગળ આપણે સૌ નિરુપાય છીએ.

પ્રાચીન કાળના ગુરુઓનો આદર્શ ડૉ. જેટલીએ ચરિતાર્થ કર્યો હતો એમ કહેવામાં મુદ્દલ અત્યુક્તિ નથી. વિદ્યાદાન આપવામાં કે લેવામાં જીવનમાં કહેવાતા મોભાનો ખ્યાલ તેમને કદી આડે આવતો નહિ. કોઈ પણ કામને તેઓ કદી હલકું ગણતા નહોતા એનો અનુભવ એમના સંપર્કમાં આવનાર પ્રત્યેકને થતો. સ્વભાવ એમનો લાગણીપ્રધાન હતો, પણ એમના ચિત્તમાં ક્યાંય કટુતા નહોતી. જે અલ્પસાધન વિદ્યાર્થીઓ પોતાના સંપર્કમાં આવ્યા હોય એમને વિવિધ પ્રકારે સહાય કરવી, પોતાને ઘેર રાખી એમને ભણાવવા અને મર્યાદિત આવકમાંથી પણ ગુપ્ત દાનનો પ્રવાહ ચાલુ રાખવો એ ડૉ. જેટલીની આયુષ્યભરની વિશેષતા હતી. દરેક મહિને, પગારના દિવસે જ અમુક મનીઑર્ડર્સ તેમના તરફથી નિયમિત રીતે રવાના થતા. बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः એ જૂની ઉક્તિ વધુ ને વધુ બંધબેસતી જણાય છે એવા જમાનામાં આ સંતકોટીના અધ્યાપકની શ્રદ્ધા ઉદાહરણરૂપ છે.

સ્વાધ્યાયપ્રવણ ઋજુ જીવનચર્યા, પરંપરાગત સર્વોચ્ચ પાંડિત્ય અને આધુનિક સંશોધન-પદ્ધતિનો સમન્વય સાધનાર ડૉ. જેટલીની તેજસ્વી પરંપરા એમના મિત્રો, સહકાર્યકરો અને વિદ્યાર્થીઓમાં અવિચ્છિન્ન રહો એ પરમાત્માને પ્રાર્થના !

# ગ્રન્થાવલોકન

**ભારતીય પુરાતત્ત્વ :** પુરાતત્ત્વાચાર્ય મુનિ જિનવિજય અભિનન્દન ગ્રન્થ : સંપાદક શ્રી જવાહિરલાલ જૈન અને બીજા આઠ વિદ્વાનો; પ્રકાશક શ્રી મુનિ જિનવિજય સમ્માન સમિતિ, કિશોર નિવાસ, ત્રિપોલિયા બજાર, જયપુર-૨ (રાજસ્થાન); ૧૯૭૧. પૃષ્ઠ ૮+૨૪+૪૨+૩૫૦+ છબિફલકો ૨૫; ૨૩.૫×૧૮.૫ સેં.મિ.; કીંમત રૂ. ૨૫-૦૦.

આચાર્ય જિનવિજયજી એટલે ભારતીય પુરાતત્ત્વના સંશોધનમાં પોતાનું સમગ્ર જીવન અર્પનાર આજન્મ વિદ્યોપાસક, પુરાતત્ત્વવેત્તાઓમાં તેમ જ પ્રાચ્યવિદ્યાપ્રેમીઓમાં વિશ્વવિશ્રુત વિરલ વિભૂતિ. અનેક શુભ હેતુલક્ષી ક્રાન્તિદર્શક પરિવર્તનોથી દેદીપ્યમાન એમના જીવનનાં પંચોતેર વર્ષ ઈ. સ. ૧૯૬૩માં પૂરાં થયાં. તે પ્રસંગે તેમનો અમૃતમહોત્સવ ઉજવવાનો તથા તે નિમિત્તે એક અભિનન્દન ગ્રન્થ અર્પણ કરવાનો સમુચિત નિર્ણય કરવામાં આવેલો. પરન્તુ તે પછી ખાસ્સાં આઠ વર્ષ વીત્યાં. છતાં આટલો મોડો પણ આચાર્યશ્રીનાં વ્યક્તિત્વ તથા સેવાઓ પરત્વેનાં સમ્માન તથા શ્લાઘારૂપે આ અભિનન્દન ગ્રન્થ પ્રકટ થયો તે સંતોષનીવાત છે. વ્યક્તિ સમાજસેવાનું કાર્ય નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થ ભાવે કરે, પણ સમાજ એ સેવાનો કૃતજ્ઞતાપૂર્વક આદર કરે એમાં જ વ્યક્તિનો વિકાસ અને સમાજની સમૃદ્ધિ ગણાય.

પં. દલસુખભાઈ માલવણિયાએ પોતાના 'પ્રાસ્તાવિક'માં સાચું જ કહ્યું છે કે "આચાર્યશ્રી જિનવિજયજીનું જે નામ અને કાર્ય વિદ્વજ્જગતમાં છે તેને અનુરૂપ આ અભિનન્દન ગ્રન્થ બન્યો નથી." તથાપિ જે લેખસામગ્રી આ ગ્રન્થમાં પ્રકટ થઈ છે તે બહુમૂલ્ય હોવાથી ગ્રન્થ ઘણો ઉપયોગી નીવડશે એમાં શંકા નથી; કેમ કે આચાર્યશ્રી જિનવિજયજી વિષેના પ્રશસ્તિલેખો ઉપરાન્ત તેમના તરફ આદરભાવ રાખનાર દેશવિદેશના વિદ્વાનોએ લખેલા ભારતીય દર્શન, મૂર્તિકલા, સંગીત, સાહિત્ય, પુરાતત્ત્વ વગેરે વિવિધ વિષયોના, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એ ત્રણે ભાષાઓમાં લખાયેલા, સ્થાયી મૂલ્ય ધરાવતા સંશોધનાત્મક લેખો તેમાં સમાવિષ્ટ થયા છે.

ગ્રન્થ ત્રણ ખણ્ડોમાં વહેંચાયેલો છે. ચોવીસ પૃષ્ઠનો પ્રથમ ખણ્ડ જીવનપરિચયનો છે, જેમાં ત્રણ લેખો છે. ત્રણેના વિષયો ભિન્ન રાખી પુનરુક્તિ ટાળવાનો પ્રયત્ન કરાયો છે. ૧૩ પૃષ્ઠના પ્રથમ લેખમાં શ્રી જવાહિરલાલ જૈને આચાર્યશ્રીના જીવનનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જે રાજસ્થાનમાં તેઓ જન્મ્યા અને જ્યાં અંતિમ જીવન વિતાવી રહ્યાં છે તે રાજસ્થાન માટે તેમણે શું શું કર્યું છે તેની વિગતો ૮ પૃષ્ઠના દ્વિતીય લેખમાં શ્રી ગોપાલ નારાયણ બહુરાએ આપી છે. ત્રણ પૃષ્ઠના તૃતીય લેખમાં શ્રી ઝાબરમલ શર્માએ મુનિશ્રીમાં રહેલી દૈવી સમ્પત્તિનાં પ્રકૃષ્ટ દર્શન કરાવનાર કેટલાક સુન્દર પ્રસંગોનું આલેખન કર્યું છે.

ચાલીસ પૃષ્ઠનો દ્વિતીય ખણ્ડ પ્રશસ્તિનો છે. તેમાં આવેલા આઠ લેખોમાંના પ્રથમ બેમાં પં. સુખલાલજીની અનુભવવાણી છે. પંડિતજીની તીવ્ર દૃષ્ટિ મુનિજીના સમગ્ર જીવનની પાછળ સંતાયેલી આન્તરિક જિજ્ઞાસા, ભાવના, અદમ્ય શક્તિને આબાદ રીતે શોધી કાઢે છે. કોઈ પણ

વ્યક્તિ વિષે તેના પોતાના શબ્દો દ્વારા જ કહેવું તે ઉત્કૃષ્ટ કોટિનું ચરિત્રચિત્રણ ગણાય. આ વિભાગનો સોળ પૃષ્ઠનો છઠ્ઠો લેખ આ પ્રકારનો છે. તેમાં શ્રી હજારીમલ બાંઠિયાએ મુનિશ્રીના પત્રોમાંથી ઉદ્ધરણો આપ્યાં છે, જેમાંથી ઊપસી આવતું તેમનું વ્યક્તિત્વ નિરાળી ભાત પાડે છે, અને લેખના લેખક તે અંગે કોઈ અભિપ્રાય રજૂ કરે તેના કરતાં વાચકને પોતાને આ પત્રોના અભ્યાસ દ્વારા મુનિશ્રીના વૈવિધ્ય અને વૈચિત્ર્યયુક્ત અને છતાં તદ્દન સાદા નિરાડંબર વ્યક્તિત્વનો સાક્ષાત્કાર કરવાની તક સાંપડી છે, જે ખૂબ જ આવકારપાત્ર છે.

તૃતીય ખણ્ડ સ્વાભાવિક રીતે જ સૌથી મોટો ખણ્ડ છે. ત્રણસો પચાસ પૃષ્ઠ ધરાવતો આ વિભાગ લેખસંગ્રહનો હોઈ તેમાં નવ અંગ્રેજી, એકવીસ હિન્દી અને ચાર ગુજરાતી લેખો રજૂ કરાયા છે.

કુવલયમાલાની ધાર્મિક પશ્ચાદ્ભૂ દર્શાવતો ડૉ. એ. એન્. ઉપાધ્યેલિખિત પ્રથમ અંગ્રેજી લેખ વિશદ અને અભ્યાસયુક્ત છે. આવા ગ્રન્થોમાંથી પણ સમકાલીન સામાજિક પરિસ્થિતિ આદિ પર કેટલો બધો પ્રકાશ પડી શકે છે તે પણ એમાં નિર્દિષ્ટ થાય છે. અન્ય ગ્રન્થોનો એવો અભ્યાસ સંસ્કૃતિપોષક બને એ રીતે આ અભ્યાસપૂર્ણ લેખ માર્ગદર્શક બની રહે છે.

જર્મન વિદ્વાન્ ડૉ. આલ્સડૉર્ફનો અંગ્રેજી લેખ સબળ દલીલો દ્વારા અતિપ્રાચીન સમયથી નષ્ટ થયેલા મનાતા જૈનશાસનના બારમા અંગ દૃષ્ટિવાદના વસ્તુવિષય વિષે માહિતી આપે છે. 'આવશ્યકચૂર્ણિ'માંથી લાંબું ઉદ્ધરણ આપી તેઓ આ અંગેની પ્રચલિત માન્યતાનું નિરસન કરે છે.

શ્રી પી. વી. બાપટના એક જ પૃષ્ઠના અંગ્રેજી લેખમાં મજ્ઝિમનિકાયના અસ્સલાયનસુત્ત, તેના ટીકાકાર બુદ્ધઘોષ, મનુસ્મૃતિ વગેરેનો આધાર આપી પ્રતિપાદિત કર્યું છે કે બુદ્ધઘોષના સમય સુધીમાં પારસક નામનો પંચમ વર્ણ સ્વીકારાયેલો, જે બ્રાહ્મણ તથા ક્ષત્રિયના અનુલોમ તેમ જ પ્રતિલોમ લગ્નમાંથી ઉત્પન્ન થયેલ હતો. લેખકના મત પ્રમાણે મૂળ શબ્દ 'પારસવ' હોવો જોઈએ, કેમ કે તે જ ધર્મશાસ્ત્રના પ્રાચીન ગ્રન્થોમાં મળે છે.

પ્રા. આર્. પી. કાંગલેનો અંગ્રેજી લેખ બહુ સુન્દર માહિતીપૂર્ણ લેખ છે. તેમાં કૌટિલ્યે 'અર્થશાસ્ત્ર'માં આપેલી યુદ્ધની તૈયારી વગેરેની વિગતો ઝીણવટપૂર્વક પદ્ધતિસર રીતે રજૂ કરીને છેવટે જણાવેલું છે કે ૧૯૬૨ના ચીન સાથેના ભારતના યુદ્ધ સમયે એમ કહેવાતું કે, માઓ ત્સે તુંગ ઉપર સુન ત્ઝુના 'ધ આર્ટ ઑફ વૉર'—'યુદ્ધકળા'–નામક ગ્રન્થની ઘેરી અસર છે. આ ચીની કર્તા પ્રાયઃ કૌટિલ્યના સમકાલીન હતા, પણ 'અર્થશાસ્ત્ર'ના જેટલી સૂક્ષ્મતા તેની વિગતોમાં નથી. આથી લેખક સૂચવે છે કે કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નો અભ્યાસ આપણા સેનાનાયકોએ કર્યો હોય તો તે બહુ સહાયભૂત નીવડે. આ સૂચન સમુચિત છે એટલું જ નહિ, પરન્તુ અત્યન્ત મહત્ત્વપૂર્ણ છે.

ડૉ. ઉમાકાન્ત શાહના પાંત્રીસ પૃષ્ઠના જૈન મૂર્તિશાસ્ત્રનું સંક્ષિપ્ત સિંહાવલોકન કરતા અંગ્રેજી લેખમાં વિષયનાં સર્વ પાર્શ્વોની આમૂલ વિશદ છણાવટ કરી હોઈ તે અત્યન્ત માહિતીપૂર્ણ અને ઉપયોગી બની ગયો છે. કોઈ વિગત રહી ન જાય તેની ચીવટ આ લેખમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. અને મૂર્તિશાસ્ત્રની સૂક્ષ્મ વિગતો સિદ્ધહસ્ત લેખકને જૈન ધર્મ તથા તત્ત્વજ્ઞાનના

ઊંડાણમાં સ્વભાવિકતયા દોરી જાય છે, જે તેમની સૂક્ષ્મેક્ષિકાની પ્રતીતિ કરાવે છે. આવા બૃહદ્ વિષયનું આ કક્ષાનું સિંહાવલોકન તો જેને એ વિષય હસ્તામલકવત્ હોય તે જ કરી શકે. વિષયના ગામ્ભીર્યને અનુરૂપ એવી ભાષાની પ્રૌઢિ પણ આ લેખને અધિક દેદીપ્યમાન બનાવે છે.

શ્રી જુગલકિશોર મુખ્તાર 'યુગવીર'ના હિન્દી લેખમાં સમાધિમરણ અર્થાત્ સલ્લેખના વિષે વિશદ વિવેચન કરેલું છે. ઉચિત ઉદ્ધરણોથી સમૃદ્ધ આ લેખને અન્તે લેખક મરનારના સાંનિધ્યમાં રોકકળ ન કરવા આગ્રહ કરે છે.

'કબીર ઔર મરણતત્ત્વ' એ હિન્દી લેખમાં ડૉ. કન્હૈયાલાલ સહલ પુષ્કળ ઉદ્ધરણો આપી સમજાવે છે કે કબીર મરણને ઉત્સવ માને છે, કામ્ય-સ્પૃહણીય ગણે છે. "આવો ભાવ તેમની પૂર્વેના સાહિત્યમાં—સંસ્કૃત સાહિત્યમાં પણ—નથી" એવા તેમના વિધાનની સામે ઉપનિષદ્‌નાં 'मृत्योर्मा अमृतं गमय' જેવાં શ્રુતિવાક્યો અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના 'सोऽमृतत्वाय कल्पते' (૨.૧૫), 'हतो वा प्राप्स्यसि स्वर्गम्' (૨.૩૭) જેવાં સ્મૃતિવાક્યો ધરવાં જોઈએ. મૃત્યુ એ તો દેહનો ધર્મ છે, જ્યારે અમરત્વ એ આત્માનો ધર્મ છે. મહિમા તો એ આત્માનો જ ગવાય, દેહનો કે તેના સ્થૂલ ધર્મનો નહિ. વાસ્તવિક રીતે તો નિજ સ્વરૂપની ઉપલબ્ધિ એ જ અમરત્વ છે. આત્માને જન્મ-મરણ ન હોવાથી અમૃતત્વને પહોંચેલા મનુષ્યો ધર્મસ્થાપન કરવા માટે ફરી ફરી દેહ ધારણ કરે છે તથા દેહોત્સર્ગ કરે છે, તેઓ જન્મતા કે મરતા નથી.

ગીતાના ભગવાને આ અર્થમાં જ કહ્યું છે કે 'बहूनि मे व्यतीतानि जन्मानि तव चाऽर्जुन ।' (૪.૫) અને 'न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।' (૨.૧૨). વળી 'हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्' (૨.૩૭) એ અમર આશાવાદ—Optimism—આપણી સંસ્કૃતિ માટે નવો છે જ નહિ. અને કબીર વગેરે સન્તો જે મરણની વાત કરે છે તે પ્રતીકાત્મક છે, જેમાં શરીરનું નહિ પણ ભૌતિક વાસનાઓનું—અહંકારનું—મરણ છે, એવી સ્પષ્ટ પ્રતીતિ તો ડૉ. સહલને પણ થઈ ગઈ છે તે ઉચિત અને યથાર્થ છે.

ડૉ. દેવેન્દ્રકુમાર શાસ્ત્રીના હિન્દી લેખમાં જૈન ધર્મની પ્રાચીનતા પ્રતિપાદિત કરવા માટે સારા પ્રમાણમાં ઉદ્ધરણો આપ્યાં છે, પરન્તુ કેટલેક સ્થળે ઉલ્લેખો અપૂર્ણ છે. તેમણે અહિંસા, આત્માસ્તિત્વ પુનર્જન્મ, કર્મ તથા સ્યાદ્વાદ એ જૈન ધર્મના ચાર પ્રધાન સિદ્ધાન્તોને સારી રીતે સમજાવ્યા છે.

ડૉ. ભોગીલાલ સાંડેસરાનો હિન્દી લેખ 'ગુજરાત મેં રચિત કતિપય દિગંબર જૈન ગ્રન્થ' સંપૂર્ણતયા વિગતપૂર્ણ અને બિલકુલ મુદ્દાસર હોઈ આ અભિનન્દનગ્રન્થના લેખોમાં અનેરી ભાત પાડે છે. જે થોડા દિગમ્બર જૈન ગ્રન્થો પ્રકાશમાં આવ્યા છે તે પ્રાચીન અને વિરલ હોઈ ગુજરાતના સમગ્ર જૈન સાહિત્યના ઇતિહાસની દૃષ્ટિએ અતિ મહત્ત્વપૂર્ણ છે એટલું જ નહિ, પણ એ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ ઉપર પણ સારો પ્રકાશ ફેંકે છે એ હકીકત આ લેખ દ્વારા પ્રતિપાદિત થાય છે. તેમાં સાહિત્યિક તથા ઐતિહાસિક સંશોધન ઉપરાન્ત સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય દૃષ્ટિઓનો જે સુમેળ સધાયો છે તેવો બહુ ઓછાં લખાણોમાં દૃષ્ટિગોચર થાય છે.

'જૈન આગમ–ઔપપાતિક સૂત્ર કા સાંસ્કૃતિક અધ્યયન' એ હિન્દી લેખમાં શ્રી અગરચંદ નાહટા અલગ અલગ ગ્રન્થોના વિવેચનપૂર્વક એવું પુરવાર કરે છે કે જૈન આગમ ગ્રન્થોમાંથી પુષ્કળ સાંસ્કૃતિક માહિતી પ્રાપ્ત થાય છે.

સ્વ. વાસુદેવ શરણુ અગ્રવાલના 'ભારતીય કલા કે મુખ્ય તત્ત્વ' એ લેખમાં સંક્ષેપમાં સર્વ પાર્શ્વોની સુન્દર છણાવટ કરવામાં આવી છે.

આ ગ્રન્થમાં ગુજરાતી લેખો પણ દેવનાગરી લિપિમાં જ છપાયા છે.

ડૉ. એસ્તેરે એ. સોલોમનના ગુજરાતી લેખ 'વિતણ્ડા'માં પણ મુદ્દાસર તાત્ત્વિક ચર્ચા આપેલી છે. ડૉ. છોટુભાઈ ર. નાયકના માહિતીસભર ગુજરાતી લેખમાં જહાંગીરના જીવનના અજ્ઞાત પ્રસંગો આલેખ્યા છે અને શીખગુરુ અર્જુનદેવને થયેલ ક્રૂર અન્યાયને બાદ કરતાં જહાંગીરના પવિત્ર પુરુષો પ્રત્યેના આદરનું પ્રમાણપુરઃસર નિરૂપણ કરેલું છે. શ્રી મ. સ. મહેન્દલેના ગુજરાતી લેખમાં "सत्यमेव जयते नानृतम्" એ ઉપનિષદ્વાક્યમાં સામાન્ય રીતે 'સત્ય'ને કર્તા બનાવીને જે અર્થ કરાય છે તે બરાબર નથી એવું, ઉદ્ધરણો આપી, પ્રતિપાદિત કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કરાયો છે. પરન્તુ એ અત્યન્ત કઢંગી હાસ્યાસ્પદ ગુજરાતી ભાષામાં રજૂ કરાયો છે. ભાષા એટલી ખોટી છે કે તેના આવરણમાં લેખની મહત્ત્વપૂર્ણ વિવક્ષા વિશદતા ગુમાવી બેસે છે, બે-ત્રણ નમૂના જોઈએ :

"અને બાવીસમા અક્ષરે આદિત્યમી જે પર છે તે મલે છે..." (પૃ. ૩૪૮, પંક્તિ ૧૮);

"હેર્ટલના માનવા પ્રમાણે તો આ શ્લોકના પહેલા પદમાં શેવટનું અક્ષર નીકલી ગયું છે." (પૃ. ૩૪૯, પંક્તિ ૨૧-૨૧);

"એમ કર્યું હોયતો 'સઃ' એ કર્તા અને 'સત્ય' એ કર્મ એ ચો કરવી વાત છે." (પૃ. ૩૪૯; પંક્તિ ૨૩);

"સત્યમેવ જયતે નો જે અર્થ અમે બતાવવામાં આવ્યો છે તે વિશે શક રહી શકે નથી." (પૃ. ૩૫૦; પંક્તિ ૧૫-૧૬).

મરાઠી, હિન્દી અને ગુજરાતીના શંભુમેળામાંથી જાણે આ ભાષા બની છે! ઉપરિનિર્દિષ્ટ અન્ય ગુજરાતી લેખોમાં પણ અસહ્ય મુદ્રણદોષો છે.

વળી આ વિભાગના ત્રણે ભાષામાં લખાયેલા આ સઘળા લેખોનો કોઈ સિદ્ધાન્તથી નક્કી કરેલો ક્રમ રાખ્યો નથી. જો એવો કોઈ પણ ક્રમ ગોઠવ્યો હોત તો ગ્રન્થનું મૂલ્ય વધી જાત.

તથાપિ અનેક સંસ્થાઓને ઊભી કરનાર, ચલાવનાર અને સમૃદ્ધ કરનાર મુનિશ્રી પોતે જ એક જીવંત સંસ્થા બની જઈ અનેક વિદ્વાનોને માટે પ્રેરણારૂપ રહ્યા છે, અને એવી વિભૂતિના અભિનન્દન માટેનો આ ગ્રન્થ કંઈક મોડો અને મોળો હોવા છતાં ઉપર દર્શાવેલ તથા બીજાં અનેક સત્તત્ત્વોને કારણે આવકાર્ય છે અને તેના યોજકો અભિનન્દનને પાત્ર છે.

જયન્ત ઠાકર

* * *

**ગુજરાત કે સન્તોંકી હિન્દી વાણી :** સંપાદક : ડૉ. અમ્બાશંકર નાગર, સહયોગી સંપાદક ડૉ. રમણલાલ પાઠક; **પ્રકાશક :** ગુર્જર ભારતી, દુધિયા બિલ્ડીંગ, ગાંધી રોડ, અમદાવાદ-૧. ઈ. સ. ૧૯૬૯; પૃ. ૧૮+૪૮૪, કિંમત રૂ. ૪૦=૦૦ પૈ.

હિન્દી ભાષામાં થયેલું આ ગ્રંથનું પ્રકાશન ભારતભરના સન્તસાહિત્યના ઉપાસકો માટે એક નવું જ સીમાચિહ્ન બની રહે છે.

આ ગ્રન્થનું સંપાદન ડૉ. અંબાશંકર નાગર અને ડૉ. રમણલાલ પાઠકે બહુ ખંતથી કર્યું છે. ગુજરાતના એકાવન સન્તોના જીવનનો પરિચય તેમ જ તેમની હિન્દી વાણીનો પરિચય કરાવવા માટે એ વાણીમાંથી નમૂના આપી, ગુજરાતના કેટલાક વિશિષ્ટ સંતોની હિન્દી વાણીનો આ ગ્રંથમાં સંક્ષિપ્ત છતાં સુરેખ પરિચય કરાવવામાં આવ્યો છે.

આ પુસ્તકનું પ્રકાશન ભારતભરના વિદ્વાનો, સંશોધકો તેમ જ ધર્મપ્રિય આમજનતા સર્વને એકસરખું ઉપયોગી નીવડશે.

ગુજરાતના પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ, નામી-અનામી એવા અનેક સન્તો જેમને વિષે આપણા વિદ્વાનોને ઓછીવત્તી ખબર હોય કે ન પણ હોય એવાઓમાંથી એકાવન સન્તોની અને તેમની વાણીની પિછાન આ ગ્રંથમાં મળી રહે છે અને એ રીતે આ દિશામાં કામ કરતા વિદ્વાનોને એક સંદર્ભ-ગ્રંથ તરીકે પણ આ ગ્રંથ ઉપયોગી થશે.

માત્ર ગ્રંથ જ નહીં, ગ્રંથની આગળ આપેલી 'ગુજરાત કે સન્તોં કી હિન્દી વાણી'ની 'ભૂમિકા' પણ સંપાદકોએ ભૂમિકાના પહેલા જ વાક્યમાં કરેલુ વિધાન કે 'ગુજરાત કી સન્ત પરંપરા ભારતીય સન્ત પરંપરા કી હિ અવિચ્છિન્ન કડી હૈ'—એ વિધાનમાં રહેલું સત્ય સમજવામાં એટલે કે ભારતભરના સન્તોની વાણીમાં રહેલી આત્માનુભવની એકવાક્યતા સમજવામાં વિદ્વાનોને ખૂબ જ ઉપયોગી થશે.

આ ગ્રંથનો અભ્યાસ કરતાં એની કેટલીક લાક્ષણિકતાઓ સહજ તરી આવે છે.

સન્તોની હારમાળા પસંદ કરી એમના જીવન અને એમની વાણીનો સાથે સાથે પરિચય કરાવવાનો આ પ્રથમ સન્નિષ્ઠ પ્રયત્ન છે.

આ ગ્રંથના સંપાદક ડૉ. નાગર ગુજરાતમાં પ્રવર્તમાન હિન્દી કાવ્યધારાનાં વિવિધ વહેણોનું છેલ્લાં લગભગ વીસેક વર્ષથી અધ્યયન કરતા આવ્યા છે, એ હકીકત 'સન્તવાણી'માંના એમના આ અંગેના અનેક લેખોમાં તરી આવે છે. ડૉ. પાઠકે પણ ગુજરાતના પ્રખર સન્તકવિ અખાની હિન્દી વાણીનું ઊંડું અધ્યયન કર્યું છે અને એ રીતે આ ગ્રંથનું સંપાદન આ ક્ષેત્રના અધિકારી વિદ્વાનોએ કર્યું છે, એ પણ નિઃશંક છે.

સન્તોની વાણીના અધ્યયન અને સંપાદન પ્રત્યે ઉપેક્ષા સેવાય છે, પરંતુ પ્રસ્તુત ગ્રંથનું અવલોકન કરતાં સહજ જ સ્પષ્ટ થશે કે ગુજરાતના સન્તોની હિન્દી વાણી ભાવસૌન્દર્યની સાથે સાથે ભાષા, છંદ, અલંકાર, શબ્દશક્તિ—આ સર્વની દૃષ્ટિએ કેટલી સુંદર અને સમર્થ છે. એટલું જ નહીં, ભારતના કોઈ પણ ખૂણે થયેલા પ્રખર સંતની વાણીની હરોળમાં મૂકી શકાય એટલી ગુણવત્તાવાળી અને સમર્થ છે.

અત્યારના મોંઘવારીના જમાનામાં આ પુસ્તકનું ચાળીસ રૂપિયા મૂલ્ય સામાન્ય માનવી માટે ઘણું વધારે છે અને આ પુસ્તકની સસ્તી આવૃત્તિ ભવિષ્યમાં થાય એ કરવાની ખાસ જરૂર છે.

છેલ્લે, સંપાદકોને ઉદ્દેશીને એટલું સૂચન કરું છું કે ગુજરાતના, હિન્દીમાં પોતાના આત્માનુભવનો આવિષ્કાર કરનાર આ એકાવન કરતાં વિશેષ એવા ઘણા બધા સન્તો મળી આવશે, અને એ દિશામાં આ અંગે પ્રયત્ન કરવામાં આવશે તો જ સંપાદકોએ આ દિશામાં કરેલા અભ્યાસનો તેમ જ પ્રકાશનનો પરિશ્રમ અધિક અંશે સફળતા પ્રાપ્ત કરશે.

**યો. જ. ત્રિપાઠી**

* * *

**દયારામ-રસધારા, ધારા ૧ :** સંપાદકો : કેશવરામ કા. શાસ્ત્રી અને જીવનલાલ છ. જોષી; પ્રકાશક : ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ; પૃ. ૧૪૪ + ૧૬; મૂલ્ય ચાર રૂપિયા.

ભક્તકવિશ્રી દયારામની તમામ કૃતિઓની પ્રામાણિક વાચનાઓ આપવાના પ્રશસ્ય પ્રયત્નના પ્રથમ પુષ્પ તરીકે આ પુસ્તક ગયે વર્ષે પ્રગટ થયું છે. એમાં વૃત્રાસુરનું આખ્યાન, અજામિલાખ્યાન, રાસપંચાધ્યાયીનો ગરબો, પ્રેમરસગીતા, દાણુરસચાતુરીનો ગરબો અને રસિયાજીના મહિના એટલી કૃતિઓ છે. છેલ્લે, ઉપયોગમાં લેવાયેલી વિવિધ હસ્તપ્રતોમાંથી પાઠાન્તર આપ્યાં છે.

દયારામની રચનાઓ વિપુલ છે, પણ તેમાંથી થોડીકની જ શાસ્ત્રીય વાચનાઓ આ પહેલાં થઈ છે, એ દૃષ્ટિએ પ્રસ્તુત યોજના આવકારપાત્ર છે. બંને સંપાદકો દયારામના વિશિષ્ટ અભ્યાસીઓ છે એટલું જ નહિ, કવિની તમામ મૂલ હસ્તપ્રતો તેમને સુલભ છે. આ પ્રથમ ધારાનું પ્રકાશન ગયે વર્ષે દયારામની ૧૯૪મી જયંતીના માંગલિક પ્રસંગે એમની નિવાસભૂમિ ડભોઈમાં થયું હતું. સંપાદકો લખે છે : "અમને શ્રદ્ધા છે કે કવિશ્રીની ૨૦૦મી જન્મજયંતી ઉજવાશે ત્યાં સુધીમાં મોટા ભાગની ધારાઓ પ્રસિદ્ધ થઈ ચૂકી હશે." સંપાદકોની કાર્યક્ષમતા અને ઉત્સાહ તથા પ્રકાશક સંસ્થાની જાગરૂકતા આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ નિશ્ચિત સમયમર્યાદામાં પાર પાડશે એવી આશા અવશ્ય રાખી શકાય. દયારામ જેવા કવિની મોટા ભાગની કૃતિઓની શાસ્ત્રીય વાચનાઓ એક જ ગ્રન્થમાળામાં નિશ્ચિત ધોરણે સુલભ થાય એ લાભ ગુજરાતી ભાષા-સાહિત્યને નાનોસૂનો નથી.

આ ગ્રન્થમાળા કવિની ગુજરાતી કૃતિઓ માટે છે. એમની વ્રજભાષામાં રચાયેલી તમામ કૃતિઓને પ્રસિદ્ધ કરવાની યોજના ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગ દ્વારા તાજેતરમાં થઈ હોવાનું જાણવા મળ્યું છે. પરસ્પરની પૂરક એવી આ બંને પ્રકાશન-યોજનાઓની આપણે સફળતા ઇચ્છીએ !

**ભોગીલાલ જ. સાંડેસરા**

* * *

**દશમ સ્કંધ-૨** [ખંડ ૨ : अध्याय २९-५३ : કડવાં ૮૦થી ૧૬૯]: સંપાદક: શ્રી ઉમાશંકર જોશી અને ડૉ. હરિવલ્લભ ભાયાણી; **પ્રકાશક**: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૬૬; પૃ. ૩૪૪ + ૧૮; મૂલ્ય સવા પાંચ રૂપિયા.

'સ્વાધ્યાય,' પુ. ૪, અંક ૩માં 'દશમસ્કંધ-૧'ના અવલોકનમાં લખાયું હતું: "આ અનવદ્ય સંપાદન માટે વિદ્વાન સંપાદકોને ગુજરાતી સાહિત્યરસિકોના ધન્યવાદ ઘટે છે. દશમ સ્કંધનો બીજો ખંડ—પ્રેમાનંદ તેમ જ સુન્દર મેવાડાકૃત—સંપાદકો વહેલી તકે પ્રગટ કરે એવી આશા રાખીએ."

એ આશા ફળીભૂત થતી જાય છે. પ્રસ્તુત દશમસ્કન્ધના કુલ ૯૦ અધ્યાય છે. એમાંથી અધ્યાય ૧-૨૮નો પ્રથમ ખંડ ગુજરાત યુનિવર્સિટીએ ૧૯૬૬માં પ્રગટ કર્યો હતો; ૨૯થી ૫૩ સુધીના અધ્યાય આ બીજા ખંડ તરીકે તાજેતરમાં પ્રકાશિત થયા છે. 'દશમસ્કન્ધની કવિતા' એ મિતાક્ષરી લેખ પ્રથમ ખંડના પુરોવચન તરીકે પ્રગટ થયો હતો તે અહીં પુનર્મુદ્રિત કરવામાં આવ્યો છે. પ્રથમ ખંડમાં અપાયેલ સંક્ષિપ્ત ટિપ્પણો અને સાથે શબ્દસૂચિની પદ્ધતિ પણ અહીં ચાલુ રહી છે. એના સંપાદનની શાસ્ત્રીયતાનું સાતત્ય અહીં જળવાયું છે.

ત્રીજો ખંડ હવે જલદી પ્રગટ કરીને સંપાદકો પ્રેમાનંદની આ સુદીર્ઘ આખ્યાનકૃતિનો સંપૂર્ણ સમીક્ષિત પાઠ વાચકોને સુલભ બનાવે એ અભ્યર્થના.

**ભોગીલાલ જ. સાંડેસરા**

* * *

## સાભાર સ્વીકાર

૧ **जय मातङ्गी**: લે. અને પ્ર. પુરુષોત્તમ રૂપજી ત્રિવેદી, ૧૨૩-ઈ, અમરેલી હાઉસ, ત્રીજે માળે, રૂમ નં. ૨૩, વી. પી. રોડ, મુંબઈ-૪; પૃ. ૭૨; અમૂલ્ય.

૨ **श्री सूर्योपासना**: સંપાદક પુરુષોત્તમ રૂપજી ત્રિવેદી; પૃ. ૫૭; અમૂલ્ય.

૩ **પરિચય ગ્રંથ-૧૯૭૨** (ખાદી વિકાસ સંઘ, અમદાવાદ; સં. ચીનુભાઈ ગી. શાહ વગેરે; પૃ. ૧૫+૮૬; મૂલ્ય રૂા. ૫=૦૦ પૈ.

૪ **પ્રભુપ્રસાદી** (ભક્તિગીતોનો સંગ્રહ); સં. રમણલાલ મગનલાલ દલાલ; પ્ર. ડૉ. નાગેન્દ્ર રમણલાલ દલાલ, શિવરત્ન, બાજવાડા, વડોદરા; પૃ. ૪૪; અમૂલ્ય.

૫ **सोमनाथमाहात्म्यम्**: રચનાર શાન્તિકુમાર જ. ભટ્ટ; પ્ર. રાજમાતા ઑફ નવાનગર શ્રીમતી ગુલાબકુંવરબા, મહેર એપાર્ટમેન્ટસ, મુંબઈ; પૃ. ૧૪૪; અમૂલ્ય.

૬ **વારસાવિજ્ઞાન**: લે. કાંતિલાલ એ. શાહ; પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૪૪; મૂલ્ય રૂા. ૧=૪૦ પૈ.

૭ **એ પનોતું એક વરસ**: લે. અને પ્ર. ભોગીલાલ ગાંધી; વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, રામજી મન્દિરની પોળ, વડોદરા-૧; પૃ. ૩૯૬; મૂલ્ય રૂા. ૧૦=૦૦ પૈ.

૮ **પાથેય:** લે. અને પ્ર. ઉપર મુજબ; પૃ. ૨૬૬; મૂલ્ય રૂા. ૭=૫૦ પૈ.

૯ **ઝંખના :** લે. ગોપાલ શાસ્ત્રી; પ્ર, મધુ પટેલ, ઉદય પ્રકાશન, બાજવાડા, વડોદરા; પૃ. ૧૧૫; મૂલ્ય રૂા. ૪=૦૦ પૈ.

૧૦ **ભારતીય સાહિત્ય મીમાંસા :** લે. બહેચરભાઈ ર. પટેલ; પ્ર. જયભારત પ્રકાશન, કલ્યાણભવન, તિલકમાર્ગ, અમદાવાદ; પૃ. ૨૦૩; મૂલ્ય રૂા. ૭=૦૦ પૈ.

૧૧ **ગુરૂવાણીસુધા :** સં. અને પ્ર. : ડૉ. રામચંદ્ર નારાયણદાસ પંડયા, નડિયાદ; પૃ. ૩૪૦; મૂલ્ય રૂા. ૬=૦૦ પૈ.

૧૨ **मन्थन-कर्ण-कृष्ण :** લે. ગણપતિ શંકર; પ્ર. પ્રજ્ઞા પ્રકાશન, પ્રભાસ પાટણ; પૃ. ૬+૨૬૬; મૂલ્ય રૂા. ૧૫=૦૦ પૈ.

૧૩ **ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો :** લે. પ્રભાશંકર રામશંકર તેરૈયા; પ્ર. બમ્બઈ હિંદી વિદ્યાપીઠ, મુંબઈ-૨૬; પૃ. ૧૮૮; મૂલ્ય રૂા. ૧૦=૦૦પૈ.

૧૪ **પ્રાયોગિક મનોવિજ્ઞાન :** લે. સી. ટી. ભોપટકર; પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯: પૃ. ૧૬+૬૭૨; મૂલ્ય રૂા. ૨૦=૦૦ પૈ.

૧૫ **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ :** ગ્રન્થ ૧-૨; સં. રસિકલાલ છો. પરીખ; પ્ર. ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯; ભાગ-૧ પૃ. ૨૪+૬૧૦+૩૦, અને ભાગ-૨ પૃ. ૩૬+૬૪૬+૩૬; દરેક ભાગનું મૂલ્ય રૂા. ૯=૭૫ પૈ.

૧૬ **ગુજરાત દર્શન—૧ (સાહિત્ય ૧-૨) :** સં. અનંતરાય રાવળ તથા બીજા અનેક; પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર; પૃ. ૨૮૮+૧૬ તથા પૃ. ૩૬૮+૪૮; દરેક ભાગનું મૂલ્ય રૂા. ૨૦=૦૦ પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૧૦ : અંક ૧ નવેમ્બર ૧૯૭૨
દીપોત્સવી વિ. સં. ૨૦૨૮

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. રામવનવાસની ભૂગોળ અને લંકા—ઉમાકાન્ત પ્રે. શાહ ... ૧–૨૩
૨. તિરુરામેશ્વરમ્—મધુસૂદન ઢાંકી ... ૨૪–૨૭
૩. નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ—જેઠાલાલ ત્રિવેદી ... ૨૮–૩૯
૪. માણિક્યવિજયકૃત નેમ-રાજિમતી બારમાસા—શિવલાલ જેસલપુરા ... ૪૦–૫૬
૫. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીકૃત 'સુદામાખ્યાન'—લવકુમાર મહેન્દ્રકુમાર દેસાઈ ૫૭–૬૬
૬. નિરંજન ભગતની કાવ્યશૈલી—એક ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિ—યોગેન્દ્ર વ્યાસ... ૬૭–૭૩
૭. તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ
—રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી... ૭૪–૯૪
૮. વાઘેલાકાલીન ગુજરાતના રાજતંત્રનાં વિવિધ ખાતાં
—નવીનચંદ્ર આચાર્ય ... ૯૫–૧૦૩
૯. 'આસણી કોટ્ટ'ના સ્થાનનો નિર્ણય—અગરચંદ નાહટા ... ૧૦૪–૧૦૫
૧૦. ખંભાતનો ઈ. સ. ૧૨૧૮નો એક અરબી લેખ
—ઝિયાઉદ્દીન એ. દેસાઈ ... ૧૦૬–૧૧૩
૧૧. તાપી સાતમ : એક નોંધ—મૃદુલા હ. મહેતા ... ૧૧૪–૧૧૭
૧૨. નવોન્મેષશાળી અવકાશ—છોટુભાઈ સુથાર ... ૧૧૮–૧૨૫
૧૩. ડૉ. જિતેન્દ્ર જેટલી—એક શ્રદ્ધાંજલિ—ભોગીલાલ જ. સાંડેસરા ... ૧૨૬–૧૨૮
૧૪. ગ્રન્થાવલોકન :
૧. ભારતીય પુરાતત્ત્વ ... ... ૧૨૯–૧૩૨
૨. ગુજરાતકે સન્તોકી હિન્દી વાણી ... ... ૧૩૩–૧૩૪
૩. દયારામ રસધારા : ધારા ૧ ... ... ૧૩૪
૪. દશમ સ્કંધ—૨ ... ... ૧૩૫
૫. સાભાર સ્વીકાર ... ... ૧૩૫–૧૩૬

# સાપુતારા

ગુજરાતનું નૂતન ગિરિનગર–સહ્યાદ્રિની ગિરિમાળા ઉપર

ડાંગ જિલ્લામાં હરિયાળી વનરાજિ અને આહ્‌લાદક શિખરોની મધ્યમાં
આવેલું ગિરિનગર

જાહેર જનતા માટે વિહારધામો, ડોરમેટરીઓ અને અન્ય આવાસોમાં
રહેવાની સગવડ મળે છે.

| | | |
|---|---|---|
| દરિયાની સપાટીથી ઊંચાઈ | ... | ૩,૨૭૦ ફૂટ |
| ઊંચામાં ઊંચું શિખર | ... | ૩,૭૦૦ ફૂટ |
| ગ્રીષ્મ ઋતુમાં વધુમાં વધુ ઉષ્ણતામાન | ... | ૮૦ ફેરનહીટ |
| વર્ષનો સરેરાશ વરસાદ | ... | ૧૦૦ ઇંચ |

| | | |
|---|---|---|
| અંતર : | પશ્ચિમ રેલવેના બિલીમોરા સ્ટેશનથી | ૭૦ માઈલ |
| | ડાંગ જિલ્લાના મથક આહવાથી | ૨૭ માઈલ |
| | નાસિકથી | ૫૧ માઈલ |

ગિરિનગર આવતા પ્રવાસીઓ માટે માહિતી કેન્દ્ર ઉપરાંત વાચનાલય, રમતગમતોનાં સાધનો વગેરેની પણ સગવડ છે.

**વધુ માહિતી માટે સંપર્ક સાધો :**

માહિતી નિયામક,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૮, સચિવાલય,
ગાંધીનગર પાસે,
**અમદાવાદ**
ફોન નં. : ૪૩૭–૪૩૯

ટુરીસ્ટ ઑફિસર,
એરલાઈન્સ બિલ્ડીંગ,
રૂપાલી સિનેમા સામે,
લાલ દરવાજા,
**અમદાવાદ**
ફોન નં. : ૨૪૭૨૬

સહાયક માહિતી નિયામક,
ગિરિનગર, સાપુતારા,
જિલ્લો ડાંગ–આહવા.

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ



જ્યોતિ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***



everest/716a/JY gj

# Money doesn't grow on trees




Only you know how hard you've worked for your money. You owe it to yourself to keep it safe—and earning. Bank of Baroda has a way to help you.

**Savings Account.** You can start with as little as Re. 1; deposit as much as you like and earn interest on the full amount. Withdrawals permitted upto Rs. 10,000 at any time, without notice.

**Minors' Savings Account.** Can be opened and operated directly by children over 10. Maximum deposit Rs. 50,000 for children between 10 and 13. For those 14 years and over, no limit.

Interest on Bank Deposits upto Rs. 3000/—is exempt from Income Tax and Bank Deposits upto Rs. 1,50,000/—are exempt from Wealth Tax. Open a Bank of Baroda Savings Account—help your money grow!

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

A network of over 600 branches in India and abroad—in U.K., East Africa, Mauritius, Fiji Islands and Guyana.

Shilpi-BOB 1A/71




RATAN BATRA DB/G/207

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

રૂ. ન.પૈ.

| | | |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, ૨ | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૧=૭૦ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૨=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,**

**વડોદરા**




તમે માનશો કે ગઈ કાલે જ તેમને ત્રાસદાયક ખાંસી હતી? પછી તેમણે **ગ્લાયકોડીન** લીધું.
ગ્લાયકોડીનથી તેમની ખાંસી ઝડપથી અને સંપૂર્ણપણે દૂર થઈ ગઈ.

**ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો**
**અસરકારક બીજો કોઈ પણ ઈલાજ નથી**

આધુનિક તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત **ગ્લાયકોડીન**ની ફોર્મ્યુલા ખાંસીને તેના તમામ પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢીને તમને કેવી રીતે રાહત આપે છે તે અહીં દર્શાવ્યું છે:



- **મગજમાં**–ખાંસીના હુમલાનું નિયંત્રણ કરે છે.
- **ગળામાં**–ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે.
- **છાતીમાં**–જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**–ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે




# ગ્લાયકોડીન
## ટર્પ વસાકા

સૌથી વધુ વેચાણ ધરાવતો
ખાંસીનો વિશ્વસનીય
ઘરગથ્થુ ઇલાજ

everest/923b/ACW Guj

## ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય-ગ્રંથશ્રેણી

| | | |
|---|---|---|
| ૧. | **એકાંકી-સ્વરૂપ અને સાહિત્ય**—શ્રી નંદકુમાર પાઠક (૧૯૫૬) | ૨=૫૦ |
| ૨. | **નાટ્યશિક્ષણનાં મૂળતત્ત્વો**—શ્રી જશવંત ઠાકર (૧૯૫૬) | ૩=૫૦ |
| ૩. | **ગુજરાતી બિનધંધાદારી રંગભૂમિનો ઇતિહાસ** —શ્રી ધનસુખલાલ મહેતા (૧૯૫૬) | ૨=૫૦ |
| ૪. | **Bharat Natyam and other Dances of Tamilnad** —E. K. Iyer | ૧=૭૫ |
| ૫. | **નાટ્યશાસ્ત્ર અને આચાર્ય અભિનવગુપ્તાચાર્ય** —શ્રી કે. કા. શાસ્ત્રી (૧૯૫૬) | ૨=૭૫ |
| ૬. | **અભિનેય નાટકો**—શ્રી ધીરુભાઈ ઠાકર (૧૯૫૮) | ૪=૦૦ |
| ૭. | **સંક્ષિપ્ત ભરતનાટ્યશાસ્ત્ર**—અનુ. શ્રી કે. કા. શાસ્ત્રી (૧૯૫૮) | ૩=૦૦ |
| ૮. | **ગુલાબ**—(૧૯૫૮) શ્રી નગીનભાઈ મારફતિયા | ૨=૦૦ |
| ૯. | **सितार-दर्पण**—मरहूम उस्ताद भिकनखाँ (आवृत्ति बीजी) | ३=७५ |
| ૧૦. | **નાટ્યપ્રયોગ શિલ્પ**—શ્રી જશવંત ઠાકર | ૫=૦૦ |

## લલિત કલાવિભાગ ગ્રંથમાળા

| | | |
|---|---|---|
| ૧. | **ભારતીય સૌન્દર્યશાસ્ત્ર**—લક્ષ્મીનાથ બ. શાસ્ત્રી | ૨=૭૫ |
| ૨. | **પ્રાચીન સાહિત્યમાં કલા સંબંધી વિવેચનાત્મક અને વર્ણનાત્મક ઉલ્લેખો**—લક્ષ્મીનાથ બ. શાસ્ત્રી | ૩=૦૦ |

## हिन्दी ग्रन्थमाला

| | | |
|---|---|---|
| १. | **गोविंद हुलास नाटक**—सं. कुँवर चन्द्रप्रकाशसिंह | १०=०० |

## ગુજરાતીમાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | **રાગ અને રસ**—પંડિત ઓમકારનાથ ઠાકુર | ૧=૭૫ |
| ૨. | **ગુજરાતી પિંગલ-નવી દૃષ્ટિએ**—રામનારાયણ વિ. પાઠક | ૧=૩૮ |
| ૩. | **ભારતીય તત્ત્વવિદ્યા**—પંડિત સુખલાલજી સંઘવી | ૩=૫૦ |
| ૪. | **સ્થાનિક સ્વરાજ્ય વ્યાખ્યાનમાળા** | ૧=૫૦ |
| ૫. | **સમાજવિદ્યા તરફ એક નવો દૃષ્ટિકોણ**—યાજ્ઞિક અને દેશાઈ | ૪=૦૦ |
| ૬. | **ભારતના સમાજમાં વિધવાનું સ્થાન**—વત્સલા મહેતા | ૩=૪૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૪=૬૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૧=૦૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૯=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા**



અગસ્ત્ય મુનિ, અર્ધમંડપ, દક્ષિણ ભીંત, રામલિંગેશ્વર, તિરુરામેશ્વરમ
( આશરે ઈ. સ. ૯૭૨ )
ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ ( ચિત્ર ૩ )